દૈનિક

# મુંબઈ સમાચાર

સૌરાષ્ટ્ર આવૃત્તિ

૨૦૩ વર્ષ

મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપના: ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તક: ૨૦૪ ■ Volume 68 ■ Issue 42 ■ વિક્રમ સંવત ૨૦૮૧

■ માઘ વદ - ૭ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 19 February 2025, Wednesday ■ REGD.No. MCS/058/2018-20

R.N.I. No. GUJ GUJ /2013/58486

બુધવાર, ૧૯ ફેબ્રુઆરી ૨૦૨૫, કિંમત ₹ ૧૦.૦૦ ઈન્ટરવલ પૂર્તિ LIKE & FOLLOW: /Mumbaisamachar4u


## ગુજરાતની ૬૮ નગરપાલિકામાંથી ૬૧માં ભાજપનો વિજય

**રાજ્યમાં બે મોટા અપસેટ સર્જાયા હતા, જેમાં ચોરવાડ નગરપાલિકાના વોર્ડ નંબર-૩માં કૉંગ્રેસના ધારાસભ્ય વિમલ ચૂડસમાનો પરાજય જ્યારે જૂનાગઢ મનપાની ચૂંટણીમાં ૬ વાર ડે.મેયર રહેલા ગિરીશ કોટેચાના પુત્ર પાર્થ કોટેચાની હાર થઈ હતી**

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: રાજ્યમાં પ્રથમ વખત ૨૭ ટકા ઓબીસી અનામત સાથે યોજાયેલી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં ૬૬ નગરપાલિકાની, સામાન્ય ૨ નગરપાલિકાની મધ્યવર્તી તથા જૂનાગઢ મહાનગરપાલિકાની ચૂંટણીની મતગણતરી પૂર્ણ થઈ ગઈ હતી, જેમાં ભાજપનો ભવ્ય વિજય અને કૉંગ્રેસ-આપનો કરૂણ રકાસ થયો હતો. જો કે રાજ્યમાં બે મોટા અપસેટ સર્જાયા હતા, જેમાં ચોરવાડ નગરપાલિકાના વોર્ડ નંબર-૩માં કૉંગ્રેસના ધારાસભ્ય વિમલ ચૂડસમાનો પરાજય જ્યારે જૂનાગઢ મનપાની ચૂંટણીમાં ૬ વાર ડે.મેયર રહેલા ગિરીશ કોટેચાના પુત્ર પાર્થ કોટેચાની હાર થઈ હતી.

અત્રે ઉલ્લેખનીય છે કે, રાજ્યની ૬૮ નગરપાલિકાની કુલ ૧૮૪૦ બેઠકોમાંથી ભાજપે ૧૩૪૧ જીતી હતી. આમ ૭૩ ટકા સીટો પર કમળ ખીલ્યું હતું. કૉંગ્રેસના ૨૫૨ ઉમેદવાદ એટલે કે માત્ર ૧૪ ટકા ઉમેદવાર

**કૉંગ્રેસ-આપનાં સૂપડાં સાફ**

જીતી શક્યા હતા. આ સિવાય અન્ય પક્ષોના ૯૬ (૫ ટકા) ઉમેદવાર તેમજ અપક્ષોના ૧૫૧ (૮ ટકા) ઉમેદવારોનો વિજય થયો હતો. આ સિવાય જૂનાગઢ મહાનગરપાલિકામાં પણ ભાજપે ૬૦માંથી ૪૮ સીટ જીતીને સપાટો બોલાવ્યો હતો. આ વખતની સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં ભાજપનો જે વિજય થયો છે તે ૨૦૨૨માં યોજાયેલી વિધાનસભાની ચૂંટણી કરતાં પણ મોટો છે. વિધાનસભાની ૨૦૨૨ની ચૂંટણીમાં ગુજરાતની કુલ ૧૮૨ સીટમાંથી ભાજપે ૮૬ ટકા એટલે કે ૧૫૬ સીટ જીતી હતી.

૧ મનપા, ૬૬ નગરપાલિકાની સામાન્ય અને ૨ નગરપાલિકાની મધ્યવર્તી ચૂંટણીનાં પરિણામમાં ભાજપે ૬૧ પર, જ્યારે કૅંગ્રેસે ૧ પર કબજો કર્યો હતો. તેમજ કુતિયાણા અને રાણાવાવમાં સમાજવાદી પાર્ટીની જીત થઈ હતી અને ૧ નગરપાલિકા પર (જુઓ પાનું ૨) ▶▶

## મધ્ય પ્રદેશમાં અકસ્માતમાં ૧૦નાં મોત, ૨૧ લોકો ઈજાગ્રસ્ત

ભિંડ/રીવા: મધ્ય પ્રદેશમાં બે અલગ અલગ અકસ્માતમાં ૧૦ લોકોનાં મોત થયાં હતાં જ્યારે ૨૧ લોકો ઇજાગ્રસ્ત થયા હતા. એક રિપોર્ટ અનુસાર, મધ્ય પ્રદેશના ભિંડ જિલ્લામાં મંગળવારે સવારે એક ટ્રકે વાનને ટક્કર મારતા ત્રણ મહિલાઓ સહિત પાંચ લોકોના મોત થયા છે અને ૨૦ લોકો ઘાયલ થયા છે. જ્યારે બીજો અકસ્માત રીવા જિલ્લામાં સર્જાયો હતો. એક ટ્રકે બે બાઇકને ટક્કર મારી હતી જેમાં એક જ પરિવારના ચાર લોકોનાં મોત થયાં હતાં. આ અકસ્માતમાં એક વ્યક્તિ ઇજાગ્રસ્ત થયો હતો.

ભિંડ જિલ્લાના પોલીસ અધિક્ષક (એસપી) અસિત યાદવે જણાવ્યું હતું કે આ અકસ્માત જવાહરપુરા ગામ નજીક સવારે પાંચ વાગ્યાની આસપાસ બન્યો હતો. ઘટના સમયે કેટલાક લોકો લગ્ન સમારોહમાંથી પરત ફરી રહ્યા હતા. તેમણે કહ્યું કે કેટલાક લોકો વાહનમાં બેઠા હતા જ્યારે કેટલાક રસ્તા પર ઊભા હતા, ત્યારે એક ઝડપી ટ્રકે આ લોકો અને તેમના વાહનને ટક્કર મારી હતી. આ અકસ્માતમાં ત્રણ લોકોના ઘટનાસ્થળે જ મોત થયાં હતાં, જ્યારે ત્રણ લોકોના બાદમાં મોત થયા હતા.

ભિંડ જિલ્લા મેજિસ્ટ્રેટ સંજીવ શ્રીવાસ્તવે પીટીઆઈને જણાવ્યું હતું કે આ અકસ્માતમાં ત્રણ મહિલાઓ સહિત (જુઓ પાનું ૨) ▶▶

## જ્ઞાનેશ કુમારની સીઇસી તરીકે નિમણૂક સામે કૉંગ્રેસે સખત વાંધો ઉઠાવ્યો

નવી દિલ્હી: દેશના ચીફ ઈલેક્શન કમિશનર સીઇસી રાજીવ કુમાર આજે નિવૃત્ત થવાના છે, એ પહેલા વડા પ્રધાનની અધ્યક્ષતા હેઠળની પેનલે જ્ઞાનેશ કુમારને નવા સીઇસી નિયુક્ત કર્યા છે. એવામાં કૉંગ્રેસે જ્ઞાનેશ કુમાર સામે વિરોધ નોંધાવ્યો છે. કૉંગ્રેસને આશા છે કે આ નિમણૂક રદ થઈ શકે છે, કેમ કે સીઇસી નિયુક્તિ માટેની પેનલ અંગેના મામલો સુપ્રીમ કોર્ટમાં બુધવારે સુનાવણી થવાની છે. વડા પ્રધાન નરેન્દ્ર મોદી, કેન્દ્રીય ગૃહ પ્રધાન અમિત શાહ અને લોકસભામાં વિપક્ષના નેતા રાહુલની બનેલી પેનલની બેઠક વડા પ્રધાન કાર્યાલયે યોજાઈ હતી. જેમાં પસંદગી સમિતિએ જ્ઞાનેશ કુમારના નામનો પ્રસ્તાવ મુક્યો (જુઓ પાનું ૨) ▶▶

### જ્ઞાનેશ કુમાર આજે મુખ્ય ચૂંટણી કમિશનર તરીકેના લેશે શપથ

નવી દિલ્હી: કેન્દ્રિય ગૃહમંત્રાલયના વરિષ્ઠ અધિકારી તરીકે જમ્મુ અને કાશ્મીરને વિશેષ દરજ્જો આપતી કલમ ૩૭૦ની મોટાભાગની જોગવાઈઓ રદ કરવા અને રામ મંદિર ટ્રસ્ટની રચના કરવાના સરકારના પગલામાં મુખ્ય ભૂમિકા ભજવનારા કેન્દ્રીય ગૃહ મંત્રાલયના વરિષ્ઠ અધિકારી જ્ઞાનેશ કુમાર બુધવારે મુખ્ય ચૂંટણી કમિશનર (સીઇસી) તરીકેનો કાર્યભાર સંભાળશે. જ્ઞાનેશ કુમાર જાન્યુઆરી ૨૦૨૪માં સહકાર મંત્રાલયમાં સચિવ તરીકે નિવૃત્ત થયા હતા અને માર્ચ ૨૦૨૪માં ચૂંટણી કમિશનર તરીકે નિયુક્ત કરવામાં આવ્યા હતા. મંગળવારે સાંજે રાજીવ કુમાર નિવૃત્ત થયાના એક દિવસ પછી તેઓ ૨૬મા સીઈસી તરીકે શપથ લેશે. સુખબીર સિંહ સંધુ સાથે કુમારને ચૂંટણી કમિશનર તરીકે નિયુક્ત કરવામાં આવ્યા હતા. ૨૦૨૪ની લોકસભા ચૂંટણી (જુઓ પાનું ૨) ▶▶

## રાષ્ટ્રપતિએ કાર્યવાહીની મંજૂરી આપતાં ‘આપ’ના સત્યેન્દ્ર જૈનની મુશ્કેલી વધી

નવી દિલ્હી : રાષ્ટપતિ દ્રૌપદી મુર્મૂએ આપના નેતા અને દિલ્હીના ભૂતપૂર્વ પ્રધાન સત્યેન્દ્ર જૈનની સામે એન્ફોર્સમેન્ટ ડિરેક્ટરેટ દ્વારા તપાસ ચાલુ છે એ મની લોન્ડરિંગ કેસમાં ફોજદારી કાર્યવાહી કરવાની મંજૂરી આપી હતી. દિલ્હીના ૬૦ વર્ષના ભૂતપૂર્વ પ્રધાન જૈન સામે ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની ૨૧૮મી કલમ હેઠળ મંજૂરી માગવામાં આવી હતી. આ મંજૂરી મળતાં જ ‘આપ’ના પ્રધાનની મુશ્કેલી વધવાની શકયતા (જુઓ પાનું ૨) ▶▶

## દિલ્હીના મુખ્ય પ્રધાનના શપથ-ગ્રહણ સમારોહનો સમય બદલાયો

નવી દિલ્હી: દિલ્હીમાં ૨૭ વર્ષ બાદ કમળ ખીલ્યું છે અને તેમના મુખ્ય પ્રધાન પસંદ કરવાનો મોકો આવ્યો છે. દિલ્હીમાં બુધવારે ભાજપના ધારાસભ્યોની બેઠક થશે. જેમાં વિધાયક દળના નેતા પસંદ કરવામાં આવશે. આ દરમિયાન નવા મુખ્ય પ્રધાનના શપથ ગ્રહણ સમારોહનો સમય બદલાયો હોવાની માહિતી સામે આવી છે.

મળતી વિગત પ્રમાણે, દિલ્હીના મુખ્ય પ્રધાનનો શપથ સમારોહ ૨૦ ફેબ્રુઆરીએ સાંજે ૪.૩૦ કલાકે (જુઓ પાનું ૨) ▶▶

## આસામમાં ૧૪ કરોડ રૂપિયાનું ડ્રગ્સ ઝડપાયું, એકની ધરપકડ

ગુવાહાટી: આસામના કછાર જિલ્લામાં એક વ્યક્તિની ધરપકડ કરવામાં આવી છે અને તેની પાસેથી ૧૪ કરોડ રૂપિયાના હેરોઈન અને યાબા ટેબ્લેટ જપ્ત કરવામાં આવી છે. મુખ્ય પ્રધાન હિમંતા બિશ્વ શર્માએ મંગળવારે આ જાણકારી આપી હતી. શર્માએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ‘એક્સ’ પર એક પોસ્ટમાં કહ્યું હતું કે, રામપ્રસાદપુરમાં મોટા પાયે ડ્રગ્સ મળી આવ્યા હતા. ધોલાઇ પોલીસ સ્ટેશનના (જુઓ પાનું ૨) ▶▶

## ‘પીથમપુરમાં સળગાવવામાં આવશે યુનિયન કાર્બાઇડનો ઝેરી કચરો’, મધ્ય પ્રદેશ હાઇ કોર્ટનો આદેશ

જબલપુર: મધ્ય પ્રદેશ હાઈ કોર્ટે મંગળવારે રાજ્ય સરકારને ભોપાલ સ્થિત બંધ પડેલા યુનિયન કાર્બાઇડ ફેક્ટરીમાંથી નીકળેલા ૪૦ વર્ષ જૂના રાસાયણિક કચરાને ધાર જિલ્લાના પીથમપુર વિસ્તારમાં નિકાલ કરવા માટે પરીક્ષણ કરવાની મંજૂરી આપી હતી. એડવોકેટ જનરલ પ્રશાંત સિંહે અહીં સુનાવણી બાદ પત્રકારોને જણાવ્યું હતું કે ૨૭ ફેબ્રુઆરીથી ત્રણ તબક્કામાં ટ્રાયલ ધોરણે કચરાનો નિકાલ કરવામાં આવશે.

તેમણે કહ્યું હતું કે સરકારે મંગળવારે કચરાના નિકાલની પ્રક્રિયા અંગે જનજાગૃતિ ફેલાવવા માટે લેવાયેલા પગલાંઓ અંગે જાન્યુઆરીમાં હાઇ કોર્ટ દ્વારા માંગવામાં આવેલા અનુપાલન અહેવાલ દાખલ કર્યો હતો. પીથમપુરના સ્થાનિક લોકો પોતાના ક્ષેત્રમાં કચરાના નિકાલનો વિરોધ કરી રહ્યા છે. ભોપાલ ગેસ દુર્ઘટનામાં ૫,૦૦૦થી વધુ લોકોના મોત થયા હતા. સરકારે કોર્ટને વિનંતી કરી હતી કે જાગૃતિ અંગે ઝુંબેશ હાથ ધરવામાં આવી છે અને હવે નિકાલનું પરીક્ષણ કરવાની પરવાનગી આપવામાં આવે.

સિંહે જણાવ્યું હતું કે પરીક્ષણ ત્રણ તબક્કામાં હાથ ધરવામાં આવશે, જેમાં દરેક તબક્કામાં ૧૦ ટન કચરાનો નિકાલ કરવામાં આવશે. તેમણે કહ્યું કે પ્રથમ ટ્રાયલમાં ૧૩૫ કિગ્રા પ્રતિ કલાકના દરે કચરાનો નિકાલ કરવામાં આવશે જ્યારે બીજા અને ત્રીજા તબક્કામાં તેને વધારીને ૧૮૦ કિગ્રા પ્રતિ કલાક અને ૨૭૦ કિગ્રા પ્રતિ કલાક કરવામાં આવશે. એડવોકેટ જનરલે જણાવ્યું હતું કે હાઈ કોર્ટના નિર્દેશો મુજબ પ્રથમ ટ્રાયલ ૨૭ ફેબ્રુઆરી અને બીજી ૪ માર્ચે હાથ ધરવામાં આવશે, જોકે ત્રીજી સુનાવણીની તારીખ હજુ નક્કી કરવામાં આવી નથી.

## લેન્ડિંગ વખતે પલટી ખાઈ ગયું વિમાન, ૧૯ લોકો ઘાયલ



**વિમાન લપસ્યું:** ટૉરન્ટોના પિઅરસન આંતરરાષ્ટ્રીય વિમાનમથકે સોમવારે વિમાન બરફ પર લપસી જતાં ઊંધું વળી ગયું હતું. (એજન્સી)

ટોરોન્ટો: કેનેડાના ટોરોન્ટો એરપોર્ટ પર એક મોટી વિમાન દુર્ઘટના નોંધાઇ છે. મિનિયાપોલિસથી આવી રહેલી ડેલ્ટા એરલાઇન્સની ફ્લાઈટ બરફીલી જમીન પર લપસી ગઈ અને લેન્ડિંગ દરમિયાન પલટી ગઈ હતી. આ અકસ્માતમાં ૧૯ લોકો ઘાયલ થયા છે જેમાંથી ત્રણની હાલત ગંભીર છે. રાહતની વાત એ છે કે તમામ મુસાફરો અને ક્રો સભ્યોને સુરક્ષિત રીતે બહાર કાઢી લેવામાં આવ્યા છે. તાજેતરમાં ટોરોન્ટોમાં બરફનું તોફાન આવ્યું હતું,જેને કારણે આ અકસ્માત થયો હોવાનું માનવામાં આવે છે.

ઘટના સ્થળના વીડિયોમાં મિત્શુબિશી સીઆરજે-૯૦૦ એલઆર બર્ફિલા ડામર પર ઊંધું પડેલું દેખાય છે અને ઇમરજન્સી સેવા અધિકારીઓ તેના પર પાણી રેડી રહ્યા છે.

કેનેડાના ટોરોન્ટો ઇન્ટરનેશનલ એરપોર્ટ પર ડેલ્ટા એરલાઇન્સનું વિમાન લેન્ડિંગ દરમિયાન બર્ફીલી સપાટી પર લપસીને પલટી ગયું હતું. આ અકસ્માતમાં કુલ ૧૯ લોકો ઘાયલ થયા છે, જેમાં ત્રણની હાલત ગંભીર જણાવવામાં આવી રહી છે. આ વિમાન મિનિયાપોલિસથી ટોરોન્ટો આવી રહ્યું હતું, પરંતુ લેન્ડિંગ દરમિયાન ભારે હિમવર્ષાને કારણે તેનું સંતુલન ખોરવાઈ ગયું હતું અને વિમાન ક્રેશ થયું હતું.

ઘટના બાદ એરપોર્ટ ઈમરજન્સી ટીમો તુરંત ઘટના સ્થળે પહોંચી ગઈ હતી અને તમામ મુસાફરોને સુરક્ષિત રીતે બહાર કાઢવામાં આવ્યા હતા. અકસ્માતનાં કારણોની તપાસ ચાલુ છે.

આ અકસ્માતમાં કુલ ૧૯ લોકો ઘાયલ થયા છે જેમાંથી ત્રણની હાલત ગંભીર હોવાનું જણાવવામાં આવી રહ્યું છે. અન્ય લોકોને નાની-મોટી ઇજાઓ થઈ છે. ઘાયલોને તાત્કાલિક હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા, જ્યાં તેમની સારવાર ચાલી રહી છે.

ડેલ્ટા એરલાઇન્સની મિનિયાપોલિસથી ટોરેન્ટો જઈ રહેલી આ ફ્લાઈટમાં ૭૬ મુસાફરો અને ચાર ક્રૂ સભ્યો સવાર હતા. એરપોર્ટ વહીવટીતંત્રએ આ ઘટનાની પુષ્ટિ કરતાં જણાવ્યું હતું કે બધા મુસાફરોને સુરક્ષિત રીતે બહાર કાઢવામાં આવ્યા છે.

## પ્રયાગરાજ બાદ અયોધ્યામાં બાઈકર્સ ગૅંગની લૂંટ, ₹ 300નું ભાડું વસૂલે છે

અયોધ્યા: અયોધ્યા પોલીસે રામ મંદિરના દર્શન માટે આવતા શ્રદ્ધાળુઓ પાસેથી વધુ પડતું ભાડું વસૂલવાના આરોપમાં બાઇકર્સ ગેંગ સામે કાર્યવાહી કરી છે. મંગળવારે આ માહિતી આપતા અધિકારીઓએ જણાવ્યું હતું કે રામ જન્મભૂમિ પોલીસ સ્ટેશને સોમવાર અને મંગળવારે હાથ ધરવામાં આવેલા અભિયાનમાં ૩૦ મોટરસાઇકલ જપ્ત કરવામાં આવી છે.

પ્રયાગરાજ જિલ્લામાં મહાકુંભની શરૂઆતથી અયોધ્યામાં ભક્તોની સંખ્યામાં વધારો થવાને કારણે અધિકારીઓએ શહેરમાં વાહનોના પ્રવેશ પર પ્રતિબંધ મૂક્યો છે. અધિકારીઓના જણાવ્યા અનુસાર, પરિસ્થિતિનો લાભ લઈને છેલ્લા ૧૦ દિવસમાં બાઇકર્સનું એક જૂથ સક્રિય થયું છે, જે કથિત રીતે યાત્રાળુઓ પાસેથી પ્રતિ કિલોમીટર ૧૦૦ રૂપિયા વસૂલ કરી રહ્યા છે.

રામ જન્મભૂમિ પોલીસ સ્ટેશનના પ્રભારી અભિમન્યુ શુક્લાએ જણાવ્યું હતું કે, ‘બાઈકર્સ પરવાનગી વિના યાત્રાળુઓ પાસેથી પૈસા વસૂલ કરી રહ્યા હતા, જેના કારણે આ કાર્યવાહી કરવામાં આવી છે.’ બે દિવસમાં ૩૦ મોટરસાઇકલ જપ્ત કરવામાં આવી છે અને આ અભિયાન હજુ ચાલુ રહેશે.

પોલીસે જણાવ્યું હતું કે મોટરસાઇકલ સવારો અયોધ્યા શહેરની બહાર વિવિધ સ્થળોએથી શ્રદ્ધાળુઓને લઇને આવતા હતા અને રામ મંદિર અને અન્ય તીર્થ સ્થળોએ લઈ જવા માટે પ્રતિ મુસાફર દીઠ ૧૦૦ થી ૩૦૦ રૂપિયા સુધીનું ભાડું વસૂલતા હતા.

સ્થાનિક રહેવાસીઓએ આ અંગે જિલ્લા વહીવટીતંત્રને ફરિયાદ કરી હતી ત્યારબાદ કાર્યવાહી કરવામાં આવી હતી. દરમિયાન, મહારાષ્ટ્રની એક મહિલા યાત્રાળુએ રામ મંદિરમાં વીઆઇપી દર્શન સંબંધિત કથિત છેતરપિંડી અંગે અયોધ્યામાં એફઆઇઆર નોંધાવી હતી. પોલીસે આ મામલાની તપાસ શરૂ કરી દીધી છે.

અધિકારીઓના જણાવ્યા અનુસાર, ફરિયાદી કવિતા શેટ્ટી તેમના એક પરિચિત સુરેશ આચાર્યને અયોધ્યા લઇને આવ્યા હતા જે અધિકૃત પ્રવાસી ગાઇડ નહોતા. શેટ્ટીએ આરોપ લગાવ્યો કે આચાર્યએ મુંબઈથી અયોધ્યાની મુસાફરી અને ‘વીઆઈપી દર્શન’ની વ્યવસ્થા કરવા માટે તેમની પાસેથી ૧.૮ લાખ રૂપિયા વસૂલ્યા હતા. જોકે, મંદિરમાં ‘વીઆઈપી દર્શન’ અંગે શેટ્ટી અને આચાર્ય વચ્ચે વિવાદ થઇ ગયો હતો. અયોધ્યા કોતવાલીના પોલીસ સ્ટેશનના પ્રભારી મનોજ શર્માએ જણાવ્યું હતું કે, ‘આ વિવાદ મુંબઈમાં શરૂ થયો હતો, તેથી અમે આ બાબતે મુંબઈ પોલીસ સાથે વાત કરી છે.’

## અમિત શાહે જમ્મુ-કાશ્મીરમાં નવા ફોજદારી કાયદાના અમલને લઈને કરી સમીક્ષા

નવી દિલ્હી: કેન્દ્રીય ગૃહ પ્રધાન અમિત શાહે મંગળવારે જમ્મુ કાશ્મીરના મુખ્ય પ્રધાન ઓમર અબ્દુલ્લા અને લેફ્ટનન્ટ ગવર્નર મનોજ સિન્હાની હાજરીમાં જમ્મુ અને કાશ્મીરમાં નવા ફોજદારી કાયદાના અમલીકરણની સ્થિતિની સમીક્ષા કરી હતી.

મુખ્ય પ્રધાન અબ્દુલ્લાએ બેઠકમાં હાજરી આપી હતી. જોકે જમ્મુ અને કાશ્મીર કેન્દ્રશાસિત પ્રદેશ છે, કાયદો અને વ્યવસ્થા સીધી રીતે કેન્દ્ર સરકારના નિયંત્રણ હેઠળ છે. અધિકારીઓએ જણાવ્યું હતું કે અબ્દુલ્લા અને સિન્હા ઉપરાંત કેન્દ્ર સરકાર અને જમ્મુ અને કાશ્મીર સરકારના ઉચ્ચ અધિકારીઓએ નોર્થ બ્લોકમાં બેઠકમાં હાજરી આપી હતી.

ભારતીય ન્યાયિક સંહિતા, ભારતીય નાગરિક સંરક્ષણ સંહિતા અને ભારતીય પુરાવા અધિનિયમે અનુક્રમે ભારતીય દંડ સંહિતા, ફોજદારી કાર્યવાહી સંહિતા અને ૧૮૭૨ના ભારતીય પુરાવા અધિનિયમનું સ્થાન લીધું હતું.

નવા કાયદા ગયા વર્ષે ૧ જુલાઈથી અમલમાં આવ્યા હતા. ગૃહમંત્રીએ અગાઉ ઉત્તર પ્રદેશ, હરિયાણા, ઉત્તરાખંડ, મધ્ય પ્રદેશ અને ગુજરાત સહિત અનેક રાજ્યોમાં નવા ફોજદારી કાયદાઓના અમલીકરણની સ્થિતિની સમીક્ષા કરી છે.

## અમેરિકાને થશે ‘પૉલર વૉરટેક્સ’નો અનુભવ, માઈનસ એકાવન ડિગ્રી જેટલા ઠંડા પવન ફૂંકાશે

ન્યૂ યૉર્ક: અમેરિકાને ચક્રવાત ‘પૉલર વૉરટેક્સ’નો અનુભવ થાય એવી શક્યતા છે. પૉલર વૉરટેક્સને કારણે હવાના હળવાં દબાણનો પટ્ટો સર્જાય છે જેને કારણે ઉત્તર ધ્રુવ અને દક્ષિણ ધ્રુવ જેવી વિનાશક અસર અહીં જોવા મળી રહી છે.

આ અઠવાડિયે અમેરિકાના અમુક વિસ્તારમાં ૧૦મા સૌથી ઠંડા પૉલર વૉરટેક્સનો અનુભવ થઈ રહ્યો છે.

અમેરિકામાં આ વર્ષનો શિયાળો સામાન્ય નથી. આર્કેટિકના ઠંડા પવનોને કારણે અમેરિકા અને યુરોપમાં ભયાનક ઠંડીનો અનુભવ થઈ રહ્યો છે.

ગયા મહિને ન્યૂ ઑર્લિઆન્સમાં વિક્રમજનક હિમવર્ષા થઈ હતી તો તેનાથી તદ્દન વિપરીત દક્ષિણ કેલિફૉર્નિયામાં વિનાશક આગ અને દુકાળની સ્થિતિ જોવા મળી હતી.

અમેરિકામાં રવિવારથી શરૂ થયેલી હાડ થીજાવતી કાતિલ ઠંડી આગામી દિવસોમાં ઉત્તર અને મધ્ય અમેરિકાના મેદાની વિસ્તારોમાં વધુ વ્યાપક બને તેવી શક્યતા છે.

સોમવારે નૉર્થ ડાકોટામાં માઈનસ એકાવન ડિગ્રી સેલ્સિયસ અને મૉન્ટાનામાં માઈનસ ૪૬ ડિગ્રી સેલ્સિયસ જેટલા ઠંડા પવનો ફૂંકાયા હતા.

આગામી દિવસોમાં ઠંડીના પ્રમાણમાં વધારો થવાની શક્યતા છે. સુરક્ષિત વસ્ત્રો ધારણ કર્યા વિના બહાર નીકળનારાંઓને હિમડંખનો તેમ જ શરીરનું તાપમાન સામાન્ય કરતાં નીચું જતા રહેવાનો અનુભવ થાય તેવી શક્યતા છે.

તાપમાનમાં જોવા મળનારાં ઘટાડાને કારણે પાણીની પાઈપલાઈન ફાટી જાય તેની ચેતવણી પણ હવામાન ખાતાએ આપી છે.

ગ્લૉબલ વૉર્મિંગને કારણે આ પ્રકારની સ્થિતિ હવે અવારનવાર ઊભી થવા માંડી છે જે ભારે ચિંતાનો વિષય છે. (એજન્સી)

## ટેસ્લાએ ભારતમાં ભરતી શરૂ કરી

નવી દિલ્હી: અમેરિકન ઇલેક્ટ્રિક કાર નિર્માતા ટેસ્લાએ ભારતમાં વિવિધ પદો માટે ભરતી શરૂ કરી છે, જેમાં બિઝનેસ ઓપરેશન એનાલિસ્ટ અને કસ્ટમર સપોર્ટ સ્પેશિયાલિસ્ટનો સમાવેશ થાય છે, જે દેશમાં કંપનીના પ્રવેશની શક્યતા હોય શકે છે.

કંપનીની વેબસાઈટ પર જોબ પોસ્ટિંગ મુજબ, પોસ્ટ્સ ‘મુંબઈ સબર્બન’ વિસ્તાર માટે છે. ભરતીઓ ભારતીય બજારમાં પ્રવેશવાની કંપનીની યોજનાનો ભાગ છે કે કેમ અને ભારતમાં વેચાણ શરૂ કરવા માટેની સંભવિત સમયરેખાનો ભાગ છે કે કેમ તેની પુષ્ટિ કરવા માટે મેઇલ કરેલ ક્વેરી અનુત્તર રહી હતી. ભારતમાં ટેસ્લા દ્વારા નિયુક્તિ કંપનીના સ્થાપક અને અમેરિકન ટેક અબજોપતિ એલોન મસ્કની તાજેતરની યુએસ મુલાકાત દરમિયાન ભારતના વડા પ્રધાન નરેન્દ્ર મોદી સાથેની તાજેતરની બેઠક પછી આવી છે. ભારતીય બજારમાં ટેસ્લાના સંભવિત પ્રવેશની આતુરતાથી રાહ જોવાઈ રહી છે.

## કેરળ: બનાવટી સીએસઆર ફંડ કૌભાંડમાં ઈડીના દરોડા

કોચી/નવી દિલ્હી : કથિત બનાવટી સીએસઆર ફંડ કૌભાંડના સંબંધમાં એન્ફોર્સમેન્ટ ડિરેક્ટરેટે કેરળમાં અનેક ઠેકાણે દરોડા પાડ્યા હતા. આ કૌભાંડમાં કૌભાંડકારીએ અનેક લોકોને લેપટોપ, ટુ-વ્હિલર અને ઘરનાં ઉપકરણો અડધા ભાવે આપવાનું વચન આપીને છેતર્યા હતા.

સત્તાવાર સૂત્રોએ કહ્યું હતું કે આ કેસના મુખ્ય શકમંદ અનાડુ કૃષ્ણન તરફથી નાણાં મેળવનાર એન્ટિટી, ટ્રસ્ટ અને વ્યક્તિઓ પર દરોડા પાડવામાં આવ્યા હતા. દરોડાનો હેતુ ગરીબો પાસેથી લીધેલાં નાણાંના સગડ મેળવવાનો છે.

અમુક રાજકારણીઓ, ઈલેક્ટ્રોનિક ડીલર, ઓટોમોટિવ ડીલર, સહકારી બૅન્કો અને ખાતરનું ઉત્પાદન કરતી કંપની ઈડીના રડાર પર છે. કેરળ પોલીસ ક્રાઈમ બ્રાન્ચ વિંગે કરેલી એફઆઈઆરના આધારે મની લોન્ડરિંગ કેસ નોંધવામાં આવ્યો છે. પોલીસને મળેલી ફરિયાદો પ્રમાણે કૌભાંડકારીઓએ ખોટી ઓફર એવા દાવા સાથે કરી હતી કે આ ડિસ્કાઉન્ટ એનજીઓ અને ચેરિટેબલ ઓર્ગેનાઈઝેશનની કોર્પોરેટ સોશિયલ રિસ્પોન્સીબિલિટી (સીએસઆર) પ્રવૃત્તિને લીધે મળી રહ્યું છે. (એજન્સી)

## કર્ણાટક બૅંકે ગ્રાહકોના ₹ ૧૮.૮૭ કરોડના શંકાસ્પદ ક્રોસ બોર્ડર યુપીઆઇ વ્યવહારો રોક્યા

નવી દિલ્હી: ખાનગી ક્ષેત્રની ધિરાણકર્તા કર્ણાટક બેંકે તેના ગ્રાહકો માટે ૧૮.૮૭ કરોડ રૂપિયાના શંકાસ્પદ ક્રોસ બોર્ડર યુપીઆઇ વ્યવહારો અનામત રાખ્યા છે. રિવર્સલ એટલે કરવામાં આવ્યું હતું, કારણ કે આ વ્યવહારો પર પ્રક્રિયા કરી શકાતી નથી. બેંક દ્વારા હાથ ધરવામાં આવેલ નેશનલ પેમેન્ટ્સ કોર્પોરેશન ઓફ ઈન્ડિયા (એનપીસીઆઇ) સાથેની કવાયત દરમિયાન આ પ્રતિબિંબિત થયું હતું.

કર્ણાટક બેંકે સોમવારે સાંજે એક નિયમનકારી ફાઇલિંગમાં જણાવ્યું હતું કે શંકાસ્પદ યુપીઆઇ ગ્લોબલ ટ્રાન્ઝેક્શન્સની તેની સમીક્ષા દરમિયાન એની પ્રક્રિયામાં કેટલીક ખામીઓ ઓળખવામાં આવી છે. બેંકે પુષ્ટિ કરી છે કે આના કારણે બેંકના કામકાજ પર કે ગ્રાહક સેવા પર કોઈ અસર પડી નથી.

એક્સ્ટ્રા અફેર

ભરત ભારદ્વાજ
feedback@bombaysamachar.com

# અમેરિકા હાથકડી-બેડીઓ પહેરાવે તેમાં ખોટું શું?

**અમેરિકા** હમણાં ગેરકાયદેસર રીતે રહેતા વિદેશીઓને ધડાધડ પોતપોતાના દેશમાં મોકલી રહ્યું છે. મિલિટરીનાં પ્લેનમાં લોકોને ભરી ભરીને અમેરિકા ગેરકાયદેસર રીતે રહેતા વિદેશીઓને પોતપોતાના દેશમાં પાર્સલ કરી રહ્યું છે. આ વિદેશીઓને અમેરિકામાંથી પ્લેનમાં ચડાવાય ત્યારે હાથકડીઓ અને પગમાં બેડીઓ પહેરાવીને ચડાવાય છે. તેની સામે ભારત સહિતના દેશોમાં કકળાટ થઈ રહ્યો છે. અમેરિકાએ માનવીય વર્તન કરવું જોઈએ અને ગેરકાયદેસર રીતે રહેતા વિદેશીઓને આ રીતે અપમાનિત કરીને ના કાઢવા જોઈએ એવી વાતો ચાલી રહી છે.

કૉંગ્રેસે આ મુદ્દો ઉઠાવ્યો છે અને મોદી સરકાર ભારતીયોના અપમાન સામે ચૂપ છે એવો દેકારો મચાવી દીધો છે. મીડિયાનો એક વર્ગ પણ આ હઈસો હઈસોમાં જોડાઈને અમેરિકાની આ હરકત સામે મોદી સરકાર કશું કરતી નથી એવો વાંધો કાઢીને બેસી ગયો છે. મોદી સરકારે ટ્રમ્પ સરકાર સામે રજૂઆત કરવી જોઈએ એવી વાતો પણ ચાલી રહી છે.

આ વાતો હાસ્યાસ્પદ છે ને જે લોકો આવી વાતો કરે છે તેમની બુદ્ધિની ખરેખર દયા આવે છે. અમેરિકા ગેરકાયદેસર રીતે રહેતા વિદેશીઓને હાથકડી પહેરાવીને કે પગમાં બેડીઓ પહેરાવીને ના મોકલે તો શું કંકુ-ચોખા લગાવીને હારતોરા કરીને પ્લેનમાં બેસાડે ? અમેરિકા જેમને પાછા તગેડી રહ્યું છે એ બધા અમેરિકાના અપરાધીઓ છે. અમેરિકાના કાયદાનો ભંગ કરીને ગેરકાયદેસર રીતે ઘૂસેલા લોકો છે ને તેમની સાથે આવો જ વ્યવહાર થાય.

આપણે ત્યાં ગેરકાયદેસર રીતે રહેતો બાંગ્લાદેશી કે બીજા કોઈ દેશનો નાગરિક પકડાય છે તો આપણે પણ તેને જેલમાં જ નાંખીએ છીએ કેમ કે એ અપરાધી છે. અમેરિકા એ જ કરી રહ્યું છે એ જોતાં તેનો વાંક કાઢી શકાય તેમ નથી. જે લોકો મોદી સરકારની ચુપકીદી સામે દેકારો મચાવી રહ્યા છે એ લોકોના પોતાના સ્વાર્થ છે. બાકી આમાં મોદી સરકાર પણ કંઈ ના કરી શકે ને બીજું કોઈ પણ કંઈ ના કરી શકે. મોદી સરકાર રજૂઆત કરવા જાય તો મૂરખ લાગે એ જોતાં આ મુદ્દે રજૂઆત કરવામાં જરાય માલ નથી. મોદી સરકાર ચૂપ રહીને બાંધી મુઠ્ઠી રાખી રહી છે એ સારું જ છે.

કોઈ પણ વ્યક્તિને હાથકડીઓ અને પગમાં બેડીઓ પહેરાવીને લવાય એ અપમાનજનક છે જ પણ એ અપમાન માટે એ લોકો પોતે જ જવાબદાર છે. આ અપમાન અને પીડા તેમણે જાતે વહોરેલી છે કેમ કે તેમને ભારતમાં ફાવતું નથી ને અમેરિકન બનીને લાટા લઈ લેવા છે. અત્યાર લગી તેમણે આ લાટા લીધા જ છે પણ હવે ટ્રમ્પ કાકો પાછો આવી ગયો તેમાં બૂચ વાગી ગયો છે.

ભારતીયોને વિદેશની ને વિશેષ તો અમેરિકાની ઘેલછા કેમ છે એ કહેવાની જરૂર નથી. ભારતીયોમાં પણ પંજાબી અને ગુજરાતીઓ સૌથી વધારે અમેરિકા ભણી ભાગે છે તેથી અત્યારે જેમને પાર્સલ કરાઈ રહ્યા છે તેમાં પંજાબી અને ગુજરાતી વધારે છે. આ લોકો ભારેમાં ભારે જોખમો ઉઠાવીને પણ અમેરિકા ભાગે છે કેમ કે પંજાબ અને ગુજરાતમાં વિદેશમાં રહેવું એક સોશિયલ સ્ટેટસ પણ છે . તેમાં પણ અમેરિકામાં રહેતા હો તો લોકો તમને અહોભાવથી જુએ છે. જે લોકોને ભારતમાં કોઈ બોલાવતું ના હોય તેમના પર પણ અમેરિકાનું ટેગ વાગી જાય પછી તેમના ભાવ ઊંચકાઈ જાય છે. અમેરિકામાં રહેનારી વ્યક્તિ અમેરિકામાં શું કામ કરે છે એ કોઈ જોતું નથી પણ અમેરિકા પહોંચી ગયો તેના ભારતમાં લોકો અમેરિકામાં રહે તેને માન આપે છે. તેની તરફ અહોભાવથી જુએ છે તેથી લોકોમાં વિદેશની ઘેલછા છે.

અમેરિકામાં રહેવામાં આર્થિક ફાયદો પણ છે. અમેરિકાનો ડોલર ભારતના રૂપિયા કરતાં બહુ તાકાતવર છે તેથી વિદેશથી ભારત આવીને તમે પાણીની જેમ રૂપિયા વાપરી શકો છો. અત્યારે તો રૂપિયો સાવ લબડી ગયો છે ને એક ડોલરના ૮૮ રૂપિયા મળે છે તેથી થોડાક ડોલર બચાવો તો પણ ઢગલો રૂપિયા થઈ જાય. આ રૂપિયાનો ઉપયોગ કરીને તમે સામાજિક પ્રતિષ્ઠા મેળવી શકો છો. આ પ્રતિષ્ઠા કાયમ માટે રહે છે ને એ વ્યક્તિ વરસે કે બે વરસે ભારત આવે ત્યારે તેને બેહદ માન મળે છે. આ માનની લાલચમાં લોકો અમેરિકા તરફ ભાગે છે ને તેના માટે ગમે તેવું જોખમ પણ ઉઠાવે છે.

નરેન્દ્ર મોદીના સમયમાં ભારતે જોરદાર પ્રગતિ કરી છે એવી વાતો થાય છે પણ એ બધી વાતો જ છે. વાસ્તવિકતા એ છે કે, ભારતમાં પૂરતી તકો ઉપલબ્ધ નથી તેથી સારા ભવિષ્ય અને રોજગારની આશામાં લોકો લાખો રૂપિયા ખર્ચીને વિદેશ જવાનું જોખમ ઉઠાવે છે. આપણે ત્યાં લોકો તનતોડ મહેનત કરવા તૈયાર હોય છે પણ તકો જ નથી તેથી લોકો જોખમ ઉઠાવવા પણ તૈયાર થઈ જાય છે.

ગુજરાતીઓ તો અમેરિકા જવા જીવની પણ પરવા કરતા નથી એ સાબિત કરતા બે કિસ્સા બે વરસ પહેલાં બનેલા. પહેલા કિસ્સામાં એક પટેલ પરિવારનાં ચાર લોકો મોતને ભેટેલાં જ્યારે બીજા કિસ્સામાં ચૌધરી પરિવાર મોતને ભેટેલો. એ લોકો કમનસીબ હતા કે મોતને ભેટ્યા પણ ઘણા એવા હોય છે કે જે જોખમ ખેડીને પણ અમેરિકામાં ઘૂસી જ જાય છે. અલબત્ત તેના કારણે એ લોકો અમેરિકાના અપરાધી મટી જતા નથી ને અમેરિકા તેમની સાથે સારો વ્યવહાર કરે કે તેમને સારી રીતે ભારત પાછા મોકલે એવી અપેક્ષા ના રાખી શકાય.

અપરાધી તો અંતે અપરાધી જ કહેવાય ને ?

## આજનું પંચાંગ

પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા

ઉત્તરાયણ – સૌર વસંતઋતુ, બુધવાર, તા. ૧૯-૨-૨૦૨૫, છત્રપતિ શિવાજી જયંતી (તારીખ પ્રમાણે), ભદ્રા

- ભારતીય દિનાંક ૩૦, માહે માઘ, શકે ૧૯૪૬
- વિક્રમ સંવત ૨૦૮૧, શા. શકે ૧૯૪૬, માઘ વદ – ૬
- જૈન વીર સંવત ૨૫૫૧, માહે માઘ, તિથિ વદ-૬
- પારસી શહેનશાહી રોજ ૯મો આદર, માહે ૭મો મેહેર, સને ૧૩૯૪
- પારસી કદમી રોજ ૯મો આદર, માહે ૮મો આવાં, સને ૧૩૯૪
- પારસી ફસલી રોજ ૬ઠ્ઠો ખોરદાદ, માહે ૧૨મો સ્પેન્દાર્મદ, સને ૧૩૯૩
- મુસ્લિમ રોજ ૨૦મો, માહે ૮મો શાબાન, સને ૧૪૪૬
- મીસરી રોજ ૨૧મો, માહે ૮મો શાબાન, સને ૧૪૪૬
- નક્ષત્ર સ્વાતિ સવારે ક. ૧૦-૩૯ સુધી, પછી વિશાખા.
- ચંદ્ર તુલામાં • ચંદ્ર રાશિ નામાક્ષરઃ તુલા (ર, ત)
- સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૭ મિ. ૦૬, અમદાવાદ ક. ૦૭ મિ. ૧૧, સ્ટા.ટા.,
- સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૮ મિ. ૩૮, અમદાવાદ ક. ૧૮ મિ. ૩૬ સ્ટા. ટા.

મુંબઈ સમુદ્રમાં ભરતી ઓટ

- ભરતીઃ સાંજે ક. ૧૬-૦૭, મધ્યરાત્રિ પછી ક. ૦૩-૪૧ (તા. ૨૦)
- ઓટઃ સવારે ક. ૦૯-૩૭, રાત્રે ક. ૨૧-૩૯
- વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૮૧, 'અનલ' નામ સંવત્સર પ્રારંભ, શાલિવાહન શક સંવત ૧૯૪૬, 'ક્રોધી' નામ સંવત્સર, માઘ કૃષ્ણ – ષષ્ઠી. પૂર્વેદ્યુઃ શ્રાદ્ધ, છત્રપતિ શિવાજી જયંતી (તારીખ પ્રમાણે), ભદ્રા સવારે ક. ૦૭-૩૩થી રાત્રે ક. ૨૦-૪૮. સૂર્ય શતતારામાં ૧૨-૨૭, વિંછુડો પ્રારંભ ૩૦-૫૦.શુભાશુભ દિનશુદ્ધિઃ શુભ દિવસ.
- મુહૂર્ત વિશેષઃ લગ્ન,વાસ્તુ-કળશ,સર્વદેવ પ્રતિષ્ઠા,શ્રી વિષ્ણુ-લક્ષ્મી પૂજા, શ્રી ગણેશ પૂજા, વાયુ દેવતાનું પૂજન,બુધ -રાહુ -ગુરુ ગ્રહ દેવતાનું પૂજન, સર્વશાંતિ, શાંતિ પૌષ્ટિક પૂજા, બીલીનું વૃક્ષ વાવવું, પૂજા, મહેંદી લગાવવી, વિદ્યારંભ,માલ લેવો, દુકાન, વેપાર,વાહન,પશુ-લે વેચનાં કામકાજ, વૃક્ષ રોપવાં,ખેતીવાડીનાં કામકાજ, બી વાવવું, નામ કરણ, અન્નપ્રાશન, પ્રથમ દેવ દર્શન, નવી તિજોરીની સ્થાપનાં, પરદેશનું પસ્તાનું.ઈન્દ્ર -અગ્નિ દેવતાનું પૂજન.
- આચમનઃ ચંદ્ર-મંગળ ત્રિકોણ પ્રવૃત્તિપ્રિય, ચંદ્ર-શનિ ત્રિકોણ સ્થિર સ્વભાવના, ચંદ્ર-હર્ષલ પ્રતિયુતિ જ્ઞાનતંતુઓ પર બોજો આવે.
- ખગોળ જ્યોતિષઃ ચંદ્ર-મંગળ ત્રિકોણ, ચંદ્ર-શનિ ત્રિકોણ, ચંદ્ર-હર્ષલ પ્રતિયુતિ (તા. ૨૦). સૂર્ય શતભિષા પ્રવેશ.
- ગ્રહગોચરઃ સૂર્ય-ધનુ, વક્રી મંગળ-મિથુન, બુધ-કુંભ, માર્ગી ગુરુ-વૃષભ, શુક્ર-મીન, શનિ-કુંભ, રાહુ-મીન, કેતુ-કન્યા, માર્ગી હર્ષલ-મેષ. માર્ગી નેપ્ચૂન-મીન, માર્ગી પ્લુટો-મકર.

# સીઈસી, ઈસીની નિમણૂકને પડકારતી અરજીની સુપ્રીમ કોર્ટમાં આજે સુનાવણી

નવી દિલ્હીઃ ચીફ ઈલેક્શન કમિશનર (સીઈસી) અને ઈલેક્શન કમિશનર (ઈસી)ની નિમણૂકને પડકારતી અરજીની સુનાવણી પ્રાથમિકતાના ધોરણે ૧૯ ફેબ્રુઆરીએ કરાશે, એમ સુપ્રીમ કોર્ટે મંગળવારે કહ્યું હતું. અ

એનજીઓ વતી હાજર રહેલા ઍડવોકેટ પ્રશાંત ભૂષણે ન્યાયાધીશ સૂર્યકાન્ત અને એન. કોટિશ્વર સિંહને માહિતી આપી હતી કે ચીફ જસ્ટિસ ઑફ ઈન્ડિયા સહિતની બનેલી પેનલ મારફતે જ સીઈસી તેમ જ ઈસીની પસંદગી અને નિમણૂક કરવાનો વર્ષ ૨૦૨૩માં બંધારણીય ખંડપીઠે ચુકાદો આપ્યો હોવા છતાં સરકારે પેનલમાંથી મુખ્ય ન્યાયાધીશની બાદબાકી કરી લોકશાહીની મજાક ઉડાડી છે.

તેમણે કહ્યું હતું કે સુનાવણી માટે ૧૯ ફેબ્રુઆરી મુકરર કરવામાં આવી છે, પરંતુ તે ૪૧મા ક્રમાંકે છે.

બંધારણીય ખંડપીઠના આદેશનો અનાદર કરીને સરકારે સીઈસી અને ઈસીની નિમણૂક કરી હોવાનું તેમણે કહ્યું હતું. ભૂષણે કહ્યું હતું કે વર્ષ ૨૦૨૩ના ચુકાદા મુજબ વડા પ્રધાન, વિપક્ષના નેતા અને મુખ્ય ન્યાયાધીશના વડપણ હેઠળની સ્વતંત્ર પેનલ દ્વારા જ નિમણૂંક માટે ઈસીની પસંદગી કરવામાં આવે છે.

સરકાર એવો કાયદો લાવી છે જેમાં પેનલમાંથી મુખ્ય ન્યાયાધીશની બાદબાકી કરી નવા પ્રધાનની નિમણૂક કરવામાં આવી છે જેને કારણે સરકાર પોતાની મરજી પ્રમાણ કમિશનરની નિમણૂક કરી શકે.

અરજકર્તા જયા ઠાકુર વતી ઉપસ્થિત રહેલા ઍડવોકેટ વરુણ ઠાકુરે કહ્યું હતું કે નવા કાયદા અંતર્ગત સરકારે ત્રણ નિમણૂક કરી હતી જેને પડકારવામાં આવી છે.

સરકારે ૧૭ ફેબ્રુઆરીએ જ્ઞાનેશકુમારની ભાવિ સીઈસી તરીકે નિમણૂક કરી હતી. જ્ઞાનેશકુમાર નવા કાયદા અંતર્ગત નિમાયેલા પ્રથમ સીઈસી છે અને તેમની મુદત ૨૬ જાન્યુઆરી ૨૦૨૯ સુધીની હશે.

વર્ષ ૧૯૮૯ના બૅચના હરિયાણા કેડરના આઈએએસ અધિકારી વિવેક જોશીની ઈસી તરીકે નિમણૂક કરવામાં આવી હતી. ૨૧મે ૧૯૬૬ના જન્મેલા જોશી (૫૮) ચૂંટણી પેનલમાં ૨૦૩૧ સુધી સેવા આપશે.

કાયદાનુસાર સીઈસી કે ઈસી ૬૫ વર્ષની ઉંમરે નિવૃત્ત થાય છે કે પછી ચૂંટણી પેનલમાં તેમની મુદત છ વર્ષની હોય છે. (એજન્સી)

# પંજાબમાં બસ ખાઈમાં પડી, પાંચનાં મોત

ચંડીગઢઃ પંજાબના ફરિદકોટ જિલ્લામાં મંગળવારે એક ખાનગી બસ ખાઈમાં પડતાં ઓછામાં ઓછા પાંચ જણ મૃત્યુ પામ્યા હતા અને બે ડઝન જેટલાને ઈજા થઈ હતી.

અકસ્માત ફરિદકોટ-કોટકાપુરા રોડ પર સવારે આઠ વાગ્યે થયો હતો. ૩૬ ઉતારુ ધરાવતી બસ મુક્તસરથી અમૃતસર જઈ રહી હતી. ડ્રાઈવરે બસ પરનો કાબૂ ગુમાવી દેતાં બસ ૧૦ ફૂટ ઊંચા પુલ પરથી ખાઈ પર પડી હતી, એવી માહિતી અધિકારીઓએ આપી હતી.

અમુક સાક્ષીઓએ એવો દાવો કર્યો હતો કે બસ પહેલાં ટ્રક સાથે અથડાઈ અને પછી ખાઈમાં પડી ગઈ હતી. ફરિદકોટ પોલીસનાં સિનિયર સુપરિન્ટેન્ડન્ટ પ્રજ્ઞા જૈને ફોન પર માહિતી આપી હતી કે દુર્ઘટનામાં પાંચ જણ મરણ પામ્યા હતા. તેમણે વધુમાં કહ્યું હતું કે ૨૬ પેસેન્જરને ગુરુ ગોવિંદ સિંહ મેડિકલ કૉલેજ અને ફરિદકોટની હૉસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. ઘાયલોમાં બે પેસેન્જરને અમૃતસરની બીજી હૉસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા . એક પેસેન્જરે અકસ્માતમાં હાથ ગુમાવ્યો હતો. હૉસ્પિટલમાં હેલ્પ ડેસ્કની રચના કરવામાં આવી છે. (એજન્સી)

# ઓડિશામાં નેપાળી વિદ્યાર્થિનીનાં મૃત્યુ મામલે વિરોધપક્ષની અદાલતી તપાસની માગ

ભુવનેશ્વરઃ કેઆઇઆઇટી કેમ્પસમાં નેપાળી વિદ્યાર્થિનીના મૃત્યુ અંગે મંગળવારે બધા પક્ષના ધારાસભ્યોએ

અહીં ઓડિશા વિધાનસભામાં શોક વ્યક્ત કર્યો હતો અને ખાનગી સંસ્થાના સત્તાવાળાઓ દ્વારા પડોશી દેશના અન્ય કેટલાક વિદ્યાર્થીઓ સાથે કથિત દુર્વ્યવહારની નિંદા કરી હતી.

કલિંગા ઇન્સ્ટિટ્યૂટ ઑફ ઇન્ડસ્ટ્રિયલ ટેક્નોલોજી (કેઆઇઆઇટી) પર સંસ્થાના ત્રીજા વર્ષની બી ટેક વિદ્યાર્થિની પ્રકૃતિ લમસલના મૃત્યુ બાદ કેમ્પસમાં તણાવ વચ્ચે નેપાળી વિદ્યાર્થીઓના જૂથને તેમની હોસ્ટેલમાંથી બહાર કાઢવાનો આરોપ મૂકવામાં આવ્યો હતો.પ્રકૃતિ લમસલનો મૃતદેહ રવિવારે સાંજે તેના હોસ્ટેલના રૂમમાંથી મળી આવ્યો હતો.

સંસ્થાએ કહ્યું, 'આશંકા છે કે છોકરીનું સંસ્થામાં અન્ય વિદ્યાર્થી સાથે અફેર હતું અને તેણે કોઈ કારણસર આત્મહત્યા કરી હશે.'

બીજેડી સભ્ય પીકે દેબ દ્વારા ઝીરો અવર દરમિયાન આ મુદ્દો ઉઠાવવામાં આવ્યો હતો, એમણે કહ્યું હતું કે છોકરીની આત્મહત્યા અને તેના પછીના વિકાસથી રાજ્યને શરમ આવે છે. આ ઘટનાથી ઓડિશાનું નામ આંતરરાષ્ટ્રીય સ્તરે નીચે આવ્યું છે.

કૉંગ્રેસ વિધાયક દળના નેતા રામા ચંદ્ર કદમે પણ નેપાળના વિદ્યાર્થીઓ સાથે કથિત દુર્વ્યવહાર અંગે ચિંતા વ્યક્ત કરી હતી.

કૉંગ્રેસના વરિષ્ઠ સભ્ય તારાપ્રસાદ બહિનીપતિએ આ ઘટનાની ન્યાયિક તપાસની માગ કરી હતી જેમાં નેપાળી છોકરીનું આત્મહત્યા દ્વારા મૃત્યુ થયું હોવાની શંકા હતી અને નેપાળના અન્ય કેટલાક વિદ્યાર્થીઓ પર કેઆઇઆઇટીનાં સ્ટાફ દ્વારા કથિત રીતે હુમલો કરવામાં આવ્યો હતો.

ભાજપના ધારાસભ્ય બાબુ સિંહે પણ કેઆઇઆઇટીનાં સ્થાપક અચ્યુતા સામંતની ધરપકડની માગ કરી હતી અને જણાવ્યું હતું કે,'કેઆઇઆઇટી માં જે બન્યું છે તે ઓડિશા માટે શરમજનક છે. તેથી સામંતની ધરપકડ થવી જોઈએ. આ સંસ્થાના 'ખોટા કાર્યો' ને કારણે રાજ્યને મોટું નુકસાન થયું છે.'

# મોદી અને કતારના અમીર વચ્ચે યોજાઇ બેઠક

નવી દિલ્હીઃ વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ મંગળવારે કતારના અમીર શેખ તમીમ બિન હમદ અલ-થાની સાથે હૈદરાબાદ હાઉસ ખાતે મુલાકાત કરી હતી. અગાઉ કતારના અમીરને રાષ્ટ્રપતિ ભવનમાં 'ગાર્ડ ઑફ ઓનર' આપવામાં આવ્યું હતું અને રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂ દ્વારા તેમનું સ્વાગત કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે વડા પ્રધાન મોદી પણ હાજર રહ્યા હતા.

### ઘરેલુ હિંસાના કાયદાના અમલ

# સુપ્રીમ કોર્ટે રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોને આડેહાથ લીધા

નવી દિલ્હીઃ ઘરેલુ હિંસાના કાયદાના અમલનો સ્ટેટસ રિપોર્ટ રજૂ ન કરવા બદલ સુપ્રીમ કોર્ટે મંગળવારે રાજ્યો તેમ જ કેન્દ્રશાસિત પ્રદેશોને આડેહાથ લીધા હતા અને રૂ. ૫,૦૦૦નો દંડ ફટકારી તેમને અહેવાલ રજૂ કરવા વધુ ચાર અઠવાડિયાનો સમય આપ્યો હતો. સુપ્રીમ કોર્ટના આદેશ છતાં અનેક રાજ્ય અને કેન્દ્રશાસિત પ્રદેશોએ ઘરેલુ હિંસાના કાયદાના અમલનો સ્ટેટસ રિપોર્ટ રજૂ ન કર્યો હોવાની અરજકર્તાના વકીલે આપેલી માહિતીની ન્યાયાધીશ બી. વી. નાગરત્ન અને પ્રસન્ના બી. વરાલેની બનેલી ખંડપીઠે નોંધ લીધી હતી. સંબંધિત રાજ્ય અને કેન્દ્રશાસિત પ્રદેશના વકીલોએ સ્ટેટસ રિપોર્ટ રજૂ કરવા વધુ સમયની કરેલી માગણીને પગલે ખંડપીઠે રૂ. ૫,૦૦૦નો દંડ ફટકારી તેમને અહેવાલ રજૂ કરવા વધુ ચાર અઠવાડિયાનો સમય આપ્યો હતો. અહેવાલ રજૂ ન કરી શકેલા રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં આંધ્ર પ્રદેશ, અરુણાચલ પ્રદેશ, હિમાચલ પ્રદેશ, મધ્ય પ્રદેશ, મહારાષ્ટ્ર. મેઘાલય, ઓડિશા, તેલંગણા, પ. બંગાળ અને આસામ તેમ જ દાદરા નગર હવેલી, દીવ, દમણ, જમ્મુ-કાશ્મીર, લદાખ અને લક્ષદ્વીપનો સમાવેશ થાય છે, એમ તેમણે કહ્યું હતું. ખંડપીઠે અરજીની સુનાવણી માટે ૨૫ માર્ચ મુકરર કરી હતી. (એજન્સી)

# ઓગસ્ટાવેસ્ટલૅન્ડ કેસઃ સુપ્રીમે વચેટિયા ક્રિસ્ટિયન જેમ્સને જામીન આપ્યા

નવી દિલ્હી : સર્વોચ્ચ અદાલતે સીબીઆઈના ૩૬૦૦ કરોડ રૂપિયાની ઓગસ્ટાવેસ્ટલૅન્ડ ડીલ કેસમાં કથિત વચેટિયા ક્રિસ્ટિયન મિચેલ જેમ્સને જામીન આપ્યા હતા. જેમ્સ છ વર્ષથી કસ્ટડીમાં હતા.

ન્યાયમૂર્તિ વિક્રમ નાથ અને જસ્ટિસ સંદીપ મહેતાની બેન્ચે નિરીક્ષણ કર્યું હતું કે જેમ્સ છ વર્ષથી કસ્ટડીમાં છે અને આ બાબતમાં તપાસ હજી ચાલુ છે.

સુપ્રીમ કોર્ટે આદેશ આપ્યો હતો કે જેમ્સને જામીન પર છોડવામાં આવે અને જામીન ટ્રાયલ કોર્ટ નક્કી કરે એ શરત અને નિયમોને આધીન હશે.

કથિત કૌભાંડ ચોપરની ડિઝાઈન અને ઉત્પાદન કરતી કંપની ઓગસ્ટાવેસ્ટલૅન્ડ પાસેથી ખરીદેલા ૧૨ વીવીઆઈપી હેલિકોપ્ટરને લગતું છે.

દિલ્હી વડી અદાલતે ૨૫ સપ્ટેમ્બર, ૨૦૨૪એ જેમ્સને જામીન ન આપવાનો હુકમ બહાર પાડ્યો હતો. જેમ્સ અંગ્રેજ નાગરિક છે અને ડિસેમ્બર, ૨૦૧૮માં તેનું દુબઈમાંથી પ્રત્યર્પણ કરવામાં આવ્યું હતું. ત્યાર બાદ તેની ધરપકડ કરવામાં આવી હતી. (એજન્સી)

## પહેલા પાનાનું ચાલુ

### જ્ઞાનેશ કુમારની

હતો, રાહુલ ગાંધીએ બેઠકના સમય સામે વાંધો ઉઠાવ્યો હતો કારણ કે પેનલના બંધારણ સંબંધિત કેસની સુનાવણી બુધવારે સુપ્રીમ કોર્ટ દ્વારા કરવામાં આવશે. તેમણે સત્તાવાર અસંમતિ નોંધ રજૂ કરી હતી. જોકે, મુખ્ય ચૂંટણી કમિશનર અને ચૂંટણી કમિશનરોની પસંદગી ૨:૧ ના બહુમતીથી કરવામાં આવી.

કૉંગ્રેસે પ્રેસ કોન્ફરન્સ કરીને આ નિમણૂક સામે વાંધો ઉઠાવ્યો હતો. કૉંગ્રેસના નેતા અને વરિષ્ઠ વકીલ અભિષેક મનુ સિંઘવીએ કહ્યું કે જ્યારે આ કેસની સુનાવણી હજુ પણ સુપ્રીમ કોર્ટમાં પેન્ડિંગ છે તો આટલી ઉતાવળ કેમ દાખવવામાં આવી. સુપ્રીમ કોર્ટના નિર્ણયની રાહ જોવી જોઈતી હતી.

કૉંગ્રેસના મહાસચિવ કેસી વેણુગોપાલે પણ એકેસ પર લખ્યું છે કે, 'સરકારે ઉતાવળમાં અડધીરાત્રે નવા મુખ્ય ચૂંટણી કમિશનરની નિમણૂક માટે સૂચના બહાર પાડી છે. આ આપણા બંધારણની ભાવના વિરુદ્ધ છે. પહેલા, સરકારે સુધારેલા કાયદા દ્વારા મુખ્ય ન્યાયાધીશને સીઇસી પસંદગી સમિતિમાંથી દૂર કર્યા અને હવે આ મામલે સુપ્રીમ કોર્ટના નિર્ણયની રાહ પણ જોઈ નહીં. આ ખોટું છે.'

કેસી વેણુગોપાલે વધુમાં લખ્યું, આજે ઉતાવળમાં બેઠક યોજીને નવા ચૂંટણી કમિશનરની નિમણૂક કરાવી, એ દર્શાવે છે કે સરકાર સુપ્રીમ કોર્ટ દ્વારા તપાસ ટાળવા માગે છે. ઉપરાંત, સરકાર ઇચ્છે છે કે કોઈ સ્પષ્ટ આદેશ જાહેર થાય તે પહેલાં નિમણૂક કરવામાં આવે. આ પ્રકારનું ઘૃણાસ્પદ વર્તન ઘણા લોકોએ અગાઉ વ્યક્ત કરેલી શંકાઓની પુષ્ટિ કરે છે. આ બતાવે છે કે શાસક પક્ષ ચૂંટણી પ્રક્રિયાને કેવી રીતે નષ્ટ કરી રહ્યો છે અને પોતાના ફાયદા માટે નિયમોને તોડીમરોડી રહ્યો છે. ભલે તે નકલી મતદાર યાદીઓ હોય, ભાજપની તરફેણમાં ચૂંટણી શેડ્યુલ હોય કે પછી હેકિંગનો મામલો હોય - આવાં કૃત્યોને કારણે સરકાર અને તેના દ્વારા નિયુક્ત શંકાના ઘેરામાં આવે .

અગાઉ, મુખ્ય ચૂંટણી કમિશનરની પસંદગી માટેની ત્રણ સભ્યોની પેનલમાં દેશના વડા પ્રધાન, વિરોધ પક્ષના નેતા અને સુપ્રીમ કોર્ટના મુખ્ય ન્યાયાધીશ સીજેઆઇનો સમાવેશ થતો હતો.

વર્ષ ૨૦૨૩ માં, કેન્દ્ર સરકારે આ મામલે એક નવો કાયદો પસાર કર્યો અને મુખ્ય ન્યાયાધીશને સમિતિમાંથી દૂર કર્યા. એક અરજી કરીને આ કાયદાને કોર્ટમાં પડકારવામાં આવ્યો છે. સુપ્રીમ કોર્ટ આ કેસની સુનાવણી કરી રહી છે. અરજદારનું કહેવું છે કે દેશના મુખ્ય ચૂંટણી કમિશનરની પસંદગી સમિતિમાં મુખ્ય ન્યાયાધીશનો સમાવેશ થવો જોઈએ.

### જ્ઞાનેશ કુમાર આજે

દરમિયાન બંને ચૂંટણી પંચનો ભાગ હતા.

ચૂંટણી પંચના સભ્યોની નિમણૂક માટેના નવા કાયદા હેઠળ આ પદ પર નિયુક્ત થનારા કુમાર પ્રથમ સીઈસી છે. તેમનો કાર્યકાળ ૨૬ જાન્યુઆરી, ૨૦૨૯ સુધી રહેશે. આના થોડા દિવસ પહેલા ચૂંટણી પંચ આગામી લોકસભા ચૂંટણીનો સમયપત્રક જાહેર કરે તેવી શક્યતા છે. કાયદા મુજબ, સીઈસી અને ચૂંટણી કમિશનરોએ ૬૫ વર્ષની ઉંમર પૂર્ણ કર્યા પછી અથવા કમિશનમાં છ વર્ષની સેવા પૂર્ણ કર્યા પછી જે પણ વહેલું હોય તે પછી નિવૃત્તિ લેવી જરૂરી છે.

જ્ઞાનેશ કુમાર ૨૭ જાન્યુઆરી, ૨૦૨૯ના રોજ ૬૫ વર્ષના થશે. સીઈસી તરીકેના તેમના કાર્યકાળ દરમિયાન, કુમાર આ વર્ષના અંતમાં બિહાર વિધાનસભાની ચૂંટણીઓ અને ૨૦૨૬માં કેરળ અને પુડુચેરી વિધાનસભાની ચૂંટણીઓ યોજશે. તેમની દેખરેખમાં ૨૦૨૬માં તમિલનાડુ અને પશ્ચિમ બંગાળમાં વિધાનસભા ચૂંટણીઓ યોજાશે. વિવિધ વિધાનસભા ચૂંટણીઓ ઉપરાંત તેમની દેખરેખમાં ૨૦૨૭માં રાષ્ટ્રપતિ અને ઉપરાષ્ટ્રપતિની ચૂંટણી યોજાશે. કેન્દ્રીય ગૃહ મંત્રાલયના અધિકારી તરીકે, કુમારે જમ્મુ અને કાશ્મીરને વિશેષ દરજ્જો આપતી કલમ ૩૭૦ રદ કર્યા પછી લેવામાં આવેલા નિર્ણયોના અમલીકરણમાં મુખ્ય ભૂમિકા ભજવી હતી. મંત્રાલયમાં તેમના કાર્યકાળ દરમિયાન તેમણે સુપ્રીમ કોર્ટના ચુકાદા પછી રામ મંદિર ટ્રસ્ટની સ્થાપનામાં પણ મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવી હતી. કહેવાય છે કે તેઓ રામ મંદિર પર સુપ્રીમ કોર્ટની સુનાવણીનું નિયમિતપણે નિરીક્ષણ કરતા હતા. મુખ્ય ચૂંટણી કમિશનરનું નામ નક્કી કરતી સમિતિની બેઠક મળ્યા બાદ સોમવારે તેમની નિમણૂકની જાહેરાત કરવામાં આવી હતી. કુમાર ૧૯૮૮ બેચના કેરળ કેડરના આઇએએસ અધિકારી છે. કુમારે કાનપુર સ્થિત ઇન્ડિયન ઇન્સ્ટિટ્યૂટ ઓફ ટેકનોલોજી (આઇઆઇટી) માંથી સિવિલ એન્જિનિયરિંગમાં બી.ટેક કર્યું છે. એમ.એડ. પૂર્ણ કર્યા પછી તેમણે આઇસીએફએઆઇ ખાતે બિઝનેસ ફાઇનાન્સ અને અમેરિકાની હાવર્ડ યુનિવર્સિટીમાં એચઆઇઆઇડીમાં પર્યાવરણીય અર્થશાસ્ત્રનો અભ્યાસ કર્યો હતો.

### રાષ્ટ્રપતિએ મંજૂરી

જણાય છે. સૂત્રોએ કહ્યું હતું કે ગૃહ મંત્રાલયે ઈડીની તપાસ અને પૂરતા પુરાવાના આધારે જૈન સામે કાર્યવાહી કરવાની મંજૂરી માગતી વિનંતી રાષ્ટ્રપતિને કરી હતી. ૨૧૮મી કલમ જાહેર કર્મચારી અને જજ સામેની કાર્યવાહીને લગતી છે. આમાં આરોપી તેની સત્તાવાર ફરજ બજાવતી વખતે કરેલા કથિત ગુનાના આરોપ ઘડવાની પ્રોસિજર બતાડે છે. (એજન્સી)

### મધ્ય પ્રદેશમાં

પાંચ લોકોના મોત થયા છે અને ૨૦ અન્ય ઘાયલ થયા છે. તેમણે કહ્યું કે ઘાયલોમાંથી ૧૨ લોકોને સારવાર માટે ગ્વાલિયર રિફર કરવામાં આવ્યા છે, જ્યારે અન્ય લોકોની ભિંડ જિલ્લા હોસ્પિટલમાં સારવાર ચાલી રહી છે.તેમણે કહ્યું કે ઘાયલોને સારવાર માટે જિલ્લા હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા છે. ગુસ્સે ભરાયેલા સ્થાનિક લોકોએ રસ્તો રોકી દીધો હતો. રીવા જિલ્લામાં સર્જાયેલા અકસ્માતને લઇને ઘટનાના સાક્ષીઓએ દાવો કર્યો હતો કે પીડિતો બે મોટરસાઇકલ પર મુસાફરી કરી રહ્યા હતા ત્યારે એક ટ્રકે તેમને ટક્કર મારી હતી જ્યારે પોલીસે શરૂઆતમાં કહ્યું હતું કે અકસ્માતમાં એક મોટરસાઇકલ સામેલ હતી. ચુરહાટા પોલીસ સ્ટેશનના ઇન્ચાર્જ આશિષ મિશ્રાનો સંપર્ક કરવામાં આવતા તેમણે જણાવ્યું હતું કે તેઓ તપાસ કરી રહ્યા છે કે શું પીડિતો બે મોટરસાઇકલ પર હતા. મળતી માહિતી મુજબ, એક જ પરિવારના ચાર લોકોનાં મોત થયાં છે. મિશ્રાએ જણાવ્યું હતું કે, અન્ય એક વ્યક્તિને ઇજાઓ થઈ છે અને તે રીવાની સંજય ગાંધી મેમોરિયલ હોસ્પિટલમાં સારવાર હેઠળ છે. અકસ્માત બાદ ગ્રામજનો અને પરિવારના સભ્યોએ રસ્તો બ્લોક કરી દીધો હતો.

### આસામમાં ૧૪ કરોડ

અધિકાર ક્ષેત્રમાં કછાર પોલીસે એક વાહનને રોકીને તપાસ કરી હતી. પોલીસે ૧૪ કરોડ રૂપિયાના મૂલ્યની ૪૦,૦૦૦ યાબા ટેબ્લેટ અને ૨૬૦ ગ્રામ હેરોઈન જપ્ત કર્યું છે.

મુખ્ય પ્રધાને કહ્યું હતું કે ઓપરેશન દરમિયાન એક શંકાસ્પદ ડ્રગ સ્મગલરની ધરપકડ કરવામાં આવી છે. શર્માએ રાજ્યને નશામુક્ત બનાવવા માટે આસામ પોલીસના પ્રયાસોની પ્રશંસા કરી હતી. યાબા એ મેથૈમ્ફેટામાઈન અને કેફીનનું મિશ્રણ છે, જે ટેબ્લેટ સ્વરૂપમાં તૈયાર કરવામાં આવે છે.

### દિલ્હીના મુખ્ય પ્રધાનના

યોજાવાનો હતો, પરંતુ હવે આ કાર્યક્રમ સવારે ૧૧ કલાકે થશે. કયા કારણોસર પક્ષ દ્વારા આ ફેંસલો લેવામાં આવ્યો છે તેની વિગત સામે આવી નથી. ઉલ્લેખનીય છે કે દિલ્હીના મુખ્ય પ્રધાનના શપથ સમારોહની તૈયારી જોરશોરથી ચાલી રહી છે. આયોજન માટે રામલીલા મેદાન પસંદ કરવામાં આવ્યું છે. જોકે હજુ સુધી મુખ્ય પ્રધાનના નામ પર સહમતી બની નથી. ૧૯ ફેબ્રુઆરીએ ધારાસભ્ય દળની બેઠકમાં સીએમના નામની જાહેરાત કરવામાં આવી શકે છે. રામલીલા મેદાન તરફ જતાં તમામ રસ્તા ૧૯ ફેબ્રુઆરીની રાતથી બંધ થઈ જશે, માત્ર વીવીઆઈપી વાહનોને જ પ્રવેશ મળશે. વડા પ્રધાન નરેન્દ્ર મોદી, કેન્દ્રીય ગૃહ પ્રધાન અમિત શાહ, યુપીના મુખ્ય પ્રધાન યોગી આદિત્યનાથ સહિત ૫૦થી વધારે હાઈ સિક્યોરિટી ધરાવતાં નેતા રામલીલા મેદાન પહોંચશે. આ શપથ ગ્રહણ સમારોહમાં ૨૦ રાજ્યોના મુખ્ય પ્રધાન પણ સામેલ થશે. રામલીલા મેદાન પર શપથ ગ્રહણ સમારોહ પહેલાં ગીત-સંગીતનો કાર્યક્રમ થશે. જેમાં કૈલાશ ખેર પ્રસ્તુતિ આપશે. આ ઉપરાંત બોલીવુડ સિતારા પણ ઉપસ્થિત રહેશે. ઉદ્યોગપતિ મુકેશ અંબાણી, ગૌતમ અદાણી પણ હાજર રહેશે. બાબા રામદેવ, બાબા બાગેશ્વર ધીરેન્દ્ર શાસ્ત્રી, સ્વામી ચિદાનંદને પણ શપશ સમારોહમાં સામેલ થવા આમંત્રણ આપવામાં આવ્યું છે.

### ગુજરાતની ૬૮

અન્યોએ કબ્જો કર્યો હતો. બાકીની ૪ અનિર્ણિત રહી હતી અને ત્યાં અપક્ષ કિંગમેકરની ભૂમિકામાં છે. આમ, કૉંગ્રેસને સ્થાનિક સ્વરાજની ચૂંટણી કારમી હારનો સામનો કરવો પડ્યો હતો. ૬૬ નગરપાલિકામાં ૬૧.૬૫ ટકા મતદાન થયું હતું, જે ૨૦૧૮ની સરખામણીમાં ૩.૩૫ ટકા ઓછું હતું. એકંદરે વર્ષ ૨૦૧૮માં ૭૫ નગરપાલિકાની યોજાયેલી ચૂંટણીમાં ૬૫ ટકા મતદાન થયું હતું. આ ચૂંટણીમાં સૌથી વધુ ચર્ચા બે કિંગ મેકર કુતિયાણા નગરપાલિકાના કાંધલ જાડેજાની તથા જેતપુર નગરપાલિકામાં જયેશ રાદડિયાની થઈ હતી. રાદડિયા અને કાંધલ જાડેજા તેમના મતવિસ્તારોમાં પોતાનો દબદબો જાળવવામાં સફળ રહ્યા હતા.

## વડોદરાની કરજણ નગરપાલિકા પર ફરીથી ભાજપનો કબજો: ૧૯ બેઠક જીતી, કૉંગ્રેસનું ખાતું પણ ના ખુલ્યું

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: રાજ્યમાં સ્થાનિક સ્વરાજ્યની નગરપાલિકાની અને પેટા ચૂંટણીની મતગણતરી યોજાઈ હતી, મંગળવારે મતગણતરી થઈ હતી અને પરિણામો ભાજપની તરફેણમાં આવ્યા હતા. વડોદરાના કરજણમાં ફરી એક વખત ભાજપનો ભગવો લહેરાયો હતો, જ્યારે ૨૮ બેઠકોમાંથી આઠ બેઠકો આમ આદમી પાર્ટીએ મેળવી હતી. વડોદરાની દશરથ, નંદેસરી અને કોયલી બેઠક ઉપર ચૂંટણી યોજાઈ હતી, જેમાં ભાજપની જીત થઈ હતી.

કરજણ નગરપાલિકાની કુલ ૨૮ બેઠકો માટે મત ગણતરી સવારે ૯:૦૦ કલાકે શરૂ થઈ હતી બપોરે ૧૨ વાગ્યાની આસપાસ સમગ્ર ચિત્ર સ્પષ્ટ થઈ ગયું હતું. ભારતીય જનતા પાર્ટીની ભવ્ય જીત થઈ હતી. કરજણ નગરપાલિકાની ૨૮ બેઠકોમાંથી ભાજપને ૧૯ બેઠક મળી હતી. જ્યારે આમ આદમી પાર્ટીને આઠ બેઠક જ્યારે અપક્ષના ફાળે એક બેઠક આવી હતી.

આ સાથે જ ફરી એક વખત કરજણ નગરપાલિકામાં ભારતીય જનતા પાર્ટીનું બોર્ડ બન્યું હતું. ગત ટર્મમાં ૨૮ પૈકી અઢાર ઉપર ભાજપે જીત મેળવી હતી. ૯ અપક્ષ અને ૧ બેઠક પર કૉંગ્રેસ વિજય થઈ હતી. જ્યારે આ વખતે તો કૉંગ્રેસે ખાતું જ ખોલ્યું ન હતું. ■

## ચોરવાડમાં કૉંગ્રેસની હેટ્ર-ટ્રીકનું સપનું રોળાયું, ધારાસભ્ય વિમલ ચુડાસમાની ભૂંડી હાર

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ગુજરાતમાં સ્થાનિક સ્વરાજની ચૂંટણીમાં ૧૬ ફેબ્રુઆરીએ મતદાન થયું હતું. ૧૮ ફેબ્રુઆરી રવિવારે સવારે નવ કલાકે મતગણતરી શરૂ થઈ હતી. ૬૬ નગરપાલિકા, જૂનાગઢ મહાનગર પાલિકા સહિતના પરિણામ આવ્યા હતા. મોટા ભાગે ભારતીય જનતા પાર્ટીની જીત થઈ હતી. જો કે, ચોરવાડ નગરપાલિકાની ચૂંટણીનાં પરિણામો ચોંકાવનારા રહ્યા હતા, જ્યાં કોંગ્રેસના ધારાસભ્ય વિમલ ચુડાસમાએ હારનો સામનો કરવો પડ્યો હતો. અત્રે ઉલ્લેખનીય છે કે ૧૬ ફેબ્રુઆરીએ યોજાયેલી ચોરવાડ નગરપાલિકાની ચૂંટણીમાં સૌથી વધુ મતદાન રેકોર્ડબ્રેક ૭૬ ટકા નોંધાયું હતું.

ચોરવાડ નગરપાલિકાની ચૂંટણી ભાજપના સાંસદ રાજેશ ચુડાસમા અને કોંગ્રેસના ધારાસભ્ય વિલમ ચુડાસમા વચ્ચે સીધો જંગ હતો. આ ચૂંટણીમાં ધારાસભ્ય વિમલ ચુડાસમાએ હારનો સામનો કરવો પડ્યો હતો. વિમલ ચુડાસમાએ વોર્ડ નંબર ૮માં હારનો સામનો કરવો પડ્યો હતો. આ સાથે જ ચોરવાડ નગરપાલિકા પર ભાજપ સત્તામાં આવ્યું હતું.

ચોરવાડ નગરપાલિકામાં સત્તા પુનરાવર્તન અને સત્તા પરિવર્તન માટે લડાઈ હતી. અહીં છેલ્લી બે ટર્મથી કોંગ્રેસનું શાસન હતું. પરંતુ આ વખતે સાંસદ રાજેશ ચુડાસમાના નેતૃત્વમાં ભારતીય જનતા પાર્ટીએ ચોરવાડ નગરપાલિકા પર કબજો કર્યો હતો. બંને નેતાઓ માટે આ ચૂંટણી પ્રતિષ્ઠાનો સવાલ બની ગઈ હતી. જેમાં રાજેશ ચુડાસમાએ જીત મેળવી હતી.

ચોરવાડ નગરપાલિકામાં ભાજપનો ભગવો લહેરાયો હતો. ચોરવાડ નગરપાલિકાની ૨૪માંથી ૨૦ બેઠક પર ભાજપનો વિજય થયો હતો. ૧૦ વર્ષના કોંગ્રેસના શાસનનો અંત કરી ભાજપે નગરપાલિકા કબજે કરી હતી. ચોરવાડમાં ભારતીય જનતા પાર્ટીએ જીતની ઉજવણી શરૂ કરી હતી. સાંસદ રાજેશ ચુડાસમાએ ચોરવાડની જનતાનો આભાર પણ માન્યો હતો. રાજેશ ચુડાસમાએ કહ્યું હતું કે, ચોરવાડ ન.પાની જીત મારી નહીં પરંતુ મારા કાર્યકરો અને જનતાની જીત છે. ■

## સલાયા નગરપાલિકામાં ભાજપનો સફાયો, કૉંગ્રેસે ફરી બાજી મારી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: સ્થાનિક સ્વરાજની ચૂંટણી માટે રવિવારે યોજાયેલા મતદાન બાદ મંગળવારે મત ગણતરી બાદ પરિણામો જાહેર થયા હતા. રાજ્યની મોટાભાગની બેઠકો પર ભગવો લહેરાયો હતો. જો કે, દેવભૂમિ દ્વારકામાં ૨૮ બેઠકવાળી સલાયા નગરપાલિકાની ચૂંટણીમાં કોંગ્રેસે ફરી બાજી મારી હતી. સલાયા નગરપાલિકાની ચૂંટણીમાં કોંગ્રેસે ૧૫ બેઠક પર જીત નોંધાવી હતી, જ્યારે આમ આદમી પાર્ટીએ દમદાર પ્રદર્શન કરતાં ૧૩ સીટો પર જીતનો પરચમ લહેરાવ્યો હતો, જો કે ભાજપ ખાતું પણ ખોલાવી શકી ન હતી. કેબિનેટ પ્રધાન મુળુભાઈ બેરાના વિસ્તારમાં ભાજપના સૂપડાં સાફ થઈ ગયાં હતાં. પરિણામો જાહેર થતાં સલાયા ભાજપમાં સન્નાટો છવાઈ ગયો હતો. અત્રે ઉલ્લેખનીય છે કે, સ્થાનિક સ્વરાજની ચૂંટણીમાં સલાયા એકમાત્ર બેઠક હતી જ્યાં ભાજપની કરારી હાર થઈ હતી.

સલાયા નગરપાલિકાના પરિણામ ભાજપ માટે ચોંકાવનારા રહ્યા હતા. ૭ વોર્ડની ૨૮ બેઠકના જાહેર થયેલા પરિણામમાં ભાજપનાં સૂપડાં સાફ થઈ ગયાં હતાં. ભાજપને એક પણ બેઠક મળી ન હતી. કોંગ્રેસને ૧૫ બેઠક મળી હતી, જ્યારે આમ આદમી પાર્ટીને ૧૩ બેઠક મળી હતી. સલાયા રાજ્યના પ્રવાસન પ્રધાન મુળુભાઈ બેરાના વિસ્તારમાં આવતું હોવાથી પરિણામો જાહેર થયા બાદ ભાજપમાં સન્નાટો છવાઈ ગયો હતો. ■

## પોરબંદરની રાણાવાવ- કુતિયાણા ન.પા.માં સમાજવાદી પાર્ટીની જીત

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ગુજરાતમાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં કોઈ વિચારી ન શકે તેવાં પરિણામોમાં ઊલટફેર જોવા મળ્યો હતો. સત્તા ભલે ભાજપ પાસે ગઈ હોય, પરંતુ કેટલાક પરિણામોએ તો ભાજપને પણ ચોંકાવી દીધા હતા. આ ચૂંટણીથી ગુજરાતમાં સમાજવાદી પાર્ટીની ધમાકેદાર એન્ટ્રી થઈ હતી. સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં પહેલીવાર સમાજવાદી પાર્ટી પાસે સત્તા ગઈ હતી. ગુજરાતની બે નગરપાલિકા સમાજવાદી પાર્ટીના હાથમાં આવી હતી.

પોરબંદર જિલ્લાની રાણાવાવ અને કુતિયાણા નગરપાલિકામાં સમાજવાદી પાર્ટીની જીત થઈ હતી, બીજી તરફ, છોટાઉદેપુરમાં સમાજવાદી પાર્ટીના ૬ ઉમેદવાર વિજેતા બન્યા હતા. રાણાવાવ નગરપાલિકાની કુલ ૨૮ બેઠક પૈકી સમાજવાદી પાર્ટીએ ૨૦ અને ભાજપે ૮ સીટ પર વિજય મેળવ્યો હતો. જ્યારે કુતિયાણા નગરપાલિકામાં સમાજવાદી પાર્ટીએ ૧૪ અને ભાજપે ૧૦ સીટ પર વિજય મેળવ્યો હતો.

છોટાઉદેપુર નગરપાલિકાની ચૂંટણી માટે પહેલીવાર સમાજવાદી પાર્ટીના ૬ ઉમેદવારો મેદાનમાં ઊતર્યા હતા. જોકે, તમામ ૬ ઉમેદવારોની જીત થતા ઉમેદવારોમાં ખુશી છવાઈ હતી. નગર પાલિકાની ચૂંટણીમાં સમાજવાદી પાર્ટીના ૬ ઉમેદવારોની જીત થતા બોર્ડ બનાવવામાં નિર્ણાયક સાબિત થશે. અત્રે ઉલ્લેખનીય છે કે, છોટાઉદેપુર નગરપાલિકામાં સમાજવાદી પાર્ટીના ઉમેદવાર મૂફીર શેખની ૧ વોટથી જીત થઈ હતી. ઉમેદવાર મૂફીર શેખની એક વોટથી જીત થતા તેમના સમર્થકો ભાવુક બન્યા હતા. ■

## ડેડિયાપાડાની ઝાંક બેઠક પર આપના રાહુલ વસાવાની જીત: ધારાસભ્ય ચૈતર વસાવાએ ઉજવણી કરી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: નર્મદા જિલ્લાની ડેડીયાપાડા અને સાગબારા તાલુકા પંચાયતની બે બેઠકો માટે ૧૬ ફેબ્રુઆરીએ પેટાચૂંટણી યોજાઈ હતી. ડેડીયાપાડાની ઝાંક બેઠક પર ભાજપના સુરેશ વસાવા, આપના રાહુલ વસાવા, કોંગ્રેસના ગંભીર વસાવા અને એક અપક્ષ ઉમેદવાર વચ્ચે ચતુષ્કોણીય જંગ જામ્યો હતો. જેમાં આપના રાહુલભાઈ મથુરભાઈ વસાવાની જીત થઈ હતી. ડેડીયાપાડા તાલુકા પંચાયતની પેટા ચૂંટણીમાં આમ આદમી પાર્ટીનો દબદબો જળવાઈ રહ્યો હતો. વોર્ડ નંબર ૨૨ના ઝાંક વોર્ડ માટે ચૂંટણી યોજાઈ હતી. જેમાં રાહુલભાઈ મથુરભાઈ વસાવાની જીત થઈ હતી. તેમને ૨૬૩૮ મત મળ્યા હતા. જીત બાદ આ વિસ્તારમાં આમ આદમી પાર્ટીમાં ઉજવણીનો માહોલ જોવા મળ્યો હતો.

રાહુલ વસાવાની જીત બાદ આપના કાર્યકર્તાઓ દ્વારા જીતની ઉજવણી કરવામાં આવી હતી. કાર્યકર્તાઓએ ઢોલ-નગારા અને ફટાકડા ફોડીને ભવ્ય રીતે ઉજવણી કરી હતી. આ ઉજવણીમાં ધારાસભ્ય ચૈતર વસાવા પણ જોડાયા હતા.

અત્રે ઉલ્લેખનીય છે કે, ડેડીયાપાડાની ઝાંક બેઠક પર ૯ મતદાન મથકોમાં કુલ ૭,૦૨૯ મતદારોમાંથી ૪,૫૮૫ મતદારોએ મતાધિકારનો ઉપયોગ કર્યો હતો, જેમાં ૬૫.૨૩ ટકા મતદાન નોંધાયું હતું. આ બેઠકમાં ૩,૫૮૫ પુરુષ અને ૩,૪૪૪ મહિલા મતદારો નોંધાયેલા છે. ■

## બીલીમોરા ન.પા.ની ચૂંટણીમાં અપક્ષ ઉમેદવાર મલંગ કોલિયાએ સતત આઠમી વાર જીતી રેકોર્ડ બનાવ્યો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ગુજરાતમાં યોજાયેલી સ્થાનિક સ્વરાજની ચૂંટણીનાં પરિણામો જાહેર થયા હતા. નવસારી જિલ્લાની બીલીમોરા નગરપાલિકાની પણ ચૂંટણી યોજાઈ હતી. બીલીમોરામાં ૯ વોર્ડની ૩૬ બેઠકમાંથી ભાજપે ૨૯ બેઠકો જીતી સત્તા મેળવી હતી. પાંચ બેઠક અપક્ષ તો બે બેઠક કોંગ્રેસને મળી હતી. પરંતુ બીલીમોરામાં એક અપક્ષ ઉમેદવારે કમાલ કર્યો હતો અને આઠમી વખત ચૂંટણી જીતી હતી. અપક્ષ ઉમેદવાર મલંગ કોલિયા બીલીમોરા નગરપાલિકાની ચૂંટણીમાં સતત આઠમી વાર જીત્યા હતા અને ગુજરાતમાં અપક્ષ તરીકે આઠ વાર જીતવાનો રેકોર્ડ સ્થાપિત કરી દીધો હતો. વોર્ડ નંબર ૫ની જનતા તેમને સતત ચૂંટતી આવી છે.

બીલીમોરા નગરપાલિકાના અપક્ષ ઉમેદવાર મલંગ કોલિયા વર્ષ ૧૯૮૫ થી પાલિકાની ચૂંટણી લડતા આવ્યા છે. જ્યારે પ્રથમવાર મલંગ ચૂંટણી લડ્યા ત્યારે ગુજરાતના સૌથી નાના ઉમેદવાર હોવાની નામના તેમણે મેળવી હતી. મલંગે તેમના પિતાના વારસાને આગળ વધારી અને સતત ૪૦ વર્ષથી બીલીમોરા નગરપાલિકાના નગરસેવક તરીકે સેવા આપી રહ્યા છે. આ વર્ષે પણ મલંગ કોલિયાએ વોર્ડ નંબર ૫ માંથી અપક્ષ ઉમેદવારી નોંધાવી હતી. પાલિકાની ૩૬ બેઠકોના ઉમેદવારોમાં સૌથી વધુ ૨૨૦૦ થી વધુ મતો મલંગ કોલિયાના નામે નીકળ્યા હતા. ■

## જૂનાગઢમાં ૪૮ બેઠક ભાજપે જીતી, કૉંગ્રેસને ૧૧ અને અપક્ષને એક બેઠક મળી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ગુજરાતમાં સ્થાનિક સ્વરાજની ચૂંટણીના જાહેર થયેલાં પરિણામોમાં ભાજપનો એક તરફથી વિજય થયો હતો. જૂનાગઢ મહાનગરપાલિકાની ૬૦ બેઠકમાંથી ભાજપના ફાળે ૪૮ બેઠક આવી હતી. જ્યારે કોંગ્રેસે ૧૧ બેઠક પર જીત હાંસલ કરી હતી. વોર્ડ નંબર નવમા અપક્ષનો વિજય થયો હતો. જૂનાગઢ મનપાની ચૂંટણીમાં ૬ વાર ડેપ્યુટી મેયર રહેલા ગિરીશ કોટેચાના પુત્ર પાર્થ કોટેચાની હાર થઈ હતી. તેમજ જૂનાગઢ મહાનગરપાલિકામાં વોર્ડ નંબર ૯નાં કોંગ્રેસના ઉમેદવાર મહિપાલસિંહ બસિયાની હાર થઈ હતી. હારની જાહેરાત થયાના થોડી જ ક્ષણોમાં તેઓ ભાજપમાં જોડાઈ ગયા હતાં.

કોંગ્રેસમાંથી ચૂંટણી લડવા માટે ફંડ ન મળતાં મહિપાલસિંહ નારાજ હતાં. જેથી કંટાળીને ભાજપમાં જોડાયા હતા. આ ઉપરાંત જૂનાગઢમાં વોર્ડ નંબર ૮માં કોંગ્રેસની જીત થઈ હતી. જે બાદ વિજેતા ઉમેદવાર દ્વારા રેલી કાઢવામાં આવી હતી. વિજય સરઘસમાં જેમાં પથ્થરમારો થયો હતો.

આ ઘટનામાં પાંચ લોકો ઇજાગ્રસ્ત થયા હતા. ઉલ્લેખનીય છે કે સ્થાનિક સ્વરાજની ચૂંટણીમાં સૌથી ઓછું મતદાન જૂનાગઢ મહાનગરપાલિકાની ચૂંટણીમાં નોંધાયુ હતું. આ વખતે જૂનાગઢમાં માત્ર ૪૦ ટકા જ મતદાન થયું હતું. જ્યારે ચોરવાડમાં સૌથી વધુ ૭૬ ટકા મતદાન નોંધાયુ હતું. ■

## વડોદરા હરણી બોટ દુર્ઘટના: મૃતકોના પરિવારને ચાર હપ્તામાં વળતરની રકમ ચૂકવવા હાઈ કોર્ટનો આદેશ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: હરણી બોટ દુર્ઘટના મામલે હાઇ કોર્ટમાં સુનાવણી હાથ ધરવામાં આવી હતી. જેમાં કોર્ટે કોટીયા પ્રોજેક્ટને ચાર હપ્તામાં મૃતકોના પરિવારજનો અને ઈજાગ્રસ્તોને વળતર ચૂકવવા હુકમ કર્યો હતો. આ સાથે જ ૨૫ ટકાનો પહેલો હપ્તો ૩૧મી માર્ચ સુધીમાં જિલ્લા કલેક્ટર સમક્ષ જમા કરાવવાનો આદેશ કર્યો હતો. ત્યાર બાદ એક એક મહિનાના આંતરે ત્રણ હપ્તા જમા કરાવવાના રહેશે.

તાજેતરમાં જ નાયબ કલેક્ટર દ્વારા હરણી બોટકાંડમાં મૃતકોના પરિવારજનો અને ઈજાગ્રસ્તો માટે વળતરની જાહેરાત કરી હતી. જેમાં મૃતક ૧૨ બાળકોને રૂપિયા ૩૧,૭૫,૭૦૦ (પ્રતિબાળક) આપવાની જાહેરાત કરવામાં આવી હતી. જ્યારે મૃતક શિક્ષિકા પૈકી છાયા બેનને રૂપિયા ૧૧,૨૧,૯૦૦ અને ફાલ્ગુની બેનને રૂ. ૧૬,૬૮,૦૨૯ વળતર ચૂકવવાનો આદેશ કર્યો હતો. આ સાથે બે ઈજાગ્રસ્તોને રૂ. ૫૦ હજારનું વળતર આપવા જણાવાયું હતું. અત્રે ઉલ્લેખનીય છે કે, આ મામલે હાઇ કોર્ટે કોટીયા પ્રોજેક્ટને ચાર હપ્તામાં મૃતકો અને ઇજાગ્રસ્તોને વળતર ચૂકવવાનો આદેશ આપ્યો હતો, જે મુજબ એક હપ્તાની રકમ લગભગ રૂ. એક કરોડ જેટલી થાય છે.

કોર્ટે વધુમાં આદેશ કર્યો હતો કે, પહેલા હપ્તા બાદના ત્રણ હપ્તા એક- એક મહિનાના આંતરે જમા કરાવવાના રહેશે. સંપૂર્ણ રકમ જમા થયા બાદ જિલ્લા કલેક્ટર મૃતકો અને ઈજાગ્રસ્તોને રકમ ચૂકવશે. દરમિયાન કોર્ટના અવલોકન અનુસાર, ભાગીદારોની આંતરિક તકરાર કોર્ટનો વિષય નથી મોટર વ્હીકલ એક્ટની જોગવાઈ પ્રમાણે નક્કી કરવામાં આવેલું વળતર પ્રાથમિક રીકે સંપૂર્ણ વ્યાજબી હોવાનું હાઇ કોર્ટે નોંધ્યું હતું. વકીલ હિતેશ ગુપ્તાએ જણાવ્યું હતું કે લેખિત હુકમ હજી આવ્યો નથી, પરંતુ હાઇ કોર્ટે આ પ્રાથમિક આદેશ આપ્યો હતો. ■

## ગુજરાતના પાડોશી રાજ્યોમાં દારૂની છૂટ છે જેથી રાજ્યમાં દારૂબંધીમાં સફળતા નહીં મળે: શંકરસિંહ વાઘેલા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ગુજરાતના પૂર્વ મુખ્યપ્રધાન શંકરસિંહ વાઘેલા રાજકોટની મુલાકાતે આવ્યા હતા. આ દરમિયાન તેમણે મીડિયા સાથે વિવિધ મુદ્દાઓ પર ચર્ચા કરી હતી. શંકરસિંહ વાઘેલાએ ગુજરાતમાં દારૂબંધી અંગે તેમના વિચારો રજૂ કરતા જણાવ્યું હતું કે, ગુજરાતમાં દારૂબંધી ખોટી છે, પાડોશના રાજ્યોમાં દારૂની છૂટ છે જેના કારણે ગુજરાતમાં દારૂબંધીમાં સફળતા નહીં મળે. પટેલ સમાજમાં દારૂના દુષણ અંગે નિવેદન આપતા તેમણે જણાવ્યું હતું કે, દારૂ માત્ર પાટીદાર સમાજ નહીં પણ અન્ય સમાજમાં પણ પીવાય છે. ઘણા ઠેકાણે બહેનો પણ દારૂ પીવે છે જે સ્વાભાવિક છે.

તેમણે વધુમાં જણાવ્યું હતું કે, દારૂને ખોટી રીતે ટ્રીટ કરવામાં આવી રહ્યો છે. કોઈ સમાજમાં દારૂનું દૂષણ હોય એવું ન હોય પણ દારૂનું દૂષણ છે એ રીતે ટ્રીટ થાય છે. કારણ કે, દારૂ પીવાની પાબંધી છે, પાબંધી હોય એટલે એમાંથી અનિષ્ટ ઊભું થાય છે. એટલે અનિષ્ટ થઈ રહ્યું છે. માટે એને ખોલી નાખવાની વાત છે. તમે આને વ્યસન તરીકે ન લો. દારૂ કાંઈ તોફાન કરવા માટે નથી. લોકો ચા-કોફી પીતા હોય છે, માટે પટેલ સમાજ નહીં ઘણા બધા સમાજના લોકો દારૂ પીતા હોય, આમાં કોઈ એક સમાજનું નામ ન દેવાય.

યુવાનો પર દારૂની પ્રતિકૂળ અસર વિશે તેમણે જણાવ્યું હતું કે, યુવાન તો એક સ્ટેટસ હોય. આજનો યુવાન આવતીકાલે ઘરડો થવાનો છે. આમાં યુવાનો પીવે છે એવું હોતું નથી. યુવાનોનું ગ્રુપ ખરાબ હોય તો એ આવું કરે. ગુજરાતમાં દારૂબંધી છે એનો હું વિરોધી છું. પડોશમાં દારૂ ખુલ્લેઆમ મળે એટલે એને અહીં સફળતા ન મળે. આને લીધે કરપ્શન વધે. આ બધુ ન્યુસન્સ છે. ખોટો દારૂ પીને લોકો મરી જાય છે. ૧૦ લાખ જેટલી ગુજરાતમાં વિધવા બહેનો ૩૦ વર્ષથી નીચેની છે. એનો પતિ ખોટો દારૂ પીને મરી ગયો. આ વિધવા બહેનોનું કહેવું છે કે, સારો દારૂ પીધો હોત તો ન મરી જાત. દારૂ પીવાનો છે તો તેને સારો પીવડાવોને. ■

## વિધાનસભાનું બજેટ સત્ર આજથી શરૂ

### ૨૦મી ફેબ્રુ.એ નાણાપ્રધાન બજેટ રજૂ કરશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ગુજરાત વિધાનસભાનું બજેટસત્ર ૧૯ ફેબ્રુઆરી એટલે કે આવતીકાલથી શરૂ થઈ રહ્યું છે. વિધાનસભાનું આ છઠ્ઠું સત્ર છે, જે ૧૯ ફેબ્રુઆરીથી શરૂ થઈને ૨૮ માર્ચ સુધી ચાલશે. બજેટસત્ર માટે સરકાર દ્વારા દરેક દિવસ દરમિયાન યોજાનારી સભાઓની તારીખવાર યાદી જાહેર કરવામાં આવી હતી.

વિધાનસભાના બજેટસત્રમાં ગુજરાતના રાજ્યપાલ આચાર્ય દેવવ્રત બજેટસત્રનું આહ્વાન કરશે. જ્યારે ૨૦ મી ફેબ્રુઆરીએ ગુજરાતના નાણામંત્રી કનુભાઈ દેસાઈ બજેટ રજૂ કરશે. આમ, આ વખતે કુલ ૨૭ બેઠક યોજીને બજેટસત્ર યોજાશે.

આવતીકાલે સભામાં આભાર પ્રસ્તાવ રજૂ થશે તેમ જ સરકારી કામકાજ પર ચર્ચા થશે, જેમાં ૨૦મી ફેબ્રુઆરી ગુરુવારના રોજ વર્ષ ૨૦૦૯-૧૦ અને ૨૦૧૦-૧૧ માટેના વધારાના ખર્ચના પત્રકો રજૂ કરવામાં આવશે. તેની સાથે સાથે વર્ષ ૨૦૨૪-૨૫ માટેના ખર્ચના પૂરક પત્રકો તેમ જ વર્ષ ૨૦૨૫-૨૬ માટેના અંદાજપત્ર રજૂ કરવામાં આવશે. ત્યારબાદ ૨૧, ૨૪, ૨૫, ૨૭ ફેબ્રુઆરીએ સરકારી કામકાજ તેમ જ રાજ્યપાલના સંબોધન પર ચર્ચા થશે. ૨૮ ફેબ્રુઆરીએ પૂરક માગણીઓ પર ચર્ચા અને મતદાન થશે. માર્ચ મહિનામાં ગોઠવવામાં આવેલી બેઠકોમાં અંદાજપત્ર પર સામાન્ય ચર્ચા થશે. ૨૮ માર્ચના રોજ છેલ્લા દિવસનો પ્રસ્તાવ રજૂ કરવામાં આવશે અને વિધાનસભાનું બજેટસત્ર પૂર્ણ થશે.

અત્રે ઉલ્લેખનીય છે કે, બજેટસત્ર દરમિયાન ગુજરાતનું પાટનગર ગાંધીનગરમાં પોલીસ દ્વારા શહેરમાં સલામતી માટે સઘન બંદોબસ્ત ગોઠવવામાં આવશે. ગાંધીનગરના પ્રવેશ દ્વાર પર સતત વાહનોની ચેકિંગ થશે, ઉપરાંત આ સમય દરમિયાન થતાં રેલી કે ધરણા પર ખાસ ધ્યાન રાખવામાં આવશે. ■

## રાજકોટ પાયલ હૉસ્પિટલ વીડિયોકાંડ મામલે પોલીસે એક આરોપીને દબોચ્યો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: રાજકોટની પાયલ હૉસ્પિટલમાંથી મહિલા દર્દીઓના પ્રાઈવેટ વીડિયો લીક થયા હતા, જેને પગલે શહેર સહિત સમગ્ર રાજ્યમાં ખળભળાટ મચી ગયો છે. આ કાંડ માટે જવાબદાર તત્ત્વોને પકડવા માટે પોલીસ પણ એક્શન મોડમાં આવી ગઈ હતી. આ સમગ્ર ઘટના મામલે પોલીસે એક આરોપીને ઝડપી પાડ્યો હતો. આ આરોપીની પોલીસે ગુજરાત બહારથી ધરપકડ કરી હોવાનું જાણવા મળ્યું હતું.

સમગ્ર મામલે વીડિયોકાંડમાં મોટી ગેંગ સામેલ હોવાની શક્યતા સેવાઈ રહી છે. આ ગેંગ આખી ગુજરાતની બહારથી ઓપરેટ કરતી હોવાની શક્યતા વ્યક્ત કરવામાં આવી છે. હૉસ્પિટલમાં વીડિયો વાયરલ થતાની સાથે જ પોલીસ એક્શન મોડમાં આવી ગઈ અને અલગ અલગ ત્રણ ટીમ બનાવીને તપાસ હાથ ધરી હતી. પોલીસે આ મામલે ૧ આરોપીની ધરપકડ કરી હતી, જેમાં આ આરોપી ગેંગનો મુખ્ય સૂત્રધાર હોવાની આશંકા છે.

પોલીસે આરોપીની ગુજરાત બહારથી ધરપકડ કરી હતી. આરોપીની પોલીસ દ્વારા પૂછપરછ શરૂ કરવામાં આવી હતી અને આ મામલે આરોપીની પૂછપરછમાં આગામી સમયમાં મોટા ખુલાસા થાય તેવી શક્યતા છે. ■

## સુરતના માંગરોળમાં ગ્રીષ્મા હત્યા જેવી ઘટના, યુવતીનું ગળું કાપી યુવકે પણ કર્યો આપઘાતનો પ્રયાસ

અમદાવાદ: સુરત જિલ્લાના માંગરોળ તાલુકામાં ગ્રીષ્મા હત્યાકાંડ જેવી ઘટના પ્રકાશમાં આવી હતી. સુરતના માંગરોળ તાલુકાના વાંકલ-બોરિયા રોડ પર ૨૦ વર્ષીય યુવતીનો મૃતદેહ મળી આવ્યો હતો. એક યુવકે ચપ્પા વડે યુવતીનું ગળું કાપી નાખ્યું હતું, જેના કારણે તેનું ઘટનાસ્થળે જ મોત નીપજ્યું હતું ત્યાર બાદ યુવકે પોતાનું ગળું કાપ્યું હતું, બનાવ અંગે જાણ થતા પોલીસ ઘટનાસ્થળે પહોંચી કાર્યવાહી શરૂ કરી હતી.

સુરત જિલ્લાનાં માંગરોળ તાલુકાના વાંકલ-બોરિયા રોડ પર ૨૦ વર્ષીય યુવતીનો મૃતદેહ મળી આવ્યો હતો, જ્યારે યુવક પણ ગંભીર ઘાયલ હાલતમાં મળી આવ્યો હતો. ઘટનાની વિગતો મળતાની સાથે જ પોલીસે મૃતદેહને કબજામાં લઈને પોસ્ટમોર્ટમ માટે મોકલી આપ્યો હતો. તેમજ ઘાયલ યુવકને હોસ્પિટલમાં દાખલ કર્યો હતો.

આ બનાવ અંગે પોલીસે જણાવ્યું હતું કે, યુવક સુરેશ જોગી અને યુવતી શાળાના સમયથી જ મિત્રો હતા. આજે સવારે બંને વચ્ચે મોબાઈલ પર વાતચીત થઇ હતી અને વાતચીત થયાના ૧૫ મિનિટ બાદ આ બનાવ બન્યો હતો. આ ઘટના કેવી રીતે બની, કારણ શું છે વગેરે તપાસ હાલ કરવામાં આવી રહી છે. યુવતીનું ફોરેન્સિક પીએમ પણ ચાલી રહ્યું છે. યુવકની સારવાર ચાલી રહી છે અને ડોક્ટર પરવાનગી આપશે ત્યારબાદ તેની પૂછપરછ કરવામાં આવશે અને ઘટના શું બની હતી અને તેનું કારણ શું છે તે ત્યારબાદ બહાર આવશે. અત્રે ઉલ્લેખનીય છે કે, સુરતના પાસોદરામાં ૧૨મી ફેબ્રુઆરી, ૨૦૨૨ના એક ચોંકાવનારી ઘટના ઘટી હતી. એકતરફી પ્રેમમાં પાગલ ૨૧ વર્ષના ફેનિલ ગોયાણી નામના યુવાને ગ્રીષ્મા વેકરિયા નામની યુવતીનું જાહેરમાં ગળું કાપીને ક્રૂરતાથી હત્યા કરી હતી, ત્યાર બાદ ફરી એક કિસ્સો બનતા શહેરમાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ પર સવાલો ઊઠી રહ્યા છે. ■

## ગુજરાતના પૂર્વ મુખ્ય પ્રધાન સુરેશ મહેતાનો મોટો દાવો: ગુજરાત સતત દેવામાં ઊંડું ખૂપતું જ રહેશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ગુજરાત સરકારનું બજેટ સત્ર ૧૯ ફેબ્રુઆરીથી શરૂ થશે. આ પહેલાં ગુજરાતના પૂર્વ મુખ્ય પ્રધાન સુરેશ મહેતાએ મોટો દાવો કર્યો હતો. તેમણે કહ્યું, ગુજરાતના બજેટના કુલ ખર્ચમાં ૧.૫૧ લાખ કરોડનો ખર્ચ બિનઉત્પાદક ખર્ચ એટલં કે અનપ્રોડક્ટિવ એક્સપેન્ડિંચરનો છે. તેની સામે પ્રોડક્ટિવ એક્સપેન્ડિચર રૂ. ૧.૩૩ લાખ કરોડનો છે.

ગુજરાત સરકારના ૨૦૨૫-૨૬ના વર્ષના બજેટનું કદ રૂ. ૩.૬૩ લાખ કરોડથી રૂ. ૩.૭૦ લાખ કરોડની આસપાસનું રહેવાની સંભાવના વ્યક્ત કરતાં સુરેશ મહેતાએ જણાવ્યું હતું કે, ગુજરાત સરકારની આવકમાં અધધ વધારો થઈ રહ્યો હોવા છતાં તેની નાણાકીય સ્થિતિ કથળી રહી છે. ૨૦૧૦-૧૧માં રૂ. ૩૭૦૦૦ કરોડના કદના બજેટનું કદ વધીને રૂ.૩.૭૦ લાખ કરોડનું થઈ ગયું હોવા છતાં ગુજરાત દેવાના ડુંગર તળે કચડાઈ રહ્યું છે. ગુજરાતનું દેવું ૨૦૨૪-૨૫ના અંતે રૂ. ૪.૨૬ લાખ કરોડનું છે તે બે વર્ષમાં વધીને રૂ. ૫.૨૩ કરોડને આંબી જાય તેવી સંભાવના છે. રાજ્યની આવક કરતાં જાવક વધારે હોવાથી સતત દેવામાં ઊંડું ખૂપતું જ જશે. ગુજરાત આ દેવામાંથી ક્યારેય બહાર આવી શકશે નહીં.

ગુજરાતના ૬૮ લાખ ખેતમજૂરોને રોજનો ૨૦૦૦ કેલરીનો ખોરાક મળવો જરૂરી છે. તેમના ભાજન, મકાન અને તબીબી સારવારની જરૂરિયાત સરકાર પૂરી કરી શકતી નથી. રાજ્યના નાગરિકોની સુખાકારી માટે સરકારે કુલ ખર્ચના ૮ ટકા ખર્ચ આરોગ્ય સેવા માટે કરવો જરૂરી છે. આ ખર્ચ ૬ ટકાની આસપાસનો જ છે. ૨૦૨૫-૨૬ના બજેટમાં રૂા. ૨૯૦૯૯ કરોડની જોગવાઈ કરવી જરૂરી છે. ૨૦૩૦ સુધીમાં માતાનો મૃત્યુદર અત્યારના ૫૭થી નીચે લાવીને ૪૦નો કરવો હોય તો ૨૯૦૯૯ કરોડની ફાળવણી જરૂરી છે. આ જ રીતે શિક્ષણ માટે પણ રૂ. ૬૦૨૫૬ કરોડની જોગવાઈ કરવી જરૂરી છે. ■

# ચોમાસામાં રેલવે ખોરવાય નહીં તે માટે પાલિકાએ કમર કસી

## પશ્ચિમ અને મધ્ય રેલવેના સ્ટેશનો પર પાલિકા અને રેલવેના અધિકારીઓ સંયુક્ત રીતે વિઝિટ કરશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મુંબઈગરાની લાઈફલાઈન ગણાતી રેલવે લાઈન ચોમાસા દરમ્યાન પાણી ભરાઈ જવાથી ખોરવાઈ જાય નહીં તે માટે મુંબઈ મહાનગરપાલિકા અત્યારથી કામે લાગી ગઈ છે. મંગળવારે પાલિકા કમિશનર ભૂષણ ગગરાણીએ પશ્ચિમ અને મધ્ય રેલવેના અધિકારીઓ સાથે સંયુક્ત બેઠક યોજી હતી, જેમાં આગામી ચોમાસાની તૈયારીઓની સમીક્ષા કરી હતી અને બેઠક દરમ્યાન તેમણે બંને રેલવે લાઈનમાં ભારે વરસાદ દરમ્યાન તમામ ક્રોનિક પૂરના હોટસ્પોટનું મૂલ્યાંકન કર્યું હતું. ભારે વરસાદમાં રેલવે ખોરવાય નહીં તે માટે રેલવે અને પાલિકા અધિકારીઓએ સમન્વય સાધીને કામ કરવાનો નિર્દેશ પણ કમિશનરે આપ્યો હતો.

મંગળવારની બેઠકમાં કમિશનરે પાલિકાના અધિકારી ક્ષેત્ર હેઠળના રેલવે ટ્રેક નજીકના ગટરોને સાફ કરવાની સૂચના આપી હતી, જેથી કરીને ચોમાસામાં પાણી ભરાતું રોકી શકાય અને રેલવે સેવાને ફટકો પડે નહીં. તેમણે પશ્ચિમ અને મધ્ય રેલવેનાં સ્ટેશનો પર ચોમાસા પહેલાની તૈયારીઓ માટે પાલિકા અને રેલવે અધિકારીઓ દ્વારા સંયુક્ત ઈન્સ્પેક્શન કરવાનો નિર્દેશ પણ આપ્યો હતો.

છત્રપતિ શિવાજી મહારાજ ટર્મિનસ, માટુંગા વર્કશોપ, ચુનાભટ્ટી, વડાલા રેલવે સ્ટેશન, મેઈન કલ્વર્ટ, મીઠી નદી (સાયન-કુર્લા) બ્રાહ્મણવાડી નાળું, તિલક નગર તાળું, વિદ્યાવિહાર રેલવે સ્ટેશન (ફાતિમા નગર), કર્વેનગર નાળું (કાંજુરમાર્ગ-હરિયાળી નાળું) સંતોષી માતા નાળું, મારવાડી નાળું અને મસ્જિદ નાળા તેમ જ ભાંડુપ રેલવે સ્ટેશન (ક્રૉમ્પ્ટેન નાળું, દાત્તાર નાળું, ઉષા નગર ભાંડુપ પ્લેટફોર્મ નંબર એક સહિતના સ્થળોની વિગતવાર સમીક્ષા કરવાનો નિર્દેશ આપ્યો હતો. ગયા વર્ષે ચોમાસા દરમ્યાન આ નાળાઓને કારણે પાણી ભરાઈ જવાની સમસ્યા ઉદ્ભવતા ટ્રેનોને અસર થઈ હતી. પશ્ચિમ રેલવેમાં અંધેરી અને બોરીવલી જેવાં સ્થળોએ ખાસ પગલાં અમલમાં મૂકવાનો નિર્દેશ પણ તેમણે આપ્યો હતો. ■

# સમય રાઈનાના યુટયૂબ શોની તપાસ કરોઃ મહિલા આયોગે પોલીસને કહ્યું

મુંબઈઃ મહારાષ્ટ્ર રાજ્ય મહિલા આયોગનાં ચેરપર્સન રૂપાલી ચાકણકરે જણાવ્યા અનુસાર ઈન્ડિયાઝ ગોટ લેટન્ટ યુટ્યુબ શોનું કન્ટેન્ટ યુવા પેઢી માટે અયોગ્ય હતું એવી આયોગે મુંબઈ પોલીસને કરેલી એક ફરિયાદની તપાસ કરવાનો નિર્દેશ આપ્યો છે. તેમણે જણાવ્યું હતું કે બે વકીલ દ્વારા આયોગને ફરિયાદ કરવામાં આવી હતી, અને પોલીસ યોગ્ય કાર્યવાહી કરશે એવો વિશ્વાસ વ્યક્ત કર્યો હતો.

લોકપ્રિય પોડકાસ્ટર રણવીર અલ્લાહાબાદિયાએ તાજેતરમાં જ કોમેડિયન સમય રાઇનાના યુટ્યૂબ શો ઈન્ડિયાઝ ગોટ લેટન્ટમાં માતાપિતા અને સેક્સ પર કોમેન્ટ કર્યા પછી વિવાદ ઉભો થયો છે. અલ્લાહાબાદિયા સામે અનેક એફઆઈઆર નોંધવામાં આવી છે. મહારાષ્ટ્ર સાયબર વિભાગે આ વિવાદના સંદર્ભમાં ૨૪ ફેબ્રુઆરીએ નિવેદન નોંધવા માટે તેને સમન્સ પાઠવ્યું છે.

મહિલા આયોગનાં ચેરપર્સન ચાકણકરે જણાવ્યું હતું કે બે એડવોકેટ આશિષ રોય અને પંકજ મિશ્રાએ કમિશનને ઈન્ડિયાઝ ગોટ લેટન્ટ શો વિશે ફરિયાદ કરી હતી, અને કહ્યું હતું કે તેનું કન્ટેન્ટ ખૂબ જ ખરાબ છે અને તે યુવા પેઢી માટે યોગ્ય નથી.

ફરિયાદ મળ્યા પછી અમે મુંબઈ પોલીસ કમિશનરને પત્ર લખી તપાસ હાથ ધરવા અને કમિશનને રિપોર્ટ રજૂ કરવા નિર્દેશ આપ્યો છે. એફઆઈઆર દાખલ કરવામાં આવી છે અને તેની તપાસ ચાલુ છે. અમને વિશ્વાસ છે કે પોલીસ યોગ્ય કાર્યવાહી કરશે એમ ચેરપર્સને જણાવ્યું હતું. (પીટીઆઈ) ■

# આજે રાણીબાગ ખુલ્લું રહેશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ છત્રપતિ શિવાજી મહારાજ જયંતી નિમિત્તે બુધવારે, ૧૯ ફેબ્રુઆરી, ૨૦૨૫ના સાર્વજનિક રજા છે, છતાં ભાયખલામાં આવેલ વીરમાતા જિજાબાઈ ભોસલે વનસ્પતિ ઉદ્યાન અને પ્રાણીસંગ્રહાલય નાગરિકો માટે ખૂલ્લું રાખવામાં આવશે.

ભાયખલા (પૂર્વ)માં આવેલું રાણીબાગ દર બુધવારે જાળવણીના કામ નાગરિકો માટે બંધ રાખવામાં આવે છે. જોકે પાલિકા પ્રશાસને અગાઉ મંજૂર કરેલા એક પ્રસ્તાવ મુજબ બુધવારે સાર્વજનિક રજા હોય તે દિવસે ઉદ્યાન અને પ્રાણીસંગ્રહાલય જનતા માટે ખૂલ્લું રાખી શકાય અને બીજી દિવસે તેને બંધ રાખવું.

આ પ્રસ્તાવ મુજબ બુધવાર, ૧૯ ફેબ્રુઆરીના રાણીબાગ શિવજયંતી નિમિત્તે ખૂલ્લું રહેશે અને ગુરુવારે બંધ રહેશે. ■

# અફેરની શંકા પરથી ઝઘડો કરનારી પ્રેમિકાને મારી નાખીઃ પ્રેમીની ધરપકડ

પાલઘરઃ બીજી મહિલા સાથે અફેરની શંકા પરથી ઝઘડો કરનારી પ્રેમિકાને માથા પર લાદી ફટકારી પ્રેમીએ પતાવી નાખી હોવાની ઘટના પાલઘર જિલ્લાના મનોર ખાતે બનતાં પોલીસે આરોપીની ધરપકડ કરી હતી.

મનોર પોલીસે હાલોલી ખાતેના કાતકરી પાડામાં રહેતા આરોપી મૂકેશ મિર્ધા (૩૨) વિરુદ્ધ હત્યાનો ગુનો નોંધ્યો હતો. પરિણીત મૂકેશના ઘરેલુ વિવાદને લઈ પત્ની સાથે વારંવાર ઝઘડા થતા હતા. કંટાળીને પત્નીએ મૂકેશ સાથે છૂટાછેડા લીધા હતા.

પોલીસ ફરિયાદ અનુસાર મૂકેશ અને નાલાસોપારાના સંતોષભવન પરિસરમાં રહેતી સપના વાકોડે (૪૦) વચ્ચે પ્રેમસંબંધ હતો. જોકે મૂકેશને અન્ય મહિલા સાથે અફેર હોવાની શંકા સપનાને હતી. આ મુદ્દે પૂછપરછ કરવા તે રવિવારની સાંજે ૪.૩૦ વાગ્યાની આસપાસ મૂકેશના મનોર ખાતેના ઘરે ગઈ હતી.

કહેવાય છે કે અફેરની વાતને લઈ મૂકેશ અને સપના વચ્ચે ઝઘડો થયો હતો. ગાળાગાળી પછી મૂકેશ મારપીટ પર ઊતરી આવ્યો હતો. ઘરની બહાર ઓટલા પર પડેલી લાદી ઉપાડીને મૂકેશે સપનાના માથા પર ફટકારી હતી. લોહીલુહાણ હાલતમાં સપના બેભાન થઈ જમીન પર ફસડાઈ પડી હતી. હુમલા પછી મૂકેશ ઘટનાસ્થળેથી ફરાર થઈ ગયો હતો.

મૂકેશના પરિવારજનો જ સપનાને રિક્ષામાં ગ્રામીણ હૉસ્પિટલમાં લઈ ગયા હતા, જ્યાં તબીબે તેને મૃત જાહેર કરી હતી. આ પ્રકરણે પોલીસે ગુનો નોંધી આરોપીને પકડી પાડ્યો હોવાનું અધિકારીએ જણાવ્યું હતું. ■



## દાતાને દાન માટે અપીલ

નીચે જણાવેલ કૅન્સરના દર્દીઓ ટાટા હૉસ્પિટલમાં સારવાર લઈ રહ્યા છેઃ

| દર્દીઓના નામ | ઉંમર | ખર્ચ (રૂ.) |
|---|---|---|
| ૧) જંયતિ સૂત્રધાર | ૫૪ | ૧,૫૦,૦૦૦ |
| ૨) જ્યોત્સના પંજા | ૩૮ | ૨૫,૦૦૦ |
| ૩) જ્યોતિ નરવરિયા | ૩૪ | ૭૫,૦૦૦ |
| ૪) જાકરૂલ ઈસ્લામૂળ હુફ સિદ્દીકી | ૫૫ | ૯૦,૦૦૦ |
| ૫) જયા બસક | ૩૯ | ૪૦,૦૦૦ |
| ૬) જહાંતલું પાલ | ૪૧ | ૧,૧૦,૦૦૦ |
| ૭) જોલી દાસ | ૪૧ | ૫૦,૦૦૦ |
| ૮) જલી દુશાદ | ૪૫ | ૫૦,૦૦૦ |
| ૯) જ્યોત્સના દાસ | ૪૪ | ૧,૦૦,૦૦૦ |
| ૧૦) જીતેન્દ્રનાથ મિશ્રા | ૩૮ | ૨,૦૦,૦૦૦ |
| ૧૧) ઝુમ્પા ગુંચાયત | ૪૦ | ૫૦,૦૦૦ |
| ૧૨) જાણેશ્વર પ્રસાદ | ૬૮ | ૫૦,૦૦૦ |
| ૧૩) જુબારાજ સરકાર | ૬૩ | ૨૫,૦૦૦ |
| ૧૪) જયંતિ સુત્રધાર | ૫૫ | ૧,૨૦,૦૦૦ |
| ૧૫) જુથિકા સરકાર | ૫૫ | ૧,૫૦,૦૦૦ |
| ૧૬) જય પ્રકાશ રામ | ૩૮ | ૩૦,૦૦૦ |
| ૧૭) જ્યોત્સના ઘોષ | ૫૫ | ૫૦,૦૦૦ |
| ૧૮) જય પ્રકાશ શાહ | ૪૩ | ૫૦,૦૦૦ |

નીચે જણાવેલ કૅન્સરના દર્દીઓ જરબાઈ વાડિયા હૉસ્પિટલમાં સારવાર લઈ રહ્યા છેઃ

| | | |
|---|---|---|
| ૧૯) જિનાલ મહેશ સુતાર | ૦૫ | ૪,૦૦,૦૦૦ |

નીચે જણાવેલ કૅન્સરના દર્દીઓ નાયર હૉસ્પિટલમાં સારવાર લઈ રહ્યા છેઃ

| | | |
|---|---|---|
| ૨૦) જૈન શેખ | ૦૩ | ૨૫,૦૦૦ |

ઉપરોક્ત દરદીઓને વધુમાં વધુ મદદ કરવાની 'જીવન પ્રકાશ' વિનંતી કરે છે. દાતાઓએ દાનની રકમ નીચેના સરનામે આપવી.

સરનામુંઃ- લાયન શ્રી ભરત પાઠક, જીવન પ્રકાશ, ૧૧/૫ અવંતિ એપાર્ટમેન્ટ, બી વિંગ, ફ્લેન્ક રોડ, સાયન-ઇસ્ટ, મુંબઈ-૪૦૦૦૨૨.

દાનમાં આપવામાં આવતી રકમ ૮૦જી હેઠળ કરમાં રાહતપાત્ર છે.

# સરકારી તિજોરી તળિયાઝાટકઃ ઈલેક્ટ્રિક વાહનો પર મળતી સબસિડી પર કાતર ચાલશે

મુંબઈઃ પ્રદૂષણ મુક્ત વાહનોનો ઉપયોગ વધારવા માટે પાંચ વર્ષ પહેલાં તૈયાર કરવામાં આવેલી મહારાષ્ટ્ર ઇલેક્ટ્રિક વ્હીકલ પોલીસી વધુ પાંચ વર્ષ માટે લંબાવવી જોઈએ એવો પ્રસ્તાવ પરિવહન વિભાગ દ્વારા તૈયાર કરવામાં આવ્યો છે. પ્રધાન મંડળની આગામી બેઠકમાં વિસ્તરણ અને અનુદાન અંગે નિર્ણય લેવામાં આવશે. સરકારી તિજોરી તળિયા ઝાટક છે ત્યારે આ નીતિ હેઠળ પ્રાઈવેટ વાહનો માટેની સબસિડીમાં એક લાખથી અઢી લાખ સુધીનો કાપ મુકાય તેવી શક્યતા છે. મહા વિકાસ આઘાડી શાસન દરમિયાન તત્કાલીન પર્યાવરણ પ્રધાન આદિત્ય ઠાકરેના પ્રયત્નોને પગલે રાજ્યની ઇલેક્ટ્રિક વાહન નીતિ સૌ પ્રથમ ફેબ્રુઆરી ૨૦૧૮માં ઘડવામાં આવી હતી. મહા વિકાસ આઘાડી સરકારના પતનના ત્રણ વર્ષ બાદ ૨૦૨૧માં સુધારેલી ઇલેક્ટ્રિક પોલિસી તૈયાર કરવામાં આવી હતી. આ પોલિસીને ૩૧ માર્ચ સુધી મંજૂરી આપવામાં આવી છે. ■

# હિન્દુ મરણ

દેવગાણા નિવાસી હાલ મુંબઈ તે સ્વ. પ્રવીણચંદ્ર દામોદરદાસ પંડ્યા તથા ગં. સ્વ. મીનાક્ષીબેન પ્રવીણચંદ્ર પંડ્યાના સુપુત્ર સ્વ. હિતેશકુમાર પ્રવિણચંદ્ર પંડ્યા તે ભારતી (ફોરમ) બેનના પતિ. દેવના પિતા. કલ્પેશભાઈના ભાઈ. દિપાલીબેનના જેઠ. તે અમૃતલાલ પી મકવાણાના જમાઈ તા. ૧૭/૨/૨૦૨૫ને સોમવારે કૈલાશવાસી થયેલ છે. તેમની પ્રાર્થનાસભા તા. ૨૦/૨/૨૦૨૫ ગુરુવારે સાંજે ૪ થી ૬ તેમના નિવાસસ્થાને રાખેલ છે. સરનામુંઃ ૧૦૪/બી, સાલાસર પાર્ક ૬૦ ફિટ રોડ, મધુ અગ્રવાલ હોસ્પિટલની સામે, ભાયંદર (વેસ્ટ).

**દશા સોરઠિયા વણિક સમાજ**

ઊંટવડ નિવાસી હાલ ભાયંદર ગં. સ્વ. નિર્મળાબેન ધ્રુવ (ઉં.વ. ૭૭) તે સ્વ. રમણીકલાલ દેવજી ધ્રુવના ધર્મપત્ની. જમકુબેન રમણીકલાલ પ્રેમચંદ શેઠના પુત્રી. સ્વ. વસંતલાલ દેવજી, સ્વ. નિર્મળાબેન ખીમચંદ, સ્વ. ચંપાબેન પ્રભુદાસ, સ્વ. ઇન્દુબેન પ્રભુદાસ, ગં. સ્વ. કમુબેન જયંતિલાલ, સ્વ. શારદાબેન કિરીટભાઈ, ભાનુબેન ચંદ્રકાંતના ભાભી. માલા કમલેશ, નિશા સંજય, બીના પ્રદીપ, પ્રજ્ઞા દિનેશ, તૃપ્તિ હિતેશ, વૈશાલી મનીષદાસ, સેજલ ચિરાગના માતુશ્રી. પ્રમીલાબેન મનસુખલાલ, કનૈયાલાલ રમણીકલાલ, શારદાબેન મહેન્દ્રભાઈ, જયશ્રીબેન હિતેષભાઇના બેન રવિવાર, તા. ૧૬/૨/૨૦૨૫ના શ્રીજીચરણ પામેલ છે. સાદડી પ્રથા બંધ રાખેલ છે.

**મેઘવાળ**

પાંચ તલાવડા જિ. ભાવનગરના સ્વ. ખીમજી કોળી (ઉં.વ. ૭૫) શુક્રવાર, ૧૪/૨/૨૫ના રામશરણ પામ્યા છે. ગલાલબેન અને પૂંજા પ્રેમા કોળીના પુત્ર. જીવીબેનના પતિ. જીતુભાઈના પિતાશ્રી. રામુબેનના સસરા. કલજીભાઇ, પાલજીભાઈ, ગિરધરભાઈ, પ્રવીણભાઈ, ધનજીભાઈ, બાયાબેન બીજલ મારુના ભાઈ. બોરીચા પરિવારના જમાઈ. બારમાની વિધિ ગુરુવાર, ૨૦ ફેબ્રુઆરી ૨૦૨૫, ૦૫.૦૦ કલાકે, રામદેવપીર મંદિર સભાગૃહ, રામદેવનગર, કસ્તુરબા હોસ્પિટલ સામે, જે.આર. બોરીચા માર્ગ, મુંબઈ-૧૧.

**હાલાઈ લોહાણા**

ગં.સ્વ. કાંતાબેન (ઉં.વ. ૧૦૦) તે સ્વ. પ્રેમજીભાઈ રામજીભાઈ તન્ના (જામસલાયા)નાં ધર્મપત્ની. સ્વ. મણીબેન ત્રિકમદાસ પાંઉના દિકરી. સ્વ. મૂળરાજભા, નિમુબેન મનુભાઈ રાજાણ, ઈન્દુબેન રમેશભાઈ દત્તા, ગં.સ્વ. ઉષાબેન મહેશભાઇ ઠક્કરના માતુશ્રી. મનીષ, સુનિલ, જેમિની નિતેશભાઈ કારિયાના દાદી, તા. ૧૭/૨/૨૫ને સોમવાર થાણા મુકામે શ્રીજીનાચરણ પામેલ છે. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**લોહાણા**

મૂળ ગામ અમરેલી હાલ કલ્યાણ ઠા. વિજયભાઈ દિલીપભાઈ પ્રાણજીવનદાસ પોપટ (ઉં.વ. ૫૮) સોમવાર, તા. ૧૭/૨/૨૦૨૫ના શ્રીજીચરણ પામ્યા છે. સ્વ. હેમાબહેનના પતિ. દ્રષ્ટિબહેનના પિતાશ્રી. દિનાબહેન, પ્રદીપભાઈ, નીલમબહેન, અમીબહેનના મોટાભાઈ. સ્વ. ઈન્દુમતીબહેન ચુનીલાલ વડેરા, પુષ્પાબહેન ચંદ્રકાંતભાઈ ઠક્કરના ભત્રીજા. દ્વારકાદાસ ગોરધનદાસ કારિયા-વસઈના જમાઈ. પ્રાર્થનાસભા ગુરુવાર, તા. ૨૦/૨/૨૦૨૫ના ૪:૩૦ થી ૬:૦૦, શ્રી જલારામ હૉલ, માતુશ્રી શામબાઈ લોહાણા મહાજનવાડી, સરદાર વલ્લભભાઈ પટેલ માર્ગ, કલ્યાણ પશ્ચિમ.

**કચ્છી લોહાણા**

મૂળ મોટી મૌં મુલુંડ હાલ સચિન સુરત સ્વ. ઝવેરબેન રવજી કોટકના પુત્ર દિનેશભાઈ કોટક (ઉં.વ. ૬૪) તા. ૧૫-૨-૨૫ના રામશરણ પામેલ છે. તે ભાવનાબેનના પતિ. દીપા જયેશભાઈ, ચિરાગ કોટકના પિતાશ્રી. જયેશ અરવિંદભાઈના સસરા. અમી ચિરાગ કોટકના સસરા. સ્વ. શકુંતલા કાંતિલાલ ભીંડેના જમાઈ.

# પારસી મરણ

ગુલચેર શેરિયાર ઇરાની, તે શેરિયાર ઇરાનીના પત્ની. તે બાનુ બી. કેકાબાદના પુત્રી. તે ઝેરકિસસ, નાઓઝર, બિનાફર્શોના માતા. તે ઓરાફ અને પરવિઝના સાસુ. તે ફેલિસિયા અને ફેબિન્સના ગ્રાન્ડમધર. તે મરહુમ આદિ, સામ, યાસ્મિન, સિલ્લુ અને નાગુના બહેન. તે ગુલબાઇ બહેરામ ઇરાનીના વહુ. (ઉં. વ. ૭૯) રે. ઠે. ૫૯/સી, બાઝાર રોડ, બાંદ્રા (વેસ્ટ), મુંબઇ-૪૦૦૦૫૦.

પરવીન અરદેશીર દારૂવાલા તે મરહુમો ગુલામાય અરદેશીર દારૂવાલાની દીકરી. તે મેહરૂ એસન ને મરહુમો ખોરશેદ, ઝાલ ને ફિરોઝના બહેન. તે અનાહીતા સંજાના, કમલ ઇતાલીયા, પરસી વાદીયા, પરલ ચેસન ને અદી ચેસનના માસી. તે ઝીના દારૂવાલા, રુબીન દારૂવાલાના ફૂઇ. તે નેશ ઇતાલીયા, વરુન ઇતાલીયા, નેયાદ ચેસન, ક્યારા ચેસનના મોટા માસી. તે સનાઇઆ વાદીયા, ખુશરૂ વાદીયાના મોતા ફૂઇ. (ઉં.વ. ૭૮) રે. ઠે. ફ્લેટ નં-૧૧, એન્જિનિયર બિલ્ડિંગ, સ્લેટર રોડ, મુંબઇ-૪૦૦૦૦૭. ઉઠમણાંની ક્રિયાઃ તા. ૨૦-૨-૨૫ને દિને બપોરે ૩.૪૦ વાગે ઉપરની બેનેટ નં-૬માં ડુંગરવાડી પર.

રમેશ રવજી, ચંદ્રસેન રવજી, દેવી મુકેશ, જયા શાંતિલાલ, સ્વ. જ્યોતિબેનના ભાઈ. પ્રાર્થનાસભા તા. ૧૯-૨-૨૫ બુધવાર ૫.૩૦ થી ૭. સારસ્વત વાડી, ઝવેર રોડ, મુલુન્ડ વેસ્ટ. બહેનોએ તે જ દિવસે આવી જવું, લૌકિક વ્યવહાર બંધ છે.

**કચ્છી લોહાણા**

સ્વ. લક્ષ્મીબેન ગંગારામ રાચ્છ ચોથાણી ગામ નૈત્રાવાળાના પુત્ર છગનલાલના પત્ની સરસ્વતીબેન (ઉં.વ. ૮૩) તે સ્વ. મહેન્દ્ર, મુકેશ, વર્ષાબેન વિમલ શેઠીયાના માતોશ્રી. આણંદજી મુરજી ચંદન ગામ રવાપરવાળાની પુત્રી. સ્વ. મગનલાલ, સ્વ. બાબુભાઈ, ચિ. નંદલાલના ભાભી. ગં.સ્વ. પ્રભાવતીબેન, સાવિત્રીબેનના જેઠાણી, તા. ૧૭-૨-૨૫ મુંબઈ મધે શ્રીજીચરણ પામેલ છે. બંને પક્ષની પ્રાર્થનાસભા તા. ૧૯-૨-૨૫ના ૬ થી ૭. ગૌપુરમ હોલ, ડૉ. આર.પી. રોડ, મુલુન્ડ વેસ્ટ. લૌકિક વ્યવહાર બંધ છે. બૈરાઓએ તે જ દિવસે આવી જવું.

**કચ્છી લોહાણા**

સ્વ. ધનીબાઇ નારાયણજી રૂપારેલના સુપુત્ર રામજીભાઇ (ઉં. વ. ૭૬) કચ્છ ગામ અંજાર હાલ ડોમ્બિવલી તા. ૧૭-૨-૨૫ના રામશરણ પામેલ છે. તે પુષ્પાના પતિ. સ્વ. મહાલક્ષ્મી લાલજી સોનેટાના જમાઇ. સ્વ. શામજીભાઇ, સ્વ. મૂળજીભાઇ, સ્વ. ધરમશીભાઇ, સ્વ. લાલજીભાઇ, સ્વ. મોતીરામ, સ્વ. મધુબેન મેઘજી, સ્વ. જમનાબેન શંકરલાલ, કલાવતીબેન મેઘજીભાઇ, હેમલતાબેન મહેન્દ્રભાઇ, સ્વ. કાંતાબેન તુલસીદાસભાઇના ભાઇ. અમિત, સૌ. પૂનમ મનોજના પિતાશ્રી. માધુરીના સસરા. પ્રાર્થનાસભા તા. ૧૯-૨-૨૫ના પથી ૬. ઠે. બ્રહ્માંડેશ્વર ભક્ત મંડળ, જે. એન. રોડ, મુલુંડ પશ્ચિમ, બૈરાઓ એ જ દિવસે આવી જવું, લૌકિક વ્યવહાર બંધ છે.

**હાલાઇ લોહાણા**

જામસલાયા હાલ કાંદિવલી સ્વ. મંજુલાબેન મનુભાઇ મજીઠીયાના પુત્રવધૂ અ. સૌ. રીટાબેન (ઉં. વ. ૬૭) તે પંકજભાઇના ધર્મપત્ની તા. ૧૮-૨-૨૫ના મંગળવારના શ્રીજીચરણ પામેલ છે. સ્વ. તુલસીદાસ (બાબુભાઇ) લક્ષ્મીદાસ અમલાણીના સુપુત્રી. નિરવ, બિનલના માતુશ્રી. વ્રીંદા તથા વિરંગ ઠક્કરના સાસુ. સુનીલ, હીતેન, આશા સંજય સાવલાના ભાભી. સ્વ. કિશોર, સ્વ. હરેશ, દિલેસ તથા છાયા સામાણીના બેન. બન્ને પક્ષની પ્રાર્થનાસભા તા. ૨૦-૨-૨૫ના ગુરુવારે ૧૦.૩૦થી ૧૨. ઠે. હાલાઇ મહાજન વાડી, ૧લે માળે, એસ. વી. રોડ, શંકરના મંદિરની બાજુમાં, કાંદવલી (વેસ્ટ), લૌકિક વ્યવહાર બંધ છે.

# જૈન મરણ

**કચ્છી વિશા ઓશવાળ જૈન**

બેરાજાના વિમળાબેન ધનાણી (ઉં.વ. ૭૫) તા. ૧૭-૨-૨૫ના અવસાન પામ્યા છે. સોનબાઇ ખીમજી હીરજી ધનાણીના પુત્રવધૂ. વસનજીભાઇના ધર્મપત્ની. વૈશાલી, કલ્પેશ, રિંકલના માતુશ્રી. ભચીબાઇ ખીમજીની દીકરી. લાલજીભાઇ, કાંતીભાઇ, હીંમતભાઇ, કરમશીભાઇ, રાઘવજીભાઇ, નેમીદાસભાઇ, કપાયાના લક્ષ્મીબેન મોરારજી નરશી, ભુજપુરના રૂક્ષ્મણીબેન દેવજી લીલાધરના બેન. પ્રાર્થના રાખેલ નથી. નિ. વશનજી ખીમજી ધનાણી, ૫૦૫ ત્રિલોક ટાવર, એલ.ટી. રોડ, મુલુંડ (ઇ).

ગોધરાના રત્નકુક્ષી માતા સાકરબેન (હેમલતા) તલકશી હીરજી વોરા (ઉં.વ. ૭૪) તા. ૮-૨ના અવસાન પામેલ છે. માતુશ્રી ગંગાબેન હીરજી ભીમશીના પુત્રવધૂ. તલકશી હીરજીના પત્ની. તરલા, સાધ્વીશ્રી પરહીતપુર્ણાશ્રીજી, રીટા, નોમીતના માતુશ્રી. ખેતબાઇ કેશવજીના સુપુત્રી. ભાનુબેન, સાધ્વીશ્રી હર્ષદગુણાશ્રીજી, અમૃત, શશીકાંતના બેન. પ્રા. શ્રી વ.સ્થા. જૈન શ્રા. સં.સં. કરસન લધુ નિસર હોલ, દાદર (વે.) ટા. ૨ થી ૩.૩૦.

સણોસરાના દામજી હરશી નાગડા (કાકુભાઈ) (ઉં.વ. ૮૦) ૧૭-૨ના દેહ પરિવર્તન કરેલ છે. લક્ષ્મીબેન હરશી ખીંયશી નાગડાના પુત્ર. દેવકાબેનના પતિ. સુશીલા, ભાવેશ, અજય, નિલેશના પિતા. અમૃત, ઝવેર, વાલબાઈ (વિમળા), લાધીબાઈ, રતનના ભાઈ. પ્રા. શ્રી ક.વિ.ઓ. દે. જૈ. મહાજન સંચાલિત શ્રી જીરાવલ્લા દેરાસર વાડી, દેરાસર લેન, ઘાટકોપર (ઈ.) બપોરે ૩ થી ૪.૩૦.

નાના રતડીયાના શ્રી મુરજી ગડા (ઉં.વ. ૮૫) તા. ૧૬-૨ના અવસાન પામેલ છે. દેવાબેન રતનશીના પુત્ર. દમયંતીના પતિ. હેમચંદ, પ્રવિણ, હિરેન, રતન, વાસંતી, પ્રભાના પિતા. લીલાવંતી દામજી, વેજબાઈ માણેક, દેવપુર વેજબાઈ રણશી, ગઢશીશા લક્ષ્મીબેન દામજી, દેવપુર કુંવરબાઈ રતનશી, કોટડા હાંસબાઇ શિવજીના ભાઇ. દેવપુર માલબાઈ ગોસરના જમાઈ. પ્રા. ટીપ-ટોપ પ્લાઝા, તીન હાથ નાકા, થાણા (વે). બપોરે ૩ થી ૪.૩૦. નિ. મુરજી ગડા, ૧૯૦૨ /૩ એ, વિકાસ પેરડાઇસ, મુલુંડ (વે).

**દશા શ્રીમાળી સ્થાનકવાસી જૈન**

વેળાવદર નિવાસી હાલ મલાડ સ્વ. બળવંતભાઈ નારણદાસ જાગાણીના ધર્મપત્ની શ્રીમતી ચંદ્રિકાબેન (ઉં.વ. ૭૨) તા. ૧૭-૨-૨૫ને સોમવાર અરિહંતશરણ પામેલ છે. તે ચિ. નીરવના માતુશ્રી. ધારાના સાસુજી. સ્વ. સુશીલાબેન વિનુભાઈ, ગં. સ્વ. અરુણાબેન જશવંતભાઈ, અ. સૌ. સરલાબેન ચંદ્રકાંતના ભાભી. (આંકડીયા નિવાસી) સ્વ. ફુલચંદભાઈ રવજીભાઈ રવાણીના પુત્રી. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**દશા શ્રીમાળી સ્થાનકવાસી જૈન**

વિજાપુર (જૂનાગઢ) નિવાસી હાલ શિવાજી પાર્ક મુંબઈ હરસુખલાલ મુળજીભાઈ પીપલીયા (ઉં.વ. ૮૭) મંજુલાબેનના પતિ. હરેશભાઈ, નીતાબેન, ચંદ્રેશભાઇ, કિરણબેનના પિતાશ્રી. નિશા, રૂપા, વિજયકુમાર દામાણી, મહેશકુમારના સસરા. ચીમનભાઈ, ગં. સ્વ. અરુણાબેન પંચમિયા, સ્વ. કિશોરભાઈ, સ્વ. છબીલભાઈ, સ્વ. અનિલભાઈ, સ્વ. ધીરજલાલ, સ્વ. ભાવનાબેન દોશીના ભાઈ. સ્વ. માણેકચંદ ભગવાનજી ગાંધી (મેંદરડા)ના જમાઈ. ૧૫/૨/૨૫ના અરિહંતશરણ પામેલ છે. પ્રાર્થનાસભા તા. ૨૦/૨/૨૫ ગુરૂવાર ૧૦:૩૦- ૧૨:૦૦. શ્રી વર્ધમાન સ્થાનકવાસી જૈન શ્રાવક સંઘ દાદર વેસ્ટ શ્રી કરસન લધુભાઈ નિસર હોલ (પહેલા માળે) કબૂતરખાના.

**દશા શ્રીમાળી જૈન**

ચિતલ નિવાસી કાંદિવલી વિજયાબેન અનંતરાય મહેતાના સુપુત્ર જીતુભાઈની ધર્મપત્ની ભારતીબેન (ઉં.વ. ૬૬) તા. ૧૬-૨-૨૫ રવિવારના અરિહંતશરણ પામેલ છે. તે એકતા ભાવીન માજનીના માતુશ્રી. શીવાનના નાની. વિકાસભાઈ, શૈલેષભાઈ, સોનલબેન કમલેશભાઈના ભાભી. પિયરપક્ષે માતુશ્રી લતાબેન વસંતરાય કામદારના પુત્રી. પ્રફુલભાઈ, ભાવીકભાઈ, તુષારભાઈના બેન. પ્રાર્થનાસભા તા. ૨૦-૨-૨૫ના ગુરુવારના ૩ થી ૫. ઠે. પાવનધામ, કાંદિવલી વેસ્ટ. લૌકિક વ્યવહાર બંધ છે.

**વાગડ વિ. ઓ. જૈન**

ગામ લાકડીયાના શાંતાબેન વીરજી ઘેલાભાઇ છેડા (ઉં. વ. ૯૬) રવિવાર, તા. ૧૬-૨-૨૫ના અવસાન પામેલ છે. સ્વ. ગોરીબેન ગેલા મેઘાના પુત્રવધૂ. દામજી, મંજુલા (વર્ષા) દિપકના માતુશ્રી. કલા, પ્રભા, સ્વ. સુરેશના સાસુ. ઉર્વી, ભાવિની, મનાલી, ધ્વનીના દાદી. અમીષ, કેયૂરના નાની. ભચાઉના સ્વ. સુરા માડણ સત્રાના દીકરી. પ્રાર્થનાસભા બુધવાર, તા. ૧૯-૨-૨૫, લાયન્સ કોમ્યુનિટી હોલ, ગારોડિયા નગર, ઘાટકોપર, ૩થી ૪.૩૦.

# રવિન્દ્ર નાટ્ય મંદિર નવીનીકરણ પછી ૨૮ ફેબ્રુઆરીએ ખૂલશે

મુંબઈઃ શહેરના કલાકારો અને નાટ્યપ્રેમીઓ માટેનું કેન્દ્ર ગણાતું રવિન્દ્ર નાટ્ય મંદિર ઓડિટોરિયમ અને પીએલ દેશપાંડે મહારાષ્ટ્ર કલા એકેડેમી, વ્યાપક નવીનીકરણ પછી ૨૮ ફેબ્રુઆરીએ ફરીથી ખુલશે.

મુખ્યપ્રધાન દેવેન્દ્ર ફડણવીસ અને નાયબ મુખ્યપ્રધાન એકનાથ શિંદે અને અજિત પવાર પુનઃઉદઘાટન સમારોહમાં હાજરી આપશે. આ પ્રસંગે એકેડેમીના નવા પ્રતીકનું પણ અનાવરણ કરવામાં આવશે.

સાંસ્કૃતિક બાબતોના પ્રધાન આશિષ શેલારે જણાવ્યું કે, નવનિર્મિત રવિન્દ્ર નાટ્ય મંદિરમાં અદ્યતન સાઉન્ડ સિસ્ટમ, બે નવનિર્મિત નાના થિયેટર, પાંચ પ્રદર્શન હોલ, કલાકારો માટે ૧૫ રિહર્સલ રૂમ, એક ભવ્ય ઓપન-એર સ્ટેજ અને વર્ચ્યુઅલ ફિલ્મિંગ, સાઉન્ડ રેકોર્ડિંગ, ડબિંગ અને સાઉન્ડ મિક્સિંગ માટે સ્ટુડિયો છે. ■

નવમા પાનાનું ચાલુ

## ફડણવીસ-શિંદે

નેતાઓને અસર થઇ છે.

નવી માર્ગદર્શિકા હેઠળ, એસ્કોર્ટ વાહનો ઘટાડવામાં આવ્યાં છે અને તેમનાં ઘરો પર સુરક્ષા હાજરી ઘટાડવામાં આવી છે. આગળ જતાં આ નેતાઓ મુસાફરી દરમિયાન ફક્ત એક જ સુરક્ષા ગાર્ડ રાખશે, જેના કારણે જૂથમાં હતાશા અને તીવ્ર પ્રતિક્રિયાઓ જોવા મળી છે.

શિંદે જૂથના નેતાઓ માટે વધેલી સુરક્ષા કવચ શરૂઆતમાં ૨૦૨૨માં શિવસેનાના વિભાજન પછી રજૂ કરવામાં આવી હતી, જ્યારે એકનાથ શિંદે મુખ્યમંત્રી બન્યા હતા. તે સમયે બળવાખોર ધારાસભ્યોને સંભવિત જોખમોની ચિંતાને કારણે સુરક્ષા મજબૂત બનાવવામાં આવી હતી.

હવે તાજેતરના ડાઉનગ્રેડ સાથે મહારાષ્ટ્રમાં રાજકીય તણાવ ફરી એકવાર સામે આવ્યો છે. આ પગલાથી ફડણવીસ અને શિંદે વચ્ચે મતભેદો વધવાની અટકળો શરૂ થઈ છે, જે શાસક ગઠબંધનની અંદર રાજકીય ઘર્ષણમાં વધુ એક સ્તર ઉમેરે છે.

### ઉદ્યોગ ખાતા મામલે ફડણવીસ અને શિંદેના ગજગ્રાહમાં કદાચ કામદારોનું ભલું થઇ પણ જાય

મહારાષ્ટ્રના નાયબ મુખ્ય પ્રધાન એકનાથ શિંદેએ ઉદ્યોગ વિભાગને લાંબા સમયથી કામદારોની બાકી નીકળતી રકમના ઠરાવને પ્રાથમિકતા આપવાનો નિર્દેશ આપ્યો છે. કેટલાકને તો વર્ષોથી રકમ નથી મળી. આ નિર્દેશ મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસ અને નાયબ મુખ્ય પ્રધાન શિંદે વચ્ચે સત્તા સંઘર્ષના અહેવાલો વચ્ચે આવ્યો છે. બંને નેતાઓએ સમાંતર કાર્યાલયની સ્થાપના કરી મુખ્ય પ્રોજેક્ટ્સની ઝડપ વધારી છે. ફડણવીસ ઉદ્યોગ ખાતાની કામગીરીની સમીક્ષા કર્યાના મહિનામાં જ શિંદેએ આ મંત્રાલયની કામગીરીની સમીક્ષા બેઠક લીધી હતી. શિંદે-સેનાના નેતા ઉદય સામંત ઉદ્યોગ પ્રધાન છે.

શિંદેએ માંદા ઉદ્યોગો પર નજર રાખવા, તેમના ડેટાને અપડેટ કરવા અને કામદારોની બાકી ચૂકવણી પર સમયસર કાર્યવાહી સુનિશ્ચિત કરવા એક વિશેષ વિભાગની સ્થાપના કરવાની સૂચના આપી હતી.

નવા રચાયેલા વિશેષ વિભાગમાં મજૂર વિભાગોના પ્રતિનિધિઓ અને ઉદ્યોગ નિષ્ણાતોનો સમાવેશ કરવામાં આવશે. આ વિભાગ નેશનલ કંપની લો ટ્રિબ્યુનલ (એનસીએલટી) હેઠળ પહેલેથી જ ઉદ્યોગો અથવા ત્યાં સૂચિત થવાની સંભાવના ધરાવતા ઉદ્યોગોના રેકોર્ડ્સને અપડેટ કરશે. ત્યારબાદ કામદારોના બાકી લેણાંને પ્રાધાન્ય આપવામાં આવે તે સુનિશ્ચિત કરવા માટે સરકાર આ કેસો એનસીએલટી સાથે ઉઠાવશે. ■

## નથી અમારી વચ્ચે

સહાય સેલની સ્થાપના કરી એમાં કંઇ જ ખોટું નથી. આ સેલનું નેતૃત્વ શિંદેના નજીકના સહાયક મંગેશ ચીવટે કરશે. રાજ્યમાં પાલકપ્રધાનોની નિમણૂકોને કારણે મહાયુતિમાં ઘટક પક્ષોનાં મન ખાટાં થઇ ગયાં હોવાનું બહાર આવ્યું હતું.

દરમિયાન એકનાથ શિંદેએ પણ કહ્યું હતું કે અમારા વચ્ચે કોઇ શીત યુદ્ધ નથી. વિકાસનો વિરોધ કરનારાઓની સામેની અમારી લડાઈમાં અમે એક જ છીએ. જ્યારે હું મુખ્ય પ્રધાન હતો ત્યારે ઓક્ટોબર, ૨૦૨૩માં ફડણવીસે સમાન સેલની સ્થાપના કરી હતી. મેં ફક્ત મારા લોકો દ્વારા કામગીરીનું નિરીક્ષણ કરીને પુનર્ગઠન કર્યું છે.

### રાજયમાં સમાંતર સરકારઃ સંજય રાઉત

મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસ અને નાયબ મુખ્ય પ્રધાન એકનાથ શિંદે દ્વારા પોતાના પક્ષને સ્પષ્ટ કરવામાં આવ્યા પછી ઉદ્ધવ-સેનાના નેતા સંજય રાઉતે સરકાર પર હથોડો મારવાના મોકાને જવા નહોતો દીધો. તેમણે એવો દાવો કર્યો હતો કે રાજ્યના વહીવટમાં હાલ સમાંતર સરકાર કાર્યરત છે. જો સરકાર આવી રીતે કામ કરશે તો રાજકીય અરાજકતા વધશે. આ સાથે તેમણે બીડમાં સરપંચની હત્યા બાદ ઊભી થયેલી કાયદો અને વ્યવસ્થા અંગેના પ્રશ્નો પણ કર્યા હતા. ઈવીએમ મશીન અંગેનો પ્રશ્ન પણ ફરી એક વાર ઉખેડીને સરકારને પડકારવામાં આવશે, એવું તેમણે કહ્યું હતું. ■

## મુંબઇગરા સાવધાન!

સાન્તાક્લોઝ સ્ટેશન પર મહત્તમ તાપમાન ૩૩.૪ ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું. આગામી બે ત્રણ દિવસ સુધી મહત્તમ તાપમાન ૩૩ થી ૩૭ ડિગ્રી સેલ્સિયસની વચ્ચે રહેશે અને લઘુતમ તાપમાન ૧૮ થી ૨૦ ડિગ્રી સેલ્સિયસની વચ્ચે રહેવાની શક્યતા છે. મુંબઈ ઉપરાંત અલિબાગ, કોલ્હાપુર અને માલેગાંવમાં પણ મહત્તમ તાપમાનમાં ઘટાડો જોવા મળ્યો છે. રાજ્યના મોટાભાગના વિસ્તારોમાં લઘુત્તમ તાપમાન ૧૧ થી ૧૮ ડિગ્રી સેલ્સિયસની વચ્ચે રહેવાની શક્યતા વ્યક્ત કરવામાં આવી છે. હાલમાં તો નાગરિકો સવારે ધુમ્મસ અને બપોરે ગરમી અને રાતના ઠંડી જેવી પરિસ્થિતિનો સામનો કરી રહ્યા છે અને હવામાન વિભાગના વરતારા પરથી એવું લાગે છે કે આ પરિસ્થિતિ આગામી થોડા દિવસ સુધી ચાલુ રહેશે.

હવામાન વિભાગે એવી આગાહી કરી છે કે મુંબઈમાં આ વખતનો ઉનાળો આકરો રહી શકે છે. આ વર્ષે જાન્યુઆરી મહિનો અત્યાર સુધીના કોઈપણ જાન્યુઆરી મહિના કરતાં વધુ ગરમ રહ્યો છે અને આ વર્ષે ઉનાળાને ઋતુની શરૂઆત પણ વહેલી થઈ શકે છે અને એપ્રિલ અને મે મહિનામાં ગરમીમાં વધારો થશે. આ વર્ષે ઉનાળામાં સામાન્ય તાપમાનની તુલનામાં મહત્તમ અને લઘુતમ તાપમાનમાં બે થી ત્રણ ડિગ્રી સેલ્સિયસનો વધારો થઈ શકે છે. જો આવું થશે તો મુંબઈના લોકોને કાળઝાળ ગરમી અને ભારે ઉકાળાટનો સામનો કરવો પડશે . ■

## સંભાજી મહારાજ

વાતચીત કરવા અને છત્રપતિ સંભાજી મહારાજ વિરુદ્ધ વાંધાજનક સામગ્રી દૂર કરવાનું કહેવા માટે કહ્યું છે. ઓપન-સોર્સ પ્લેટફોર્મ પર આવાં લખાણો જ્યાં ઐતિહાસિક તથ્યોને વિકૃત કરવામાં આવે છે, તેને અમે સહન કરીશું નહીં. મેં અધિકારીઓને જરૂરી તમામ પગલાં લેવાનો આદેશ આપ્યો છે, એવું ફડણવીસે જણાવ્યું હતું. જોકે મુખ્ય પ્રધાને નોંધ્યું હતું કે વિકિપીડિયા ભારતમાંથી કાર્યરત નથી અને તેનું સંચાલન સ્વયંસેવકો દ્વારા કરવામાં આવે છે જેમની પાસે સંપાદકીય અધિકારો છે. અમે કેટલાક નિયમો લાગુ કરવા માટે કહી શકીએ છીએ જે તથ્યોને અથવા વિકૃતીકરણને અટકાવશે, એવું તેમણે કહ્યું હતું. સોશિયલ મીડિયા માટે કોઇ ભૌગોલિક અધિકારક્ષેત્ર નથી. અમે કેન્દ્ર સરકાર સાથે આ અંગે ચર્ચા કરીશું, એવું તેમણે વધુમાં કહ્યું હતું. ■

## ન્યૂ ઈન્ડિયા

પણ પોલીસ તપાસ કરી રહી છે. આ કેસમાં આર્થિક ગુના શાખાએ કાંદિવલીના ડેવલર ધર્મેશ પૌનની પણ ધરપકડ કરી છે. ધર્મેશ પૌન પર હિતેશ પાસેથી ૭૦ કરોડની 'લોન' લેવાનો અને તેની ચુકવણી કરવાનો આરોપ છે. જોકે ધર્મેશે આ આરોપને નકારી કાઢ્યા છે. ઉલ્લેખનીય છે કે ન્યૂ ઇન્ડિયા કો-ઓપરેટિવ બૅંકની પ્રભાદેવી તથા ગોરેગામ બ્રાન્ચમાંથી ૨૦૨૦થી ૨૦૨૫ દરમિયાન ૧૨૨ કરોડ રૂપિયાની ઉચાપતના કેસમાં શનિવારે હિતેશ મહેતાની ધરપકડ કરાઇ હતી. બૅંકના એક્ટિંગ ચીફ એક્ઝિક્યુટિવ ઑફિસર દેવર્ષી ઘોષની ફરિયાદને આધારે દાદર પોલીસ સ્ટેશનમાં હિતેશ અને તેના સાથીદાર વિરુદ્ધ ગુનો દાખલ કરવામાં આવ્યો હતો. ■

## મલાડના વેપારી

પોલીસને જાણવા મળ્યું હતું કે મહેતા તેની ઓફિસમાંથી રોકડ લઇને બેગમાં રાખતો હતો અને કારમાં પોતાના ઘરે જતો હતો. આ રોકડ બાદમાં તે પડોશીને આપતો હતો, જે ધર્મેશનો કર્મચારી હતો. આ રોકડ બાદમાં ધર્મેશ સુધી પહોંચતી હતી. આ રીતે મહેતાએ ઓછામાં ઓછા ૧૦૦ વખત ધર્મેશને રૂપિયા આપ્યા હતા, એમ પોલીસ સૂત્રોએ જણાવ્યું હતું. ■

| મરણ ખબર માટેની સૂચના | મૃત્યુનોંધ સાંજે ૭-30 સુધી જ સ્વીકારવામાં આવશે | (૧) મરનારનું નામ (૨) તારીખ (૩) ઉંમર (૪) કયાં ગુજરી ગયા છે એ જગ્યા (૫) માતાનું નામ (૬) પિતાનું નામ (૭) ગમે તે ત્રણ સગાઈ (૮) પ્રાર્થનાસભા સ્થળ, તારીખ, સમય. મૃત્યુનોંધ આપનારે ઉપર જણાવ્યા મુજબની વિગતો જ પોતાના લેટરહેડ પર લખીને આપવાની રહેશે. સગાઈરૂપે લખાયેલાં વધારાના નામોની કાપકૂપ થાય તો એ માટે કોઈ સંવાદને સ્થાન રહેશે નહીં. (૫૦ શબ્દથી વધારે નહીં). - વ્યવસ્થાપક |
|---|---|---|



## ભારતીય શેરબજાર વિદેશીઓ માટે નફાકારક!

**નાણાં પ્રધાન નિર્મલા સીતારમણ માને છે કે ભારતીય શેરબજાર હજુ પણ સાબૂત છે અને વિદેશી ફંડો ઘરવાપસી કરી રહ્યા છે. સરકાર ભારતને ઈન્વેસ્ટર ફ્રેન્ડલી બનાવવા માગે છે.**

કવર સ્ટોરી_
નિલેશ વાઘેલા
feedback@bombaysamachar.com

નાણાં પ્રધાન નિર્મલા સીતારાણને શેરબજારમાં વિદેશી સંસ્થાકીય રોકાણકારો (એફઆઇઆઇ) દ્વારા થઇ રહેલી સતત વેચવાલી અંગે એવું કથન કર્યું છે કે, ભારતીય શેરબજાર સારું વળતર આપી રહ્યું હોવાથી વિદેશી રોકાણકારો દ્વારા ભારે વેચાણ થઇ રહ્યું હોવાની શક્યતા છે.

જ્યારે અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનલ્ડ ટ્રમ્પની પારસ્પરિક ટેરિફ લાગુ કરવાની યોજના અંગે વાત કરતાં તેમણે જણાવ્યું હતું કે, ભારતે અગાઉ જ આ મોરચે ઘણાં પગલાં લીધા છે અને ભારત સરકાર દેશને ઇન્વેસ્ટર ફ્રેન્ડલી બનાવવા માગે છે અને એ તેના ભાગરૂપે કેન્દ્રીય અંદાજપત્રમાં જકાત દરોનું સુતાર્કિકીકરણ ચાલુ રાખશે. યુએસ રાષ્ટ્રપતિ ડોનલ્ડ ટ્રમ્પના પ્રસ્તાવિત ટેરિફની પૃષ્ઠભૂમિમાં આ એક મહત્ત્વપૂર્ણ દાવો છે.

પ્રથમ શેરબજાર તરફ પાછાં વળીએ કારણે કે તે વર્તમાન, પ્રસ્તુત અને બહોળા વર્ગને સ્પર્શતી બાબત છે. નોંધવું રહ્યું કે વર્ષ ૨૦૨૫માં અત્યાર સુધીના બે મહિનાથી પણ ઓછા સમયમાં શેરબજારમાંથી વિદેશી સંસ્થાકીય ફંડોએ એક લાખ કરોડ રૂપિયાથી વધુ રોકાણ પાછું ખેંચી લીધું છે અને એકધારા પછડાટને કારણે રોકાણકારો ચિંતિત થયા છે.

નેશનલ સિક્યોરિટીઝ ડિપોઝિટરી લિમિટેડ (એનએસડીએલ)ના ડેટા મુજબ, આ વર્ષે, ૧૪ ફેબ્રુઆરી સુધી, એફઆઇઆઇ વર્ગે ભારતીય ઇક્વિટી બજારમાંથી ૧૨ અબજ ડોલરનું નેટ સેલિંગ નોંધાવ્યું છે. ૨૦૨૪માં આ જ વિદેશી ફંડો સ્થાનિક બજારમાં ૧૨૪ મિલિયન ડોલરના નેટ બાયર રહ્યા હતા.

કેન્દ્રીય નાણાં પ્રધાન નિર્મલા સીતારામનની અધ્યક્ષતા હેઠળ યોજાયેલી વિશેષ પત્રકાર પરિષદ દરમિયાન શેરબજારને લગતા સવાલના જવાબમાં સીતારામને કહ્યું કે ભારતનું અર્થતંત્ર સાબૂત છે અને પ્રોફિટ બુકિંગ કરીને રોકાણકાર સારું વળતર મેળવી રહ્યાં છે.

આ બેઠકમાં તેમની સાથે રાજ્યકક્ષાના નાણાં પ્રધાન પંકજ ચૌધરી, નાણાં સચિવ, ડિપાર્ટમેન્ટ ઓફ એક્સપેન્ડિચર, સીબીટીડીના ચેરમેન સીબીઆઇસીના ચેરમેન અને દીપામ, ઇકોનોમિક અફેર્સ ડિપાર્ટમેન્ટના સચિવ ઉપસ્થિત હતા. નાણાં પ્રધાન કહે છે કે ‘આજે ભારતીય અર્થતંત્રમાં એવું વાતાવરણ છે જેમાં રોકાણ સામે સારું વળતર મળી રહ્યું છે અને આથી જ વિદેશી રોકાણકારો નફો ગાંઠે બાંધી રહ્યા છે.’

જોકે એક નિરીક્ષણ એવું પણ છે કે ભારતમાં વિદેશી રોકાણકારો દ્વારા જોરદાર વેચવાલી થઇ રહી હોવાનો જે ઘોંઘાટ છે એ ખોટો છે અને મોટા પાયે હિજરતના કોઈ સંકેતો નથી. એફઆઇઆઇએ જાન્યુઆરીના અંત સુધીના ચાર મહિનામાં ૨૧ બિલિયન ડોલરના મૂલ્યના શેરનું ચોખ્ખું વેચાણ કર્યું હતું, જે સપ્ટેમ્બરના અંત સુધીમાં તેમની સંપત્તિમાં ૧૪૮ બિલિયનના ઘટાડાનો માત્ર ૧૪.૨ ટકા જેવા હિસ્સો ધરાવે છે. બાકીનો હિસ્સો તેમના પોર્ટફોલિયોમાં થયેલા અવાસ્તવિક નુકસાનને આભારી છે.

ટ્રમ્પની ટેરિફ પણ શેરબજારની મંદી માટે જવાબદાર છે. મહેસૂલ સચિવ તુહિન કાંતા પાંડેએ જણાવ્યું હતું કે ટ્રમ્પના પ્રસ્તાવિત ટેરિફ વધારા સહિત, ચાલુ વૈશ્વિક અનિશ્ચિતતા વચ્ચે એફઆઇઆઇ વેચવાલી કરી રહ્યા છે, પરંતુ તેઓ એક ઊભરતા બજારમાંથી બીજા બજારમાં સ્થળાંતર નથી કરી રહ્યા. જ્યારે પણ વૈશ્વિક અનિશ્ચિતતા હોય છે, ત્યારે તેઓ (એફઆઇઆઇ) જે દેશમાંથી આવ્યા હોય તે દેશમાં પાછાં ફરે છે.

નાણાં મંત્રાલયે એવો વિશ્વાસ વ્યક્ત કર્યો છે કે ભારતના ઇક્વિટી બજારો સ્થિતિસ્થાપક છે. ભારત સૌથી ઝડપથી વિકસતું મોટું અર્થતંત્ર છે અને વૈશ્વિક અવરોધો છતાં પણ તે વિકાસ ચાલુ રાખશે. ભારતના ઇક્વિટી બજારો ફક્ત ટ્રમ્પના ટેરિફથી જ નહીં પરંતુ ભારતીય કંપનીઓના નબળા ત્રીજા ક્વાર્ટરની કમાણીથી પણ પ્રભાવિત થયા છે. ૨૬ સપ્ટેમ્બરના રોજ ૨૬,૨૧૬.૦૫ પોઈન્ટના જીવનકાળના ઉચ્ચ સ્તરને સ્પર્શ્યા પછી બેન્ચમાર્ક નિફ્ટી ઇન્ડેક્સ ૧૨.૪ ટકા ઘટ્યો છે.

પારસ્પરિક ટેરિફ લાગુ કરવાની ટ્રમ્પની યોજના અંગે, સીતારામને કહ્યું કે ૨૦૨૫-૨૬ માટે ભારતના બજેટમાં દર્શાવવામાં આવ્યું છે કે કેન્દ્ર સરકારે તેની મૂળભૂત કસ્ટમ્સ ડ્યૂટીને તર્કસંગત બનાવવાની યોજના બનાવી છે અને ભારત સમયાંતરે તેની સેફગાર્ડ ડ્યૂટીઝ અથવા એન્ટિ-ડમ્પિંગ ડ્યુટીઝની સમીક્ષા કરે છે.

ભારત અને અમેરિકા તાજેતરમાં ૨૦૩૦ સુધીમાં દ્વિપક્ષીય વેપારને ૫૦૦ બિલિયન ડોલર સુધી વધારવા અને આ માટે જકાતમાં ઘટાડા અને બજારોમાં પ્રવેશ સરળ બનાવવા સંદર્ભે એક દ્વીપક્ષીય કરાર માટે સંમત થયા છે. નાણાં પ્રધાને સ્પષ્ટ વિધાન કર્યું છે કે, આપણે ઇન્વેસ્ટર્સ ફ્રેન્ડલી દેશ બનવા માટે તૈયાર છીએ અને પરિણામે ડ્યુટીમાં ઘટાડા અને તર્કસંગત બનાવવાની જાહેર કરવામાં આવેલી પ્રક્રિયા સતત ચાલુ રહેશે અને સરકાર તેના પર નજર રાખશે. ■

---

## આ તો સ્કેમ છે... ...પણ એ કેમ છે?!

## સ્કેમ છે..!





પ્રફુલ શાહ
feedback@bombaysamachar.com

સ્કેમ - કૌભાંડ - ગોટાળા કે લાંચ-રૂશ્વત અનૈતિક છે, અપરાધ છે અને પ્રજા-રાષ્ટ્ર સાથે છેતરપિંડી છે. સમાજ- લોકશાહી સાથે ઠગાઈ છે, ઉઘાડી લૂંટ છે, છતાં સ્કેમ અવિરત થતા રહે છે.

આ સ્કેમના મૂળ ક્યાં છે?

શા માટે એ દૂષણનાં વાયરસ ખત્મ થતા નથી?

આ બધાના મૂળમાં છે સ્વાર્થ અને અનૈતિકતા. સામાન્ય માનવી પાસે સ્વાર્થ સાધવાની સત્તા હોતી નથી એટલે જ માનવ-જાતિના ઈતિહાસ પર દૃષ્ટિપાત કરીએ તો રાજકીય સત્તા અને નાણાં વચ્ચે અપવિત્ર- અનૈતિક સંબંધ સામે આવે છે. જોકે, રાજા- બાદશાહ-સમ્રાટ અને સુલ્તાનના કાળમાં આ સંબંધ ખોટો કે બદનામ નહોતો.

કેમ? કારણ કે રાજ્ય રાજાની માલિકીનું ગણાતું હતું. એ પોતાના સિવાય કોઈના પ્રત્યે જવાબદાર નહોતો. માન્યતા એવી હતી કે રાજ્ય અને પ્રજાની ભલાઈની સૌથી વધુ સમજ રાજાને છે. આને પડકાર એટલે મોત કા દેશ નિકાલ.

સમયાંતરે સમાજ વ્યવસ્થા બદલાઈ. સમાજવાદ અને લોકશાહી શાસનમાં રાજ્ય અને એની સંપદા પર રાજા કે મહારાજાની માલિકી ન રહી. એ સંપૂર્ણ રાષ્ટ્ર અને એક-એક પ્રજાજનની સામૂહિક મિલકત બની ગઈ. એમાંય લોકતંત્રમાં તો શાસકો પ્રજાને જવાબ આપવા બંધાયેલા હતા. આદર્શ રીતે તો એક-એક નવા પૈસાનો ખર્ચનો હિસાબ આપવો પડે. વાણી, વર્તન અને વ્યવહાર એકદમ પારદર્શી રાખવા પડે- સરકારની મોટામાં મોટી અને એક માત્ર ફરજ એ છે કે પોતાને મત આપીને સત્તા સોંપનારી પ્રજા અને દેશના હિતને સર્વોચ્ચ પ્રાથમિકતા આપે.

જોકે, આ આદેશના પાલનમાં અવરોધરૂપ બન્યા માનવીના સ્વભાવ, લાલચ અને સત્તાની ભૂખ એટલે લોકશાહી શાસન વ્યવસ્થામાં જે સગાંવાદ અને પક્ષપાત તથા રાજકીય-આર્થિક ગેરરીતિનો નિષેધ છે. એ ફુલવા ફાલવા માંડ્યા. આમાં ભાગ્યે જ કોઈ દેશ, પક્ષ કે નેતા બાકાત હશે. સૌ પોતપોતાને મળેલી તક અને આવડતથી ગંગાને વધુને વધુ મેલી કરતાં રહ્યાં.

નેતાએ ચૂંટણી લડવાથી માંડીને પક્ષના સંચાલન માટે મર્યાદાથી અનેકગણી રકમની જરૂર પડે એટલે લોભ, લાંચ કે ભ્રષ્ટાચારને થોભ રહેતો નથી. કમનસીબે ભ્રષ્ટાચાર એકલદોકલ કે અપવાદરૂપ કિસ્સાને બદલે સંસ્થાગત બની ગયો રાજકીય આકાઓએ અને લોકતંત્રના સંચાલનની અનૈતિક કિંમત બનાવી દીધી.

-પણ એ કિંમત ચુકવે છે કોણ?

અલબત્ત, પ્રજા. એના હકના, મહેનતના અને કમાણીમાંથી ચુકવાતા કરવેરામાંથી ભ્રષ્ટાચારીઓ તાગડધિન્ના કરે છે.

આ એક કલ્પનાતીત દંભ છે. લોકતંત્રના નાટકના સંચાલક જેવા રાજકારણીઓ પોતાના પક્ષ, કદ અને સત્તા માટે કરોડો-અબજોના ગોટાળા કરે, અપરાધ કરે અને છતાં ખુલ્લેઆમ ફરતા રહે અને નિર્દોષ જનતા એની આકરી કિંમત ચુકવે, જેને પરિણામે ભૂખે પેટે સુવાનો, તરસ્યા રહેવાનો, અર્ધ-નગ્ન રહેવાનો, શિક્ષણથી વંચિત રહેવાનો, હકની સુવિધાઓ ભૂલી જવાથી લઈને અને અનેક મૂળભૂત અધિકાર આવી જાય.

રાજકીય પક્ષો અને નેતાઓ ખુલ્લેઆમ દાન લેતા નથી. જે સરેઆમ વ્હાઈટમાં લેવાય છે એની પાછળ પણ દબાણની પ્રયુક્તિ અજમાવાય છે. ભારત હોય કે પાકિસ્તાન, અમેરિકા હોય કે ચીન કે સોમાલિયા, કાગડા તો બધે જ કાળા છે. નેતાજીના વહાલા-દવલા- સગલાને કાનૂની સાથે ગેરકાનૂની ફાયદા ય મળે. હોબાળો મચે તો આ નેતાઓ પહેલો લૂલો બચાવ કરે. મીડિયાને ખરીદી લે, દબડાવે. નાછૂટકે તપાસ પંચનાં નાટકો ખેલે. આ પંચ લાંબો સમય લઈ લે. પછી સરકાર એનો અહેવાલ દબાવી રાખે કાં ફગાવી દે. કદાચ રીપીટ, કદાચ મામલો કોર્ટ સુધી પહોંચે તો વરસોનાં વરસ નીકળી જાય. ત્યાં સુધીમાં નેતાજી વિપક્ષ છોડીને સરકારી છાવણીમાં બિરાજમાન થઈ ગયા હોય. આ એક એવું વોશિંગ મશીન, જે એનાં બધા પાપ ધોઈ નાખે. કૌભાંડ કે ભ્રષ્ટાચાર બદલ આંગળીના વેઢે ગણી શકાય એટલા બદનામ નેતાઓને સજા થઈ હશે. આ શર્મનાક હકીકત જ આપણા પર થોપી દેવાયેલી શરમિંદગી છે.

ભ્રષ્ટાચાર આચરવાના કે લાંચ આપવા-લેવાના નિતનવા તુક્કા જાણીએ તો આ બદમાશોની કલ્પના-શક્તિ પર માન ઉપજે, પણ હકીકતમાં આ એમની સર્જનાત્મકતા કે કલ્પનાશીલતા નથી. એ તો અપરાધ કરીને બચી જવાના હથકંડા છે.

રાષ્ટ્રની સંપત્તિ પ્રજાની છે. નેતાએ તો એનું સુચારુ સંચાલન કરવાનું હોય. ખરા અર્થમાં તો એ દેશમાં રહેલા જનતાના ધનનો ચોકીદાર છે, પણ બીબાઢાળ બાનીમાં કહી શકાય કે મોટાભાગના ચોકીદાર ‘વાડ જ ચિભડાં ગળે’ જેવાં વરવા પ્રતીક બની જાય છે. રાજાશાહી, સામ્યવાદ, સમાજવાદ અને લોકશાહી વ્યવસ્થાની માટીમાં બધે જ ખાયકી કરનારા ખલનાયકો ઊગી નીકળ્યાં અને ખૂબ ફુલ્યા-ફાલ્યા.

શું કોઈ વ્યવસ્થા પૂરેપૂરી સલામત નથી? વાંક માત્ર વ્યવસ્થા કે તંત્રનો છે? ના, વ્યવસ્થાના સુચારુ સંચાલન માટે બંધારણ અને કાયદા હોય છે, પરંતુ કાળા માથાના માનવીના સ્વાર્થ, લાલચ અને શૈતાની દિમાગ બધા નિયમોને ઘોળીને પી જાય છે. નેતાઓ ધનવાન અને પ્રજા ગરીબ બનતી રહે છે.

અહીં આ કોલમમાં દુનિયાભરના રાજકારણીઓ અમલદારો- સત્તાના દલાલો અને ઉદ્યોગપતિઓએ પ્રજાના પૈસા પચાવીને આચરેલી પાપલીલાઓ વિશે જાણીશું. એમના પ્રપંચને પર્દાફાશ કરીશું અને એમના અસલી ચહેરા ઓળખીશું. શું થશે આ કવાયતથી? કદાચ, હા, કદાચ આપણી સમજદારી વધશે, સાચા-ખોટાની પરખ વધુ ધારદાર બનશે અને આ પ્રક્રિયા થકી વધુ ઈમાનદાર અને ઓછા બેઈમાનને પસંદ કરીશું.

આ આશાનો યજ્ઞ બહેતરની શક્યતાની શોધ ભણી લઈ જશે. મગજ બહેર મારી જાય એવાં કૌભાંડ, ગોટાળા અને સ્કેમની દુનિયામાં આવકાર છે આપનું. ■

### મુખવટાની પાછળ

*થાઈલેન્ડમાં ઉચ્ચ સ્તરીય ભ્રષ્ટાચાર માટેનો શબ્દ છે: ‘જીન મુઔંગ’*

*એનો મતલબ રાષ્ટ્ર-ભક્ષણ. ખરેખર ભ્રષ્ટાચારીઓ જ રાષ્ટ્રને ભરખી જાય છે!*

---

પ્રાસંગિક__અમૂલ દવે
feedback@bombaysamachar.com

## પુતિન સાથે ડીલ ટ્રમ્પે યુક્રેન- યુરોપને લાચાર બનાવી દીધા




**અમેરિકાના** પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પ ‘એ મેન ઈન હરી છે ’ એ રાતોરાત અમેરિકાને જૂનો દબદબો અને ગરિમા પાછી અપાવવા માગે છે. રાતોરાત અમેરિકાને વધુ સમૃદ્ધ બનાવવા માગે છે. રાતોરાત હમાસ બધા બાનોને છોડી મૂકે એવું અલ્ટીમેટમ આપે છે. એ દાવો કરે છે કે ગ્રીનલેન્ડ અને કેનેડાને અમેરિકા સાથે જોડી દેવામાં આવશે. એ દાવો કરે છે કે ગલ્ફ ઓફ મેક્સિકોનું નામ ‘ગલ્ફ ઓફ અમેરિકા’ થઈ ગયું છે. એ દાવો કરે છે કે પનામા નહેર પર અમેરિકાનો કબજો આવી જશે. એ દાવો છે કે પેલેસ્ટાઈનીઓને ખસેડીને ગાઝાપટ્ટીને અમેરિકા હસ્તગત કરી દેશે.

પ્રમુખપદની ચૂંટણી ચાલતી હતી ત્યારે એ દાવો કરતા હતા કે કે રશિયા અને યુક્રેન વચ્ચેનું યુદ્ધ એ એક દિવસમાં અટકાવી દેશે. હવે ટ્રમ્પે એમનું ધ્યાન રશિયા અને યુક્રેન વચ્ચેનું યુદ્ધ અટકાવવા પર કેન્દ્રિત કર્યું છે. સત્તા સંભાળવાને એક મહિનો થવાની સમીપ છે ત્યારે ટ્રમ્પે યુરોપ અને યુક્રેનને વિશ્વાસમાં લીધા વગર રશિયાના પ્રમુખ વ્લાદિમીર પુતિનને ફોન કર્યો - એમની સાથે લાંબી વાતચીત કરી. પછી ટ્રમ્પે જાહેર કર્યું હતું કે હું અને રશિયાના પ્રમુખ પુતિન સાઉદી અરેબિયામાં મળીશું અને યુદ્ધવિરામનો કરાર કરીશું. ટ્રમ્પ- પુતિનના આ ફોને યુરોપના દેશો અને યુક્રેનને દિગ્મૂઢ અને અવાચક કરી નાખ્યા છે. ટ્રમ્પના એકતરફી શાંતિ પ્રયાસોને લીધે યુરોપના દેશો અને યુક્રેન હાંસિયામાં ધકેલાઈ ગયા છે.

બીજી બાજુ, રશિયાને તો ગોળનું ગાડું મળી ગયું છે. ટ્રમ્પના ફોન બાદ રશિયાની ફાયનાન્સિયલ માર્કેટમાં તેજી જોવા મળી હતી. ટ્રમ્પે દોઢ કલાકની પુતિન સાથેની વાતચીતમાં રશિયાની બધી શરત માની લીધી છે. યુક્રેન અને યુરોપના દેશોને તો એવો ડર છે કે ટ્રમ્પ એમની બાદબાકી કરીને પુતિન સાથે શાંતિ કરાર કરી નાખશે!

અત્યાર સુધી યુરોપના દેશ જે શાંતિ મંત્રણા કરી હતી એમાં રશિયાએ ભાગ જ લીધો નહોતો, પરંતુ આ જ પુતિન ટ્રમ્પ સાથે સાઉદી અરેબિયામાં બેઠક કરવા તૈયાર થઈ ગયા છે. પુતિનની બધી શરતો માનીને શાંતિ મંત્રણા શરૂ થાય એ પહેલાં જ ટ્રમ્પે યુરોપના દેશો અને યુક્રેનને બેકફૂટ પર મૂકી દીધા છે.

આ તરફ, રશિયાની મુખ્ય ત્રણ શરત છે. પ્રથમ, યુક્રેનને ‘નાટો’ માં સામેલ નહીં કરવામાં આવે. બે, રશિયા યુક્રેનના જીતેલા પ્રદેશ પાછા નહીં આપે. ત્રણ, યુક્રેનને તેની સલામતી માટે કોઈ ગેરન્ટી આપવામાં નહીં આવે.

પુતિન સાથે વાતચીત કર્યા બાદ ટ્રમ્પે યુક્રેનના ઝેલેન્સ્કી સાથે પણ વાતચીત કરી હતી. યુક્રેન અને યુરોપની માગણી છે કે શાંતિની કોઈ પણ વાતચીતમાં અમારો સમાવેશ કરવો જોઈએ. ઝેલેન્સ્કી કહ્યું હતું કે એક સાર્વભૌમ દેશ હોવાથી અમારા સમાવેશ વિના કોઈ કરાર થશે તો અમે એ ડીલને માન્ય નહીં રાખીએ. ઝેલેન્સ્કી કહે છે કે પુતિન શાંતિ મંત્રણાને અમેરિકા અને રશિયા વચ્ચેની દ્વિપક્ષીય મંત્રણા બનાવવા માગે છે. ટ્રમ્પે યુરોપનું નેતૃત્વ ઝૂંટવી લીધું છે. યુરોપિયન ફોરેન પોલિસીના વડા કાજા કલાસે કહે છે કે કઈ પણ કામ ઉતાવળે કરવું એ ડર્ટી ડીલ છે. કાજાએ દાવો કર્યો હતો કે વાતચીત પહેલાં રશિયાને એડવાન્સમાં કન્સેશન આપ્યા છે. એ કહે છે કે વાટાઘાટો હજી શરૂ થવાની છે ત્યારે આપણે રશિયાને જે જોઈએ છે એ બધી છૂટછાટ આપી દીધી છે. આ એવું તૃષ્ટીકરણ છે જે કામ આવતું નથી.

ટ્રમ્પે તો દાવો કર્યો હતો કે રશિયા અને યુક્રેન બંને દેશોને શાંતિ જોઈએ છે. આ યુદ્ધ ચોથા વર્ષમાં પ્રવેશવાનું છે ત્યારે અમેરિકાએ તો યુરોપ અને યુક્રેનની હાલત ધોબીના કૂતરા જેવી કરી નાખી છે.

અમેરિકાએ તો યુરોપ અને યુક્રેનને અત્યારથી રશિયાની બધી શરતો માને એવું દબાણ લાવવાનું શરૂ કર્યું છે. ટ્રમ્પ વહીવટીતંત્રે જાહેરમાં કહ્યું છે કે યુક્રેન માટે ગુમાવેલી જમીન પાછી મેળવવી અસંભવ અને અવ્યવહારુ છે. અમેરિકા કહે છે કે યુક્રેનને ‘નાટો’માં સામેલ કરવું પણ સંભવ નથી. યુદ્ધવિરામની ગેરંટી આપવા અમેરિકા તેના લશ્કરી દળોને યુક્રેન મોકલવા તૈયાર નથી. અમેરિકાના સંરક્ષણ પ્રધાન યુક્રેન અને યુરોપનો વિશ્વાસ સંપાદન કરવા કહે છે કે ટ્રમ્પ ઉત્તમ વાટાઘાટકાર છે. હકીકત એ છે કે રશિયાએ યુક્રેનની પાંચમા ભાગ જેટલી જમીન હડપ કરી દીધી છે. રશિયાએ યુક્રેનને કૂણા પાડવા કહ્યું છે કે શાંતિ મંત્રણામાં યુક્રેન પણ સહભાગી થઈ શકે છે. ‘નાટો’ના સેક્રેટરી જનરલ માર્ક રુટે કહે છે કે વિશ્વના નેતાઓએ એ સુનિશ્ચિત કરવું જોઈએ કે પુતિન યુક્રેનની જમીન પચાવવાના પ્રયાસ નહીં કરે. ઝેલેન્સ્કી કહે છે કે પુતિન વિશ્વસનીય નથી. જવાબમાં ટ્રમ્પ કહે છે કે હું પુતિનને સારી રીતે જાણું છું. મને શાંતિ જોઈએ છે ને પુતિનના વિધાન પર મને શ્રદ્ધા છે.

યુક્રેનના લોકો તો ટ્રમ્પના પ્લાનથી રોષે ભરાયા છે. યુક્રેને લડાઈમાં અસંખ્ય નાગરિકો અને જવાનો ગુમાવ્યા છે. યુક્રેનના ક્રિમિયા પ્રદેશને તો રશિયાએ ૨૦૧૪માં જ હડપ કરી લીધો હતો. ત્યાર બાદ રશિયાને ‘જી-સાત’ ના જૂથમાંથી કાઢી મુકવામાં આવ્યું હતું. ટ્રમ્પ કહે છે કે આ એક ભૂલ હતી અને હું ઈચ્છું છું કે રશિયા ‘ જી-સેવન’ માં ફરી સામેલ થાય. ટ્રમ્પ તો એવું આશ્વાસન આપે છે કે મંત્રણામાં એ યુક્રેનને પણ સામેલ કરાશે.

યુરોપના દેશોને તો લાગવા માંડ્યું છે કે ટ્રમ્પે ‘નાટો’ ને નિષ્ક્રિય બનાવી દીધું છે. યુરોપના દેશોને લાગે છે કે તેમના સંરક્ષણ માટે ટ્રમ્પ કે અમેરિકા પર આધાર ન રાખી શકાય. આ માટે તેમણે પોતાની નવી વ્યવસ્થા વિકસાવવી પડશે.

રશિયાએ ફેબ્રુઆરી ૨૦૨૨માં યુક્રેન પર ચડાઈ કરી ત્યારે અમેરિકામાં સત્તા જો બાઈડેનના હાથમાં હતી. બાઈડેને યુક્રેનને લડાઈમાં તમામ સહાય આપી હતી. બાઈડેને કદી રશિયાના પ્રમુખ પુતિન સાથે વાતચીત કરી નહોતી. બાઈડેન તો પુતિનને વોર ક્રિમિનલ માનતા હતા. જોકે ટ્રમ્પના સત્તા પર આવ્યા બાદ બધું બદલાઈ ગયું છે. ટ્રમ્પે યુક્રેનને કહ્યું છે કે હવે પછીની મદદના બદલામાં ખનીજ આપવા પડશે. યુક્રેનને અમેરિકાએ યુદ્ધ લડવા પ્રોત્સાહિત કર્યું હતું. હવે અમેરિકાએ તેને લાચાર અને નિઃસહાય સ્થિતિમાં છોડી દીધું છે. યુક્રેન ન તો ગુમાવેલા પ્રદેશ પાછા મેળવી શકશે અને ન તો એને સુરક્ષાની કોઈ ગેરન્ટી મળશે.

ટ્રમ્પને લીધે બાવાના બેઉ બગડ્યા છે. ■

LIKE & FOLLOW: /Mumbaisamachar4u

## આજની ટૂંકી વાર્તા

દુર્ગેશ ઓઝા
feedback@bombaysamachar.com

# વ્યસન

‘મ્યાઉં, મ્યાઉં’ અવાજ સાંભળી લોકેશનું મગજ ગયું, ‘વત્સલ, તને હજાર વખત કીધું છે કે આ બિલાડીને ઘરમાં ઘૂસવા ન દે. તોય તું! આઈ ડોન્ટ લાઈક ઈટ.’

‘પણ પપ્પા, એ તમને ક્યાં કાંઈ કરે છે? શી ઈઝ ક્વાઈટ ઈનોસન્ટ એન્ડ ક્યુટ. ધિસ કેટ ઈઝ વેરી ડેલિકેટ. એ તો બિચારી મારા ખોળામાં છાનીમાની શાંતિથી બેસે છે. તમારા ખોળામાં થોડી આવે છે?’

‘મારા ખોળામાં આવે તો ખરી! એને ખબર છે કે મારી નજીક ફરકે એટલે લાકડી પડવાની જ. મારે ઘરમાં કૂતરા-બિલાડાં કાંઈ ન જોઈએ. એ બધાં ગંદાં-ગોબરાં હોય. ને દૂધ કેટલું મોંઘું આવે છે તેનું તને ભાન છે? પૈસા કાંઈ ઝાડ પર નથી ઊગતા. ડોન્ટ યુ ઓલ ધિસ રબિશ અન્ડરસ્ટેન્ડ?’

‘પપ્પા...! આખા દી’માં એક વાર સવારે ને બીજી વાર સાંજે એમ ખાલી બે જ વાર બિલાડીને દૂધ પીવડાવું છું, ને એય ફક્ત એક નાનકડી રકાબીમાં. એમાં તો તમે!’

‘સો વાતની એક વાત. નથિંગ ડુઈંગ. તુ પૈસાનું પાણી ન કર. ખબરદાર આજ પછી જો તેં...’

‘પપ્પા, બિલાડી થોડુંક જ દૂધ પીએ તોય તમને વાંધો, પણ તમે તો અઠવાડિયામાં સિગારેટનું આખું પાકીટ ફૂંકી મારો છો, પંદર-વીસ ફાકી ખાઈ જાઓ છો એનું કાંઈ નહીં!? એમાં ખોટો ખર્ચો થાય એનું કંઈ નહીં! ને હું બિલાડીને તમારી પાસે આવવાય ન દઉં. એને ચેપ લાગે. ગંદી-ગોબરી એ નથી, પણ તમે...’

એક સણસણતા તમાચાનો ભોગ બનેલો વત્સલ આગળ બોલી ન શક્યો. ને રેખા રસોડામાંથી બહાર દોડી આવી. ‘આ શું? તમે તે માણસ છો કે? આપણો દીકરો હવે મોટો થઈ ગયો. એને આમ તમાચો મારવાનું કારણ? તમને શરમ નથી આવતી?’

બીજા દિવસે સવારે રેખાએ ફરિયાદ કરી. ‘સાંભળો જરા. જોને આ વત્સલ હઠ પકડીને બેઠો છે! તમે જરાક એને સમજાવો. કહે છે કે હવેથી સવારે દૂધ નહીં પીઉં.’

‘એ દૂધ ન પીએ એમાં તું મારું લોહી શું કામ પીએ છે?’ એમાં હું શું કરું? એને હવે દૂધ નહીં ભાવતું હોય.’

‘મજાનું ભાવે છે. વાત એમ નથી. એ એમ કહે છે કે સવારનું મારા ભાગનું દૂધ બિલાડીને...’

‘એટલે તું કહેવા શું માગે છે? હું સિગારેટ છોડી દઉં એમ? તમે મા-દીકરો ભેગાં થઈ મારી સિગારેટની પાછળ શું કામ પડ્યાં છો? વોટ ઈઝ ઓલ ધિસ નોનસેન્સ?’

‘હું ક્યાં તમને એવું કહું છું? એને ડોક્ટરે કેલ્શિયમ માટે દૂધ પીવાનું ખાસ કહ્યું છે. તમે જરાક સમજાવો. એ નહીં પીએ તો...’

‘રેખા માય ડિયર. ફર્સ્ટ એપ્લાય યોર માઈન્ડ એન્ડ ધેન રિપ્લાય. એ તો ખાલી ત્રાગું કરે છે. હી ઈઝ ટ્રાઈંગ ટુ બી ઓવરસ્માર્ટ. હમણાં એની મેળે ઠેકાણે આવી જશે. મારે ઓફિસે જવાનો ટાઈમ થઈ ગયો છે. મહેરબાની કરી તું મને આ માથાકૂટથી દૂર જ રાખ, પ્લીઝ. ને સાંજ પડે એટલી વાર છે. પાજી બિલાડી! મારી મારીને એની ખો ન ભુલાવી દઉં તો મારું નામ...’

ઓફિસમાંય લોકેશનો ધૂંધવાટ ઓછો ન થયો. એણે પોતાની અલાયદી કાચની કેબિનમાં પડદો પાડ્યા વિના ઉપરાછાપરી બે-ત્રણ સિગારેટ ફૂંકી મારી. ક્યારનોય આ બધો તાલ જોઈ રહેલો સહકર્મચારી રાકેશ શાહ અંદર ધસી ગયો. રાકેશ પણ એની જ સમકક્ષ કેડરમાં કામ કરતો હતો. તેને લોકેશનો દિલોજાન દોસ્ત તો ન કહી શકાય, પણ હા, બેય વચ્ચે સારું એવું ટ્યુનિંગ ખરું. રિસેસમાં ઘણુંખરું બંને સાથે જ લંચ લેતા અને વાનગી ને વાતો શેર કરતા.

‘મિ. લોકેશચંદ્ર જોશી? વોટ હેપન્ડ ડિયર? આજે મૂડ ખરાબ છે કે શું? જોકે આજે દિવસ જ ખરાબ ઊગ્યો છે એવું લાગે છે. યુ નો પેલો મહેશ પાંત્રીસ વરસની નાની ઉંમરમાં ગુજરી ગયો તે? એને કેન્સર નીકળ્યું. આખો દી બસ સિગારેટ ફૂંકતો જ બેઠો હોય! બે દી’માં એક પાકીટ તો ખાલી કરી જ નાખે! પછી થાય શું?



વેરી સેડ એન્ડ બેડ.’ જો જે હોં... તું કાંઈ ભળતું માની ન બેસતો. તને એમ હશે કે આ બહાને હું તને? પણ ના, મને કોઈને વણમાગી સલાહ ચોપડાવવાની આદત જ નથી. યુ નો વેરી વેલ ધેટ ટુ સ્મોક ઈઝ હોરિબલ જોક વિથ વન્સ ઓવ્ન લાઈફ. આઈ નો ધેટ આઈ એમ નોટ યોર ફાસ્ટ ફ્રેન્ડ બટ... આ તો એની સાથે તારે સંબંધ એટલે મેં તને ખાલી માહિતી આપી. બાકી મનેય ખબર છે કે આવી આદતમાંથી છૂટવું સહેલું નથી. એના માટે જબરી હિંમત ને પ્રબળ ઈચ્છાશક્તિ જોઈએ. એ જેવા તેવાનું કામ નહીં. ઈટ ઈઝ નોટ ચાઈલ્ડ્સ પ્લે ડિયર? રાકેશ ઘડી-બે ઘડી, અટક્યો, લોકેશ સામે ધારદાર નજર માંડી રહ્યો. ને પછી આગળ બોલ્યો,

‘તારા કરતાં થોડા ઓછા વ્યસની પણ ઝટ આ કુટેવ છોડી નથી શકતા ત્યારે તારા જેવો અઠંગ વ્યસની તો એને ક્યાંથી મૂકી શકે? તારું એ ગજું નહીં. આ ભવમાં તો તું સિગારેટનું બંધાણ છોડી રહ્યો! ઈટ ઈઝ નોટ ઈમ્પોસિબલ, બટ આઈ થિંક ફોર યુ ઈટ ઈઝ વેરી...! જો, ફરી કહું છું. આ તો વાતમાંથી વાત નીકળી એટલે આમ કહેવાઈ ગયું. બાકી મને તારી અંગત વાતમાં ઝાઝું માથું મારવાનો અધિકાર થોડો છે? મારો કહેવાનો આશય એ જ કે ઘણા મોટી મોટી વાતો તો કરે, પણ જ્યારે અમલમાં મૂકવાની વાત આવે ત્યારે જાત જાતના બહાનાં કાઢી ફસકી જાય. જોકે એમાં તારો વાંક નથી. કોઈ વિરલા જ એકઝાટકે આવી લતને લાત મારી શકે ને એમ કરી પોતાનું ને કુટુંબનું જીવન ફરી નંદનવન બનાવી શકે. આવું કરવાની તારામાં તાકાત છે? મને તો નથી લાગતું. ને જો હોય તો એ ચમત્કાર જ ગણાય. સિગારેટ ફૂંકવી સહેલી, પણ આવી કુટેવને ફૂંકી મારવી મુશ્કેલ. ને એમાંય તારા માટે તો એ...’

રાકેશે તો આ વાતે મોટું લેક્ચર ઠોકી દીધું. કુટેવનો વિષય છેડ્યો ને એમ કરી લોકેશને છંછેડ્યો. આટલું કહી રાકેશ કેબિનની બહાર...

લોકેશ પહેલાં તો મનોમન અકળાઈ ઊઠ્યો. ‘ઈડિયટ્સ! બધા જ મારી સિગારેટની આદત પાછળ આદું ખાઈને પડ્યા છે. તારી જાતનો રાકલો! ‘ના, ના’ કહીને બધું કહી દીધું! મને ભોટ સમજે છે?’ પણ પછી ગુસ્સો ઊતરી જતાં એણે શાંત ચિત્તે વિચાર્યું. ‘આ રાકેશ એના મનમાં સમજે છે શું?’ એ થોડી વાર વ્યગ્રતાપૂર્વક અલાયદી કેબિનમાં

> **‘પપ્પા, બિલાડી થોડુંક જ દૂધ પીએ તોય તમને વાંધો, પણ તમે તો અઠવાડિયામાં સિગારેટનું આખું પાકીટ ફૂંકી મારો છો, પંદર-વીસ ફાકી ખાઇ જાઓ છો એનું કાંઈ નહીં!?**

આંટા મારતો રહ્યો. ને પછી સડસડાટ કેબિનની બહાર આવી એણે રાકેશને કહ્યું, ‘સિગારેટ આ છોડી દીધી જા. હવે જિંદગીમાં એને હાથ લગાડે એ બીજા? તું મને મિ. લોકેશને ચેલેન્જ કરે છે?! આઈ એમ નોટ પુઅર ફેલો ડિયર રાકેશ!’ લોકેશ જોશમાં ને જોશમાં આવી પ્રતિજ્ઞા લઈ લીધી ને પછી એ પોરસાયો. ‘આજે તો ઘરે પણ એવું સરપ્રાઈઝ આપવું છે કે બધા જોતા રહી જશે જોતા...’

ઘેર પહોંચીને હજી તો એ કાંઈ કહે એ પહેલાં તો પત્નીએ બીજી ફરિયાદ કરી.’ હવે વાત હદ વળોટી ગઈ છે. વત્સલે આજ ન કરવાનું કર્યું. એના હાથમાં તમારી ફાકી કોણ જાણે ક્યાંથી આવી ગઈ! એણે એમાંથી ચપટી ફાકી લઈ લીધી. એને ચોળીને હજી તે મોઢામાં ઓરવા જાય ત્યાં જ મારું ધ્યાન ગયું એટલે મેં ઝપ દઈને ઝૂંટવી લીધી નહીંતર...? છોકરો હાથથી જશે. આ બધું તમારા લીધે થયું...! યુ આર રિસ્પોન્સિબલ ફોર ઓલ ધિસ નોનસેન્સ. રાધર યુ આર ઈરરિસપોન્સિબલ ફાધર. અત્યારે એ તમને ખબર ન પડે એમ બહાર બિલાડીને દૂધ પીવડાવે છે, પોતાના ભાગનું. હા, એણે દૂધ ન પીવાના સમ ખાધા છે. દીકરો કોનો? તમારો જને? બેય એકબીજાનાં માથાં ભાંગો એવા છો. કોઈ પોતાની લીધી પ્રતિજ્ઞા મૂકે એમ નથી. નાઉ ઈટ ઈઝ ઓવરલિમિટ... ઈનફ ઈઝ ઈનફ!’

ને લોકેશનો પિત્તો ગયો. ‘શું ? તમે બધા તો મારી પાછળ આદું ખાઈને પડી ગયા છો. એટલે હવે મારે ફાકી પણ છોડી દેવાની, એમ? આર યુ ક્રેઝી?’

‘એટલે...??! તમે સિગારેટ છોડી દીધી એમ!!’

‘હા, આજથી મેં કાયમને માટે સિગારેટ છોડી દીધી છે.’

‘વાહ મારા ડાહ્યા પતિદેવ. રોકિંગ... નાઈસ જોકિંગ...! ક્યારે છોડી દીધી? હવે છોડ્યા છોડ્યા. આ નવી વળગેલી ફાકીની લત છોડી નથી શકતા ત્યાં સિગારેટની વર્ષો જૂની કુટેવ છૂટે એ વાતમાં શો માલ છે? પહેલાં ફાકી તો છોડી જુઓ! પછી સિગારેટની માંડજો. એક દી પણ જો તમે ફાકી વગર રહી શકો તો હું જાહેરમાં તમારી આરતી ઉતારું.’ રેખાએ ચાબખા મારવા ચાલુ કરી લોકેશને ચેલેન્જ કરતાં આગળ કહ્યુંઃ ‘ને જો કાયમ માટે ફાકીને તિલાંજલિ આપી દો તો મારી ચામડીના જોડા બનાવી તમને પહેરાવું. પર વો દિન કહાં કી મિયાં કે પાંવ મેં જૂતી! ફાકી છોડવાની ત્રેવડ નથી ને પાછા કહે છે મેં સિગારેટ છોડી દીધી! વાહ! ક્યા બાત હૈ? મૂરખ બીજાને બનાવજો, મને નહીં. ગુસ્સો કે ફાકી બેમાંથી એકેય થૂંકી નાખવાની નથી તમારી તાકાત કે નથી તમારી...’

‘બસ! ખબરદાર હવે એકપણ શબ્દ આગળ બોલી છે તો... ભગવાનને ખાતર તારાં લેફ્ટ-હેન્ડેડ કોમ્પ્લિમેન્ટ્સ બંધ કર.’ લોકેશે અનેક ફાકીથી ભરચક એવા પાઉચનો ઘા કર્યો ને પછી બોલ્યો. ‘જા, આજથી ફાકીય બંધ, હવે રાજીને તમે બધાં...?’

થોડી વાર ઘરમાં સોપો પડી ગયો. પછી કળ વળતાં લોકેશ નરમાશથી બોલ્યો,

‘રેખા, હું ડિંગ નથી મારતો. હું ઓફિસેથી આવ્યો ત્યારે મેં તોરમાં ને તોરમાં પેલા રાકેશનો પડકાર ઝીલી લઈ સિગારેટ છોડવાનો સંકલ્પ લઈ લીધો હતો. ઈટ ઈઝ ફેક્ટ. નાઉ આઈ એમ પરફેક્ટ ડિયર. હું તમને બધાને આ વાત કહી અચંબામાં નાખવા થનગની રહ્યો હતો પણ ત્યાં તો તેં...!’

‘સાચું બોલો છો તમે? સાચે જ તમે બેય વસ્તુથી આજીવન અળગા રહેશો?! આર યુ શ્યોર? તમારી વહાલામાં વહાલી વસ્તુના સમ ખાઈને કહો જોઉં.’ રેખા આનંદભેર પૂછી રહી.

‘રેખા, મારી વહાલામાં વહાલી વસ્તુ તો સિગારેટ છે... એના સમ ખાઈને કહું છું કે...! હા હા હા...!’ લોકેશ હસી પડતાં આગળ બોલ્યો, ‘ના પ્રિયે, તું મને સૌથી વધુ વહાલી છે. તારા સમ બસ? આજે હું ખૂબ ખુશ છું. માથાકૂટ થઈ, પણ અંતે સૌ સારાંવાનાં થયાં, પરંતુ એક વાતનો અફસોસ છે. મારો જાણીતો પેલો મહેશ જીવનથી હાથ ધોઈ બેઠો. કેન્સર હતું એને. જોકે મને નવાઈ એ વાતની છે કે સિગારેટ તો દૂરની વાત હતી, એને ચા પીવાનીય ટેવ ન હતી. ઈટ ઈઝ વેરી શોકિંગ એન્ડ સરપ્રાઈઝિંગ. મેં એને છેલ્લા છ મહિનાથી જોયો પણ નથી. બસ, આટલી વારમાં એને આ કુટેવ ક્યાંથી વળગી ગઈ એ એક કોયડો છે. હવે એ માત્ર ફોટામાં જ જોવા મળશે એનો અફસોસ છે.’

‘તારે એને સદેહે જોવો હોય તો હજી તું એને જોઈ શકીશ. એ છ મહિના માટે ટ્રેનિંગ અર્થે વિદેશ ગયેલો. એ કાલે જ હજી ગામમાં આવ્યો છે.’ પાછળથી એક અવાજ આવ્યો ને લોકેશ ચમક્યો. એણે અવાજની દિશામાં નજર કરી. એ રાકેશ હતો ને અચંબો બેવડાયો. રાકેશની પાછળ મહેશ પણ ઊભો હતો, જીવતોજાગતો!

રાકેશ આગળ બોલ્યો ‘તને એ કહેવત યાદ છેને કે લાગે તો તીર, નહીંતર તુક્કો? એમ એવું જ કંઈક કર્યું છે. ને મને એ વાતનો આનંદ છે કે આમાં બધાનું સારું થયું ને બધાની જીત થઈ, તારી પણ...! દોસ્ત, હું તારી આગળ ખોટું બોલ્યો. સોરી, પણ આ આખોય પ્લાન રેખાભાભીનો હતો. તું ઓફિસે પહોંચે એ પહેલાં જ મારી ઉપર એમનો ફોન આવ્યો હતો ને એટલે...! ને સારા કામમાં ના કેમ પાડવી? મહેશે સિગારેટને કદી હાથ નણ નથી લગાડ્યો. એને કેન્સર-બેન્સર કાંઈ નથી. એ બધું હંબગ છે. હા, આજે કુટેવનું કેન્સર મરી ગયું એ સાચી વાત છે ને એ જ મોટી વાત છે.’

‘ને બીજી સાચી વાત હવે હું કહું છું. આપણા વત્સલે ફાકીને હાથ પણ નથી લગાડ્યો. આ બધી તો મારા ભેજાની નીપજ હતી!’ રેખાએ પણ સ્પષ્ટતા કરી.

‘સાલા નાટકિયાઓ! મને ઉલ્લુ બનાવવાની તમારી હિંમત જ કેમ થઈ? હાઉ ડેર યુ...? લોકેશ ઊંચે અવાજે બોલી પોતે પણ ગુસ્સો કરવાનું નાટક કરી રહ્યો ને રાકેશ તથા મહેશ બેયને ભેટી પડ્યો. પછી પત્ની સામે કૃત્રિમ રોષભેર નજર કરી એનેય બાથમાં લઈ લીધી. એણે વત્સલને બૂમ પાડી બોલાવ્યો ને એના બરડે પોતાનો હાથ પ્રેમપૂર્વક પસવારવા લાગ્યો.

... બીજા દિવસે લોકેશ ખુરશીમાં બેઠો હતો ત્યાં જ વત્સલે એના ખોળામાં બિલાડી મૂકી દીધી ને પછી ભાગ્યો. લોકેશ કહે, ‘બેટમજી, ભાગે છે ક્યાં? અહીં આવ. તુંય ભેગાભેગો ખોળામાં બેસી જા એટલે બેયને એકાદ ફટકારું.’ ત્યાં તો બિલાડીએ ‘મ્યાઉં, મ્યાઉં’ આદર્યું. વત્સલ તો બેફિકરપણે ખોળામાં ચડી બેઠો ને બિલાડીના ‘મ્યાઉં મ્યાઉંના ચાળા પાડી રહ્યો. લોકેશે બેયને હળવી ટપલી મારી. ને પછી બેયને વહાલથી રમાડતા ઘાંટો પાડ્યો.’ એય રેખા, આ જોને પાજી બિલાડી, ‘મ્યાઉં મ્યાઉં’ કરી મારું માથું પકવી દીધું. ને આપણા દીકરાએ પણ...! હવે બેયને દૂધ આપ એટલે વાત પૂરી થાય...’

થોડા દિવસ પછી બિલાડી લોકેશના ખોળામાં બેફિકરપણે ચડી બેઠી. લોકેશ એને વહાલથી હાથ ફેરવતો રહ્યો. થોડી વાર પછી એણે બિલાડીને મારવાનો ડોળ કર્યો, પણ બિલાડીએ ‘જોયું-ન જોયું’ કર્યું. ખોળામાંથી ઊતરે એ બીજા...! એણે નિશ્ચિંતપણે લોકેશ સામે જોયું ને ફરી ‘મ્યાઉં મ્યાઉં’ આદર્યું. લોકેશે પત્ની રેખા સામે જોયું ને પછી બોલ્યો, ‘આ બિલાડી અસલ તારા જેવી છે. લુચ્ચી, પણ પરાણે વહાલી લાગે એવી... હવે આ વ્યસનનું શું કરવું.?! એ કોઈ કાળે છૂટે એવું લાગતું નથી.’

(સમાપ્ત) ■

* * *




‘મુંબઈ સમાચાર’ના ફન વર્લ્ડમાં તમને રસપ્રદ માહિતી મળશે અને સાથે મજા પણ આવશે. પ્રત્યેક કોયડાના સાચા જવાબ આપનારા વાચકોનાં જ નામ અહીં પ્રગટ કરવામાં આવશે. વાચકોએ તેમના જવાબ ઈ-મેઇલથી મંગળવારે સાંજે ૬:૦૦ સુધી મોકલવાના રહેશે. ત્યાર પછી મોકલેલા જવાબ સ્વીકારાશે નહીં. વાચકોએ જવાબ નવા ઈ-મેઈલ funworld1822@gmail.com પર મોકલવાના રહેશે.

## ભાષા વૈભવ...

અંગ્રેજી - ગુજરાતી શબ્દોની જોડી જમાવો

| A | B |
|---|---|
| PAL | નિસ્તેજ |
| PALE | ગોળી |
| PAIL | દોસ્ત |
| PEEL | બાલદી |
| PILL | છાલ |

## ઓળખાણ પડી?



તોફાની મોસમ અને તોફાની સમુદ્ર માટે પ્રખ્યાત ‘કેપ ઓફ ગુડ હોપ’ તરીકે ઓળખાતું વિખ્યાત બંદર કયા દેશમાં છે એ જણાવો.

અ) બ્રાઝિલ  બ) કેનેડા  ક) સાઉથ આફ્રિકા  ડ) હંગેરી

## ગયા વખતનો ઉકેલ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ નિ | માં | ણા | ૨ ધી | ન | ■ | ૩ મ | ૪ હે | ૫ રા | ૬ બ |
| જા | ■ | ■ | ક્કા | ■ | ૭ ગ | ■ | ૮ તા | વ | ડા |
| ૯ નં | ૧૦ ગ | ■ | ૧૧ ર | ૧૨ બા | રી | ■ | ળ | ■ | ઇ |
| ૧૩ દ | રી | ૧૪ યો | ■ | ૧૫ રી | બ | ન | ■ | ૧૬ ડ | ખો |
| ■ | ૧૭ બ | જ | ર | ■ | ન | ■ | ૧૮ નં | બ | ર |
| ૧૯ દુ | ■ | ના | ■ | ■ | ૨૦ વા | હ | ■ | લ | ■ |
| ૨૧ નિ | ૨૨ ક | ■ | ૨૩ પં | ૨૪ ક | જ | ■ | ૨૫ સં | ■ | ૨૬ કા |
| ૨૭ યા | ચ | ના | ■ | થ | ■ | ૨૮ આ | ગ | મ | ન |
| ૨૯ ભ | ક | ■ | ૩૦ અ | ક | ળા | મ | ણ | ■ | ન |
| ૩૧ ર | ચ | ના | વ | લી | ■ | ૩૨ લી | ક | ર | ■ |

## શબ્દલાલિત્ય

સતીશ વ્યાસ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | | ૨ | | | ■ | ૩ | ૪ | | ૫ |
| | ■ | | ■ | ■ | ૬ | | | ■ | |
| ૭ | ૮ | ■ | ૯ | | | ■ | ■ | ૧૦ | |
| ૧૧ | | ■ | | ■ | ૧૨ | | | ■ | |
| | ■ | ૧૩ | | ■ | | ■ | ■ | ૧૪ | |
| ■ | ૧૫ | | ■ | ૧૬ | | | ■ | | ■ |
| ૧૭ | | | ■ | | ■ | | ૧૮ | | ૧૯ |
| ૨૦ | | ■ | ૨૧ | | | ૨૨ | | ■ | |
| | ■ | ૨૩ | | | ■ | ૨૪ | | ■ | |
| ૨૫ | | | | ■ | ૨૬ | | ■ | ૨૭ | |

### આડી ચાવી

૧. આકાશમાં વાદળોનો --- થાય (૫)
૩. અબળખા, ઇચ્છાઓ (૪)
૬. દુઃખજનક ઉદ્ગાર (૩)
૭. ચંદ્ર પંદર દિવસ ઊગે (૨)
૯. સારી બુદ્ધિ (૩)
૧૦. માનતા, (૨)
૧૧. મારા---માં કાંઇ નથી (૨)
૧૨. એક પછી એક (૩)
૧૩. હત્યા મર્ડર (૨)
૧૪. સંખ્યાની નિશાની, ભાવ (૨)
૧૫. -- હવે બહુ થયું (૨)
૧૬. ફસલની --- કરવી પડે (૩)
૧૭. વિશાળ, વિરાટ (૩)
૧૮. એક દેવી મા (૩)
૨૦. નઠારો, ખંધો, નફફટ (જો.છૂ.) (૨)
૨૧. તપાસ, ઇન્કવાયરી (૫)
૨૩. ભલાઇ (૩)
૨૪. કાના--- હોય તો આલ, મારી નથણી ખોવાણી (૨)
૨૫. ઝાંઝરનો રણકાર (૪)
૨૬. --- ઉપર ઝાકળ સવારી (૨)
૨૭. હસ્તાક્ષર (૨)

### ઊભી ચાવી

૧. અકળામણ, મૂઝણ (૫)
૨. ભીમનું શસ્ત્ર (૨)
૩. આશ્ચર્યજનક ઉદ્ગાર (૨)
૪. કરે તે --- (૨)
૫. ખાતું ધરાવનાર (૫)
૬. હદ બહાર જવું તે (૫)
૮. શરીર (૨)
૯. ફૂલ (૩)
૧૩. વૃદ્ધ, અરસિક, શુષ્ક (૩)
૧૪. એક વૃક્ષ (૩)
૧૫. ઉકળાટ, ભાંગરો વાટવો (૩)
૧૬. માથાકૂટ, પંચાત (૪)
૧૭. સત્તા, પદવી, લાયકાત (૪)
૧૮. પાછળ ખોસેલો ધોતિયાનો ભાગ (૩)
૧૯. કામ ચાલ્યું તે (૪)
૨૧. પૂર્ણ કરનાર (૩)
૨૨. રજોગુણ, ક્રોધ, ધૂળ (૩)
૨૩. સંગીતનું સાધન (૨)

## ગુજરાત મોરી મોરી રે

‘નાનું પણ પોતાનું ઘર હોય તો કોઈ કાઢી ન શકે’ જેવો અર્થ ધરાવતી કહેવતના શબ્દો આડાઅવળા થઈ ગયા છે જે યોગ્ય રીતે ગોઠવી કહેવત જણાવો.

ઝૂંપડી બાપડી ન ભલી કોઈ આપડી કહે

## માતૃભાષાની મહેક

‘દર દર ન હોય મૂષક, ક્યાંક નામેરો નાગ’ કહેવત પરિસ્થિતિ પર પ્રકાશ ફેંકી હકીકતથી વાકેફ કરે છે. દર દેખાય ત્યાં એની અંદર ઉંદર જ હોય એ જરૂરી નથી, ક્યારેક એમાં નિર્દય લાગે એવો સાપ પણ લપાઈને પોતાનું ઘર બનાવી રહેતો હોય. ટૂંકમાં સાવધ રહેવાનો ઈશારો છે.

## સુડોકુ-૮૦૧૬

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | ૯ | ૩ | | ૬ | ૧ | | |
| | | ૨ | | ૭ | | ૯ | | |
| | ૩ | | ૧ | | ૯ | | ૬ | |
| ૨ | ૮ | | | ૫ | | | ૪ | ૧ |
| | ૪ | | ૮ | | ૨ | | ૫ | |
| ૫ | ૭ | | | ૧ | | | ૯ | ૨ |
| | ૨ | | ૭ | | ૮ | | ૩ | |
| | | ૭ | | ૯ | | ૪ | | |
| | | ૮ | ૨ | | ૩ | ૫ | | |

અહીં એક ચોરસ આપ્યું છે જેમાં નવ બોક્સ છે અને દરેકમાં નવ ખાનાં છે. ૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ. ૨) દરેક આડી અને ઊભી હરોળમાં આંક આવવો જોઈએ. અહીં પણ કોઈ આંક રહી ન જવો જોઈએ.

## સુડોકુ-૮૦૧૫

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૭ | ૨ | ૯ | ૪ | ૫ | ૧ | ૬ | ૮ | ૩ |
| ૩ | ૮ | ૫ | ૨ | ૬ | ૯ | ૭ | ૧ | ૪ |
| ૬ | ૪ | ૧ | ૭ | ૮ | ૩ | ૯ | ૫ | ૨ |
| ૯ | ૩ | ૭ | ૬ | ૧ | ૨ | ૮ | ૪ | ૫ |
| ૫ | ૬ | ૮ | ૩ | ૯ | ૪ | ૨ | ૭ | ૧ |
| ૪ | ૧ | ૨ | ૮ | ૭ | ૫ | ૩ | ૯ | ૬ |
| ૨ | ૯ | ૩ | ૧ | ૪ | ૮ | ૫ | ૬ | ૭ |
| ૮ | ૭ | ૪ | ૫ | ૩ | ૬ | ૧ | ૨ | ૯ |
| ૧ | ૫ | ૬ | ૯ | ૨ | ૭ | ૪ | ૩ | ૮ |

## ઈર્શાદ

તું મળશે મને, એવો ભ્રમ તો નથી,
નહીં મળવું એ પણ નિયમ તો નથી.
-- જવાહર બક્ષી

## ચતુર આપો જવાબ

અર્થ જણાવો

‘દમડીની ભાજી ને ઘર બધું રાજી’ કહેવતમાં દમડી શબ્દનો અર્થ જણાવો.

અ) દાડમ  બ) ખેતર  ક) દક્ષિણ  ડ) પૈસો

## માઈન્ડ ગેમ

રણ પ્રદેશ વિશ્વના કેટલાક વિસ્તારમાં પથરાયેલો છે. દુનિયાનું સૌથી વિશાળ રણ કયું એ આપેલા વિકલ્પોમાંથી શોધી કાઢો.

અ) કાલાહારી  બ) ગોબી
ક) એન્ટાર્કટિકા  ડ) સહરા

## ગયા બુધવારના જવાબ

ભાષા વૈભવ

| A | B |
|---|---|
| LAC | લાખ |
| LACK | અછત |
| LAKE | સરોવર |
| LEAK | ગળતર |
| LICK | ચાટવું |

ઓળખાણ પડી?
Cowbird

માઈન્ડ ગેમ
શનિ

ગુજરાત મોરી મોરી રે
જેણે મૂકી લાજ તેનું નાનું સરખું રાજ


ચતુર આપો જવાબ
અર્થ જણાવો
આબરૂ

## ફનવર્લ્ડમાં ઉમળકાભેર ભાગ લઈ સાચા જવાબ આપનારા વાચકોનાં નામ અહીં આપ્યાં છે. અભિનંદન.

(૧) ડો. પ્રકાશ કટકિયા (૨) ભારતી પ્રકાશ કટકિયા (૩) મુલરાજ કપૂર (૪) સુભાષ મોમાયા (૫) કિશોરકુમાર જીવણદાસ વેદ (૬) સુરેખા દેસાઈ (૭) ધીરેન્દ્ર ઉદ્દેશી (૮) ગીતા ઉદ્દેશી (૯) પ્રતિમા પમાણી (૧૦) નીતા દેસાઈ (૧૧) ભારતી બુચ (૧૨) પુષ્પા પટેલ (૧૩) હર્ષા મહેતા (૧૪) કલ્પના આશર (૧૫) ગીરીશ શેઠ (૧૬) શીલા શેઠ (૧૭) શ્રદ્ધા આશર (૧૮) લજિતા ખોના (૧૯) જ્યોતિ ખાંડવાલા (૨૦) મહેશ દોશી (૨૧) મહેન્દ્ર લોઢાવિયા (૨૨) મહેશ સંઘવી (૨૩) પ્રવીણ વોરા (૨૪) મીનળ કાપડિયા (૨૫) નિખિલ બંગાળી (૨૬) અમીશી બંગાળી (૨૭) તાહેર ઔરંગાબાદવાલા (૨૮) શીરીન ઔરંગાબાદવાલા (૨૯) ભાવના કર્વે (૩૦) મનીષા શેઠ (૩૧) ફાલ્ગુની શેઠ (૩૨) નિતિન બજરિયા (૩૩) અંજુ ટોલિયા (૩૪) ખુશરૂ કાપડિયા (૩૫) જગદીશ ઠક્કર (૩૬) વીણા સંપટ (૩૭) દેવેન્દ્ર સંપટ (૩૮) રશીક જુથાણી - ટોરંટો - કેનેડા (૩૯) અરવિંદ કામદાર (૪૦) પુષ્પા ખોના (૪૧) જયવંત પદમશી ચિખલ (૪૨) ગિરીશ બાબુભાઈ મિસ્ત્રી (૪૩) નયના ગિરીશ મિસ્ત્રી (૪૪) વર્ષા સૂર્યકાંત શ્રોફ (૪૫) જ્યોત્સના ગાંધી (૪૬) ઈનાક્ષી દલાલ (૪૭) રમેશ દલાલ (૪૮) હિના દલાલ (૪૯) નૂતન વિપીન

ઔર યે મૌસમ હંસીં...
દેવલ શાસ્ત્રી
feedback@bombaysamachar.com

# ચેતવવા છતાં એવી ભૂલ શું કામ કરીએ છીએ?




મહાભારતમાં દુર્યોધનને અસંખ્ય વખત યુદ્ધની વિભીષિકા માટે ચેતવવામાં આવ્યો હતો આમ છતાં યુદ્ધ એનો નશો બની ગયું હતું. યુધિષ્ઠિર એક વાર જુગારમાં પત્ની સહિત પરિવાર અને રાજ્ય ગુમાવી ચુક્યા હતા. માર્ગમાં બીજી વાર જુગારનું આમંત્રણ મળતાં ભાઈઓની ના હોવા છતાં ફરી રમવા માટે તૈયાર થયા હતા. શેરબજારમાં જોખમો વિશે માહિતગાર હોવા છતાં લોકો લાખો રૂપિયા નાખી દે છે. જીવનમાં એવી અસંખ્ય ઘટનાઓ બને છે જેને માટે ચેતવણી મળતી હોવા છતાં વ્યક્તિ જોખમ લેતો હોય છે. દારૂ જેવા વ્યસનમાં હજાર વાર પ્રયાસ કરવા છતાં નિયત સમયે કીક વાગતી હોય છે. માણસના સ્વભવમાં જોખમ લેવાની કેમ મજા આવે છે કે પછી જોખમ લેવાનો સમયગાળો એના કાબુ બહાર હોય છે આ વિષય પર અસંખ્ય સંશોધન થયા છે.

નાઇકો ટિનબર્ગન નામના વૈજ્ઞાનિકે કેટલાક પ્રયોગો કર્યા, જેમાં એ નક્કી કરવાની કોશિશ કરવામાં આવી કે આપણને કોઈપણ કામ કરવા માટે પ્રેરણારૂપ કોણ બનતું હોય છે?. દરિયા કિનારા પર મરઘાની એક પ્રજાતિમાં ચાંચ પર લાલ ટપકું હોય છે. આ પ્રજાતિ પર એક પ્રયોગ કરવામાં આવ્યો. ટિનબર્ગને અભ્યાસ કર્યો કે નાના બચ્ચાને ભૂખ લાગે ત્યારે તે માતાની ચાંચ પરના લાલ ટપકાંમાં પોતાની ચાંચ મારીને ખોરાક શોધે. જે સંશોધન માટે નોબેલ પ્રાઈઝ મળ્યું એ ટિનબર્ગને નકલી ચાંચ અને લાલ ટપકું બનાવીને બચ્ચા પાસે લઇ ગયાં તો બચ્ચાંઓએ લાલ ટપકાં પર ચાંચ મારી, એનો અર્થ એ થયો કે બચ્ચાઓમાં કોઈ જિનેટિક પ્રોગ્રામ જન્મજાત ડાઉનલોડ થયેલો છે, તેથી લાલ ટપકાં પર ચાંચ મારે છે. હવે એણે લાલ ટપકું મોટું કર્યું તો બચ્ચાં જોરથી ચાંચ મારતાં હતાં.

ટિનબર્ગને આ પ્રકારના પ્રયોગ બીજા પ્રાણી અને પક્ષીઓની આદતો પર કર્યો, એમને લાગ્યું કે કેટલીક ઘટના બાળપણથી જ પ્રાણી કે પક્ષીને ઉશ્કેરી શકે છે. આ કારણે વિશિષ્ઠ વર્તન કરે છે. આપણા મોબાઈલમાં દર ત્રીજો મેસેજ આવે છે કે જંક ફૂડથી દૂર રહો, છતાં માણસ શું કામ ટેસથી ખાય છે? એનો જવાબ ઉપરોકત પ્રયોગથી શોધવાનો પ્રયાસ થયો.

છેલ્લી સદીઓને છોડતાં લાખો વર્ષથી માણસ જંગલમાં ભોજનની શોધ માટે જાતજાતનાં જોખમો લઈને શિકાર કરવા જતો હતો. ભોજનની શોધના એ લાખો વર્ષમાં માણસ મીઠું, ખાંડ અને પ્રોટીન માટે તરસતો હતો. આજે સમય સંજોગો બદલાયા છે, પણ માણસના મનમાં રહેલી પેલી લાલસા હજારો વર્ષોથી અકબંધ પડી છે. ફાસ્ટ ફૂડ બિઝનેસને માણસની આ મજબૂરી વિશે ખબર છે. પોટેટો ચિપ્સ કરોડોનો બિઝનેસ કરે છે, પિત્ઝા ખાવાના ગમે છે, ફ્રેન્ચ ફ્રાઇઝ ખાવાની ઇચ્છા ન હોય તો પણ ખવાય છે. પંજાબી ફૂડ કે પાણીપૂરી માટે આ જ નિયમ લાગુ પડે છે. તમને ભૂખ નથી છતાં મન મસ્તિષ્ક પર કાબૂ રહેતો નથી, કારણ કે હજારો વર્ષથી પડેલા જિનેટીક પ્રોબ્લેમ તમને નમક, સ્વીટ કે પ્રોટીનસભર ખોરાક ખાવા માટે મજબૂર કરે છે.

ભોજનના નિષ્ણાતો આપણી મજબૂરીનો લાભ લઇને મીઠું, ગળપણ અને ફેટ સાથે ભોજનની ડિઝાઇન બનાવે છે, એમાં એક ઓર મજબૂરી ઉમેરે છે અને એ છે ડિઝાઇન. તમને ખબર છે કે આ ભોજન નુકસાન કરે છે છતાં કોઈક વિચાર તમને ખાવા માટે પ્રેરે છે. આ જ પ્રયોગ કપડાંના સ્ટોર પરના મોડેલ મૂક્યા હોય છે એના પર થાય છે, અંડરગાર્મેંટના મોડેલ કે ફોટોગ્રાફ જોશો તો ખ્યાલ આવશે. માણસના મનમાં કેટલીક અદમ્ય ઈચ્છાઓ પડી છે એ ઈચ્છાઓ એને અન્ડરગાર્મેટની મોડેલમાં દેખાય છે. જાહેરાતોમાં, વીડિયો ગેમ્સ અને સોશિયલ મીડિયામાં ય આ જ નિયમ વાપરવામાં આવે છે, તમે જાણવા છતાં તેની ઘેલછા છોડી શકતા નથી.

આ વાતને મનોવિજ્ઞાનની નજરે વધુ સમજીએ. આપણા મગજમાં કોઈક તો છુપાયેલું છે, જે ના પાડવા છતાં આપણા દિલોદિમાગ પર દાદાગીરી કરે છે. આપણી આદતોને મજબૂતી આપવામાં કોઈ મદદરૂપ થતું હોય તો એ 'ડોપામાઇન' નામના અંતઃસ્રાવ નામનું ઝરણું છે. કેટલાક ઉંદરો પર પ્રયોગ કરવામાં આવ્યો કે તેમનામાં ડોપામાઇનના ઝરણાં બંધ કર્યા તો ઉંદરોએ ખાણીપીણી અને મોજમજા બંધ કરી દીધી. કેટલાકને જીવવાની ઇચ્છા મરી ગઇ અને મરી પણ ગયાં. ફરી નવો પ્રયોગ થયો કે ડોપામાઇન વગરના ઉંદરોના મોંમાં સ્વીટ મૂકવામાં આવી તો ઉંદરોએ મોજથી સ્વાદ માણ્યો. પહેલાં જેટલો જ આનંદ માણ્યો પણ નવી ઇચ્છા ન હતી.

હવે ઊંધો પ્રયોગ થયો કે ડોપામાઇનનો ડોઝ વધારી દીધો, ઉંદરોએ સુખ શોધવાના પ્રયાસો વધારી દીધાં.

આ પ્રયોગોનો અર્થ એ થયો કે ડોપામાઇન એ પ્રયાસોનો આનંદ વધારે છે, પરિણામ ભોગવવાનો નહીં. સરળ શબ્દોમાં કહીએ તો આપણે ત્યાં લગ્ન પહેલા નાચગાનની તૈયારી કરવામાં જે આનંદ મળે છે એ પર્ફોમન્સ વખતે પણ મળતો નથી. લગ્ન પહેલાનાં સમયમાં સાથીદારના સ્પર્શનો જે આનંદ હતો એ લગ્નના કેટલાક વર્ષ પછી ઉત્તેજના આપતો નથી. ભૂખ્યા પેટે ભોજનની સુવાસ જે આનંદ આપે છે એ ભોજન દરમિયાન લુપ્ત થતો જાય છે.

જેમ્સ ક્લિયરના શબ્દોમાં કહીએ તો ઇનામ મળતાં પહેલાં જે ઉત્તેજના હોય છે એ ઇનામ પછી શમી જાય છે.

પિત્ઝા, મીઠાઈ, ડાન્સ, બિનજરૂરી ઓવર ટેક, કલરફૂલ ડ્રેસ, રોમાન્સ, સુંદર વ્યક્તિ, પ્રેમમાં પડવાની ઈચ્છાઓ. આ બધાનું આકર્ષણ કેમ હોય છે? એ મળ્યા પછી એની ઉત્તેજના રહેતી નથી. ઇન શોર્ટ, મગજમાં ઘણા બધા ઇચ્છાનાં કેન્દ્ર વેરાયેલાં પડ્યાં છે. મળેલું ભોગવવા માટેના આનંદના કેન્દ્ર લિમિટેડ છે. જગતમાં ઇચ્છાઓ જ એન્જિન છે, એને મરવા દેશો નહીં. આનંદનું મૂળ કારણ ઇચ્છા જ છે. હિલસ્ટેશન જતી વેળા માર્ગ માણવાની જે મજા આવે છે એ પરત આવતાં રહેતી નથી. ■

**ધ એન્ડ**

*જીવનમાં કોઈ સુંદર માર્ગ મળે તો એ પૂછવાનું ટાળજો કે આ માર્ગ ક્યાં જાય છે. (અજ્ઞાત)*

ઊડતી વાત ___ભરત વૈષ્ણવ
feedback@bombaysamachar.com

# 'બખડજંતર'ના બાબુલાલે આપ્યું 'બમ્પર' બોનસ!



'ગિરધરલાલ, સાતેય કામ પડતા મુકીને આવો.' રાજુએ લાકડિયા તાર જેવી ટેલિફોનિક સૂચના આપી.

'મારે કયાં આવવાનું છે?' મેં ગભરાટમાં પૂછ્યું. મને એમ કે રાજુ રદીની સાઇકલને અકસ્માત થયો હશે ને રાજુ મને સંકટ સમયની સાંકળ ગણીને ફોન કરતો હશે.

'ગિરધરલાલ, 'બખડજંતર' ચેનલની ઓફિસે આવી જાવ.'

'શું થયું છે એ તો મને કહે. ઓફિસમાં આગબાગ લાગી છે? ઇડીની રેડ પડી છે? આવકવેરાના દરોડા પડયા છે? કોઇએ બાબુલાલનું માથું ફોડી નાખ્યું છે?' મેં ફોન પર સવાલોનો ધોધમાર વરસાદ વરસાવ્યો.

'ગિરધરલાલ ગજબ થઇ ગયો.' રાજુ રદીએ ફોન પર એટલું જ કહ્યું ત્યાં ફોન કટ થઇ ગયો. મેં રાજુને ફોન કોલ કર્યો તો સાંભળવા મળ્યું :

'આપને જિસ નંબર કો કોલ કિયા હૈ યેહ નંબર સ્થાયી રૂપસે અસ્તિત્વમેં નહીં હૈ.' એવો રેકોર્ડેડ મેસેજ વાગવા માંડ્યો. હું તર્ક-વિતર્ક વત્તા કુતર્ક કરતો ઓફિસે પહોંચ્યો.

'ગિરધરલાલ, આપણા બોસ બાબુલાલે નવો ફિતૂર કર્યો છે.' રાજુએ મને માહિતી આપી. રાજુનું તાળા જેવું મોં ખુલ્લુંને ખુલ્લું રહી ગયેલ. ક્યાંક ચાવી મળે તો મુખ બંધ કરી શકાય. મુખના કુંભમાંથી લાળમહાસાગર અસ્ખલિત અને અવિરત ઘૂઘવતો હતો.

આ દુનિયામાં કામ કરતા કર્મચારીના મોઢા આગળ ગાજર લબડાવવું પડે છે. ગાજર એટલે સૂક્ષ્મ અને સ્થૂળ અર્થમાં રિયલ ગાજર હોવું જરૂરી નથી. એ ગાજર પગાર વધારો, બઢતી, સ્પેશિયલ એલાઉન્સ કે અન્ય ભથ્થા હોઇ શકે. તકલીફ એ છે કે બધાને બઢતી આપી શકાતી નથી. બધા પગાર વધારો મેળવવા લાયક હોતા નથી.

આજકાલ કંપની કામ કરનારને દિવાળી કે નાતાલ અથવા નાણાકીય વરસના અંતે બોનસ આપે છે. ઘણી કંપની બોનસ તરીકે એક પગાર કે લમસમ રકમ આપે છે. જે કંપનીના શેર આસમાને પહોંચ્યા એવી કંપની બોનસ તરીકે સ્ટોક એટલે કે શેર આપે છે. ટ્રાવેલ વાઉચર, ફૂડ વાઉચર આપે છે. સુરતના શેઠિયા તો કામ કરનારા પર મઘા નક્ષત્રની જેમ ધોધમાર વરસી જાય છે. કારીગરને દસ વીસ હજાર રૂપિયા આપવાથી એમનું દળદર કે હળદર કેવી રીતે ફીટે?. સુરતી શેઠિયાએ એક વાર કારીગરોને આરામપ્રદ અને સંપૂર્ણ સુવિધાયુકત ફ્લેટ બોનસ તરીકે આપેલા. કારીગરને કાર પણ આપેલી, કેમ કે સંતોષાયેલો-ધરાયેલો કર્મચારી કંપની માટે મિલકત છે તેવું બિઝનેસ મેનેજમેન્ટના નિષ્ણાંતો માને છે. તાઇવાનની એક કંપનીએ તેના કર્મચારીને પચાસ મહિનાનો અધધધધ કહી શકાય તેટલો પગાર બોનસ તરીકે આપેલો આ તો સારી કંપની અને સારા કર્મચારીની વાતો છે. બાકીનાની વાત જ જવા દો ને અમારી 'બખડજંતર' ચેનલના માલિક બાબુલાલ પગાર આપવામાં અખાડા કરતા હોય. મોંઘવારી આપવામાં વડચકા ભરતા હોય, મેડિકલ આપવામાં મોતિયા મરી જતા હોય એવા બાબુલાલ પાસે બોનસ માગવું એ સ્મશાનેથી મૃતદેહ પાછો લાવવા જેવી વિરલ ઘટના કહેવાય. જો કે, 'બખડજંતર' ચેનલની વીસમી વરસગાંઠે બાબુલાલે ૨૦ રૂપિયાનું બોનસ આપવાની ભવ્ય ઉદારતા દાખવેલી જેની ઇતિહાસ પણ નોંધ લેતા તૈયાર કે તત્પર નથી.

હમણા ચીનની એક કંપનીના ભેજાગેપ માલિકે સનસની મચાવી દીધી. હેનાન માઉનિંગ કંપની ક્રેન બનાવે છે. ચીનના નવા વરસની ઉજવણી નિમિત્તે કર્મચારીને લૂંટાલૂંટ બોનસ આપ્યું . માલિકે લગભગ ૭૦ મીટર લાંબા ટેબલ પર ૧૧ મિલિયન સિંગાપોર ડૉલર (લગભગ ૭૦ કરોડ રૂપિયાથી વધુ) ફેલાવી દીધા અને કર્મચારીઓને કહેવામાં આવ્યું હતું કે તમારી પાસે ૧૫ મિનિટનો સમય છે, આ સમયગાળામાં તમે જેટલા નાણા ગણી શકો તેટલા તમારા !. દરેકને વારાફરતી તક આપી હતી. એક કર્મચારીએ ફાળવેલ સમયમાં ૧૦૦,૦૦૦ યુઆન (લગભગ ૧૨.૦૭ લાખ રૂપિયા) ઘરભેગા કરેલ હતા.

આ સમાચાર વાંચીને બાબુલાલની ડાગળી ખસી ગઇ જતાં લવારો કર્યો : 'હું કાંઇ કમ છું ? હું પણ પેલી કંપનીની જેમ મારા સ્ટાફને કંજૂસ હાથે બોનસ આપીશ.. ! ' બાબુલાલની માર્કેટમાં મખ્ખીચૂસ માનવી તરીકેની છાપ છે. એ સુધારવાની સ્કિમ એણે અમલમાં મુકી. બાબુલાલ પાંચસો, બસો, સો રૂપિયાની સાચી તો ઠીક પણ ખોટી નોટ પાથરવાની ત્રેવડ નથી. બાબુલાલે એક બાય એકના ટેબલ પર એક રૂપિયા , બે રૂપિયા, પાંચ રૂપિયા , દસ-વીસ રૂપિયાના સિક્કાનો ઢગલો કરી સો ગ્રામના સિક્કા લઇ જવા મને, રાજુ રદી, ગણપત ગાંગડા, ચંદુ ચૌદસ, લોભશંકરને હાકલ કરી.

-અને અમે બાબુલાલના પરચૂરણ સિક્કા લેવા 'પુષ્પા-૨' ફિલ્મના કેરેકટરની જેમ લડવામાં હોસ્પિટલના બેડ પર પગ ઊંચા ટીંગાડી કણસી રહ્યા છીએ.

અતિ કે અલ્પ લોભ એ પાપનું મૂળ છે એ અમને સમજાઇ ગયું છે. ■

તસવીરની આરપાર
___ભાટી એન.
feedback@bombaysamachar.com

# ભારતમાં સંપૂર્ણ મુખારવિંદવાળું કલાત્મક કાલિકા માતાજીનું મંદિર - પાટણ

ભારતમાં માતાજીનું માહાત્મ્ય અપાર છે, આપણો દેશ ધર્મ પરાયણ છે, તેમાં તીર્થધામો પણ ઘણા છે, જિંદગીમાં જાત્રા કરવાનું કે ફરવા જવાનું બધા પસંદ કરે છે, એકવીસમી સદીમાં આપણે પૈસે ટકે સુખી છીએ પણ અંતર મનમાં દુઃખીનાં ડાળિયા છીએ...!?. કામ કામ ને કામ સુખ શાંતિ નથી અંદરથી દુઃખી નો ભાવ જોવા મળે છે, તેના માટે આપણા ધાર્મિક તીર્થો આપણને શાતા આપે છે, ત્યાં મનમોહક મૂર્તિ જોતા પુલકિત થઈએ છીએ. આવું જ એક પ્રવાસન સ્થળ ઉત્તર ગુજરાતનું વિશ્વ વિખ્યાત પાટણ તે રાણકી વાવ, પાટણનાં પટોળાથી વિશ્વ હેરિટેજમાં નામ છે, અરે ૧૦૦ રૂપિયાની નોટમાય રાણકી વાવની તસવીર છે.!.

આનાથી મોટું ગૌરવ પાટણને શું હોય અને તેના પટોળા પણ આગવી ઓળખ ઉભી કરી છે. આજે રોજનાં હજારો પ્રવાસીઓ રાણકી વાવ જોવા જાય છે ત્યાં રસ્તામાં જ આવતું એક તદ્દન ભિન્ન કૃતિવાળુ મંદિર છે...!?. હા ત્યાં ગઢ નો ગોળ ભાગ છે તેમાં પાટણનાં નગરદેવી કાલિકા માતાજીનું મંદિર પણ ખુબ અદ્ભુત છે ત્યાં મંદિર નથી પણ ગઢનો ગોળાકાર ભાગ પણ મોટો છે તેમાં કાલિકા માતાજીનું સંપૂર્ણ મુખારવિંદ સાથેની મૂર્તિની શોભા અપાર છે, હું રાણકી વાવ જોઈ આવતો હતો ત્યાં મને જાણવા મળ્યું કે આ ગઢમાં અતિ ભવ્યાતીભવ્ય નયનરમ્ય મંદિર છે.

હું ભોળા ભાવે મંદિરમાં ગયો ને ત્યાં ફૂલોનાં સપ્તરંગી શણગાર જોઈ હું પુલકિત થઈ ગયો... વાહ... વાહ... કાલિકા માતા તારું અદકેરું રૂપ નીરખી હું પણ ધન્ય ધન્ય થઈ ગયો. ખરેખર તેની મૂર્તિમાં જે શણગાર છે તેવો ગોળાકાર શણગાર ભાગ્યેજ જોવા મળે અને આ મંદિર પાટણનાં રાજા સિદ્ધરાજ જયસિંહે બનાવેલ. પાટણ એક સમયનું જાજરમાન રજવાડું હતું તેની સખાવત ને તેમણે બંધાવેલ ઐતિહાસિક ઇમારતો, વાવ, તળાવ તેનું ગાન કરે છે તો ચાલો પાટણનાં કાલિકા માતાજીનો ધાર્મિક ઇતિહાસ જાણીએ.

પાટણઃ ગુજરાતની પ્રાચીન રાજધાની ગણાતા પાટણ નગરમાં રાજા સિદ્ધરાજ જયસિંહનો શાસનકાળ ૧૦૯૪ થી ૧૧૪૩ એટલે કે ૪૯ વર્ષ સુધી રહ્યો હતો. આ શાસનકાળ દરમિયાન રાજા સિધ્ધરાજ જયસિંહે આખા પશ્ચિમ ભારત પર શાસન કર્યું હતું અને અનેક મંદિરો તેમજ શિલ્પ સ્થાપત્ય બનાવ્યા હતાં. પોતાના સામ્રાજ્યનો વિસ્તાર વધારવા માટે સિદ્ધરાજ જયસિંહે ઉજ્જૈન ઉપર ચઢાઇ કરી હતી. ત્યારે ગઢમાં બિરાજમાન કાલિકા માતાજીએ મદદ કરી હતી.

કહેવાય છે કે સિદ્ધરાજે ઉગ્ર તપસ્યા કરીને માતાજીને પ્રસન્ન કર્યા હતાં અને પાટણ પધારવા નિમંત્રણ આપ્યું હતું. ત્યારે કાલિકા માતાએ કહેલું કે હું ગઢ કાલિકા છું મારા માટે ગઢ જોઈએ. તેથી રાજા સિદ્ધરાજે પાટણમાં ઇ.સ.૧૧૨૩માં ગઢ બનાવ્યા. જે ગઢના કિલ્લામાંથી માતાજી સ્વયંભૂ સંપૂર્ણ મુખારવિંદ સાથે પાટણમાં પ્રગટ થયાં. ત્યારથી શ્રી કાલિકા માતા પાટણનાં નગરદેવી તરીકે પૂજાય છે.

સંપૂર્ણ મુખારવિંદ સાથે બિરાજમાન-દેશના વિવિધ સ્થળો પર કાલિકા માતાજી બિરાજમાન છે. પરંતુ પાટણમાં કાલિકા માતા સંપૂર્ણ મુખારવિંદ સાથે બિરાજમાન છે. પ્રસિદ્ધ યાત્રાધામ પાવાગઢમાં કાલિકા માતાજીના માત્ર નેત્રના જ દર્શન થાય છે.



કલકત્તાના કલીગાઢમાં માતાજીના નાસિકાના દર્શન થાય છે. ઉજ્જૈનમાં માતાજી અપૂર્ણ મુખારવિંદ સાથે બિરાજમાન છે. જ્યારે પાટણમાં માતાજી સંપૂર્ણ મુખારવિંદ સાથે બિરાજમાન છે. અહીં એમના સાનિધ્યમાં ૧૮ ભુજાઓ સહિત પદ્માસનમાં ભદ્રકાળી માતાજી બિરાજમાન છે. જેથી ધાર્મિક રીતે આ મંદિરનું (Patan Gadh Kalika Temple )મહત્ત્વ અનેક ગણું વધારે છે.



કાલિકા માતાના દર્શનથી મનને શાંતિ મળે છે અને મનોકામના પૂર્ણ થાય છે : શ્રદ્ધાળુ -નગરદેવી શ્રી કાલિકા માતાજીના મંદિરે વર્ષે દહાડે હજારો માઇભકતો દર્શનાર્થે આવે છે અને પોતાની બાધા-માનતા પૂર્ણ કરી ધન્યતા અનુભવે છે.આ મંદિરે આવવાથી દરેક વ્યક્તિની મનોકામનાઓ પૂર્ણ થાય છે. સાથે સાથે મનને સંપૂર્ણ શાંતિ પ્રાપ્ત થાય છે આ મંદિરે ખાસ કરી નવરાત્રીનું મહત્ત્વ અદકેરું છે.

નવ દિવસ ભિન્ન ભિન્ન શણગાર સજાવવામાં આવે છે, નગરદેવી શ્રી કાલિકા માતાને વિવિધ અલંકારોથી સુંદર રીતે શણગાર કરવામાં આવ્યા છે જેના દર્શન થકી જ મનને શાંતિ પ્રાપ્ત થાય છે.

શ્રી કાલિકા માતા ડાયમંડના અલંકારોથી સુશોભિત છે,- પાટણના કાલિકા માતાના મંદિર ખાતે વર્ષ દરમિયાન આસો નવરાત્રિ અને ચૈત્રી નવરાત્રિ મહોત્સવ પરંપરાગત રીતે ધામધૂમપૂર્વક ઉજવાય છે.

પર્વની ભક્તિમય માહોલમાં શરૂઆત કરવામાં આવી છે. નવરાત્રિના પ્રારંભે શ્રી કાલિકા માતાજીને વિશિષ્ઠ શૃંગાર કરવામાં આવે છે, પૂજારી દ્વારા માતાજીની દૈદીપ્યમાન મૂર્તિને દેશવિદેશમાંથી ખરીદેલા ડાયમંડના આભૂષણોથી સુશોભિત કરવામાં છે. સાથે જ મુંબઈ અને કલકત્તાના રંગબેરંગી ફૂલોની નયનરમ્ય આંગી કરવામાં આવી છે, જ્યાં શ્રદ્ધાળુએ માતાજીની મૂર્તિનાં દર્શન કરી આશીર્વાદ મેળવી હર્ષોલ્લાસની ભાવના તંતોતંત કરે છે, તો આપ પાટણ જયારે પણ મુલાકાત લો ત્યારે કાલિકા માતાજીનાં દુર્લભ દર્શન કરવાનું ચુકતા નહીં હો...!?. ■

# અજબ ગજબની દુનિયા

હેન્રી શાસ્ત્રી henry.shastri@bombaysamachar.com


## બજેટ ૧૦ કરોડ, ખર્ચ શૂન્ય



૧૫૦ - ૨૦૦ કરોડનો પ્રોજેક્ટ હોય પણ વિલંબ થવાને કારણે કે અન્ય કોઈ કારણસર એ પૂરો થાય ત્યાં સુધીમાં ૫૦૦ - ૬૦૦ કરોડ અને ક્યારેક તો એથી પણ વધુ ખર્ચ થયો હોવાના અનેક કિસ્સા તમે વાંચ્યા - સાંભળ્યા હશે. આમાં સમયની બરબાદી તો અલગ.

ચેક રિપબ્લિક નામના દેશમાં ૧૦ કરોડનું બજેટ એક બંધના બાંધકામ માટે નક્કી કરવામાં આવ્યું હતું, પણ છેલ્લા સાત વર્ષથી એક યા બીજા કારણસર પ્રોજેક્ટ અટવાઈ ગયો હતો. 'બીવર' તરીકે ઓળખાતા અને જમીન તેમજ જળમાં રહેતા તીણા દાંતવાળા સસલું અને ઉંદરના વર્ગના પ્રાણીએ ગજબની કમાલ કરી છે. આ પ્રાણી નદીના વહેણને અટકાવવા વૃક્ષની ડાળીઓની આડશ ઊભી કરવા માટે જાણીતું છે. જોગાનુજોગ, જે વિસ્તારમાં ચેક રિપબ્લિકના નાગરિકોને પાણીના વહેણની સમસ્યા હતી ત્યાં જ આઠ 'બીવરોએ' 'સાથી હાથ બઢાના' કોરસમાં ગાઈને માત્ર બે જ દિવસમાં બંધનું કામ પૂરું કર્યું અને રાતી પાઈ પણ ખર્ચ પેટે માગી નહીં. આમેય મૂંગું પ્રાણી, કૌભાંડમાં બિચારું શું સમજે?!

## પ્રેમ વ્યક્ત કરવા પૈસા લાગે



ગીતોમાં ભલે કહેવાતું હોય કે 'પ્યાર કો ચાહિએ ક્યા એક નઝર એક નઝર', આજના જમાનામાં પ્રેમ અને પૈસાને સીધો સંબંધ છે. મુરતિયાનો સ્વભાવ કે એના પરિવાર કરતાં એની ઈન્કમ, એની પ્રોપર્ટી અને પૈસા ઊભા કરી શકવાની એની ક્ષમતા અનુસાર પ્રેમ પરિણયમાં પરિણમે છે.

ગયા શુક્રવારે વેલેન્ટાઈન્સ- ડે હતો ત્યારે આપવામાં આવેલી ચોકલેટ ગર્લફ્રેન્ડ માટે કેટલો ઊંડો પ્રેમ છે એ જ કેવળ નક્કી નહોતી કરતી. ચોકલેટ બનાવવા માટે વપરાતા કોકો બીન્સના ભાવ છાપરું ફાડીને ઉપરની દિશામાં ગયા હોવાથી ચોકલેટની ખરીદી બોયફ્રેન્ડનું ખિસ્સું કેટલું ઊંડું છે એ પણ નક્કી કરતી હતી.

૨૦૨૨માં કોકો બીન્સનો ભાવ બે હજાર ડૉલર ટન દીઠ હતો, જે આજની તારીખમાં વધી ૧૦ હજાર ડૉલર પર પહોંચી ગયો છે. અનેક ચોકલેટ ઉત્પાદકોએ પ્રેમનો વિરહ સહન કરી શટર પાડી વેલેન્ટાઈન્સ - ડે નિમિત્તે ચોકલેટ તૈયાર કરવાનું માંડી વાળ્યું.

આમેય આજે પ્રેમને દિલ સાથે ઓછો, દિલની આગળ રહેલા ખિસ્સા સાથે વધુ નિસ્બતનો જમાનો છે.

## બીકનો પણ વારસો હોય



કોંક્રિટ જંગલોમાં રહેતા લોકોને સાપ કે કરોળિયાનો સામનો ભાગ્યે જ કરવો પડે છે. અલબત્ત, સાપ સામે ફેણ ફુલાવીને બેઠો છે કે કરોળિયો હાથ પર ચડી આવ્યો છે એવા વિચાર માત્રથી ધ્રુજારી છૂટી જતી હોય છે.

આ વિષયમાં સંશોધન કરનારાઓનું તારણ છે કે બાળકોમાં પણ આવું જોવા મળે છે. સાવ નાની ઉંમરના શિશુઓ જેમને સાપ કે કરોળિયો શું કહેવાય એની જાણ સુધ્ધાં નથી હોતી એમને આ પ્રાણીઓનાં ચિત્રો દેખાડવામાં આવ્યાં ત્યારે એમની આંખની કીકીઓમાં ભય ડોકિયાં કરતો હોવાનું અનુમાન નીકળ્યું હતું. જોકે, વિચિત્ર વાત એ છે કે આ શિશુને ગેંડો, રીંછ કે અન્ય ભયાનક પ્રાણીઓનાં ફોટા દેખાડ્યા ત્યારે એમની આંખોમાં ડર નહોતો દેખાયો. ૩૦ વર્ષ પહેલા આવેલી 'બેબીઝડે આઉટ' ફિલ્મમાં નવ મહિનાનું બાળક મહાકાય ગોરીલાને જોઈ ખીલખીલાટ કરે છે એવો સીન હતો. આનું તારણ એવું કાઢવામાં આવ્યું છે કે સાપ અને કરોળિયાનું માનવજીવન સાથેનું સહ અસ્તિત્વ છ કરોડ વર્ષ જૂનું હોવાથી ઉત્ક્રાંતિ દરમિયાન એ ડર કે ભય મગજમાં વણાઈ સ્થાયી થઈ ગયો હશે.

## તકલીફો ધોઈ નાખવાનું વોશિંગ મશીન



'ગમ ઔર ખુશી મેં ફર્ક ન મેહસૂસ હો જહાં, મૈં દિલ કો ઉસ મકામ પે લાતા ચલા ગયા' પંક્તિમાં સાહિર લુધિયાનવીએ બહુ અદ્‌ભુત વાત કરી છે, પણ એ પંક્તિ વાંચવી અને માણવી સહેલી છે, જીવનમાં ઉતારવી બહુ અઘરી છે.

વિષમતાથી વીંટળાયેલા રહેતા આજના માનવીના ચહેરા પર ખડખડાટ હાસ્ય તો ઈદના ચાંદ જેવું અલભ્ય બની ગયું છે કે શું એવો વિચાર આવી જાય છે.

યુગોસ્લોવિયામાંથી ૧૯૯૧માં છૂટા પડી સ્વતંત્ર દેશ બનેલા યુરોપિયન દેશ ક્રોએશિયામાં જીવનમાં રહેલી નેગેટિવિટી ભગાડવા એક લાફ્ટર મ્યુઝિયમ બનાવ્યું છે. 'હા હા હાઉસ' નામના મ્યુઝિયમમાં દાખલ થતાની સાથે તમારા પર સફેદ રંગનો ધુમાડો છોડવામાં આવે અને ત્યારબાદ એક વિશાળ વોશિંગ મશીનમાં તમારે દાખલ થવાનું , જ્યાં તમારી ચિંતા, પીડા, દુઃખ વગેરે જે હોય એ બધા ધોવાઈ જાય. પછી સુમો રેસલિંગ રૂમ તેમજ કરાઓકે રૂમ જેવી તરકીબો તમારામાં રહેલા બાળકને બહાર લાવે. અને બાળકને તો ચિંતા શું કહેવાય એ ખબર જ ન હોય ને. હોસ્પિટલ અને શાળા સુધ્ધાં 'લાફ્ટર થેરપી'ને પ્રાધાન્ય આપી રહી છે ત્યારે આવી કોશિશ કમાલની ન લાગે તો જ નવાઈ.

## લ્યો કરો વાત!

*૬૮ વર્ષથી રણજી ટ્રોફી રમી રહેલી કેરળ ક્રિકેટ ટીમ બીજી વાર સ્પર્ધાની સેમી ફાઈનલમાં પ્રવેશી એમાં સચિન અને અઝહરુદ્દીનનું મહત્ત્વનું યોગદાન છે. ના, લખવામાં કોઈ ભૂલ નથી થઈ. તમારી સમજવામાં ભૂલ કદાચ થઈ હશે. જો તમે માની લીધું હોય કે કેરળની આગેકૂચમાં સચિન તેંડુલકર અને ભારતીય ટીમના માજી કેપ્ટન મોહમ્મદ અઝહરુદ્દીનનો હાથ છે તો તમે ખોટું સમજી બેઠા છો. કેરળના ખેલાડી છે ડાબોડી બેટ્સમેન સચિન બેબી જેનું નામ તેંડુલકર પરથી અને જમણેરી બેટ્સમેન મોહમ્મદ અઝહરુદ્દીનનું નામ માજી કર્ણધારના નામ પરથી પાડવામાં આવ્યું છે. માત્ર નામમાં સામ્ય છે, ટેલેન્ટમાં નહીં.* ■

# સટ્ટાક સવાલ... ફટ્ટાક જવાબ

## રમૂજી સવાલના મનમોજી જવાબ

દર્શન ભાવસાર

**દીકરીને ગાય દોરે ત્યાં જાય તો, દીકરો?**
* ફાવે ત્યાં જાય.

**પારકી માતા કાન વીંધે. નાક કેમ નહીં?**
* નાક ખેંચવાનો અધિકાર સાસુમાને મળ્યો છે.

**સાસરિયું સોનાની ખાણ હોય તો પિયર માટે શું?**
* પ્રેમ-પરિવાર અને પરંપરાનું વિશ્વ.

**દેવું કરીને ઘી પીવું જોઈએ પછી તેલ કોણ પીશે ?**
* તમને ઘીની ઉધારી માટે રકમ આપનારા !

**યુવતીઓ હેર સ્ટાઈલ બગડી ના જાય એ માટે હેલ્મેટ પહેરતી નથી?**
* ઓળખ છુપાવવા આવી ઘણી સ્ટાઈલ યુવતી જાણતી હોય છે

**પ્રભાતિયાં બપોરે ગાઈએ તો?.**
* ગાઈ જૂઓ પછી પાડોશી ભડકે તો અમને ન કહેતા માણસનું મન કેમ બદલાતું રહે છે?
એ ઝડપથી તન નથી બદલી શક્તો એટલે

**પબ્લિક ગાર્ડનમાં આવતાં કપલ પર 'લવ ટેક્સ' લેવાય તો?**
* તો પ્રેમી અને પ્રેમિકા વારાફરતી એન્ટ્રી લેશે.

**મારે અંતરિક્ષમાં જવાની ઈચ્છા છે**
* લેણદારોને જાણ કર્યા વગર જરૂર જઈ શકાય !

**લગ્ન માટે યુ.એસ. (અમેરિકા) રિટર્ન મુરતિયાની બોલબાલા હતી. હવે શું ?**
* હવે, રિટર્ન યુ.એસ.વાળા મુરતિયાનો ટ્રેન્ડ શરૂ થશે

**સાધુ તો ચલતા ભલા તો સંસારી?**
* ફરતા- ભાગતા- ભમતા- ભટકતા ભલા..!

**રાજાને ગમે તે રાણી તો રાણીને ગમે એ કોણ?**
* ગુલામ જોરુ કા !

**મહાભારત ના થયું હોત તો?**
* તમે આવો સવાલ ના પૂછત !

**અમુક જયોતિષી હાથમાં જુદાજુદા નંગની વીંટી કેમ પહેરે છે ?**
* સેમ્પલ દેખાડવા...!

**સૌથી શ્રેષ્ઠ વાર કયો?**
* પરિવાર.

કચ્છી ચોવક___કિશોર વ્યાસ
kishor.vyas@bombaysamachar.com

# બોરડીનો કાંટો એક ઊભો એક આડો!



વાત બોરડીના વૃક્ષમાં બોર સાથે ઊગતા કાંટાઓની છે, પરંતુ તે અંગેની ચોવક જીવનનાં તત્ત્વજ્ઞાનનો પણ બોધ આપે છે. ચોવક માણજો મિત્રોઃ **'બેરોડીની કંઢા બ, હિકડો ઊભો બ્યો વિંગો'** બોરડી જોઈ છે ક્યારેય? જ્યાં મીઠાં બોર ઉગે છે તે... બોર વીણ્યા છે ક્યારેય? એ બોરડીનાં નાનકડાં વૃક્ષની સુંવાળી ડાળ પર બે પ્રકારના કાંટા પણ બોર સાથે ઊગતા હોય છે, તેમાં એક 'ઊભો' હોય છે અને બીજો 'ત્રાંસો' હોય છે. 'વિંગો'નો અર્થ થાય છે. ત્રાંસો. શબ્દાર્થ તો ખૂબ સરળ છેઃ બોરડીના કાંટા બે (હિકડો) એક ઊભો અને બીજો ત્રાંસો! પરંતુ આટલું કહેવા માટે ચોવક નથી રચાઈ.

એ આખી ચોવકમાં રૂપક તત્ત્વ છે, જે આપણા જીવન સાથે સંકળાયેલું છે. સાધન બોરડીને બનાવીને આ ચોવક જિંદગીની વાત કરે છે કે, મીઠાં મધુર જીવનવૃક્ષનાં ફળ ચાખતાં પહેલાં આવા પ્રકારના ઊભા-આડા કંટકોનો સામનો કરવો પડતો હોય છે. એ વાગે પણ ખરા અને તેની પીડા પણ વેઠવી પડે છે! અથવા તો આવા કંટકોથી સાવધાન રહેવું!

એમ કરતાં પણ કાંટા વાગે તો તેમાંથી શીખવાનું મળે! એ અનુભવ પણ શ્રેષ્ઠ શિક્ષક સમાન હોય છે. પણ કચ્છીમાં એક બહુ રસપ્રદ ચોવક છે કે, **'સો જોષી નેં હિકડી ડોશી'** એ 'ડોશીમા' પાસે અદ્‌ભુત અનુભવોનું ભાથું હોય છે, તેથી જ ચોવક કહે છે કે, એકસો પંડિતો કરતાં પણ એક 'ડોશીમા' વધુ જાણકાર હોય છે! ઘરડે ગાડાં વળે... એ ગુજરાતી કહેવતની માફક.

આર્દ્રા નક્ષત્ર બેસી ગયું છે અને કચ્છમાં મેઘરાજા ત્રીજીવાર મહેર કરવાની તૈયારીમાં છે. એ સંજોગોમાં ફરી વરસાદ પડે તેના માટે પણ એક સુંદર ચોવક પ્રચલિત છેઃ **'બ ખાસા ત બારોય ખાસા'** 'બ' એટલે બે. 'ખાસા'નો અર્થ થાય છે સારા. 'ત' એટલે તો. 'બારોય'નો અર્થ થાય છે. બારેબાર (મહિના)! અર્થ એવો પ્રતિપાદિત છે કે, જો વરસાદની ઋતુના પ્રારંભના બે મહિના જો સારા જાય તો, આખું વર્ષ સારું જાય. વરસાદ માટે તો બીજી પણ એક ચોવક છે, જે સંતોષનો ભાવ વ્યક્ત કરે છે. **'હિકડી વસ ને સો રસ'** અર્થ એવો થાય છે કે, એકવાર જો વરસાદ સરખો પડી જાય તો સો જેટલાં સુખ મળી જાય...

કચ્છીમાં પહોળા અને સાંકડા ઉચ્ચારોની ભરમાળ છે. તેમાં પણ ઉચ્ચારોમાં તફાવત ન રખાય તો મોટો ગોટાળો થઈ જાય. ઉદાહરણ તરીકેઃ 'સોરો' એટલે 'સોળ' અને 'સારો' એટલે 'સસરો' એમ બે અર્થ થાય છે. અર્થ જુદા પાડવા માટે બન્ને અર્થ માટે જુદી જુદી રીતે તેનો ઉચ્ચાર કરવામાં આવે છે. બિનકચ્છી વાચકોએ ઉચ્ચારના પ્રકાર જાણવા માટે 'કચ્છી મિત્ર'નો સહારો લેવો પડશે!

એવું જ એક બીજું પણ ઉદાહરણ છે. 'દડો' અને 'ડોસો'. આ બન્ને શબ્દોમાં 'ડ'નો ઉચ્ચાર ગુજરાતી ભાષામાં અનાયાસે જ બદલી જાય છે, પરંતુ કચ્છીમાં તેનો ભેદ ન બતાવાય તો ન ચાલે. લો, આ વાંચોઃ 'ડાડી' એટલે દાદીમા અને 'ડાડી' એટલે દાઢી!

ખેર! એતો હતી કચ્છીભાષામાં વપરાતા શબ્દોની ઝલક બે અલગ અલગ વ્યક્તિઓ વચ્ચેની તુલના કે, અસમાનતા બતાવવા માટે કચ્છીમાં એવી ચોવક વપરાય છે કે 'હિકડો રાણૂં બ્યો કાંણૂં' અહીં 'રાણૂં' અને 'કાંણૂં' પાસ મિલાવવા માટે વપરાયેલા શબ્દો છે. 'રાણૂં' એટલે 'રાજા' એવો અર્થ થાય જ્યારે 'કાંણૂં' એટલે એક આંખે ન દેખનાર! આ રીતે બે અસમાન વ્યક્તિત્વની સરખામણી કરવામાં આવી છે. ■

મગજ મંથન
વિઠ્ઠલ વઘાસિયા
feedback@bombaysamachar.com

# માતૃભાષા એટલે સંસ્કૃતિનું મહિમા ગાન



બાળક માતાના ગર્ભમાં હોય ત્યારથી જ સમજણ ગ્રહણ કરવા લાગે છે. મહાભારતમાં અભિમન્યુ માતાના ગર્ભમાં યુદ્ધ વિશેના છ કોઠા શીખી લે છે. આ જગતમાં બાળકને પોતાની મા સાથે સૌથી નિકટનો નાતો હોય છે. માતાના હરખ, શોક કે ઊર્મિઓ બાળક પોતે પણ આત્મસાત કરતું જ હોય છે. આમ બાળક પોતાની જિંદગીનું લગભગ અડધોઅડધ શિક્ષણ તો માતાનાં ગર્ભમાંથી જ લઈને આવે છે. આપણે તો બસ એને વિકાસની તકો પૂરી પાડવાની હોય છે.

અકબરના દરબારમાં એક એવા પંડિતને રજૂ કરવામાં આવ્યો કે એ જગતની ચૌદ ભાષા સહજતાથી લખી, વાંચી અને બોલી શકતો હતો, પણ એ કોઈને ખબર પડવા દેતો નહોતો કે એની માતૃભાષા કઈ હતી?

આ પંડિત દરેક રાજાના દરબારમાં એ માટે પડકાર ફેંકતો અને ખરેખર એ એટલી બધી સહજતાથી દરેક ભાષામાં મૂળ ઉચ્ચારણ, લઢણ અને લહેકા સાથે વાતચીત કરી શકતો કે પડકાર ઝીલનારા માટે એ જાણવું અશક્ય થઈ પડતું કે એની માતૃભાષા કઈ છે?

અકબરના દરબારમાં લગભગ બધા જ પ્રકાંડ પંડિતો એનો પડકાર ઝીલવામાં નિષ્ફળ ગયા.

છેવટે બિરબલે બીડું ઝડપ્યું અને માત્ર એક જ ક્ષણમાં એના ફેંસલો પણ લાવી દીધો. બિરબલે એ પંડિતની નજીક આવીને અચાનક એક એવી તો ડાબા હાથની જોરદાર થપ્પડ એના ગાલે ઝીંકી દીધી કે પંડિતથી બોલી જવાયું, 'ઓય મા...!'

બિરબલે તરત જ નિષ્કર્ષ જાહેર કર્યોઃ 'આ પંડિત ભલે ગમે તેટલી ભાષામાં નિપૂણ હોય પણ એની માતૃભાષા ગુજરાતી છે!.'

આ કથા આમ બહુ સૂચક અને માર્મિક છે. માણસ ગમે તેટલી ભાષા પર પ્રભુત્વ ધરાવતો હોય પણ માત્ર એક અને એક જ એવી ભાષા હોય છે કે જે એની ચેતનાનો અભિવ્યક્ત અંશ બની જતી હોય છે.

ભાષા પ્રત્યે સન્માન અને ભાષા અભિમાન એ બે વચ્ચે પાતળી ભેદરેખા છે. ભાષા પ્રત્યે સન્માન હોવું જોઈએ. અન્ય ભાષાઓનો ઉપયોગ કરવાનું બને ત્યારે પણ આપણી ભાષાને આપણે અભરાઈ ઉપર ન ચડાવી દઈએ. ભૂતકાળમાં જ્યારે રશિયાના રાષ્ટ્રપ્રમુખ મિખાઈલ ગોર્બાચોવ ભારત આવ્યા ત્યારે ભારતનાં વડાં પ્રધાન શ્રીમતી ઈન્દિરા ગાંધી હતાં. બંને વચ્ચેના વાર્તાલાપમાં મિખાઈલ ગોર્બાચોવ રશિયન ભાષામાં વાત કરતા હતા. દુભાષીયો અંગ્રેજી ભાષામાં ભાષાંતર કરતો હતો. ઈન્દિરા ગાંધી પ્રત્યુત્તરમાં અંગ્રેજી ભાષાનો ઉપયોગ કરતાં હતાં. વિશ્વના અનેક દેશને પોતાની ભાષા પ્રત્યે ગૌરવ છે. એ આ ઘટના પરથી નક્કી થઈ શકે છે.

એક આમ આદમી તરીકે કહું તો શક્ય તેટલે અંશે માતૃભાષાનો જ ઉપયોગ કરવો જોઈએ. પત્ર લેખનમાં, વ્યવહારમાં, બોલચાલમાં, ભાષણમાં પણ માતૃભાષાને જ મહત્ત્વ આપવું જોઈએ. ઓછામાં ઓછું આપણા પરિવારનાં બાળકો ગુજરાતી માધ્યમની શાળા કોલેજોમાં અભ્યાસ કરે સાથે અંગ્રેજી અને ઈતર ભાષાઓને પણ દિલથી ભણે તેવા પ્રયાસો થવા ઘટે. ટીવીમાં લખવામાં આવતાં સબ ટાઈટલ (પેટા શીર્ષકો), મકાન પર લખવામાં આવતાં નામમાં પાર વિનાના જોડણી દોષના ગોટાળા જોવા મળે છે. 'આશીર્વાદ'ના બદલે 'આર્શિવાદ' લખેલું જોવા મળે છે. અશ્વમેધ અને અશ્વમેઘ, મેઘા અને મેધા, ભવન અને ભુવન, દ્વારકા અને દ્વારકા વગેરે શબ્દોમાં સાચું શું છે તે વિશે વ્યાપક સમજ પ્રસરે તેવા પ્રયત્નો કરવા જોઈએ. ભાષા શુદ્ધિ માટે એક મૂંગી ઝુંબેશ આદરવાની જરૂર છે. મહત્ત્વના શબ્દોનો ખિસ્સાકોષ તૈયાર કરી ખૂબ ઓછી કિંમતે શાળાઓમાં વહેંચવો જોઈએ. સાંકળચંદ પટેલ દ્વારા 'જોડણીનો જાદુ' જેવી પુસ્તિકાનું પ્રકાશન આવકાર્ય છે.

પ્રાચીન સમયથી ચાલી આવતા પરંપરાગત શબ્દો જેવા કે, ભળકડું, મોં સૂઝણું, રૂંઝ્યું, સોપો પડવો, રોંઢો, શિરામણ, બપોરા વગેરે શબ્દો અંગ્રેજી પાસે હશે? કાકા - કાકી, માસા - માસી,મામા - મામી, ફઈ - ફુવા, નણંદ - નણદોઈ વગેરેના પર્યાય અંગ્રેજી ભાષા પાસે છે ?

જાણીતા લેખક વિચારક ગુણવંત શાહ કહે છે :

'તમે જો એમ માનતા હો કે આપણી માતૃભાષા ગુજરાતી કદી પણ મરવાની નથી તો તમે ભોળા માણસ છો. તમારાં સંતાનોનાં સંતાનો અત્યારે કેવું ગુજરાતી બોલે છે? એ કયું ગુજરાતી વાંચે છે? એ અડધાં પડધાં તમારાથી પરાયાં પરાયાં કેમ લાગે છે? આપ આ પ્રશ્નો પર વિચાર કરશો તો તમને ગુજરાતી ભાષાના ધીમા મૃત્યુનો અણસાર આવી જશે. ગુજરાતી ભાષા લુપ્ત થાય તેની છેલ્લી કડી આપણે ન બનીએ. ભાષાને નહીં આપણી જાતને બચાવવાની છે. ભાષાને નહીં, આપણી સંસ્કારિતાને બચાવવાની છે. ભાષાનું મૃત્યુ એટલે સંસ્કાર -સંસ્કૃતિનું મૃત્યુ. સંસ્કૃતિનું મોત એટલે એવું મૃત્યુ કે જેમાં સ્મશાને જવાનું ફરજિયાત નથી!'

પ્રભુત્વ ભલે અનેક ભાષાઓ પર ધરાવતા હોઈએ પણ આપણી ચેતનાનો અભિવ્યક્તિ અંશ જો કોઈ હોય તો તે માત્ર એક જ છે - માતૃભાષા.

*તું મને પાલવનું ઇંગ્લિશ પૂછ મા,*
*અહીંયા ટિસ્યૂથી આંસુ લૂછાય છે.*
*- આદમ ટંકારવી* ■

# ફડણવીસ-શિંદે ગજગ્રાહ ચરમસીમાએ

## શિંદે-સેનાના પ્રધાનોની સલામતી ઘટાડી નખાઈ

મુંબઈઃ મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસ અને નાયબ મુખ્ય પ્રધાન એકનાથ શિંદે વચ્ચે વધી રહેલા તણાવ વચ્ચે શિંદેના નેતૃત્વ હેઠળના શિવસેના જૂથના નેતાઓ માટે સુરક્ષા કવચ ઘટાડવા અંગે નવો વિવાદ ઊભો થયો છે. રાજ્ય સરકાર દ્વારા અનેક નેતાઓ માટે વાય-શ્રેણીની સુરક્ષા ઘટાડવાના નિર્ણયથી નેતાઓમાં અસંતોષ ફેલાયો છે.

સુરક્ષામાં ઘટાડો ફક્ત શિંદે જૂથ પૂરતો મર્યાદિત નથી, ભાજપ અને એનસીપીના નેતાઓની સુરક્ષામાં પણ ઘટાડો કરાયો છે. આ પગલું ધમકીના મૂલ્યાંકન સમીક્ષા પર આધારિત લેવામાં આવ્યું હતું. હવે નેતાઓ સામે કોઈ જોખમ નથી, એટલે સુરક્ષા ઘટાડવામાં આવી હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

રાજ્ય સરકારે તાજેતરમાં વીઆઈપી સુરક્ષાની વ્યાપક સમીક્ષા હાથ ધરી હતી, જેને પરિણામે પક્ષના નેતાઓ માટે સુરક્ષા ડાઉનગ્રેડ કરવામાં આવી હતી. આ નિર્ણયથી પ્રભાવિત થયેલા નેતાઓમાં ભાજપના નેતાઓ રવીન્દ્ર ચવાણ અને પ્રતાપ ચીખલીકરનો પણ સમાવેશ થાય છે. જોકે સૌથી વધુ તો શિંદે જૂથના

(જુઓ પાનું ૪) ▶▶

### નથી અમારી વચ્ચે શીત-યુદ્ધઃ ફડણવીસ અને શિંદેની સ્પષ્ટતા

મુંબઈઃ છેલ્લા અનેક સમયથી મહારાષ્ટ્રના રાજકારણમાં એકનાથ શિંદે મહાયુતિમાં નારાજ હોવાનું અને મુખ્ય પ્રધાન સાથે તેમનું શીત યુદ્ધ ચાલી રહ્યું હોવાની ચર્ચાએ વેગ પકડ્યું હતું, જેને કારણે વિપક્ષો દ્વારા ભારે પ્રહારો કરવામાં આવી રહ્યા હતા. જોકે આ તમામ બાબતે મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે પૂર્ણવિરામ મૂકી દીધું હતું.

ફડણવીસે કહ્યું હતું કે મારી અને શિંદે વચ્ચે કોઇ શીત યુદ્ધ નથી. એકનાથ શિંદે લોકોના હિત માટે તબીબી

(જુઓ પાનું ૪) ▶▶

# કાંદિવલીમાં એસ.વી.રોડને પહોળો કરવામાં નડતી ૩૦ દુકાનોનો સફાયો

(અમારા પ્રતિનિધિ તરફથી)



મુંબઈઃ કાંદિવલી (પશ્ચિમ)માં સ્વામી વિવેકાનંદ રોડ (એસ.વી.રોડ)ને પહોળો કરવામાં અડચણરૂપ બની રહેલી ૩૦ દુકાનોનો મુંબઈ મહાનગરપાલિકાના આર-દક્ષિણ વોર્ડ દ્વારા મંગળવારે તોડી પાડવામાં આવી હતી. દુકાનો તોડી પાડવાને કારણે હવે રસ્તો પહોળો થવાથી એસ.વી. રોડ પર કાયમી સ્વરૂપની રહેલી ટ્રાફિકની સમસ્યાથી રાહત મળવાની શક્યતા છે.

આર-દક્ષિણ વોર્ડના આસિસ્ટન્ટ કમિશનર મનીષ સાળવેના નેતૃત્વમાં દુકાનો તોડી પાડવાની કામગીરી હાથ ધરવામાં આવી હતી. એસ.વી. રોડને પહોળો કરવામાં અડચણરૂપ રહેલા બાંધકામની પાત્રતા નક્કી કરવામાં આવી હતી અને ત્યારબાદ એસ.વી.રોડ, પોઈસર મસ્જિદ પાસે ૩૦ દુકાનો અને ગાળાને તોડી પાડવામાં આવ્યા હતા. બાંધકામ દૂર થવાથી રસ્તો પહોળો થવાને કારણે પીક અવર્સમાં અહીં થતા ટ્રાફિકની સમસ્યાથી છૂટકારો મળશે એવો દાવો પાલિકાએ કર્યો છે. દુકાનો તોડી પાડવા માટે પાલિકાના ૫૦ કામગાર, મજૂર, અધિકારી, બે જેસીબી અને બે ડમ્પરની મદદ લેવામાં આવી હતી. આ દરમ્યાન કોઈ અઘટીત દુર્ઘટના સર્જાય નહીં તે માટે પૂરતો પોલીસ બંદોબસ્ત રાખવામાં આવ્યો હતો. ■

## ન્યૂ ઈન્ડિયા કો-ઓપરેટિવ બૅંક કૌભાંડ

# હિતેશ મહેતા કેટલા સાચા, કેટલા ખોટા?: લાઇ ડિટેક્ટર ટેસ્ટની તૈયારી

મુંબઈઃ ન્યૂ ઇન્ડિયા કો-ઓપરેટિવ બૅંકના ૧૨૨ કરોડ રૂપિયાની ઉચાપતના કેસની તપાસ કરી રહેલી મુંબઈ ક્રાઇમ બ્રાન્ચના આર્થિક ગુના શાખા બૅંકના ભૂતપૂર્વ જનરલ મેનેજર અને એકાઉન્ટસ હૅડ હિતેશ પ્રવીણચંદ્ર મહેતા પર લાઇ ડિટેક્ટર ટેસ્ટ કરવાની પ્લાનિંગ કરી રહી છે. આમાટે પોલીસ તમામ કાનૂની પ્રક્રિયાનું પાલન કરીને ટૂંક સમયમાં કોર્ટમાં અરજી કરી શકે છે.

પોલીસ અધિકારીએ જણાવ્યું હતું કે આ અંગે કાનૂની સલાહ લેવામાં આવી રહી છે અને તમામ કાનૂની પ્રક્રિયા બાદ મહેતા પર ટેસ્ટ કરવામાં આવશે.

પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર હિતેશ મહેતા તપાસમાં સહકાર આપી નથી રહ્યો. એ સિવાય વ્યવહાર રોકડમાં થયા હોવાથી એ અંગે

(જુઓ પાનું ૪) ▶▶

# રીડેવલપમેન્ટના લાભ આપવા પહેલા ધારાવીમાં ગેરકાયદે બાંધકામોની તપાસઃ ડ્રોન સર્વે બેન્ચમાર્ક

મુંબઈઃ ધારાવીમાં તમામ ગેરકાયદે બાંધકામો તાત્કાલિક બંધ કરવા જોઈએ. ધારાવી નોટિફાઇડ એરિયા (ડીપીએ) માં હાલના ટેનામેન્ટ્સ અને ખાલી જમીનને ઓળખવા માટે ૨૦૨૩નો ડ્રોન સર્વે બેન્ચમાર્ક તરીકે કામ કરશે. આ સર્વેક્ષણ પછી બાંધવામાં આવેલા કોઈપણ નવા માળખા અથવા વિસ્તરણને ગેરકાયદે ગણવામાં આવશે અને તે રીડેવલમેન્ટનો લાભ નહીં મેળવી શકે તેમ ધારાવી રીડેવલમેન્ટ પ્રોજેકટના અધિકારીએ જણાવ્યું હતું.

ધારાવી પુનર્વિકાસ યોજના હેઠળ ઘરો સુરક્ષિત કરવા માટે ધારાવી નોટીફાઇડ એરીયામાં ડીપીએમાં કોઈપણ ખાલી જમીન પર કોઈપણ નવા બનેલા ઉપલા માળ, રિટ્રોફિટેડ ટેનામેન્ટ્સ અને નવા બાંધકામો ગેરકાયદે ગણાશે . ''ડીપીએ અને બૃહદ મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા સંકલિત કાર્યવાહી કરવામાં આવશે. જો જરૂર પડે તો, ડીપીએ આવા ટેનામેન્ટ્સને પુનર્વસન પેકેજ અને તેના લાભોથી વંચિત રાખવાની શક્યતા પર ગંભીરતાથી વિચાર કરશે,'' તેમ સીઇઓ એસવીઆર શ્રીનિવાસે જણાવ્યું હતું. વર્ષ ૨૦૧૯ માં, બૃહદ મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશન એ ધારાવીમાં મોટા પાયે ડિમોલિશન ઝુંબેશ હાથ ધરી હતી. જી-નોર્થ વોર્ડના તત્કાલીન સહાયક મ્યુનિસિપલ કમિશનર કિરણ દિઘાવકરે જણાવ્યું હતું કે અનધિકૃત બાંધકામ ''વારંવાર થતી સમસ્યા'' છે, અને સુધરાઇએ આવા ગુનેગારોને ''માફિયા'' તરીકે ઓળખશે. ''અમે તેમને ગેરકાયદે બાંધકામમાં મદદ કરતા માફિયા તરીકે ઓળખીશું અને પોલીસ તેમની સામે મહારાષ્ટ્ર પ્રિવેન્શન ઓફ ડેન્જરસ એક્ટિવિટીઝ (એમસીઓસીએ) એક્ટ હેઠળ કાર્યવાહી કરશે,'' તેમણે ઉમેર્યુ હતું.

ડિસેમ્બર ૨૦૨૩ માં, સુધરાઇના કલેક્ટર ઓફિસને પત્ર લખીને આવા ગેરકાયદે કબજા-અતિક્રમણ સામે કાર્યવાહી કરવાની વિનંતી કરી હતી. તે સમયે નોટિસ જારી કરવામાં આવી હતી, ત્યારે ફક્ત થોડા જ બાંધકામો તોડી પાડવામાં આવ્યા હતા, જે પડકાર દર્શાવે છે. ■

# મલાડના વેપારી અરુણભાઇ વિરુદ્ધ લૂકઆઉટ સર્ક્યુલર

મુંબઈઃ ન્યૂ ઇન્ડિયા કો-ઓપરેટિવ બૅંકના ૧૨૨ કરોડ રૂપિયાની ઉચાપતના કેસમાં આર્થિક ગુના શાખાએ મલાડના વેપારી ઉન્નનાથન અરુણાચલમ ઉર્ફે અરુણભાઇ વિરુદ્ધ લૂકઆઉટ સર્ક્યુલર જારી કર્યું છે. આ કેસમાં ધરપકડ કરાયેલા બેન્કના ભૂતપૂર્વ જનરલ મેનેજર અને એકાઉન્ટ્સ હૅડ હિતેશ મહેતાએ અરુણભાઇને ૪૦ કરોડ રૂપિયા આપ્યા હતા, એવું તપાસમાં જણાયું હતું.

પોલીસની ટીમ બાદમાં અરુણભાઇના માલવણી ખાતેના નિવાસસ્થાને ગઇ હતી, પણ તે ત્યાં મળી આવ્યો નહોતો. સોલાર પૅનલના વેપારીને ૪૦ કરોડ રૂપિયા શા માટે આપ્યા હતા, તે જાણવા માટે મહેતાની પૂછપરછ કરવામાં આવી રહી છે. આ કેસમાં આર્થિક ગુના શાખાએ મહેતા ઉપરાંત ઓમ સાઇ સબુરી અને ધર્મેશ રિયલટર્સ એલએલટીના ડિરેક્ટર ધર્મેશ જયંતીલાલ પૌનની પણ ધરપકડ કરી છે.

પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર મહેતાએ ૨૦૧૬માં ધર્મેશ પાસેથી ફ્લેટ ખરીદ્યો હતો.

(જુઓ પાનું ૪) ▶▶

### બદનક્ષી કેસમાં રાહુલ ગાંધીને સુનાવણીમાં હાજર રહેવામાંથી કાયમી રાહત

પુણેઃ હિન્દુત્વ વિચારધારા ધરાવતા વી. ડી. સાવરકર પર કથિત વાંધાજનક ટિપ્પણી કરવાના બદનક્ષીના કેસમાં કોંગ્રેસના નેતા રાહુલ ગાંધીને કોર્ટની સુનાવણીમાં હાજર રહેવાથી વિશેષ અદાલતે કાયમી રાહત આપી હતી.


હવે રાહુલ ગાંધીને કોર્ટની કોઇ પણ સુનાવણીમાં હાજર રહેવાની જરૂર નથી. આ અંગેની અરજી તેમના વકીલે ગયા મહિને જ કરી હતી. વિશેષ અદાલતે નોંધ્યું હતું કે આરોપી લોકસભાના વિપક્ષ નેતા છે અને તેમને અનેક બેઠકોમાં હાજર રહેવાનું હોય છે. આ સિવાય તેઓ ઝેડ-પ્લસ સિક્યોરિટી પણ ધરાવે છે. જો તેઓ સુનાવણીમાં હાજર રહેશે તો કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ નિર્માણ થઇ શકે છે. તેથી કોર્ટ તેમને સુનાવણીમાં હાજર રહેવામાંથી કાયમી રાહત આપે છે, એમ ચુકાદામાં જણાવાયું હતું. ■

# સંભાજી મહારાજ સંબંધી વાંધાજનક લખાણો દૂર કરે વિકિપીડિયાઃ ફડણવીસ

મુંબઈઃ પ્રતિષ્ઠિત મરાઠા શાસક છત્રપતિ શિવાજી મહારાજના પુત્ર સંભાજી મહારાજના જીવન પર આધારિત તાજેતરમાં રિલીઝ થયેલી ફિલ્મની સામે વાંધાઓ ઉઠાવવામાં આવ્યા બાદ મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે મંગળવારે જણાવ્યું હતું કે તેમણે રાજ્યની સાયબર પોલીસને વિકિપીડિયાનો સંપર્ક કરવા અને લોકપ્રિય ઓનલાઈન જ્ઞાનકોશ પર છત્રપતિ સંભાજી મહારાજ વિશેની વાંધાજનક સામગ્રી દૂર કરવા માટે વિનંતી કરવાનો નિર્દેશ કર્યો છે.

રાજ્યમાં કેટલીક સંસ્થાઓ દ્વારા કથિત રીતે ખોટી માહિતી પ્રકાશિત કરવા અંગેના પ્રશ્નના જવાબમાં તેમણે પત્રકારોને જણાવ્યું હતું કે વિકિપીડિયા જેવા ઓપન-સોર્સ પ્લેટફોર્મ પર ઈતિહાસનું વિકૃતીકરણ સહન કરવામાં આવશે નહીં. મે મહારાષ્ટ્રના સાયબર સેલના ઈન્સ્પેક્ટર જનરલને વિકિપીડિયા અધિકારીઓ સાથે

(જુઓ પાનું ૪) ▶▶



ભાયખલાના બેરિસ્ટર નાથ પાઈ રોડને ઈસ્ટર્ન ફ્રી વે સાથે જોડતો રે-રોડનો નવો કેબલ સ્ટેય્ડ બ્રિજ તૈયાર થઈ રહ્યો છે. (અમય ખરાડે)

# મહિલાઓ માટે કેન્સરની રસી પાંચથી છ મહિનામાં ઉપલબ્ધ થશેઃ સરકાર

છત્રપતિ સંભાજીનગરઃ મહિલાઓ માટે કેન્સર સામે લડવા માટેની રસી પાંચથી છ મહિનામાં ઉપલબ્ધ થશે, અને નવ થી ૧૬ વર્ષની વય જૂથની મહિલાઓ રસીકરણ માટે પાત્ર બનશે, એમ કેન્દ્રીય પ્રધાન પ્રતાપરાવ જાધવે જણાવ્યું હતું.

રસી પર સંશોધન લગભગ પૂર્ણ થઈ ગયું છે અને ટ્રાયલ ચાલી રહી હોવાનું જણાવતા કેન્દ્રીય આરોગ્ય, પરિવાર કલ્યાણ અને આયુષ રાજ્યપ્રધાને જણાવ્યુ કે ''દેશમાં કેન્સરના દર્દીઓની સંખ્યામાં વધારો થયો છે, અને કેન્દ્ર સરકારે આ મુદ્દાને ઉકેલવા માટે પગલાં લેવાનું શરૂ કર્યું છે. ૩૦ વર્ષથી વધુ ઉંમરની મહિલાઓની હોસ્પિટલોમાં તપાસ કરવામાં આવશે, અને રોગના વહેલા નિદાન માટે ડેકેર કેન્સર સેન્ટરો સ્થાપિત કરવામાં આવશે.''

તેમણે કહ્યું કે સરકારે કેન્સરની સારવારમાં વપરાતી દવાઓ પર કસ્ટમ ડ્યુટી પણ માફ કરી દીધી છે. પ્રધાને કહ્યું કે, કેન્સર માટે રસી પર સંશોધન લગભગ પૂર્ણ થઈ ગયું છે, અને ટ્રાયલ ચાલી રહી છે. (પીટીઆઇ)■

## મુંબઈગરા સાવધાન!

# આ વખતે ઉનાળો આકરો રહેશે

મુંબઈઃ છેલ્લા કેટલાક દિવસોથી મુંબઈના તાપમાનમાં વધઘટ થઇ રહી છે. લોકોને રાતે ઠંડી અને દિવસે ગરમીનો અનુભવ થઇ રહ્યો છે. જોકે, છેલ્લા કેટલાક દિવસથી મુંબઈના તાપમાનમાં નાટ્યાત્મક રીતે ભારે વધારો થતાં લોકોને ઠંડીની સિઝનમાં ગરમીનો અનુભવ થવા લાગ્યો હતો. છેલ્લા ત્રણેક દિવસથી મુંબઇમાં મહત્તમ તાપમાન ૩૬ ડિગ્રી સેલ્સિયસથી વધુ નોંધાયું હતું તો મહારાષ્ટ્રના સોલાપુરમાં ગરમીનો પારો ૩૭.૪ સુધી પહોંચી ગયો હતો.

જોકે, રવિવારની સરખામણીમાં સોમવારો તાપમાનનો પારો પાંચ ડિગ્રી જેટલો ગગડ્યો હતો અને લોકોએ ફરી પાછો ઠંડીનો અનુભવ કર્યો હતો. હવે હવામાન વિભાગે આગામી બે ત્રણ દિવસમાં મુંબઈમાં લઘુત્તમ અને મહત્તમ તાપમાનમાં ફેરફારની આગાહી કરી છે. હવામાન વિભાગે જણાવ્યું છે કે હવાના દબાણમાં ફેરફાર થવાને કારણે ઠંડી, ગરમીના પ્રમાણમાં વધઘટ થઇ રહી છે. આવા અકળ તાપમાનને કારણે મુંબઈગરાઓ પણ શરદી, ખાંસી, તાવ જેવી સમસ્યાઓનો સામનો કરી રહ્યા છે.

સોમવારે મુંબઈના કોલાબા ખાતે મહત્તમ તાપમાન ૩૦.૫ ડિગ્રી સેલ્સિયસ અને

(જુઓ પાનું ૪) ▶▶

# મીરા-ભાયંદરથી શરૂ થશે પોડ કાર પ્રોજેક્ટઃ સરનાઈક

મીરા-ભાયંદરઃ ઝડપથી થઇ રહેલા શહેરીકરણને કારણે ટ્રાફિકની સમસ્યા ગંભીર બની છે ત્યારે ભવિષ્યમાં એલિવેટેડ પોડ-કાર સર્વિસ મહત્ત્વની ભૂમિકા ભજવી શકે છે, એમ શિવસેનાના વિધાનસભ્ય અને ટ્રાન્સપોર્ટ પ્રધાન પ્રતાપ સરનાઇકે વડોદરામાં બની રહેલા વિશ્વના પ્રથમ પોડ-કાર સિસ્ટમની સમીક્ષા કરતા કહ્યું હતું.

વડા પ્રધાન નરેન્દ્ર મોદીન મહત્વાકાંક્ષી એવી મેક ઇન ઈન્ડિયા ઝુંબેશ હેઠળ વડોદરામાં સ્પેશિયલ ઇકોનોમિક ઝોનમાં ઓટોમેટેડ પોડ-કાર એડવાન્સ્ડ સિસ્ટમ વિકસાવવામાં આવી રહી છે. ન્યુટ્રન ઇવી મોબિલિટીની ફ્યુટ્રન સિસ્ટમ પર આધારિત એલિવેટેડ પોડ કાર ભવિષ્યમાં શહેરી ટ્રાન્સપોર્ટમાં મહત્ત્વની ભૂમિકા ભજવશે, એમ તેમણે કહ્યું હતું.

વસતીમાં વધારો થઇ રહ્યો છે ત્યારે ઓછી જગ્યાનો ઉપયોગ કરીને પરિવહનના નવા વિકલ્પો શોધીને ટ્રાફિકની સમસ્યા ઓછી કરવા પર ભાર આપતા સરનાઇકે વધુમાં કહ્યું હતું કે પોડ-કાર ઓટોમેટેડ ડિઝાઇન દ્વારા શહેરી વિસ્તારોની કનેક્ટિવિટી માટેના પોડ-કાર ઇકોફ્રેન્ડલી જાહેર પરિવહનનું સાધન હશે ત્યારે આ પ્રકલ્પને મુખ્ય પ્રકલ્પ તરીકે મીરા-ભાયંદર લાવવામાં આવશે. તેને મળતા પ્રતિસાદ બાદ રાજ્યના અન્ય વિસ્તારોમાં આ પ્રકલ્પ હાથ ધરવામાં આવશે.

પોડ કાર પ્રતિ કલાકે ૬૦થી ૭૦ કિલોમીટરની ઝડપે દોડશે તથા તેમાં એક સમયે ઓછામાં ઓછા વીસ લોકો પ્રવાસ કરી શકશે. આ કાર સંપૂર્ણ રીતે ઇલેક્ટ્રિક અને બેટરી સિસ્ટમ પર કાર્ય કરશે. રોડ ટ્રાન્સપોર્ટ અને હાઇવે મંત્રાલય દ્વારા બનાવવામાં આવેલી સમિતિએ પણ દેશના પર્સનલ રેપિડ ટ્રાન્સપોર્ટ (પીઆરટી) તરીકે પોડ કાર અને પોડ ટેક્સી માટેની ભલામણ કરી છે. ■

# એન્ટિ-નાર્કોટિક્સ ટાસ્ક ફોર્સમાં વધુ ૩૪૬ પદનો ઉમેરો કરાશે

## આ સિવાય છઠ્ઠાં નાણાં પંચની રચનાનો પણ પ્રધાનમંડળનો નિર્ણય

મુંબઈઃ મહારાષ્ટ્ર સરકારે મંગળવારે એન્ટિ-નાર્કોટિક્સ ટાસ્ક ફોર્સ (એએનટીએફ)માં નવા ૩૪૬ પદની રચના કરવાના પ્રસ્તાવને મંજૂરી આપી હતી. આ સિવાય રાજ્યના છઠ્ઠા નાણાં પંચની રચના સહિતના અન્ય નિર્ણયો લીધા હતા.

મહારાષ્ટ્ર સરકારે ડ્રગ્સ સંબંધિત ગુનાઓને ડામવા માટે એએનટીએફની રચના કરવા જાહેરાત કરી હતી. તેના ૩૪૬ નવા પદ તેની ક્ષમતામાં વધારો કરશે, એમ એક અધિકારીએ જણાવ્યું હતું. સાંગલી જિલ્લામાં મ્હૈસલ લિફ્ટ સિંચાઇ યોજનામી ઊર્જા ક્ષમતા વધારવા માટે ૧૫૯૪ કરોડ રૂપિયાના સોલાર પ્રોજેક્ટને પણ કેબિનેટ દ્વારા મંજૂરી આપવામાં આવી હતી. આ પ્રકલ્પ દ્વારા દુકાળગ્રસ્ત વિસ્તારોની ૧,૦૮,૧૯૭ હેક્ટર જમીનને સિંચાઇ કરવામાં આવશે.

આ સિવાય નાણાકીય આયોજન અને સ્રોત ફાળવણીમાં મહત્ત્વની ભૂમિકા ભજવનારા રાજ્યના છઠ્ઠા નાણાં પંચની રચનાને પણ કેબિનેટ દ્વારા મંજૂરી આપવામાં આવી હતી.

રાજ્યમાં માળખાકિય વિકાસ અને કનેક્ટિવિટી વધારવા માટે સંપૂણ રાજ્યમાં રોપ-વે પ્રોજેક્ટ હાથ ધરવા માટે નેશનલ હાઇવે લોજિસ્ટિક મેનેજમેન્ટ લિ. (એનએચએલએમએલ)ને જમીન આપવાનું પણ રાજ્ય સરકારે નક્કી કર્યુ હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું. કેબિનેટે જળગાંવ જિલ્લાના ચાળીસગાંવ તાલુકામાં વરાખેડે લોંધે (બેરેજ) મધ્યમ પ્રકલ્પને ૧,૨૭૫.૭૮ કરોડનું ભંડોળ ફાળવ્યું હતું. આ પ્રકલ્પ દ્વારા ચાલિસગાંવ અને ભડગાંવ તાલુકાની ૮,૨૯૦ હેક્ટર જમીનમાં સિંચાઇ દ્વારા પાણી પૂરું પાડવાનો ઉદ્દેશ્ય છે. પુણેની દિનાનાથા મંગેશકર હોસ્પિટલ માટેની ડ્રેનેજ કેનલ પર બ્રિજ બનાવવા પણ જમીન ફાળવવામાં આવશે, એમ સૂત્રોએ જણાવ્યું હતું. ■

# જર્મન બેકરી બ્લાસ્ટ કેસના આરોપીને જેલમાં એકલું-એકલું લાગે છે

મુંબઈઃ જેલમાં એકલા નથી રહેવું એવી માગણી કરનાર ૨૦૧૦ના પુણે જર્મન બેકરી બ્લાસ્ટ કેસમાં દોષિત હિમાયત બેગને ''માનસિક આઘાત''ની કોઈ સમસ્યા નથી એમ બોમ્બે હાઈકોર્ટે મંગળવારે કહ્યું હતું

ન્યાયમૂર્તિ રેવતી મોહિતે ડેરે અને ન્યાયમૂર્તિ નીલા ગોખલેની ખંડપીઠે જણાવ્યું હતું કે બેગ કેદમાં એકાંતવાસમાં છે એ બરાબર છે અને તેથી કોઈ રાહત આપવાનો ઇનકાર કર્યો હતો. ફેબ્રુઆરી, ૨૦૧૦માં પૂણેની જર્મન બેકરીમાં થયેલા વિસ્ફોટના કેસમાં એકમાત્ર બેગને દોષિત ઠેરવવામાં આવ્યો હતો. આ વિસ્ફોટમાં ૧૭ જણ મૃત્યુ પામ્યા હતા અને ૬૦ લોકો ઈજાગ્રસ્ત થયા હતા. બેગે ગયા વર્ષે દાખલ કરેલી અરજીમાં દાવો કર્યો હતો કે છેલ્લા ૧૨ વર્ષથી તેને મહારાષ્ટ્રની નાશિક સેન્ટ્રલ જેલમાં 'અંડા સેલ'માં એકાંત કેદમાં રાખવામાં આવ્યો હતો. (પીટીઆઈ)■

# સગીર છોકરી 'બેડ ટચ' સમજે છેઃ હાઇ કોર્ટ

## ભૂતપૂર્વ લશ્કરી અધિકારીની કેદ રદ કરવાનો ઈનકાર

મુંબઈઃ ૧૧ વર્ષની બાળકી પર યૌન શોષણ કરવાના આરોપમાં પૂર્વ લેફ્ટનન્ટ કર્નલને કોર્ટના માર્શલ આદેશ અનુસાર ફટકારવામાં આવેલી પાંચ વર્ષની જેલની સજા રદ કરવાનો બોમ્બે હાઈકોર્ટે ઈનકાર કરી દીધો છે અને નોંધ્યું છે કે બેડ ટચ શું કહેવાય એ પીડિતા સારી રીતે જાણે છે. ન્યાયમૂર્તિ રેવતી મોહિતે ડેરે અને ન્યાયમૂર્તિ નીલા ગોખલેની ખંડપીઠે સોમવારે જણાવ્યું હતું કે બાળકીના પિતા રૂમમાંથી બહાર ગયા પછી આરોપીએ તેની સાથે કરેલું વર્તન બાળકી અદાલતમાં બરાબર દર્શાવી શકી હતી. જનરલ કોર્ટ માર્શલ (જીસીએમ) દ્વારા આરોપીને ફટકારવામાં આવેલી આવેલી પાંચ વર્ષની કેદની પુષ્ટિ કરતા આર્મ્ડ ફોર્સિસ ટ્રિબ્યુનલ (એએફટી) દ્વારા જાન્યુઆરી ૨૦૨૪ ના આદેશને પડકારતી આરોપી દ્વારા દાખલ કરવામાં આવેલી અરજી ખંડપીઠે ફગાવી દીધી હતી. માર્ચ ૨૦૨૧માં આર્મીના જીસીએમએ આરોપીને સગીર છોકરીની જાતીય સતામણી કરવા બદલ પ્રોટેક્શન ઓફ ચિલ્ડ્રન ફ્રોમ સેક્સ્યુઅલ ઓફેન્સિસ (પોક્સો) એક્ટ હેઠળ દોષી ઠેરવ્યો હતો. દોષિતને પાંચ વર્ષની કેદની સજા ફટકારવામાં આવી હતી. ભૂતપૂર્વ આર્મી અધિકારીએ હાઇકોર્ટમાં પોતાની અરજીમાં દાવો કર્યો હતો કે તેનો કોઈ ખરાબ ઇરાદો નહોતો. જોકે, હાઈકોર્ટે આ દલીલ સ્વીકારવાનો ઇનકાર કર્યો હતો. ■

# જેપી ડુમિનીએ છૂટાછેડા લીધા

## ડુમિની અને મૉડેલ સૂએ ૨૦૧૧માં લગ્ન કર્યાં હતાં, તેમને બે પુત્રીઓ છે

ડરબન: હાર્દિક અને શિખર ધવનના છૂટાછેડા પછી તેમ જ વીરેન્દર સેહવાગ અને યુઝવેન્દ્ર ચહલના ડિવૉર્સની અફવા વચ્ચે એક જાણીતા ક્રિકેટરના ડિવૉર્સના સમાચાર જાણવા મળ્યા છે. આ દિગ્ગજ ક્રિકેટર સાઉથ આફ્રિકાનો છે.

આ સમાચાર સાઉથ આફ્રિકાના ૪૦ વર્ષની ઉંમરના ભૂતપૂર્વ ઑલરાઉન્ડર જીન પૉલ ડુમિની (જેપી ડુમિની)ને લગતા છે. તેણે અને પત્ની સૂએ સોમવાર, ૧૭મી ફેબ્રુઆરીએ સંયુક્ત નિવેદન બહાર પાડ્યું હતું જેમાં તેમણે પોતે હવે એકબીજાથી અલગ થઈ રહ્યાં હોવાની જાહેરાત કરી હતી. એ સાથે તેમના ૧૪ વર્ષના લગ્નજીવનનો અંત આવ્યો છે.

આઇપીએલમાં મુંબઈ ઇન્ડિયન્સ, સનરાઇઝર્સ હૈદરાબાદ અને દિલ્હી ડેરડેવિલ્સ (હાલનું નામ દિલ્હી કૅપિટલ્સ) વતી રમી ચૂકેલા ડુમિનીએ ઇન્સ્ટાગ્રામ પર પોતાનો વિચાર વ્યક્ત કરતા લખ્યું છે, 'અમે ખૂબ લાંબો વિચાર કર્યા બાદ અને ઘણી ચર્ચા બાદ આ નિર્ણય લીધો છે. અમે અમારા લગ્નજીવનમાં અનેક યાદગાર પળો વીતાવી હતી અને અમે એ ક્ષણો માટે પોતાને ભાગ્યશાળી માનીએ છીએ. અમે આટલા વર્ષો સાથે રહ્યાં એમાં અમને બે સુંદર પુત્રીઓ પણ મળી.'



ડુમિની અને સૂએ ૨૦૧૧માં લગ્ન કર્યાં હતાં. એવું મનાય છે કે ડુમિની અને સૂ ભેગા મળીને બન્ને દીકરીઓનો ખર્ચ ઉઠાવશે.

હવે તો સામાન્ય રીતે સેલિબ્રિટીઝ (અહીં આપણે ક્રિકેટર્સની જ વાત કરીશું) સોશિયલ મીડિયામાં એકમેકના અગાઉ કરતાં ઓછા ફોટો શૅર કરે અથવા શૅર કરવાનું જ બંધ કરે એ સાથે તેમના સંબંધો બગડ્યા હોવાની વાતો ચગતી હોય છે. ક્રિકેટરો સામાન્ય રીતે જાણીતી મૉડેલ કે અભિનેત્રી સાથે રિલેશનશિપ શરૂ કરતા હોય છે અને સંબંધો સારા રહે તો તેઓ એકમેક સાથે લગ્ન કરી લેતા હોય છે. ડુમિનીના કિસ્સામાં પણ એવું જ બન્યું હતું. સૂ મૉડેલિંગ માટે જાણીતી હતી અને ૨૦૦૮માં તે ડુમિની સાથેના સંપર્કમાં આવી હતી અને બન્ને જણ એકમેકના પ્રેમમાં પડી ગયાં હતાં.

# ભારતની બોલિંગ-ફોજને શરૂઆત પહેલાં જ ઝટકો, બોલિંગ-કોચ મૉર્કલ સાઉથ આફ્રિકા પાછો ગયો

## મૉર્ની અને ઍલ્બી મૉર્કલના પિતાનું અવસાન થયું: મૉર્કલ પરિવારમાં બધા ક્રિકેટર

દુબઈ: રોહિત શર્માના સુકાનમાં દુબઈમાં ભારતીય ટીમે ચૅમ્પિયન્સ ટ્રોફીમાં ગુરુવારની પોતાની પહેલી મૅચ માટેની પ્રૅક્ટિસ હજી પૂરી નથી કરી ત્યાં તેમને શૉકિંગ સમાચાર મળ્યા હતા. તેમનો બોલિંગ-કોચ મૉર્ની મૉર્કલે પરિવાર પાસે તાકીદે પહોંચવાનું હોવાથી સાઉથ આફ્રિકા પાછો ગયો છે. એક અહેવાલ મુજબ મૉર્કલના પિતાનું અવસાન થયું છે જેને લીધે તે સ્વદેશ પાછો ગયો છે.

ચૅમ્પિયન્સ ટ્રોફી આજે પાકિસ્તાનમાં પાકિસ્તાન-ન્યૂ ઝીલૅન્ડ સામેની મૅચ સાથે શરૂ થઈ રહી છે, પરંતુ ગ્રૂપ-એમાં ભારતની પ્રથમ મૅચ દુબઈમાં આવતી કાલે બાંગ્લાદેશ સામે રમાશે. ૪૦ વર્ષીય મૉર્કલ શનિવારે પ્રથમ પ્રૅક્ટિસ-સત્રમાં ખેલાડીઓ સાથે હાજર હતો, પરંતુ સોમવારના બીજા સત્રમાં તે ઉપસ્થિત નહોતો રહી શક્યો એવું પીટીઆઇના અહેવાલ પરથી જાણવા મળ્યું હતું. મૉર્ની મૉર્કલના પિતા આલ્બર્ટ મૉર્કલ ૭૪ વર્ષના હતા. તેઓ પણ ક્રિકેટર હતા. જોકે સાઉથ આફ્રિકા વતી તેઓ બહુ ઓછી ફર્સ્ટ-ક્લાસ મૅચ રમ્યા



હતા. મૉર્ની મૉર્કલનો મોટો ભાઈ ઍલ્બી મૉર્કલ એક સમયે સાઉથ આફ્રિકાનો અવ્વલ દરજ્જાનો ફાસ્ટ બોલિંગ ઑલરાઉન્ડર હતો. ઍલ્બી સાઉથ આફ્રિકા વતી કુલ ૧૦૯ આંતરરાષ્ટ્રીય મૅચ રમ્યો હતો, જ્યારે મૉર્ની મૉર્કલ ૨૫૦થી પણ વધુ મૅચ રમ્યો હતો. બન્નેનો ત્રીજો ભાઈ મલાન મૉર્કલ પણ ક્રિકેટર હતો.

# આજથી ચૅમ્પિયન્સ ટ્રોફી: પાકિસ્તાન વિરુદ્ધ ન્યૂ ઝીલૅન્ડ વચ્ચે ટક્કર

કરાચી: અહીં આજે (બપોરે ૨.૩૦ વાગ્યાથી) પાકિસ્તાન અને ન્યૂ ઝીલૅન્ડ વચ્ચે ચૅમ્પિયન્સ ટ્રોફીની પ્રારંભિક મૅચ રમાશે.

મોહમ્મદ રિઝવાન પાકિસ્તાનનો અને મિચલ સૅન્ટનર ન્યૂ ઝીલૅન્ડનો કૅપ્ટન છે. ચાર દિવસ પહેલાં આ જ સ્થળે આ જ બન્ને દેશ વચ્ચે ટ્રાયેન્ગ્યૂલરની ફાઇનલ રમાઈ હતી જેમાં કિવીઓએ પાંચ વિકેટે વિજય મેળવ્યો હતો.

ચૅમ્પિયન્સ ટ્રોફીના ઇતિહાસમાં ત્રણેય મુકાબલામાં કિવીઓનો પાકિસ્તાન સામે વિજય થયો છે.

# ચૅમ્પિયન્સ ટ્રોફી માટે ટીમ ઈન્ડિયાની જર્સી પર પાકિસ્તાનનું નામ! જાણો, આવું કેમ છે

દુબઈ: આજે ક્રિકેટ ચાહકોની લાંબી રાહનો અંત આવશે, બહુચર્ચિત ચૅમ્પિયન્સ ટ્રોફી ૨૦૨૫ની શરૂઆત થવા જઈ રહી છે. ટૂર્નામેન્ટની પહેલી મૅચ પાકિસ્તાન અને ન્યૂ ઝીલેન્ડ વચ્ચે કરાચીના નેશનલ સ્ટેડિયમના મેદાન પર રમાશે. ભારતીય ટીમની પહેલી મૅચ આવતી કાલે (બપોરે ૨.૩૦ વાગ્યાથી) બાંગ્લાદેશ સામે દુબઈમાં રમશે.

ભારતીય ટીમ દુબઈ સ્થિત આઇસીસી એકેડેમીમાં પ્રેક્ટીસ કરી રહી છે. એવામાં ભારતીય ટીમની જર્સી અંગે ચર્ચા થઇ રહી છે.

ટૂર્નામેન્ટ શરૂ થવાના એક દિવસ પહેલાં બીસીસીઆઇએ ટીમ ઈન્ડિયાની જર્સી બહાર પાડી છે જેના પર પાકિસ્તાન નામ લખેલું જોવા મળે છે. આ મુદ્દે સોશિયલ મીડિયા પર ચર્ચા થઇ રહી છે.

બીસીસીઆઇએ સોશિયલ મીડિયા પર ટીમ ઈન્ડિયાના ખેલાડીઓની તસવીરો શૅર કરી છે, જેમાં તમામ ખેલાડીઓ ચૅમ્પિયન્સ ટ્રોફી માટે ટીમ ઈન્ડિયાની નવી જર્સીમાં જોવા મળી રહ્યા છે. કેપ્ટન રોહિત શર્મા, વિરાટ કોહલી અને શ્રેયસ ઐયર સહિત તમામ ૧૫ ખેલાડીઓએ આ નવી જર્સીમાં ફોટોશૂટ કરાવ્યું હતું. ટીમ ઈન્ડિયાની આ નવી જર્સી પર યજમાન પાકિસ્તાનનું



નામ લખેલું છે.

ચૅમ્પિયન્સ ટ્રોફી ૨૦૨૫નું યજમાન પાકિસ્તાન છે. જોકે ટૂર્નામેન્ટ હાઇબ્રિડ મોડેલ હેઠળ રમાઈ રહી છે, ભારત તેની તમામ મૅચો દુબઈમાં રમશે. નિયમો અનુસાર, દરેક આઇસીસી ટૂર્નામેન્ટમાં દરેક ટીમની જર્સી પર યજમાન દેશનું નામ હોવું ફરજિયાત છે. ટૂર્નામેન્ટ માટે પણ દરેક ટીમ-જર્સી પર પાકિસ્તાનનું નામ લખવામાં આવ્યું છે. ૨૦૨૩માં વન-ડેના વર્લ્ડ કપ માટે પાકિસ્તાનની ટીમ ભારત આવી હતી એ સમયે પાકિસ્તાનની ટીમની જર્સી પર ઇન્ડિયા લખેલું હતું.

# ક્રિકેટરોના પરિવારોને ચૅમ્પિયન્સ ટ્રોફીની એક મૅચ જોવાની છૂટ મળી?

## ભારત-પાકિસ્તાન મૅચ વખતે સ્ટૅન્ડમાં જોવા મળી શકે ખેલાડીઓના ફૅમિલી મેમ્બર્સ

મુંબઈ: ઑસ્ટ્રેલિયા ખાતેના નિરાશાજનક પ્રવાસને કારણે તેમ જ વર્લ્ડ ટેસ્ટ ચૅમ્પિયનશિપ (ડબ્લ્યૂટીસી)માંથી ભારતીય ટીમની બાદબાકી થઈ એને પગલે બીસીસીઆઈએ ખેલાડીઓને ટૂર પર પત્ની, પાર્ટનર કે પોતાના અન્ય કોઈ પણ પરિવારને પોતાની સાથે ટૂર પર લઈ જવા પર તાજેતરમાં જે પ્રતિબંધ મૂક્યો એમાં થોડી છૂટ મૂકવામાં આવી હોવાનું જાણવા મળ્યું છે.

એક જાણીતા હિન્દી દૈનિકના અહેવાલ મુજબ ભારતીય ક્રિકેટરો ચૅમ્પિયન્સ ટ્રોફી દરમ્યાન કોઈ પણ એક મૅચ માટે પોતાના પરિવારજનોને દુબઈ બોલાવી શકશે.

અહીં એવું માની શકાય કે મોટા ભાગના ભારતીય ખેલાડીઓ પોતાના પરિવારજનોને રવિવાર, ૨૩મી ફેબ્રુઆરીએ દુબઈમાં પાકિસ્તાન સામે રમાનારી હાઈ-વૉલ્ટેજ મૅચ જોવા માટે બોલાવશે.

કહેવાય છે કે ટીમ ઇન્ડિયાના એક વરિષ્ઠ ખેલાડીએ ચૅમ્પિયન્સ ટ્રોફી માટે દુબઈ જતાં પહેલા બોર્ડના સેક્રેટરી દેવાજિત સૈકિયા સાથે આ મુદ્દે ચર્ચા કરી હતી અને ત્યાર બાદ કડક નિયમમાં હળવી છૂટ મૂકવામાં આવી હોવાનું મનાય છે.



**તાજની મુલાકાતે**

**શિખર:** ભૂતપૂર્વ ભારતીય ઓપનર અને આજે શરૂ થતી ચૅમ્પિયન્સ ટ્રોફી માટે આઈસીસી દ્વારા બ્રૅન્ડ ઍમ્બેસેડર નિયુક્ત શિખર ધવને ગઈ કાલે આગ્રામાં તાજમહાલની મુલાકાત લીધી હતી. (પીટીઆઇ)

# વિદર્ભના પાર્થ રેખાડેએ પાંચ બૉલમાં રહાણે, સૂર્યા, શિવમને આઉટ કર્યા: મુંબઈ મુશ્કેલીમાં

નાગપુર: અહીં રણજી ટ્રોફીની પાંચ-દિવસીય સેમિ ફાઇનલમાં લેફ્ટ-આર્મ સ્પિનર પાર્થ રેખાડે (૧૬-૬-૧૬-૩)એ ડિફેન્ડિંગ ચૅમ્પિયન મુંબઈના ત્રણ મહત્ત્વના બૅટરની વિકેટ લઈને વિદર્ભને મજબૂત પકડ અપાવી હતી. વિદર્ભના પ્રથમ દાવના ૩૮૩ રનના જવાબમાં મુંબઈએ ગઈ કાલે સાત વિકેટે ૧૮૮ રન બનાવ્યા હતા અને વિદર્ભથી ૧૯૫ રનથી પાછળ હતું.

પાર્થ રેખાડેએ મુંબઈના કૅપ્ટન અજિંક્ય રહાણે (૧૮), સૂર્યકુમાર યાદવ (૦) અને શિવમ દુબે (૦)ની વિકેટ લીધી હતી. રેખાડેએ પાંચ બૉલમાં આ ત્રણેયને આઉટ કર્યા હતા. રેખાડેની ૪૧મી ઓવરના પ્રથમ બૉલમાં રહાણેને ક્લીન બોલ્ડ કર્યા બાદ ત્રીજા બૉલમાં સૂર્યાને અને પાંચમા બૉલમાં શિવમને કૅચઆઉટ કરાવ્યા હતા.

શાર્દુલ ઠાકુરે ૩૭ રન બનાવ્યા હતા. જોકે ઓપનર-વિકેટકીપર આકાશ આનંદ (૬૭ બૉલ, ૧૭૧ બૉલ, છ ફોર)ને વિદર્ભનો કોઈ બોલર નહોતો નમાવી શક્યો. બીજા દિવસની રમતને અંતે તેની સાથે કોટિયન પાંચ રને રમી રહ્યો હતો.

દરમ્યાન અમદાવાદમાં ગુજરાત સામે ૩૦ વર્ષીય વિકેટકીપર મોહમ્મદ અઝહરુદ્દીને ૧૪૯ રને નૉટઆઉટ રહીને કેરળને ૪૦૦-પ્લસનો સ્કોર અપાવીને મજબૂત સ્થિતિમાં મૂકી દીધું હતું. બીજા દિવસની રમતને અંતે કેરળનો પ્રથમ દાવનો સ્કોર સાત વિકેટે ૪૧૮ રન હતો.

# આજથી ૩૬ કૅમેરા અને અદ્યતન ટેક્નોલૉજીના અઢળક સાધનો ક્રિકેટરો પર રાખશે બાજનજર

## કૉમેન્ટરીની પૅનલમાં ભારતીયોમાંથી કોણ-કોણ હશે?

દુબઈ: અહીં હેડ-ક્વૉર્ટર ધરાવનાર આઇસીસીની ચૅમ્પિયન્સ ટ્રોફી આજે પાકિસ્તાનમાં અને દુબઈમાં શરૂ થઈ રહી છે અને આ બહુચર્ચિત ટૂર્નામેન્ટ દરમ્યાન ઓછામાં ઓછા ૩૬ કૅમેરા તેમ જ વિશ્લેષણ અને ફોટો-વીડિયો માટે અઢળક અદ્યતન સાધનો કામે લગાડવામાં આવશે. આઇસીસીના મતે આ ગોઠવણથી સ્ટેડિયમમાંના પ્રેક્ષકો અને ટીવી દર્શકોને નવો જ અનુભવ થશે.

આઇસીસીએ આજે કરાચીમાં પાકિસ્તાન અને ન્યૂ ઝીલૅન્ડ વચ્ચે રમાનારી પ્રથમ મૅચ (બપોરે ૨.૩૦ વાગ્યાથી)ની પૂર્વસંધ્યાએ એવું પણ જણાવ્યું હતું કે 'તમામ મૅચોના પ્રસારણમાં ક્વિડિચ ઇનૉવેશન લૅબ્સના ફીલ્ડ ૩૬૦ ડિગ્રીના કૅમેરાની મદદથી પ્રેક્ષકો-દર્શકોને ફીલ્ડિંગ પૉઝિશન



અગાઉ કરતાં વધુ સારી રીતે બતાવી શકાશે.'

ડ્રૉન કૅમેરા ટૂર્નામેન્ટના તમામ સ્થળોના તેમ જ આસપાસની જગ્યાઓના શ્વાસ થંભાવી દે એવા રોમાંચક દૃશ્યો પૂરાં પાડશે, જ્યારે રૉવિંગ બગી કૅમેરામાં મેદાન પરની ઝીણી-ઝીણી પળો કેદ થઈ જશે.

એ ઉપરાંત, સ્પાઇડર કૅમેરા હંમેશની જેમ ટીવી પ્રસારણને વધુ અસરદાર બનાવશે. ખાસ કરીને મેદાનની ઉપરથી આ કૅમેરા પ્રત્યેક ખેલાડીઓની દરેક મૂવમેન્ટ પર નજર રાખશે.

પીટીઆઇના અહેવાલ મુજબ આઇસીસી-ટીવીના આ ટૂર્નામેન્ટ માટે જિયોસ્ટાર સાથે સહકારના કરાર થયા છે મુજબ સ્માર્ટફોન ધારકો પણ અદ્યતન પ્રસારણની મોજ માણી શકશે.

દરમ્યાન ચૅમ્પિયન્સ ટ્રોફી માટે નક્કી થયેલી આઇસીસીની કૉમેન્ટરીની પૅનલમાં સુનીલ ગાવસકર, રવિ શાસ્ત્રી, દિનેશ કાર્તિક અને હર્ષા ભોગલેનો સમાવેશ છે. પાકિસ્તાનમાંથી આ પૅનલ માટે વસીમ અકરમ, બાઝિદ ખાન અને રમીઝ રાજા નક્કી થયા છે, જ્યારે અન્ય કૉમેન્ટેટર્સમાં ખાસ કરીને નાસિર હુસેન, માઇકલ આથર્ટન, ઇયાન બિશપ, ઇયાન સ્મિથ, સાયમન ડૂલ, મૅથ્યૂ હેડન, મેલ જોન્સ, આરૉન ફિન્ચ તેમ જ ડેલ સ્ટેન અને શૉન પોલૉક સામેલ છે.

# પંડ્યા બંધુઓએ ત્રણ વર્ષ માત્ર મેગી અને નૂડલ્સથી ચલાવી લીધું હતું: નીતા અંબાણી

મુંબઈ: આઈપીએલના પાંચ ટાઈટલ જીતનાર મુંબઈ ઇન્ડિયન્સ (એમઆઈ)ની ટીમની ૨૦૨૪ની સીઝન પહેલાંની જ્વલંત સફળતામાં રોહિત શર્મા, જસપ્રીત બુમરાહ, સૂર્યકુમાર યાદવ વગેરે ખેલાડીઓ ઉપરાંત હાર્દિક પંડ્યા તેમ જ તેના મોટા ભાઈ કૃણાલનું પણ મહત્ત્વનું યોગદાન છે અને આ પંડ્યા બ્રધર્સ વિશે ટીમનાં માલિક નીતા અંબાણીએ એક ઇવેન્ટ દરમ્યાન જૂની રસપ્રદ વાત કરી છે.

હવે હાર્દિક એમઆઈનો કેપ્ટન છે અને અંબાણીએ તેને ૧૬.૩૫ કરોડ રૂપિયામાં રીટેન કર્યો છે, જ્યારે કૃણાલને બેંગ્લૂરુના ફ્રેન્ચાઈઝીએ ૫.૭૫ કરોડ રૂપિયામાં ખરીદ્યો છે.

નીતા અંબાણીએ પંડ્યા બંધુઓ સાથેની પ્રથમ મુલાકાતને યાદ કરતા કહ્યું કે 'હાર્દિક અને કૃણાલે આઈપીએલમાં કરીઅર શરૂ કરી એ



પહેલાં તેમના પરિવારની આર્થિક હાલત સારી નહોતી. અમે (હું અને મારો સ્ટાફ) એક વાર ટેલન્ટેડ ખેલાડીઓ શોધવા રણજી ટ્રોફીની મેચ જોવા ગયા હતા ત્યારે અમને આ બે ભાઈઓ મળ્યા હતા. અમે તેમની ટેલન્ટ વિશે સાંભળ્યું તો હતું જ, તેમને સારું રમતા પ્રત્યક્ષ જોયા હતા.'

નીતા અંબાણીએ એ મુલાકાત વિશે બોસ્ટનમાં વધુમાં કહ્યું, 'મેં બન્ને ભાઈઓ સાથે જે વાતચીત કરી ત્યારે એમાં મને એવું જાણવા મળ્યું કે એ અરસામાં તેમણે ત્રણ વર્ષ સુધી માત્ર મેગી અને નૂડલ્સથી ચલાવી લીધું હતું. મને બન્ને ભાઈઓમાં આઈપીએલમાં અને ખાસ કરીને એમઆઈ વતી રમવામાં જબરદસ્ત જોશ અને ઉત્સાહ દેખાયા હતા.'

૨૦૧૫માં એમઆઈએ હાર્દિકને ૧૦ લાખ રૂપિયામાં ખરીદ્યો હતો.

# ચૅમ્પિયન્સ ટ્રોફીમાં આ વખતે પહેલી વાર ૩૫૦ રનનો ટીમ-સ્કોર જોવા મળશે ખરો?

## ન્યૂ ઝીલૅન્ડના ૩૪૭ રન હાઈએસ્ટ છે: પાકિસ્તાનના મેદાનો પર કે દુબઈમાં વિક્રમ તૂટવાની સંભાવના

કરાચી/દુબઈ: આઠ વર્ષના લાંબા ગાળા બાદ વન-ડેની ચૅમ્પિયન્સ ટ્રોફી ફરી શરૂ થવા જઈ રહી છે અને એમાં કેટલાક નવા વિક્રમો જરૂર જોવા મળશે, પરંતુ એક રેકૉર્ડ એવો છે જે ઘણા વર્ષોથી આ ટૂર્નામેન્ટને થાપ આપી રહ્યો છે અને એ વિક્રમ છે ૩૫૦ રનના ટીમ સ્કોરનો.

વન-ડે ફૉર્મેટમાં ૩૫૦થી વધુ ટીમ-સ્કોર ૧૦૦ કરતાં વધુ વખત બની ચૂક્યો છે, પણ ચૅમ્પિયન્સ ટ્રોફીના ૨૭ વર્ષના ઇતિહાસમાં ક્યારેય કોઈ ટીમ ૩૫૦ રન નથી બનાવી શકી.

એકવીસમી સદીની શરૂઆતથી ટી-૨૦ ક્રિકેટ રમાવાની શરૂ થઈ ત્યારથી લગભગ દરેક ટીમમાં બે-ચાર હાર્ડ-હિટિંગ બૅટર હોય છે. ચૅમ્પિયન્સ ટ્રોફી છેલ્લે ૨૦૧૭માં રમાઈ હતી અને ત્યાર બાદ ટી-૨૦ ક્રિકેટને લીધે રેકૉર્ડ-બુકમાં ઘણી ઊલટપુલટ થઈ ગઈ છે. એ જોતાં આ વખતની ચૅમ્પિયન્સ ટ્રોફીમાં કોઈ ટીમ ૩૫૦ રનનો આંકડો બતાવે તો નવાઈ નહીં પામતા.

વન-ડે ફૉર્મેટમાં એવું ઘણી વાર બન્યું છે કે જો કોઈ ટીમે ફર્સ્ટ બૅટિંગમાં ૩૫૦ કે વધુ રન બનાવ્યા હોય તો સેકન્ડ બૅટિંગ કરનારી ટીમ લક્ષ્યાંક ચેઝ કરી શકી છે. એ રીતે, સામાન્ય રીતે વન-ડેમાં ૩૫૦-પ્લસના સ્કોર વારંવાર જોવા મળ્યા છે, પરંતુ ચૅમ્પિયન્સ ટ્રોફીમાં જો ૩૫૦ રનનો સ્કોર નોંધાશે તો એ આ ટૂર્નામેન્ટ માટે ઐતિહાસિક કહેવાશે.

તો હવે તમને જણાવી દઈએ કે ચૅમ્પિયન્સ ટ્રોફીમાં હાઇએસ્ટ ટીમ-સ્કોર કોનો અને કેટલો છે. ૨૦૦૪માં ન્યૂ ઝીલૅન્ડે યુએસએ સામે ચાર વિકેટના ભોગે ૩૪૭ રન બનાવ્યા હતા અને ચૅમ્પિયન્સ ટ્રોફીનો એ હાઇએસ્ટ ટીમ-સ્કોર છે. કિવીઓએ ત્યારે ઓપનર નૅથન ઍસ્ટલના અણનમ ૧૪૫ રન, સ્કૉટ સ્ટાઇરિસના ૭૫ રન અને ક્રેગ મૅકમિલનના અણનમ ૬૪ રનની મદદથી ૩૪૭ બનાવ્યા હતા અને અમેરિકાની ટીમ જૅકબ ઓરમની પાંચ તથા ડૅનિયલ વેટોરીની ત્રણ વિકેટને લીધે ૧૩૭ રનમાં આઉટ થઈ જતાં કિવીઓનો ૨૧૦ રનથી વિજય થયો હતો.

પાકિસ્તાનના ત્રણેય સ્થળ (કરાચી, લાહોર, રાવલપિંડી)માં અથવા દુબઈમાં ન્યૂ ઝીલૅન્ડનો ૩૪૭ રનનો વિક્રમ તૂટી શકે એમ છે.

ચૅમ્પિયન્સ ટ્રોફીમાં ભારતની વાત કરીએ તો ૨૦૧૩માં ભારતે સાઉથ આફ્રિકા સામે સાત વિકેટે ૩૩૧ રન બનાવ્યા હતા અને ભારતનો આ ટૂર્નામેન્ટના ઇતિહાસમાં એ સૌથી મોટો સ્કોર છે. ત્યારે કાર્ડિફમાં ભારતે એ ટૂર્નામેન્ટની પહેલી જ મૅચમાં શિખર ધવન (જે આ વખતની ટૂર્નામેન્ટ માટે બ્રૅન્ડ ઍમ્બેસેડર નિયુક્ત થયો છે)ના ૧૧૪ રન, રોહિત શર્માના ૬૫ રન તથા રવીન્દ્ર જાડેજાના અણનમ ૪૭ રનની મદદથી સાત વિકેટે ૩૩૧ રન બનાવ્યા હતા. ધોની ભારતનો કૅપ્ટન હતો અને એબી ડિવિલિયર્સની કૅપ્ટન્સીમાં સાઉથ આફ્રિકાની ટીમ ૩૦૫ રનના સ્કોર પર આઉટ થઈ જતાં ભારતનો ૨૬ રનથી વિજય થયો હતો. છેવટે ભારત આ ચૅમ્પિયન્સ ટ્રોફીમાં ચૅમ્પિયન બન્યું હતું.

# દુબઈની પિચ ભારતીય ટીમ માટે વિપરીત થઈ શકે: ખુદ પિચ ક્યૂરેટરે મોટો ખુલાસો કર્યો છે

દુબઈ: આવતી કાલે શરૂ થઈ રહેલી વન-ડે ફૉર્મેટની ચૅમ્પિયન્સ ટ્રોફી મુખ્યત્વે પાકિસ્તાનમાં રમાશે, પરંતુ ભારતની તમામ મૅચો દુબઈમાં રમાશે એટલે સ્વાભાવિક રીતે કરોડો ભારતીય ક્રિકેટપ્રેમીઓને દુબઈની જ પિચ વિશે જાણવાની તાલાવેલી હોય એટલે જણાવી દઈએ કે દુબઈની પિચ બનાવનાર ક્યૂરેટર મૅથ્યૂ સેન્ડર્સે એક જાણીતી અંગ્રેજી ક્રિકેટલક્ષી વેબસાઇટને મુલાકાતમાં કહ્યું છે કે દુબઈની પિચ સ્લો નહીં રહે.

બીજી રીતે કહીએ તો દુબઈની પિચ સ્લો રહેશે એવું ધારીને ભારતીય સ્ક્વૉડમાં પાંચ સ્પિનર (રવીન્દ્ર જાડેજા, કુલદીપ યાદવ, અક્ષર પટેલ, વરુણ ચક્રવર્તી, વૉશિંગ્ટન સુંદર)નો સમાવેશ કરવામાં આવ્યો છે. જોકે સૅન્ડર્સને દુબઈની પિચ સ્લો રહેશે? એવું પૂછાતાં તેમણે 'ના'માં જવાબ આપ્યો હતો. સૅન્ડર્સે દુબઈની પિચ વિશે વધુમાં કહ્યું, 'યુએઇની સ્પર્ધા આઇએલટી૨૦ની ફાઇનલ બાદ બે અઠવાડિયા સુધી પિચને રિકવરી ટાઇમ મળ્યો જેમાં પિચ બનાવવા માટે પૂરતો સમય મળ્યો એટલે અમે અહીંની પરિસ્થિતિ અનુસાર સારામાં સારી અને અનુકૂળ પિચ બનાવવાનો પ્રયાસ કર્યો છે. વન-ડે માટે વિશ્વભરની પિચો જેવી હોય છે એવી પિચ અમે અહીં બનાવી છે.'

જો પિચ સ્લો રહેશે તો ભારતીય સ્પિનર્સને એનો ફાયદો ઉઠાવવાનો બહુ સારો મોકો મળશે. આઇએલટી૨૦ની મૅચોમાં બોલર્સ અને બૅટર્સ, બન્નેને દુબઈની પિચ પર સારી મદદ મળી હતી. ખાસ ઉલ્લેખ કરવાનો કે આખી આઇએલટી૨૦ દરમ્યાન ફક્ત એક વાર ૨૦૦-પ્લસનો ટીમ-સ્કોર જોવા મળ્યો હતો.

# મુંબઈ ઈન્ડિયન્સમાં ૪.૮૦ કરોડવાળા ગઝનફરના સ્થાને બે કરોડવાળો મુજીબ

મુંબઈ: ચેમ્પિયન્સ ટ્રોફી બાદ દિગ્ગજ ખેલાડીઓ ઇન્ડિયન પ્રીમિયર લીગ (આઇપીએલ) ૨૦૨૫માં રમતા જોવા મળશે, પરંતુ એવામાં પાંચ વખત ચેમ્પિયન બનેલી મુંબઈ ઈન્ડિયન્સ(એમઆઇ)ની ટીમમાં મોટો ફેરફાર થયો છે. અફઘાનિસ્તાનનો મિસ્ટરી-સ્પિનર અલ્લાહ ગઝનફર ઈજાના કારણે આઇપીએલ-૨૦૨૫માંથી બહાર થઈ ગયો છે. તે ચેમ્પિયન્સ ટ્રોફીમાં પણ નથી રમવાનો.

મુંબઈ ઇન્ડિયન્સે ગઝનફરના સ્થાને અફઘાનિસ્તાનના જ ઑફ-સ્પિનર મુજીબ-ઉર-રહમાનને ટીમમાં સામેલ કર્યો છે.

મુજીબ અફઘાનિસ્તાનની રાષ્ટ્રીય ટીમમાં સામેલ થનાર સૌથી યુવા ખેલાડીઓમાંનો એક છે. તેણે માત્ર ૧૭ વર્ષની ઉંમરે આઇપીએલમાં પ્રવેશ કર્યો હતો. મુજીબ કુલ મળીને ૩૦૦ થી વધુ ટી-૨૦ મૅચ રમ્યો છે અને લગભગ ૬.૫ ની ઇકોનોમીથી કુલ ૩૩૦ વિકેટ લીધી છે. મુજીબ આઇપીએલમાં ૧૯ મૅચ રમ્યો છે જેમાં તેણે ૧૯ વિકેટ લીધી છે.

મુજીબને મુંબઈ ઈન્ડિયન્સ ટીમમાં લગભગ બે કરોડ રૂપિયામાં સામેલ કરવામાં આવ્યો છે. આઇપીએલ-૨૦૨૫ના મેગા ઑક્શનમાં મુજીબને એકેય ટીમે નહોતો ખરીદ્યો.

નોંધનીય છે કે છેલ્લાં કેટલાંક વર્ષોમાં અફઘાનિસ્તાનના ખેલાડીઓ શાનદાર પ્રદર્શન કરી રહ્યા છે, જેના કારણે આઇપીએલમાં અફઘાન ખેલાડીઓની ખૂબ માગ છે. અલ્લાહ ગઝનફરને મુંબઈ ઇન્ડિયન્સે લગભગ ૪.૮૦ કરોડ રૂપિયામાં ખરીદ્યો હતો.

# એક દિવસની રાહત બાદ ફરી પીછેહઠ, એફઆઈઆઈની એકધારી વેચવાલીથી બેન્ચમાર્કમાં ઘસરકો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઇઃ સતત આઠ દિવસની પછડાટ બાદ સોમવારે મળેલી એક દિવસની રાહત બાદ શેરબજારે મંગળવારે ફરી પીછેહઠ નોંધાવી હતી. કોર્પોરેટ સેકટરના નબળા પરિણામો અને એફઆઇઆઇની એકધારી વેચવાલીથી કથળેલા સેન્ટિમેન્ટ વચ્ચે બંને બેન્ચમાર્કમાં ઘસરકો પડ્યો છે.

સેન્સેક્સ સત્ર દરમિયાન ૪૬૬ પોઇન્ટ નીચે ગબડ્યા બાદ અંતે ૨૯.૪૭ પોઇન્ટના ઘટાડા સાથે ૭૫,૯૬૭.૩૯ પોઇન્ટની સપાટીએ અને નિફ્ટી બેન્ચમાર્ક ૧૪.૨૦ પોઇન્ટના ઘસરકા સાથે ૨૨,૯૪૫.૩૦ પોઇન્ટની સપાટીએ સ્થિર થયો છે. નાના શેરોમાં ફરી વેચવાલીનું દબાણ જોવા મળ્યું હતું. બીએસઇ સ્મોલ કેપ ઇન્ડેક્સમાં ૧.૭૧ ટકાનો કડાકો હતો, જ્યારે મિડકેપ ઇન્ડેકસમાં ૦.૧૯ ટકાનો ઘટાડો હતો.

શેરબજારમાં પ્રોફિટ બુકિંગ અને બોટમ ફિશિંગ બંને બાબતો જોવા મળી હતી. વિદેશી ફંડોની એકધારી વેચવાલી, ડોલર સામે રૂપિયાનું ધોવાણ, સ્મોલ કેપમાં જોરદાર ધોવાણ અને મિડકેપમાં હજુ વેલ્યુએશન ઊંચા હોવાની ચર્ચા વચ્ચે બજારનું સેન્ટિમેન્ટ ડહોળાયેલું છે. આ ઓછું હોય તેમ ભારતીય ચલણના મૂલ્યના ધોવાણ સાથે કોમોડિટીઝના વધતા ભાવને કારણે ભારતની વ્યાપાર ખાધમાં અનપેક્ષિત વિસ્તરણ થયું છે. આ તમામ પરિબળોમાં મંદીવાળા બજાર પર હાવી થઇ રહ્યા છે.

ઇન્ડસઇન્ડ બેન્ક, મહિન્દ્રા એન્ડ મહિન્દ્રા, અલ્ટ્રાટેક સિમેન્ટ, હિંદુસ્તાન યુનિલીવર, સન ફાર્મા, ટાટા કન્સ્લ્ટન્સી સર્વિસિસ, આઇટીસી અને એશિયન પેઇન્ટ્સ સેન્સેક્સના સૌથી વધુ ઘટનારા મુખ્ય શેરોની યાદીમાં હતાં. જ્યારે એનટીપીસી, ઝોમેટો, ટેક મહિન્દ્રા, પાવર ગ્રીડ કોર્પોરેશન, કોટક મહિન્દ્રા બેન્ક અને એચસીએલ ટેકનોલોજી સૌથી વધુ વધનારા ટોચના શેરોની યાદીમાં હતાં.

એનટીપીસીએ માર્ચ ૨૦૨૫માં પૂરા થતા વર્ષ માટે શેરધારકોને રૂ. ૨૪૨૪ કરોડનું વધારાનું વચગાળાનું ડિવિડંડ ચૂકવ્યું છે. અશોક લેલેન્ડનો ત્રીજા ક્વાર્ટરનો ચોખ્ખો નફો ૩૬ ટકા, જ્યારે આવક આઠ ટકા વધી છે. સીમેનનો ચોખ્ખો નફો ડિસેમ્બર ક્વાર્ટરમાં ૧૦ ટકા ઘટીને રૂ. ૩૭૨ કરોડ નોંધાયો છે. પાવર ફાઇનાન્સ કોર્પોરેશને ત્રીજા ક્વાર્ટરના પરિણામમાં વાર્ષિક ધોરણે ૨૩ ટકાના વધારા સાથે રૂ. ૫,૮૨૯ કરોડનો ચોખ્ખો નફો નોંધાવ્યો છે અને શેર દીઠ રૂ. ૩.૫૦ના ડિવિડન્ડની જાહેરાત કરી છે. વોડાફોન આઇડિયાએ સહેજ ઘટાડા સાથે રૂ. ૬,૬૦૯ કરોડની ખોટ જાહેર કરી છે.



એનએસઇનું વેલ્યુએશન ૨૦૦ ટકા વધીને રૂ. ૪.૭ લાખ કરોડ સુધી પહોંચ્યું છે. ઈન્ફ્રાસ્ટ્રક્ચર ડેવલપમેન્ટ કંપની એવીપી ઇન્ફ્રાકોન લિમિટેડને તમિલનાડુમાં તિરુકોઇલુર-આસનુર રોડને પહોળો કરવા અને મજબૂત બનાવવા માટે તિરુવન્નામલાઈ સર્કલના સુપરિન્ટેન્ડિંગ એન્જિનિયર હાઇવે કન્સ્ટ્રક્શન એન્ડ મેઇન્ટેનન્સ તરફથી સ્વીકૃતિ પત્ર પ્રાપ્ત થયો છે. આ પ્રોજેક્ટની કિંમત આશરે રૂ. ૮૬.૫૪ કરોડ છે, જે ૧૮ મહિનામાં પૂર્ણ થવાની અપેક્ષા છે.

ભારતમાં પેન્શન એસેટ્સ અંડર મેનેજમેન્ટ (એયુએમ), ૨૦૩૦ સુધીમાં કુલ રૂ. ૧૧૮ ટ્રિલિયનનો આંક આંબી જશે એવો અંદાજ છે, જેમાં નેશનલ પેન્શન સિસ્ટમ (એનપીએસ)નો હિસ્સો ૨૫ ટકા જેવો રહેવાની ધારણા છે. ભારતની વસતિની વૃદ્ધિ અને તેની સાથે સંકળાયેલી અસરો હેઠળ આ ક્ષેત્રના વિકાસને વેગ મળવાની ધારણા છે. ૨૦૫૦ સુધીમાં ભારતમાં વરિષ્ઠોની વસ્તીમાં ૨.૫ ગણો વધારો થવાનો અંદાજ છે. આ જ સાથે નિવૃત્તિ પછીના આયુષ્ય દરમાં પણ સરેરાશ ૨૦ વર્ષ વધારો થશે, એમ ડીએસપી પેન્શન ફંડ મેનેજર્સના રિપોર્ટમાં જણાવાયું છે. હાલમાં, ભારતનું પેન્શન માર્કેટ દેશના જીડીપીના માત્ર ત્રણ ટકાનું પ્રતિનિધિત્વ કરે છે, તે જોતો આ ક્ષેત્રે વિકાસની ખૂબ જ સંભાવના છે.

એક અન્ય નોંધપાત્ર બાબતમાં ભારતીય રિટેલ રોકાણકારો વધુને વધુ પરંપરાગત બચત પદ્ધતિઓથી અળગા થઇને બજાર સાથે સંકળાયેલા રોકાણો માધ્યમો તરફ વળી રહ્યા છે, જેને કારણે બેંક થાપણોમાં ઘટાડો થઇ રહ્યો છે.

સેન્સેક્સ સમાવિષ્ટ શેરોમાં મુખ્યત્વે એનટીપીસી ૨.૯૪ ટકા, ટેક મહિન્દ્ર ૨.૩૮ ટકા, ઝોમેટો ૨.૧૫ ટકા, પાવર ગ્રીડ ૧.૩૭ ટકા, કોટક બેન્ક ૦.૯૮ ટકા, એચસીએલ ટેકનોલોજી ૦.૮૫ ટકા, ઈન્ફોસિસ ૦.૪૮ ટકા, બજાજ ફાઈનાન્સ ૦.૪૨ ટકા, એચડીએફસી બેન્ક ૦.૩૧ ટકા અને નેસ્લે ૦.૩૦ ટકા વધ્યા હતા.

જ્યારે ઈન્ડસઈન્ડ બેન્ક ૨.૩૮ ટકા, અલ્ટ્રાટેક સિમેન્ટ ૧.૬૦ ટકા, મહિન્દ્ર એન્ડ મહિન્દ્ર ૧.૪૮ ટકા, હિંદુસ્તાન યુનિલિવર ૧.૪૨ ટકા, ટાટા કન્સલ્ટન્સી ૦.૮૭ ટકા, સન ફાર્મા ૦.૮૪ ટકા, આઈટીસી ૦.૮૧ ટકા, તાતા મોટર્સ ૦.૭૧ ટકા આઈસીઆઈસીઆઈ બેન્ક ૦.૬૮ ટકા અને એશિયન પેઈન્ટ્સ ૦.૫૦ ટકા ઘટ્યા હતા.

અમેરિકા દ્વારા આયાત પર લાદવામાં આવેલા ટેરિફ અને વિદેશી રોકાણના સતત બાહ્યપ્રવાહને કારણે ઇક્વિટી માર્કેટમાં મંદીનો માહોલ જમ્યો છે. એફઆઇઆઇએ ૨૦૨૫ની શરૂઆતથી અત્યાર સુધીમાં કુલ રૂ. ૯૯,૨૯૯ કરોડ એટલે કે લગભગ એક લાખ કરોડ રૂપિયા જેટલા શેરની વેચવાલી કરી છે. એક્સચેન્જના ડેટા અનુસાર પાછલા સત્રમાં શુક્રવારે વિદેશી ફંડોએ રૂ. ૪૨૯૪.૬૯ કરોડના શેર વેચ્યા હતા. વિદેશી સંસ્થાકીય રોકાણકારો દ્વારા થઇ રહેલી વેચવાલી પાછળનું કારણે પ્રોફિટ બુકિંગ હોવાનું નાણાં પ્રધાને જણાવ્યું છે. નાણાં સચિવે એવા સંકેત આપ્યા હતા કે શેરબજાર બાહ્ય પરિબળોને કારણે વોલેટાઇલ છે અને આ અસ્થિરતા કામચલાઉ છે.

કેન્દ્રીય નાણાં પ્રધાન નિર્મલા સીતારામનની અધ્યક્ષતા હેઠળ યોજાયેલી વિશેષ પત્રકાર પરિષદ દરમિયાન શેરબજારને લગતા સવાલના જવાબમાં સીતારામને કહ્યું કે ભારતનું અર્થતંત્ર સાબૂત છે અને પ્રોફિટ બુકિંગ કરીને રોકાણકાર સારું વળતર મેળવી રહ્યાં છે. વિદેશી સંસ્થાકીય રોકાણકારો (એફઆઇઆઇ) દ્વારા વેચાણ અંગેના પ્રશ્નના જવાબમાં, સીતારમણે કહ્યું કે ભારતમાં એવું વાતાવરણ છે જ્યાં રોકાણ સારું વળતર આપી રહ્યું છે. વિદેશી ફંડો સામાન્ય રીતે વોલેટાલિટીના સમયમાં પોતાના દેશમાં મૂડી લઇ જતાં હોય છે અને એ થઇ રહ્યું છે.

નાણા સચિવ તુહિન કાંતા પાંડેએ ઉમેર્યું કે વૈશ્વિક અસ્થિરતાના સમયમાં, એફઆઇઆઇ તેમના મૂળ દેશમાં પાછા ફરવાનું વલણ ધરાવે છે, જે મોટાભાગે અમરિકા છે. વિદેશી ફંડો એક ઇમર્જિંગ માર્કેટમાંથી બીજા ઇમર્જિંગ માર્કેટમાં નથી જઇ રહ્યાં. તેમણે કહ્યું કે ભારત સૌથી ઝડપથી વિકસતું મજબૂત અર્થતંત્ર છે અને આગળ પણ વિકાસયાત્રા ચાલુ રાખશે.

બીએસઈના ડેરિવેટિવ્ઝ સેગમેન્ટમાં મંગળવારે ઈન્ડેક્સ ફ્યુચર્સમાં રૂ. ૪૩૯.૩૨ કરોડનું ટર્નઓવર થયું હતું, જેમાં કુલ ૧,૬૭૩ સોદામાં ૨,૮૯૨ કોન્ટ્રેક્ટ્સનું કામકાજ થયું હતું. ઈન્ડેક્સ ફ્યુચર્સ અને ઈક્વિટી ફ્યુચર્સ મળીને કુલ ૨૫,૫૬,૯૭૧ કોન્ટ્રેક્ટના ઓપન ઈન્ટરેસ્ટ રહ્યા હતા. કુલ નોશનલ ટર્નઓવર રૂ. ૩,૭૧,૩૫,૫૧૬.૪૨ કરોડનું રહ્યું હતું. ■

# સોનામાં રૂ. ૪૩૬નો ચમકારો, ચાંદીમાં રૂ. ૭૭નો સાધારણ સુધારો

## વર્ષ ૨૦૨૫ના અંત સુધીમાં સોનાના વૈશ્વિક ભાવ ૩૧૦૦ ડૉલર થવાની ગોલ્ડમેન સાશની ધારણા

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ અમેરિકી પ્રમુખ ડૉનલ્ડ ટ્રમ્પની ટેરિફ યોજનાઓને ધ્યાનમાં લેતા આજે લંડન ખાતે સોનામાં રોકાણકારોની સલામતી માટેની માગ જળવાઈ રહેતાં ભાવમાં આગેકૂચ જળવાઈ રહી હતી, જ્યારે ચાંદીમાં વધ્યા મથાળેથી પીછેહઠ જોવા મળી હતી. આમ વૈશ્વિક પ્રોત્સાહક અહેવાલોને ધ્યાનમાં લેતા આજે સ્થાનિક ઝવેરી બજારમાં સોનાના ભાવમાં ૧૦ ગ્રામદીઠ રૂ. ૪૩૪થી ૪૩૬નો ચમકારો આવ્યો હતો. જોકે, આજે સ્થાનિક ફોરેક્સ માર્કેટમાં ડૉલર સામે રૂપિયો ૧૦ પૈસા નબળો પડ્યો હોવાથી સોનાની આયાત પડતરોમાં વધવાથી સોનાની તેજીને ટેકો મળ્યો હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું. જોકે, ચાંદીમાં વિશ્વ બજારથી વિપરીત ઔદ્યોગિક વપરાશકારોની માગને ટેકે ભાવમાં કિલોદીઠ રૂ. ૭૭નો સાધારણ સુધારો આવ્યો હતો અને ભાવે ફરી રૂ. ૯૬,૦૦૦ની સપાટી અંકે કરી હતી.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે ૯૯૯ ટચ ચાંદીમાં વૈશ્વિક નિરુત્સાહી અહેવાલ છતાં ઔદ્યોગિક વપરાશકારો અને જ્વેલરી ઉત્પાદકોની છૂટીછવાઈ માગને ટેકે વેરા રહિત ભાવ કિલોદીઠ રૂ. ૭૭ના સાધારણ સુધારા સાથે રૂ. ૯૬,૦૨૩ના મથાળે રહ્યા હતા. વધુમાં આજે સોનામાં વૈશ્વિક પ્રોત્સાહક અહેવાલ ઉપરાંત રૂપિયો નબળો પડતાં ૯૯૫ ટચ સ્ટાન્ડર્ડ સોનાના ભાવ ૧૦ ગ્રામદીઠ રૂ. ૪૩૪ વધીને રૂ. ૮૫,૩૪૭ અને ૯૯૯ ટચ સ્ટાન્ડર્ડ સોનાના રૂ. ૪૩૬ વધીને રૂ. ૮૫,૬૯૦ના મથાળે રહ્યા હતા. જોકે, ઊંચા મથાળેથી સ્ટોકિસ્ટો અને રોકાણકારોની નવી લેવાલીનો અભાવ તેમ જ જ્વેલરી ઉત્પાદકો અને રિટેલ સ્તરની માગ નિરસ રહી હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું. આજે લંડન ખાતે સત્રના આરંભે ખાસ કરીને સોનામાં રોકાણકારોની અમેરિકાની ટેરિફની અનિશ્ચિતતાઓને ધ્યાનમાં લેતા સલામતી માટેની માગ જળવાઈ રહેતાં હાજરમાં સોનાના ભાવ ગઈકાલના બંધ સામે ૦.૬ ટકા વધીને ઔંસદીઠ ૨૮૧૩.૭૯ ડૉલર અને વાયદામાં ભાવ ૦.૯ ટકા વધીને ૨૯૨૫.૫૦ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા, જ્યારે હાજરમાં ચાંદીના ભાવ ગઈકાલના બંધ સામે ૦.૯ ટકા ઘટીને ઔંસદીઠ ૩૨.૫૦ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા. એકંદરે હાલને તબક્કે સોનામાં સલામતી માટેની માગ ઉપરાંત કેન્દ્રવર્તી બૅન્કોની લેવાલી અને યુરોપના દેશોમાં પુરવઠાખેંચની સ્થિતિને કારણે તેજીનું વલણ જોવા મળી રહ્યું હોવાનું કેપિટલ ડૉટ કૉમનાં ફાઈનાન્સિયલ માર્કેટનાં વિશ્લેષક ક્યેલ રોડ્ડાએ જણાવતા ઉમેર્યું હતું કે મારા મતે સોનામાં તેજી માટેનાં પરિબળો ખૂબ મજબૂત છે.

નોંધનીય બાબત એ છે કે અમેરિકી પ્રમુખ ડૉનલ્ડ ટ્રમ્પે હોદ્દો અખત્યાર કરતાની સાથે ચીનથી થતી આયાત સામે ૧૦ ટકા ટેરિફ લાદવાની જાહેરાત કરી હતી અને મેક્સિકોથી થતી આયાત પર તેમ જ કેનેડાથી આયાત થતી નોન એનર્જી ચીજો પર લાદેલી ૨૫ ટકા ટેરિફ મુલતવી રાખી હતી. તેમ જ અન્ય દેશોથી થતી આયાત સામે રેસિપ્રોકલ ટેરિફ લાદવાની જાહેરાત કરી હતી. ટ્રમ્પની ટેરિફ યોજનાઓ અને તેની અસરોની અનિશ્ચિતતાઓને ધ્યાનમાં લેતા ગોલ્ડમેન સાશે વર્ષ ૨૦૨૫ના અંત સુધીમાં સોનાના ભાવ વધીને ઔંસદીઠ ૩૧૦૦ ડૉલરની સપાટી સુધી પહોંચે તેવી શક્યતા એક નોટ્સમાં વ્યક્ત કરતાં ઉમેર્યું હતું કે જો નીતિવિષયક અનિશ્ચિતતાઓ લાંબા સમય સુધી ચાલે તો વર્ષના અંત સુધીમાં સોનાના ભાવ ઔંસદીઠ ૩૩૦૦ ડૉલર સુધી પણ પહોંચી શકે છે.

વધુમાં ગઈકાલે ફેડરલ ગવર્નર મિશેલ બૉમૅને જણાવ્યું હતું કે જો ફેડરલ રિઝર્વને ફુગાવામાં ઘટાડા અંગેનો વિશ્વાસ જોવા મળશે તો ભવિષ્યમાં વ્યાજદરમાં કપાતની વિચારણા કરશે. ■

# જાન્યુઆરીમાં સોનાની આયાતમાં ૪૦.૭૯ ટકાનો ઉછાળો

નવી દિલ્હીઃ ગત જાન્યુઆરી મહિનામાં સ્થાનિકમાં સોનાની માગ પ્રબળ રહેતાં દેશમાં સોનાની આયાત જાન્યુઆરી, ૨૦૨૪ના ૧.૯ અબજ ડૉલર સામે ૪૦.૭૯ ટકા વધીને ૨.૬૮ અબજ ડૉલરની સપાટીએ રહી હતી. તેમ જ જાન્યુઆરીમાં ચાંદીની આયાત પણ વર્ષાનુવર્ષ ધોરણે ૮૨.૮૪ ટકા વધીને ૮૮.૩૧૮ કરોડ ડૉલરની સપાટીએ રહી હતી.

જોકે, વર્તમાન નાણાકીય વર્ષમાં ગત એપ્રિલથી જાન્યુઆરી દરમિયાન દેશમાં સોનાની આયાત ગત સાલના સમાનગાળાના ૩૭.૮૫ અબજ ડૉલર સામે ૩૨ ટકા વધીને ૫૦ અબજ ડૉલરની સપાટીએ રહી હોવાનું એક સરકારી આંકડાકીય માહિતીમાં જણાવાયું છે.

એકંદરે સોનાની આયાતમાં વધારો થવાનાં મુખ્ય કારણોમાં રોકાણકારોમાં સલામત અસ્ક્યામત તરીકે વધેલો વિશ્વાસ, વૈશ્વિક આર્થિક અનિશ્ચિતતાઓને કારણે રોકાણકારોના અન્ય રોકાણમાંથી સોના તરફ વધેલો પ્રવાહ, બૅન્કોની સોનામાં લેવાલી અને ડ્યૂટીમાં કપાત થવાથી માગમાં વધારાનો સમાવેશ થાય છે. વધુમાં વર્તમાન વર્ષમાં અત્યાર સુધીમાં સોનાના ભાવમાં ૧૧ ટકાનો ઉછાળો આવ્યો છે અને દેશની રાજધાની દિલ્હી ખાતે સોનાના ભાવ વધીને ૧૦ ગ્રામદીઠ રૂ. ૮૮,૨૦૦ની સપાટીએ પહોંચ્યા છે.

દેશમાં સોનાની આયાતમાં વધારો થવાથી ચાલુ ખાતાની ખાધ દબાણ હેઠળ આવતી હોય છે અને વર્ષ ૨૦૨૩-૨૪માં દેશની ચાલુ ખાતાની ખાધ ૩૦ ટકા વધીને ૪૫.૫૪ અબજ ડૉલરના સ્તરે રહી હતી. પ્રાપ્ત આંકડાકીય માહિતી અનુસાર દેશમાં થતી સોનાની કુલ આયાતમાં સૌથી વધુ ૪૦ ટકા આયાત સ્વિત્ઝર્લૅન્ડથી થઈ હતી, ત્યાર બાદ ૧૬ ટકાના હિસ્સા સાથે યુએઈ બીજા ક્રમાંકે અને ૧૦ ટકાના હિસ્સા સાથે દક્ષિણ આફ્રિકા ત્રીજા ક્રમાંકે રહ્યું છે. તેમ જ દેશમાં થતી કુલ આયાતમાં સોનાનો હિસ્સો પાંચ ટકા જેટલો છે.

વધુમાં સોનાની આયાતમાં વધારો થવાથી ગત જાન્યુઆરી મહિનામાં વેપાર ખાધ ૨૩ અબજ ડૉલરના સ્તરે રહી હતી. અત્રે ઉલ્લેખનીય બાબત એ છે કે ભારત ચીન પછી સોનાના વૈશ્વિક અગ્રણી વપરાશકાર દેશોમાં બીજો ક્રમાંક ધરાવે છે અને સ્થાનિકમાં સોનાના આભૂષણોની માગ સંતોષવા માટે આયાત કરવામાં આવે છે. જોકે, ગત જાન્યુઆરી મહિનામાં દેશની જેમ્સ અને જ્વેલરીની નિકાસ વર્ષાનુવર્ષ ધોરણે ૧૫.૯૫ ટકા વધીને અંદાજે ત્રણ અબજના સ્તરે રહી હતી. ■

# ડૉલર સામે રૂપિયો ૧૦ પૈસા નરમ

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ આંતરરાષ્ટ્રીય વિનિમય બજારમાં ડૉલર ઈન્ડેક્સમાં મજબૂત વલણ, બ્રેન્ટ ક્રૂડતેલના વાયદામાં આગેકૂચ, સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં નરમાઈ અને વિદેશી સંસ્થાકીય રોકાણકારોની વેચવાલી તેમ જ જાન્યુઆરી મહિનાના આર્થિક ડેટાઓ નબળા આવ્યા હોવાથી આજે સ્થાનિક ફોરેક્સ માર્કેટમાં ડૉલર સામે રૂપિયો ગઈકાલના બંધ સામે ૧૦ પૈસાના ઘટાડા સાથે ૮૬.૯૮ના મથાળે બંધ રહ્યો હોવાનું સૂત્રોએ જણાવતાં ઉમેર્યું હતું કે આજે સંભવિતપણે રિઝર્વ બૅન્કનો બજારમાં હસ્તક્ષેપ રહ્યો હોવાથી રૂપિયામાં ધોવાણ મર્યાદિત રહ્યું હતું.

આજે સ્થાનિકમાં ડૉલર સામે રૂપિયો ગઈકાલના ૮૬.૮૮ના બંધ સામે નરમાઈના અન્ડરટોને ૮૬.૯૪ની સપાટીએ ખૂલ્યા બાદ સત્ર દરમિયાન નીચામાં ૮૬.૯૮ અને ઉપરમાં ૮૬.૯૧ની રેન્જમાં અથડાઈને અંતે ગઈકાલના બંધ સામે ૧૦ પૈસા તૂટીને ૮૬.૯૮ની સત્રની નીચી સપાટીએ બંધ રહ્યો હતો.

ટ્રેડરોના જણાવ્યાનુસાર ગઈકાલે જાહેર થયેલા જાન્યુઆરી મહિનાના આર્થિક ડેટાઓમાં નિકાસ ૨.૩ ટકા ઘટીને ૩૬.૪૩ અબજ ડૉલરની સપાટીએ અને આયાત ૧૦.૨૮ ટકા વધીને ૫૯.૪૨ અબજ ડૉલરની સપાટીએ રહેતાં વેપાર ખાધ વધીને ૨૨.૯૯ અબજ ડૉલરના સ્તરે રહી હોવાથી રૂપિયો વધુ દબાણ હેઠળ આવ્યો હતો.

વધુમાં આજે વિશ્વ બજારમાં ડૉલર ઈન્ડેક્સ ગઈકાલના બંધ સામે ૦.૩૫ ટકા વધીને ૧૦૬.૯૫ આસપાસ અને બ્રેન્ટ ક્રૂડતેલના વાયદામાં ભાવ ૦.૭૭ ટકા વધીને બેરલદીઠ ૭૫.૮૦ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા, જ્યારે સ્થાનિક સ્તરે બીએસઈ બૅન્ચમાર્ક સેન્સેક્સ અને એનએસઈ બૅન્ચમાર્ક નિફ્ટીમાં અનુક્રમે ૨૯.૪૭ પૉઈન્ટનો અને ૧૪.૨૦ પૉઈન્ટનો ઘટાડો જોવા મળવાની સાથે ગઈકાલે વિદેશી સંસ્થાકીય રોકાણકારોની ઈક્વિટીમાં રૂ. ૩૯૩૭.૮૩ કરોડની ચોખ્ખી વેચવાલી રહી હોવાથી ગબડતા રૂપિયાને ઢાળ મળ્યો હોવાનું સૂત્રોએ ઉમેર્યું હતું. ■

# સ્ટોકિસ્ટોની વેચવાલીએ નિકલમાં ₹ ૧૭ તૂટ્યા, અન્ય ધાતુઓમાં મિશ્ર વલણ

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ લંડન મેટલ એક્સચેન્જ ખાતે આજે કોપર સહિતની અન્ય ધાતુઓના ભાવ સાંકડી વધઘટે અથડાઈ ગયાના અહેવાલ સાથે સ્થાનિક જથ્થાબંધ ધાતુ બજારમાં પણ એકંદરે પાંખાં કામકાજો વચ્ચે વિવિધ ધાતુઓમાં મિશ્ર વલણ જોવા મળ્યું હતું. જેમાં મુખ્યત્વે નિકલમાં સ્ટોકિસ્ટોની વેચવાલીના દબાણ હેઠળ ભાવમાં કિલોદીઠ રૂ. ૧૭નો ઘટાડો આવ્યો હતો, જ્યારે નિરસ માગે કોપર યુટેન્સિલ્સ સિવાયની અન્ય વેરાઈટીઓ, અને બ્રાસ યુટેન્સિલ્સ સ્ક્રેપ અને લીડ ઈન્ગોટ્સમાં કિલોદીઠ રૂ. એકથી ત્રણ સુધીનો ઘટાડો આવ્યો હતો. જોકે, આજે ટીનમાં સ્ટોકિસ્ટોની લેવાલીને ટેકે ભાવ વધુ કિલોદીઠ રૂ. ૧૨ વધી આવ્યા હતા. તેમ જ છૂટીછવાઈ માગને ટેકે કોપર યુટેન્સિલ્સ સ્ક્રેપ, એલ્યુમિનિયમ ઈન્ગોટ્સ અને ઝિન્ક સ્લેબમાં કિલોદીઠ રૂ. એકથી બેનો સુધારો આવ્યો હતો અને અન્ય ધાતુઓમાં ટકેલું વલણ રહ્યું હતું.



બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે મુખ્યત્વે નિકલમાં સ્ટોકિસ્ટોની વેચવાલીના દબાણ સામે સાર્વત્રિક સ્તરેથી માગ નિરસ રહેતાં ભાવ કિલોદીઠ રૂ. ૧૭ ઘટીને રૂ. ૧૩૬૦ના મથાળે રહ્યા હતા, જ્યારે નિરસ માગે કોપર વાયરબારના ભાવ કિલોદીઠ રૂ .ત્રણ ઘટીને રૂ. ૮૭૮, કોપર આર્મિચરના ભાવ કિલોદીઠ રૂ. બે ઘટીને રૂ. ૮૦૭ અને કોપર કેબલ સ્ક્રેપ, કોપર સ્ક્રેપ હેવી, બ્રાસ યુટેન્સિલ્સ સ્ક્રેપ અને લીડ ઈન્ગોટ્સના ભાવ કિલોદીઠ રૂ. એકના ઘટાડા સાથે અનુક્રમે રૂ. ૮૨૬, રૂ. ૮૧૭, રૂ. ૫૩૮ અને રૂ. ૧૮૦ના મથાળે રહ્યા હતા.

જોકે, આજે માત્ર ટીનમાં સ્ટોકિસ્ટોની સતત પાંચમાં સત્રમાં લેવાલી જળવાઈ રહેતાં ભાવ કિલોદીઠ રૂ. ૧૨ વધીને રૂ. ૨૮૯૧ના મથાળે રહ્યા હતા. આ સિવાય છૂટીછવાઈ વપરાશકાર ઉદ્યોગ તથા સ્થાનિક ડીલરોની માગને ટેકે ઝિન્ક સ્લેબના ભાવ કિલોદીઠ રૂ. બે વધીને રૂ. ૨૭૧ અને કોપર યુટેન્સિલ્સ સ્ક્રેપ તથા એલ્યુમિનિયમ ઈન્ગોટ્સના ભાવ કિલોદીઠ રૂ. એક વધીને અનુક્રમે રૂ. ૭૫૩ અને રૂ. ૨૬૩ના મથાળે રહ્યા હતા, જ્યારે બ્રાસ શીટ કટિંગ્સ અને એલ્યુમિનિયમ યુટેન્સિલ્સ સ્ક્રેપના ભાવ અનુક્રમે કિલોદીઠ રૂ. ૫૮૦ અને રૂ. ૨૦૦ના મથાળે ટકેલા રહ્યા હતા. ■

# ખાંડમાં પાંખાં કામકાજે જળવાતી પીછેહઠ

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)



નવી મુંબઈઃ મહારાષ્ટ્રની ખાંડ મિલો પર ગઈકાલે સ્થાનિક તેમ જ દેશાવરોની માગ જળવાઈ રહેતાં સ્મોલ ગ્રેડની ખાંડનાં ટેન્ડરોમાં વેપાર ક્વિન્ટલે રૂ. ૩૭૪૦થી ૩૭૯૦માં ટકેલા ધોરણે થયાના અહેવાલ હતા. જોકે, આજે સ્થાનિક જથ્થાબંધ ખાંડ બજારમાં સ્ટોકિસ્ટોની નવી લેવાલીનો અભાવ ઉપરાંત રિટેલ સ્તરની માગ પણ ખપપૂરતી મર્યાદિત રહેતાં હાજરમાં સ્મોલ તથા મિડિયમ ગ્રેડની ખાંડમાં નીચલા મથાળેથી અનુક્રમે ક્વિન્ટલે રૂ. ૧૦નો અને રૂ. ૨૦નો ઘટાડો આવ્યો હતો, જ્યારે નાકા ડિલિવરી ધોરણે મર્યાદિત માગે ભાવમાં ક્વિન્ટલે રૂ. ૧૦નો ઘટાડો આવ્યો હતો.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે સ્થાનિકમાં અંદાજે ૨૮થી ૨૯ ટ્રકની આવક સામે સ્ટોકિસ્ટો નવી લેવાલીથી દૂર રહ્યા હોવાથી તેમ જ રિટેલ સ્તરની માગ પણ ખપપૂરતી મર્યાદિત રહેતાં ઉપાડ લગભગ ૨૭થી ૨૮ ટ્રકનો રહ્યો હતો. વધુમાં આજે માલની ગુણવત્તા તથા માગને ધ્યાનમાં લેતા સ્મોલ ગ્રેડની ખાંડના વેપાર નીચલા મથાળેથી ક્વિન્ટલે રૂ. ૧૦ના ઘટાડા સાથે રૂ. ૩૮૯૨થી ૩૯૮૨માં અને મિડિયમ ગ્રેડની ખાંડના વેપાર નીચલા મથાળેથી ક્વિન્ટલે રૂ. ૨૦ના ઘટાડા સાથે રૂ. ૩૯૩૨થી ૪૦૮૨માં ગુણવત્તાનુસાર ધોરણે થયા હતા.

જોકે, આજે નાકા ડિલિવરી ધોરણે ઔદ્યોગિક વપરાશકારો તથા સ્થાનિક ડીલરોની માગ પણ એકંદરે નિરસ રહેતાં સ્મોલ ગ્રેડની ખાંડના વેપાર ઉપલા મથાળેથી ક્વિન્ટલે રૂ. ૧૦ના ઘટાડા સાથે રૂ. ૩૮૧૦થી ૩૮૪૦માં અને મિડિયમ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૧૦ના ઘટાડા સાથે રૂ. ૩૮૪૦થી ૩૯૨૦માં થયાના અહેવાલ હતા. ■

# આરબીડી પામોલિનમાં ધીમો સુધારો, વેપાર સુસ્ત

## ફેબ્રુઆરીના પહેલા પખવાડિયામાં મલયેશિયાની પામતેલની નિકાસ ૨૦ ટકા ઘટી

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મલયેશિયાના બુર્સા મલયેશિયા ડેરિવેટીવ્સ એક્સચેન્જ ખાતે આજે ક્રૂડ પામતેલના એપ્રિલ અને મે વાયદામાં અનુક્રમે ૪૬ અને ૩૪ રિંગિટનો ઘટાડો આવ્યો હોવાના અહેવાલ છતાં સ્થાનિક જથ્થાબંધ ખાદ્યતેલ બજારમાં હાજર, ડાયરેક્ટ ડિલિવરી અને સેલરિસેલ ધોરણે પાંખાં કામકાજો રહેતા માગ અનુસાર ૧૦ કિલોદીઠ આરબીડી પામોલિનમાં રૂ. પાંચનો સુધારો અને સન રિફાઈન્ડમાં રૂ. પાંચનો ઘટાડો આવ્યો હતો, જ્યારે અન્ય તમામ દેશી-આયાતી તેલના ભાવમાં ટકેલું વલણ રહ્યું હતું.



વધુમાં આજે કાર્ગો સર્વેયર ઈન્ટરટેક સર્વિસીસ દ્વારા જાહેર કરવામાં આવેલી પ્રાથમિક આંકડાકીય માહિતી અનુસાર ગત તા. ૧થી ૧૫ ફેબ્રુઆરી દરમિયાન મલયેશિયાની પામતેલની નિકાસ આગલા જાન્યુઆરી મહિનાના સમાનગાળાના ૫,૬૭,૭૦૩ ટન સામે ૧૯.૮૭ ટકાના ઘટાડા સાથે ૪,૫૪,૮૯૫ ટનની સપાટીએ રહી હોવાનું જણાવ્યું હતું. આજે સ્થાનિકમાં ડાયરેક્ટ ડિલિવરી શરતે આરબીડી પામોલિનના ૧૦ કિલોદીઠ ભાવમાં રૂચી, અલાના, રિલાયન્સ રિટેલ અને ગોલ્ડન એગ્રીના રૂ. ૧૩૭૦ અને ગોકુલના સનફ્લાવર રિફાઈન્ડના ૧૦ કિલોદીઠ રૂ. ૧૪૧૦ ક્વૉટ થઈ રહ્યા હતા, પરંતુ વેપારોનો અભાવ હતો. જોકે, આજે માત્ર સેલરિસેલ ધોરણે છૂટાછવાયા વેપારો થયા હતા. આ સિવાય રવાનગીના કામકાજો હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું. આજે હાજરમાં વિવિધ દેશી-આયાતી ખાદ્યતેલના ૧૦ કિલોદીઠ ભાવમાં આરબીડી પામોલિનના રૂ. ૧૩૬૫, સોયા રિફાઈન્ડના રૂ. ૧૩૨૦, સન રિફાઈન્ડના રૂ. ૧૪૧૫, સિંગતેલના રૂ. ૧૪૪૦, કપાસિયા રિફાઈન્ડના રૂ. ૧૩૨૦ અને સરસવના રૂ. ૧૩૫૦ના મથાળે રહ્યા હતા. જોકે, આજે ગુજરાતનાં મથકો પર સ્થાનિક તેમ જ દેશાવરોની નિરસ માગે સિંગતેલમાં તેલિયા ટીનના વેપાર ૧૫ કિલોદીઠ રૂ. ૧૦ ઘટીને રૂ. ૨૨૮૦માં અને લૂઝમાં ૧૦ કિલોદીઠ રૂ. ૧૦ ઘટીને રૂ. ૧૩૮૦ના મથાળે થયાના અહેવાલ હતા. વધુમાં આજે મધ્ય પ્રદેશનાં મથકો પર અંદાજે ૧.૪૦ લાખ ગૂણી સોયાસીડની આવક જળવાઈ રહી હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું. ■

# વર્તમાન ખાંડ મોસમમાં અત્યાર સુધીમાં ઉત્પાદન ૧૨ ટકા ઘટ્યુંઃ ઈસ્મા

નવી દિલ્હીઃ ગત ઑક્ટોબર મહિનાથી શરૂ થયેલી વર્તમાન વર્ષ ૨૦૨૪-૨૫ની ખાંડ મોસમમાં ખાસ કરીને મહારાષ્ટ્ર અને કર્ણાટકમાં ઓછું ઉત્પાદન થતાં અત્યાર સુધીમાં અર્થાત્ ગત ૧૫ ફેબ્રુઆરી સુધીમાં ખાંડનું ઉત્પાદન ૧૯૭ લાખ ટનની સપાટીએ રહ્યું હોવાનું ઈન્ડિયન સુગર ઍન્ડ બાયો એનર્જી મેન્યુફેક્ચરર્સ એસોસિએશન (ઈસ્મા)એ એક યાદીમાં જણાવ્યું છે.

નોંધનીય બાબત એ છે કે ખાંડની માર્કેટિંગ મોસમ ઑક્ટોબરથી સપ્ટેમ્બર સુધીની હોય છે અને એસોસિએશન દ્વારા જાહેર કરવામાં આવતા ડેટા ઈથેનોલ માટે ખાંડ વિકેન્દ્રિત થયા પછીના હોય છે. એસોસિએશનની યાદી અનુસાર વર્તમાન મોસમમાં ગત ૧૫ ફેબ્રુઆરી સુધીમાં દેશમાં ખાંડનું ઉત્પાદન ગત મોસમના સમાનગાળાના ૨૨૪.૧૫ લાખ ટન સામે ઘટીને ૧૯૭.૦૩ લાખ ટનની સપાટીએ રહ્યું છે. તેમ જ રાજ્ય અનુસાર મહારાષ્ટ્રમાં ઉત્પાદન ઘટીને ૬૮.૨૨ લાખ ટન (૭૯.૪૫ લાખ ટન) અને કર્ણાટક ખાતે ઉત્પાદન ઘટીને ૩૫.૮૦ લાખ ટન (૪૩.૨૦ લાખ ટન)ની સપાટીએ રહ્યું હતું. આ સિવાય દેશના અગ્રણી ઉત્પાદક રાજ્ય ઉત્તર પ્રદેશ ખાતે પણ સમીક્ષા હેઠળના સમયગાળામાં ઉત્પાદન ગત સાલના સમાનગાળાના ૬૭.૭૭ લાખ ટન સામે ઘટીને ૬૪.૦૪ લાખ ટનની સપાટીએ રહ્યું હોવાનું યાદીમાં ઉમેર્યું હતું.

વધુમાં ઈસ્માએ ઈથેનોલની પુરવઠાકીય આંકડાકીય માહિતી આપતા જણાવ્યું હતું કે અત્યાર સુધીમાં ઈથેનોલ માટે ૧૪.૧ લાખ ટન ખાંડ વિકેન્દ્રિત થઈ છે, જે ગત સાલના સમાનગાળામાં ૮.૩ લાખ ટન વિકેન્દ્રિત થઈ હતી. ■

# ભાવનગર જિલ્લાની સિહોર, તળાજા અને ગારિયાધાર-ત્રણેય નગરપાલિકામાં ભગવો લહેરાયો

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભાવનગરઃ જિલ્લાની ત્રણ નગરપાલિકાની સામાન્ય ચૂંટણી રવિવારે યોજાઈ હતી. મંગળવારે તમામ સેન્ટરો પર ચુસ્ત બંદોબસ્ત વચ્ચે મતગણતરી કરાઈ હતી. જેમાં ત્રણેય નગરપાલિકામાં ભાજપનો દબદબો રહ્યો હતો અને ત્રણેય નગરપાલિકા ભાજપે કબ્જે કરી લીધી હતી. દરમિયાન ગારિયાધાર ઉપરાંત સિહોરમાં પણ આમ આદમી પાર્ટીના ઉમેદવારે ખાતું ખોલાવ્યું હતું.

ભાવનગર જિલ્લાની સિહોર, તળાજા, તેમજ ગારિયાધાર નગરપાલિકાની સામાન્ય ચૂંટણી ઉપરાંત તાલુકા પંચાયતની પાંચ બેઠકો માટે પેટા ચૂંટણી યોજાઈ હતી. જેમાં સરેરાશ ૫૦ થી ૫૫ ટકા જેટલું મતદાન થયું હતું. મંગળવારે સવારે ચુસ્ત બંદોબસ્ત વચ્ચે અલગ અલગ સ્થળોએ મત ગણતરી કરવામાં આવી હતી જેમાં મત ગણતરી શરૂ થતાની સાથે થોડીવારમાં જ પરિણામો આવવા શરૂ થયાં હતાં અને ભાજપનો વિજય થવા લાગ્યો હતો. સિહોર નગરપાલિકાની ૯ વોર્ડની મત ગણતરી પૂર્ણ થતા સિહોરમાં ૩૬ પૈકી ૨૫ બેઠક પર ભાજપના ઉમેદવારનો વિજય થયો હતો. જેમાં વોર્ડનં.૧,૨ અને ૩માં ભાજપની આખી પેનલ ચૂંટાઈ આવી છે જ્યારે વોર્ડ નં.૪ કોંગ્રેસના ૧ તથા વોર્ડ નં.૫માં અપક્ષ ૧ ઉમેદવારનો વિજય થયો હતો. આ ઉપરાંત વોર્ડ નં. ૬માં ભાજપના ૧ અને કોંગ્રેસ ૩, વોર્ડ ૭માં ભાજપ ૩ અને કોંગ્રેસ ૧ તેમજ વોર્ડ નં.૮માં ભાજપના ૨ કોંગ્રેસ અને આપના ૧ - ૧ ઉમેદવાર અને વોર્ડ નં.૯માં ભાજપના ૧ કોંગ્રેસના ૨ અને આપના ૧ ઉમેદવારનો વિજય થયો હતો.

આ ઉપરાંત ગારિયાધાર નગરપાલિકામાં યોજાયેલી ચૂંટણીમાં કુલ ૨૮ પૈકી ૧૮ બેઠક પર ભાજપે કબ્જો કર્યો હતો જેમાં ૪ વોર્ડમાં ભાજપની આખી પેનલનો વિજય થયો હતો જ્યારે એક વોર્ડમાં કોંગ્રેસની આખી પેનલનો વિજય થયો હતો. ગારિયાધારમાં ૧૮ બેઠક ભાજપ, ૭ કોંગ્રેસને અને ૩ બેઠક પર આમ આદમી પાર્ટીના ઉમેદવાર વિજેતા બન્યા હતા.જયારે તળાજા નગરપાલિકાની ૨૮ બેઠકોમાં ભાજપના ૧૭ અને કોંગ્રેસના ૧૧ ઉમેદવારનો વિજય થયો હતો જેમાં ૨ વોર્ડમાં ભાજપ અને ૨ વોર્ડમાં કોંગ્રેસની આખી પેનલનો વિજય થયો હતો. આમ ત્રણેય નગરપાલિકામાં ભાજપનો ભગવો લહેરાયો હતો. જયારે તાલુકા પંચાયતની પેટા ચૂંટણીમાં ભાજપનો વિજય થયો હતો. ■



સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં ભાજપની ભવ્ય જીત થતા રાજકોટ શહેર ભાજપ દ્વારા કિશનપરા ચોક ખાતે ફટાકડા ફોડી જીતની ઉજવણી કરવામાં આવી હતી. (તસવીર– પ્રવીણ સેદાણી, રાજકોટ)



જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી ખાતે મત ગણતરી હાથ ધરવામાં આવી હતી, જેમાં ભાજપે ભવ્ય જીત મેળવી જૂનાગઢ મહાનગરપાલિકા કબજે કરી હતી. (તસવીર– હરેશ સોની, જૂનાગઢ)

# તળાજા નગરપાલિકાની ચૂંટણીમાં ભાજપે ચોક્કો ફટકાર્યોઃ વિજેતામાં મહિલાઓની બહુમતી

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભાવનગરઃ ભાવનગર જિલ્લાની તળાજા નગર પાલિકામાં સતત ચોથી ટર્મ ભાજપને બહુમત જનતા જનાર્દનએ સત્તા સોંપી હતી, જ્યારે ભાજપનો ગઢ મનાતા વોર્ડ ૪,૫ અને ૬ મા ભાજપની પેનલ તૂટી છે. વોર્ડ ૧ અને ૭માં ભાજપ ની અને વોર્ડ ૨ અને ૩ મા કોંગ્રેસની આખી પેનલ વિજેતા થઈ છે.વિજેતા ૨૮ સભ્યોમાં મહિલાની બહુમતી થઈ છે. વોર્ડ-૪મા બેના બદલે ત્રણ મહિલા ચૂંટાઈ આવ્યા હતા. તળાજા નગરમા કોંગ્રેસ બાદ નાગરિક સમિતિ બાદ સ્વ.ભૂપેન્દ્રસિંહવાળાના નેતૃત્વ નીચે ૨૦૦૩માં તળાજા નગરપાલિકામાં ભાજપનો પાયો નાખ્યો હતો. પ્રથમ વખત કમળ ખીલ્યું. એ સિલસિલો આજે પણ યથાવત રાખવામાં ભાજપ સફળ રહ્યું છે. આજે જાહેર થયેલા ચૂંટણી પરિણામમા ભાજપને સ્પષ્ટ બહુમતી મળી છે.ભાજપ ને ૧૭ બેઠકો મળી છે તો ગતટર્મ કરતા કોંગ્રેસને એક બેઠક ઓછી મળવાની સાથે આ વખતે ૧૧ બેઠકો મા સમેટાઈ ગઈ હતી.

આખાય નગરમાં ગટર અને સફાઈ અને રોડનો પ્રશ્ન ખાસ હતો.ઉમેદવાર જ્યારે પ્રચારમાં જતા હતા ત્યારે ખાસ કરીને વોર્ડ ૪,૫ અને ૬ ના ઉમેદવાર ને સામનો કરવો પડતો હતો. નગરજનોએ મુખેથી રોષ ઠાલવ્યો પરંતુ દિલથી ભાજપ નેજ સતત ચોથી ટર્મ આપી હતી.

વોર્ડ.૧મા ભાજપના મહિલા ઉમેદવાર બીનાબા ભુપેન્દ્રસિંહવાળાને સૌથી વધુ મત ૧૨૪૦ મળ્યા છે.બાદ ધર્મેન્દ્રસિંહવાળા(ડી) ને ૧૧૮૪, ઇન્દુબેન ચૌહાણ ને ૧૦૯૭ અને યશરાજસિંહવાળાને ૧૦૫૪ મત મળ્યા છે.હરીફ ઉમેદવાર કલ્પનાબાવાળા ને ૬૩૬, મંજુબેન સરવૈયા ૪૮૦, પાલિકામાં ટૂંક સમય માટે પ્રમુખ અને આખીટર્મ ઉપ પ્રમુખ રહેનાર શક્તિસિંહ વાળા ને ૬૭૫ તથા અપક્ષ યોગરાજસિંહવાળા ને ૨૧૬ મત મળ્યા છે.

વોર્ડ ૨ કોંગ્રેસએ ગઢ જાળવી રાખ્યો છે. અહીં પણ મહિલા ઉમેદવાર માનાબેન ચૌહાણ ને સૌથીવધુ ૯૪૬, ફિરોઝભાઈ દસાડીયા ને ૯૩૫, ઉસ્માનગની તૈબાણી ને ૯૨૦, રાધિકાબેન સરવૈયાને ૮૭૮ મત મળ્યા હતા. ગત ટર્મમા પાલિકા અધ્યક્ષ રહેનાર ભાજપના દક્ષાબા સરવૈયાને ભાજપના ચાર ઉમેદવારોમા સૌથી ઓછા ૬૪૩, નજમાબેન તુર્કીને ૬૮૭, નાજીરભાઈ કાચલિયાને ૭૫૮,ભૂપતભાઈ ચુડાસમાને ૬૫૧ અને આપના હિરેનભાઈ ત્રિવેદી ને ૨૬૯ મતો મળ્યા હતા.

કોંગ્રેસ-લઘુમતીના ગઢ વોર્ડ-૩મા સૌથી વધુ મતો ઇર્ષાદભાઈ મલિકને ૧૫૯૩,ભાજપમાંથી કોંગ્રેસમાં આવેલ દાઉદભાઈ નાગરિયા ને ૧૪૭૪, શાહીનબાનું ગીગાણીને ૧૩૬૨, સારીકાબેન ચૌહાણને ૧૨૪૯ મતો મળ્યા.હરીફ ઉમેદવાર વિજયભાઈ ભાલિયાને ૩૮૩, વિમળાબેન રાઠોડને ૩૪૩, મુમતાઝબેન પીઠડિયા ને ૩૮૭ અને શૈલેષભાઈ ચૌહાણ ને ૩૦૦ મત મળ્યા હતા.

વોર્ડ-૪મા ભાજપના ભાવનાબેન ભાલિયાને સૌથીવધુ ૧૦૦૦ મત મળ્યા હતા. બાદ હરેશભાઈ મેરને ૯૦૧, હેતલબેન રાઠોડને ૮૫૧ તથા કોંગ્રેસના લાભુ બેન બારૈયાને ૮૨૪ મત મળ્યા હતા.ભાજપના હિમાંશુભાઈ વ્યાસને ૮૦૩, કોંગ્રેસના સોનલબેન સરવૈયાને ૮૦૨, માનશંગભાઈ ગોહિલ ને ૮૧૪ તથા આપના સુરેશભાઇ કંસારાને માત્ર ૭૮ મત મળ્યાં હતાં. ■

# જેતપુર-નવાગઢ નગરપાલિકામાં જયેશ રાદડિયાનું ડેમેજ કંટ્રોલ સફળઃ ભાજપનો ભવ્ય વિજય

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતમાં સ્થાનિક સ્વરાજની ચૂંટણીમાં ભાજપનો ભગવો લહેરાયો હતો. ઉમેદવારી સમયે વિવાદને લીધે ચર્ચાનું કેન્દ્ર બનેલી જેતપુર-નવાગઢ નગરપાલિકામાં ભારતીય જનતા પાર્ટીની શાનદાર જીત થઈ હતી. જેતપુર નગરપાલિકાની ચૂંટણીમાં ભાજપમાં સ્થાનિકથી લઈને છેક પ્રદેશ લેવલ સુધીનો જૂથવાદ સામે આવ્યો હતો. ટિકિટ ફાળવણીમાં પૂર્વ સુધરાઈ પ્રમુખ સુરેશ સખરેલીયાએ ગંભીર આક્ષેપો કર્યા હતા. તેમણે કહ્યું હતુ કે તેઓ ધારાસભ્ય જયેશ રાદડિયાનાં જૂથનો હોવાથી પ્રદેશ કક્ષાએ વગ વાપરીને યુવા પ્રદેશ પ્રમુખ પ્રશાંત કોરાટે ટિકિટ કાપી હતી.

પૂર્વ સુધરાઈ પ્રમુખ સુરેશ સખરેલીયાએ ગંભીર આક્ષેપ બાદ ભાજપ દ્વારા મેન્ડેટ આપવામાં આવેલા ૪૨ ઉમેદવારોએ સામુહિક ઉમેદવારીપત્ર પરત ખેંચવા અને રાજીનામા આપી દેવાની ચીમકી ઉચ્ચારતા ભાજપમાં ભારે ઊહાપોહ મચી ગયો હતો. જો કે ત્યારબાદ ભાજપની આંતરિક ડખાની આગને ઓલવવા માટે બેઠકોનો દોર ચાલ્યો હતો. જેતપુરના ધારાસભ્ય જયેશ રાદડિયાએ મેદાનમાં ઉતરીને ડેમેજ કંટ્રોલ કર્યો હતો.

જયેશ રાદડિયાની મહેનત કામ લાવી હતી અને જેતપુર નવાગઢ નગરપાલિકામાં ભાજપને ભવ્ય જીત મળી હતી. ભાજપની ભવ્ય જીત બાદ ધારાસભ્ય જયેશ રાદડિયાએ તમામ જીતેલા ઉમેદવારોને શુભેચ્છાઓ પાઠવી હતી. જે બાદ તેમણે કહ્યું કે, આ પરિણામ બતાવે છે કે જેતપુર શહેર ભારતીય જનતા પાર્ટીનો ગઢ છે. જે પ્રમાણે આમ આદમીના પાર્ટીના નેતાઓએ બહારથી આવીને અપ્રચાર કર્યો, વાતાવરણ બગાડવાના પ્રયત્નો કર્યા અને મારા વિશે પણ ગમે તેમ બોલ્યા હતા. જેનો જવાબ હું આપી શકતો હતો પણ મને જેતપુર શહેરના મતદાતા ઉપર વિશ્વાસ હતો કે મતદાન કરીને આ લોકોને જવાબ આપશે. જેતપુરમાં જીતની શાનદાર ઉજવણી કરવામાં આવી હતી. જેની ઉજવણીમાં ધારાસભ્ય જયેશ રાદડિયા પણ સામેલ થયા હતા અને તેમણે નોટોનો વરસાદ કર્યો હતો. ■

# ભાવનગરમાં બિલ્ડર્સ, સોની અને ઉદ્યોગપતિઓને ત્યાં આઈ.ટી.ની રેઈડ

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભાવનગરઃ શહેરમાં વિવિધ બિલ્ડર્સ ગ્રૂપને ત્યાં આઈ ટીની ટીમે મોટા પાયે રેઈડ પડતા ચકચાર મચી જવા પામી હતી. સવારથી જ ૩૦થી વધુ સ્થળોએ અધિકારી એમની ટીમ સાથે સર્ચ ઓપરેશનમાં શરૂ કરવામાં આવ્યું હતું. દરોડાના પગલે બિલ્ડર્સ લોબીમાં દોડધામ મચી જવા પામી હતી.

પ્રાપ્ત થતી માહિતી મુજબ ભાવનગર શહેર, જિલ્લામાં વિવિધ બિલ્ડર્સ તથા અન્ય ઉદ્યોગપતિઓને ત્યાં આઈ. ટી.ની. રેઈડ અમદાવાદની ટીમ દ્વારા કરવામાં આવી છે. ભાવનગરમાં ૩૦ સ્થળોએ દરોડા પાડવામાં આવ્યા હોવાનું જાણવા મળે છે. ભાવનગરમાં સુમેરુ ડેવલોપર્સની ઓફિસે અને તેમના નિવાસસ્થાને તેમજ જાણીતા સોની દ્વારકાદાસ વીરચંદને ત્યાં દરોડા પાડવામાં આવ્યા હતા. ભાવનગર ઉપરાંત સિહોરમાં પણ ટીમના ધાડા ઉતર્યા હતા. સિહોરમાં તમાકુના વેપારી રણછોડ ધોળકિયા ગ્રૂપમાં અધિકારીઓએ કાર્યવાહી કરી હતી. સવારથી જ અધિકારી એમની ટીમ સાથે સર્ચ ઓપરેશનમાં લાગતા બિલ્ડર્સ, ઉદ્યોગપતિઓમાં દોડધામ મચી જવા પામી હતી. શહેરના અગ્રણી સોની વેપારીઓને ત્યાં પણ ઇન્કમટેક્સની તપાસ શરૂ હોવાનું જાણવા મળ્યું હતું. ■

# વલસાડમાં આવકવેરા વિભાગના દરોડાઃ ₹ ૫૪૪ કરોડના બેનામી વ્યવહારો મળ્યા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ વલસાડના પ્રખ્યાત બિલ્ડર દિપેશ ભાનુશાળીના નિવાસસ્થાને આવકવેરા વિભાગે મેગા સર્ચ ઓપરેશન હાથ ધરવામાં આવી હતી, જેમાં ૫૪૪ કરોડ રૂપિયાના બેનામી વ્યવહારો સામે આવતા કરચોરોમાં ફફડાટ ફેલાઈ ગયો હતો. વલસાડમાં આવકવેરા વિભાગ દ્વારા મેગા સર્ચ ઓપરેશન હાથ ધરવામાં આવ્યું. જેમાં ૫૪૪ કરોડ રૂપિયાના બેનામી વ્યવહારો મળી આવ્યા હતા. વાપી, વલસાડ અને સુરતની ૧૬ ટીમો શોધમાં જોડાઈ હતી.

દીપેશ ભાનુશાળીના ઘરેથી ૧૦૦ કરોડ રૂપિયાના દસ્તાવેજો મળી આવ્યા છે. દીપેશના ભાગીદાર જગદીશ સેઠિયા પાસેથી પણ ૧૦૦ કરોડ રૂપિયાના બેનામી વ્યવહારોની વિગતો મળી આવી હતી. બિપિન બિલ્ડર પાસેથી ૫૦ કરોડ રૂપિયા અને રાજેશ રાઠોડ પાસેથી ૪૦ કરોડ રૂપિયાના દસ્તાવેજો જ કરવામાં આવ્યા હતા. એડવોકેટ વિપુલ કાપડિયાની ઓફિસમાંથી પણ ૨૦૦ કરોડ પિયાના વ્યવહારો મળી આવ્યા હતા, જ્યારે રાકેશ જૈનની ઓફિસમાંથી ૪ કરોડ રૂપિયા અને ઘોરદરાની ઓફિસમાંથી ૨૦ કરોડ રૂપિયાના વ્યવહારો મળી આવ્યા હતા.

દીપ સિંહ ઠાકોરની ઓફિસમાંથી ૨૦ કરોડ રૂપિયાના વ્યવહારો મળી આવ્યા છે. એવી શંકા છે કે વકીલની ઓફિસમાં મળેલા વ્યવહારો અન્ય બિલ્ડરોના છે. વાપીના આર્કિટેકટ મનીષ શાહના ચાર લોકરમાંથી ૨.૨૫ કરોડ રૂપિયાનું સોનું અને ૧૭.૫ લાખ રૂપિયાની રોકડ મળી આવી હતી. સંપૂર્ણ તપાસ બાદ કરચોરીનો ખુલાસો થઈ શકે છે. તપાસ ટીમે વલસાડ અને વાપીમાં જાણીતા બિલ્ડરો, જમીન વિકાસકર્તાઓ, વકીલો અને આર્કિટેકટસના પરિસરમાં દરોડા પાડ્યા હતા.

દિપેશભાઈ ભાનુશાળી અને તેમના ભાઈ હિતેશભાઈ ભાનુશાળી અને તેમના ભાગીદાર જગદીશ સેઠિયાની ઓફિસમાં તપાસ હાથ ધરવામાં આવી હતી. આવકવેરા વિભાગની ટીમોએ આ વ્યકિતઓના કાર્યાલયો અને રહેઠાણો તેમજ તેમના ખાતાના પુસ્તકો, વ્યવસાયિક રેકોર્ડ અને વ્યકિતગત મિલકતો પર વિગતવાર તપાસ હાથ ધરી હતી. ■



રાજકોટની પાયલ મેટરનિટી હોસ્પિટલમાં મહિલાનો ચેકઅપ કરતા હોય તેવો વીડિયો વાયરલ થતા, શહેર મહિલા કોંગ્રેસના આગેવાનોએ ઉગ્ર વિરોધ કર્યો હતો. (તસવીર– પ્રવીણ સેદાણી, રાજકોટ)

# અમરેલીના પાણીયા ગામે સિંહે બાળકનો શિકાર કરી શરીરના ટુકડા કરી નાંખતા અરેરાટી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ જિલ્લામાં વધુ એક વખત જંગલી પ્રાણીનો આતંક સામે આવ્યો હતો. અમરેલીના પાણીયા ગામે સિંહે સાત વર્ષના બાળકનો શિકાર કર્યો હતો અને તેના શરીરીના ટુકડા કરી નાંખ્યા હતા. બાળકના મૃતદેહના સિંહે ટુકડા કરી નાંખ્યા હતા. જેને ભેગા કરતાં વનવિભાગ પણ થાકી ગયું હતું. અમરેલી તાલુકાના પાણીયા ગામમાં મધ્ય પ્રદેશનો પરિવાર આવીને મજૂરી કામ કરતો હતો. આ પરિવારનો ૭ વર્ષનો રાહુલ બારીયા નામનો બાળક અન્ય લોકો સાથે નદી કિનારે જતો હતો. આ સમયે અચાનક સિંહ રસ્તામાં આવી ચઢ્યો હતો અને લોકો કંઈ સમજે તે પહેલાં બાળકને ઝપટ મારીને બાવળની ઝાડીમાં લઈ ગયો હતો.

જે બાદ સિંહે તેના શરીરના ટુકડે ટુકડા કરી નાંખ્યા હતા. ઘટનાની જાણ થતાં વનવિભાગ પહોંચ્યું હતું અને બાળકના મૃતદેહ એકઠા કરીને અમરેલી સિવિલ હોસ્પિટલ મોકલ્યા હતા. ઘટનાના પગલે ગામમાં ભયનો માહોલ છવાઈ ગયો હતો. વન વિભાગની ટીમ દ્વારા માનવભક્ષી સિંહને પકડવા પાંજરું મૂકવામાં આવ્યું હતું. જેમાં થોડીવારમાં સિંહ પુરાયો હતો. આ સિંહને લીલીયાના ક્રાંકચ એનિમલ કેર સેન્ટરમાં ખસેડવામાં આવ્યો હતો. ■

# બાળ છાત્રોમાં ખગોળ વિજ્ઞાન પ્રત્યે રૂચી વધારવા સ્ટારગેઝિંગ ઈન્ડિયાનો અનોખો પ્રયોગ સફળ

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ કચ્છના ઔદ્યોગિક મથક એવા ગાંધીધામ-આદિપુરમાં બાળ છાત્રોને ખગોળ વિજ્ઞાનમાં રૂચી વધે તેવા ઉમદા ઉદ્દેશથી ચાર હાઈ ડેફિનેશન ટેલિસ્કોપ ગોઠવીને સ્ટાર ગેઝીંગ ઇન્ડિયા દ્વારા અવકાશ દર્શનનો કાર્યક્રમ આયોજિત કરવામાં આવ્યો હતો જેમાં બહોળી સંખ્યામાં બાળ છાત્રોએ હોંશભેર ભાગ લીધો હતો.

આ અંગે સ્ટાર ગેઝીંગ ઇન્ડિયાના નરેન્દ્રભાઇ ગોર 'સાગરે' જણાવ્યું હતું કે, આ વખતે ઔદ્યોગિક નગરી ગાંધીધામ અને તેની ભાગોળે આવેલા આદિપુરમાં બાળ છાત્રો અવકાશ દર્શન કરી ખગોળ વિજ્ઞાનમાં રૂચી કેળવે તે ઉદ્દેશથી કાંગારૂ કિડ્સ ઇન્ટરનેશનલ સ્કૂલના કલ્પનાબેન ટોપલાનીના સહયોગથી આ આયોજન કરાયું હતું. ઔદ્યોગિક સંકુલના પંચરંગી લોકો નવી વસ્તુઓ શીખવા માટે ઉત્સુક છે અને જો તમને કંઈક અનોખું મળે તો ખૂબ ઉત્સુક રહે છે. ગાંધીધામના આયોજનમાં બાળકો સાથે વાલીઓનો ઉત્સાહ પણ પ્રશંશનિય જોવા મળ્યો હતો અને અહીં ચાર ટેલિસ્કોપ પણ ઓછાં પડ્યાં હતાં. સાંજના સાત થી આઠ વાગ્યા સુધી અવકાશ દર્શનના રાખવામાં આવેલા કાર્યક્રમને દસ વાગ્યા સુધી કરવાની ફરજ પડી હતી. ટેલિસ્કોપ પાસે એકત્ર થયેલા છાત્રોને જાણકારીના હેતુથી પ્રશ્નોત્તરી કરવામાં આવી હતી જેમાં શનિ, શુક્ર, ગુરુ, ચંદ્ર અને મંગળ ગ્રહ મુખ્ય આકર્ષણો હતાં. આ ગ્રહોને ટેલિસ્કોપ વડે ડિટેલમાં જોઈને છાત્રો ભારે રોમાંચિત થયા હતા. આ બાળકોનો અતિ ઉત્સાહ જોઈને અવકાશ દર્શનના આયોજનો અહીં નિયમિત કરાશે તેવી નેમ વ્યક્ત કરાઇ હોવાનું સ્ટાર ગેઝીંગ ઇન્ડીયાના ચાંદની નિશાંત ગોરે ઉમેર્યું હતું. આ કાર્યક્રમને ધારણા કરતાં વધારે સફળ બનાવવા સ્વાતિબેન ગોર, જિતેનભાઇ, કિશન નિઝાર, સુનિતિ લાડકાનીએ જહેમત ઉઠાવી હતી. ■

# રાજકોટ-જેતપુર નેશનલ હાઈવે પર પીઠડિયા ટોલનાકું બંધ કરવા આંદોલન

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ રાજકોટ-પોરબંદર નેશનલ હાઇવે પર જેતપુર નજીક પીઠડિયા ટોલનાકું બંધ કરવા માગ ઉઠી છે. રાજકોટથી જેતપુર સુધીના અંતરમાં જ બે ટોલનાકા હોય અને હાલ સિક્સ લેન હાઇવેની કામગિરી ચાલુ રહે ત્યાં સુધી ભરુડી અને પીઠડિયા ટોલ નાકામાંથી કોઇ એકને બંધ રાખવાની માગ સાથે આંદોલનના મંડાણ થયા છે.

પ્રાપ્ત વિગતો અનુસાર હાલ જેતપુર-રાજકોટ નેશનલ હાઇવેના સિક્સ લેનની કામગીરી ચાલી રહી છે. જેના કારણે જેતપુરથી લઈને ગોંડલ અને રાજકોટ જતા મુસાફરો ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે. ડાયવર્ઝન, ખોડલધામ જંકશન, ગોમટા જંકશન પર ટ્રાફિક સહિતની સમસ્યાઓ છે. જો કે તેમ છતાં પીઠડીયા અને ભરૂડી-ભુણાવા ટોલનાકા પર મુસાફરોને ટોલટેક્સ આપવો પડે છે.

જો કે હવે રાજકોટ જેતપુર નેશનલ હાઇવે પર ૬૦ કિમીના જ અંતરમાં આવેલા બે ટોલ નાકામાંથી એક ટોલ નાકાને બંધ કરાવવા અને સિકસ લેનની કામગિરી ચાલુ રહે ત્યાં સુધી વાહનોનો ટોલ બંધ રાખવાની માંગણી સાથે ઉપવાસ આંદોલન શરૂ કરવાની ચીમકી ઉચ્ચારી હતી. ગોંડલના ઉમવાડા ચોકડીએ તારીખ ૨૫ ફેબ્રુઆરીથી બેમુદતી ઉપવાસ આંદોલનની ચીમકી આપવામાં આવી છે. આ અંગે જીલ્લા કલેકટરને પણ આવેદનપત્ર પાઠવવામા આવ્યું હતું.

અત્રે ઉલ્લેખનીય છે કે રાજકોટ જેતપુર નેશનલ હાઇવે પર ગોંડલ નજીક ભરુડી અને ભુણાવા અને જેતપુર નજીક પીઠડીયા ટોલનાકાઓ ૬૦ જ કિ.મી.ના અંતરમાં આવ્યા હોય અને ત્યાં ઉઘરાવવામાં આવતા તગડા ટોલટેક્સ સામે લોકોમાં પહેલેથી જ ખૂબ રોષ છે.

થોડા વર્ષો પૂર્વે જ લોકસભામાં ૬૦ કિમી.ના અંતરમાં ટોલટેક્સ અંગે પૂછવામાં આવેલા પ્રશ્નના જવાબમાં વાહનવ્યવહાર મંત્રાલયે જણાવ્યું હતું કે નેશનલ હાઈવે ફીઝ રૂલ્સ- ૨૦૦૮ મુજબ ૬૦ કિ.મી.માં ટોલપ્લાઝા નહીં રાખવા કોઈ જોગવાઈ નથી. ■



જૂનાગઢના ચીતાખાના ચોક વિસ્તારમાં કોંગ્રેસના વિજય સરઘસ ઉપર પથ્થરમારો થયો હતો, જેમાં ત્રણ જણને ઈજા થઈ હતી, પથ્થરમારા બાદ પોલીસે કોમ્બિંગ હાથ ધર્યું હતું. પોલીસે ચીતાખાના ચોક, ઢાલ રોડ અને ગાંધી ચોક વિસ્તાર બંધ કરાવ્યા હતા. (તસવીર– હરેશ સોની, જૂનાગઢ)

# ભાવનગરના તળાજા યાર્ડમાં ડુંગળીની વિક્રમ જનક આવકઃ ભાવમાં બે જ દિવસમાં સરેરાશ ૧૨૫નો કડાકો

ભાવનગરઃ જિલ્લાના તળાજા પંથક ડુંગળીના ઉત્પાદનનું ગુજરાત રાજ્યમાં મહત્ત્વનું પીઠું ગણાય છે. ડુંગળીનું વાવેતર કરતા ખેડૂતો અને વેપારીઓ બંનેમાં વાવેતર કરવાની અને વેપાર કરવાની હિંમત ધરાવતા હોવા જોઈએ. તળાજા યાર્ડમા ડુંગળીની ખરીદી આજથી બરાબર બે મહિના પહેલા શરૂ થઈ હતી. યાર્ડના પ્રમુખ ભીમજીભાઈ પંડ્યા,યાર્ડ ના ચૂંટાયેલા પ્રતિનિધિઓ અને સેક્રેટરી અજિતભાઈ પરમાર દ્વારા ડુંગળીની મબલખ આવકનો અંદાઝ લગાવી ખેડૂતો માટે આગોતરું આયોજન કરેલ હતું.જેને લઈ મહુવા રોડ પર ખાસ ડુંગળી માટે સબયાર્ડ શરૂ કરવામાં આવ્યું હતું. બે મહિના દરમ્યાન આજે વિક્રમજનક આવક થઈ હતી. છેલ્લા કેટલાક સમય થી ત્રીસ થી ચાલીસ હજાર ગુણીની આવક હતી જે વધીને આજે પચાસ હજાર આસપાસ પહોંચી હતી. સબયાર્ડની બંને તરફના રસ્તા પર ડુંગળી ભરેલા વાહનોની આશરે બે બે કિમિ સુધી લાઈનો લાગી હતી. ■